શ્રી આત્માનંદ જૈન ગ્રંથમાળા નં. ૮૮

શ્રી જ્ઞાન પ્રદીપ

ભાગ બીજો.

(ધાર્મિક, સામાજિક, નૈતિક વિવિધ વિષયોના પુષ્પ નમૂના)



લેખક આચાર્ય
શ્રી વિજય કસ્તુરસૂરિજી મહારાજ.

પ્રકાશક
શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

[વિ. સં. ૨૦૦૬]
આત્મ સં. ૫૪

[વીર સં. ૨૪૭૬
સને ૧૯૫૦



ન્યાયામ્ભોનિધિ શ્રી. વિજયાનંદસૂરિ
પ્રસિદ્ધનામ શ્રી. આત્મારામજી મહારાજ

પ્રીતમ પ્રીન્ટરી-ભાવનગર

પ્રસ્તાવના

માનવી માત્ર મનગમતું વિચારે છે, બોલે છે અને અણગમતું વિસારે છે. બધાયની સમજણ જુદી હોવાથી ભલે ભેદ જણાય, પણ સુખ, શાંતિ, આનંદ તથા જીવનની ચાહનામાં તો ભેદ હોતો નથી પરંતુ હિતાહિત કરવામાં કે અન્યના સુખ–દુઃખમાં નિમિત્ત બનનાર માનવીઓમાં સુખ શાંતિ આદિમાંથી કોઈ એક લક્ષ્યમાં તો હોય જ છે. બીજો કોઈ દુઃખી થાઓ, ભૂખે મરો કે પીડાઓ પણ પોતાની મનગમતી અનુકૂળતા સચવાતી હોય તો માનવી પોતાને સુખી માને છે પણ દુઃખ, અશાંતિ, દિલગીરી તથા મૃત્યુથી ભયભીત બની ઉદ્વેગ પામનાર બીજાને દુઃખ તથા અશાંતિ આદિને સ્વાધીન કરીને પોતે સુખ, શાંતિ આદિ મેળવીને ભોગવી શકતો નથી. જ્યાં સુધી માનવી સંકલ્પમાં દુઃખ તથા અશાંતિને આશ્રય આપે નહિ ત્યાં સુધી બીજાને દુઃખ તથા અશાંતિનો આશ્રિત બનાવી શકતો નથી. અર્થાત્ માનવી પોતે માનસિક દુઃખ અને અશાંતિ ભોગવે નહિ ત્યાંસુધી બીજાને દુઃખ આદિ આપી શકે નહિ. અનેક પ્રયત્ન કરવા છતાં પણ માનવીના ધાર્યા પ્રમાણે જો બીજાને દુઃખ તથા અશાંતિ ન થાય તો બીજાને આપવા નોતરેલાં દુઃખ તથા અશાંતિથી પોતે ચારે તરફથી ઘેરાઈ જાય છે અને અત્યંત દુઃખ ભોગવી અશાંતિનો આશ્રિત બને છે.

માનવી સંકલ્પ માત્રથી કોઈને પણ સુખી કે દુઃખી કરી શકતો નથી પણ પોતે તો સંકલ્પ પ્રમાણે સુખી અથવા દુઃખનો ભોગી

બને છે બીજાને સુખ-દુઃખ આપવા માટે તો વાચિક તથા કાયિક સંયમની જરૂર પડે છે ત્યાં સુધી કોઈપણ માણસને એમ જણાય કે મમત્વ નહિ, અમુક માણસ મને સુખી અથવા દુઃખી કરવા કે મારુ હિતાહિત કરવા વિચાર રાખે છે કે પ્રયાસ કરી રહ્યો છે ત્યાં સુધી તેના મનમા સુખ કે દુઃખની અસર થતી નથી, પણ જ્યારે બીજાના કહેવાથી કે સંશય પડતાં જાતતપાસથી બીજાને પોતાનુ હિતાહિતસૂચક પ્રચાર કરતો સમજાય છે ત્યારે તેને સુખ-દુઃખની લાગણી થાય છે, જેથી પોતે બીજાને શત્રુ-મિત્રની દૃષ્ટિથી જુએ છે

માનવીને તન મન, વચન, જીવન, ધન આદિ કુદરત તરફથી બક્ષીસ મળેના છે તેનો જો સાચી સમજણપૂર્વક ઉપયોગ કરે તો માનવી સ્વ-પરને સુખ શાંતિ આદિ પ્રાપ્ત કરાવી શકે છે, પણ સાચી સમજણના અભાવે પોતાને મળેલી વસ્તુઓનો અવળો ઉપયોગ કરીને કેવળ પોતે જ આપત્તિ-વિપત્તિનો ભોગી બને છે એટલુ જ નહિ પણ અન્ય અનેક જીવોને દુઃખ તથા અશાંતિના ભાગી બનાવે છે માનવીને જો જીવન વાપરતાં આવડતું હોય તો હમેશાના માટે મૃત્યુના ભયથી મુકાઈ શકે છે કારણ કે મર્યાદિત નિરે પરાધી જીવનમાં જીવનાર માનવી સાચુ અને શાશ્વત જીવન મેળવી શકે છે કે જે જીવન મૃત્યુના સર્વનાશથી આત્મસ્વરૂપે પ્રગટી નીકળે છે પોતે સાચી રીતે જીવતા શીખીને બીજા જીવોને સાચા જીવનમા જીવતાં શીખવનાર સાચી સુખશાંતિ મેળવી શકે છે, કારણ કે નિરપરાધી જીવનમા જીવે છે, અને નિરપરાધી જીવન સિવાય તો સુખશાંતિ મળી શકતી જ નથી

અણગમતુ ટાળવાને અને ગમતુ મેળવવાને માનવી નિરંતર પ્રયત્ન કરી રહ્યા છે પણ અવળી સમજણને લઈને પ્રવૃત્તિ પણ અવળી થવાથી વિપરીત ફળ મળવાથી નિરાશ થાય છે અણ

મમતા અને મમતા પ્રસંગો માટે તે અનુકૂળતા તથા પ્રતિકૂળતાને પ્રધાનતા આપે છે કોઇપણ પ્રકૃતિ બીજાને પ્રતિકૂળ કેમ ન હોય પણ પોતાને અનુકૂળતા હોય તો માનવી સુખ, શાંતિ તથા આનંદ માને છે, પણ બીજાના દુઃખ, અશાંતિ તથા દીલગીરી તરફ જરાએ લક્ષ્ય આપતો નથી, બીજાને દુઃખ તથા અશાંતિ આપવાથી બદલામાં સુખ-શાંતિ મળી શકતી નથી આવો અનાદિસિદ્ધ સિદ્ધાંત જાણવા તથા અનુભવવા છતાં પણ મૂઢ માનવીઓ અજ્ઞાનતાથી માનેલા બનાવટી સુખ આદિ મેળવવાને સિદ્ધાંતથી અવળું ચાલે છે, એટલે પરિણામે નિષ્ફળતા મેળવે છે. કદાચ પોતાની માની લીધેલી ધારણા પ્રમાણે સફળતા મેળવી સુખ માને, પણ તે સુખ હોતું નથી પણ દુઃખ જ હોય છે, કારણ કે તે બીજાને થયેલા દુઃખનું કાર્ય છે જેનું કારણ દુઃખ હોય તેનું કાર્ય પણ દુઃખ જ હોય છે, પણ સુખ હોઇ શકતું નથી

કર્મ તો અનેક પ્રકારના હોય છે પણ બધાય કર્મોને માનવી ઓળખી શકતો નથી, પરંતુ મોહ કર્મને તો અણજાણ અને અભણ માનવી પણ ઓળખી શકે છે ક્રોધ માન, માયા, લોભ મદ, મોહ, મમતા, શત્રુતા, મિત્રતા આદિથી આખોય સંસાર પરિચિત છે અનાદિ કાળથી જીવ માત્ર મોહના ગાઢ પરિચયમાં આવેલો હોવાથી તેને ઓળખાવી તેને આશ્રય કરવાને કોઇને પણ શીખવવું પડતું નથી જન્મ્યા પછી જીવન પર્યંત મોહને આધારે છે એક વ્યાધિ સિવાય બીજા કર્મોના મર્મોને માનવી ઓળખી શકે નહિ વ્યાધીને પણ અશાતા વેદનીય કર્મના કાર્યરૂપે જાણી શકે નહિ પણ પાપના પરિણામ તરીકે જ ઓળખી શકે છે માનવીની અવળી સમજણથી જે અજ્ઞાનતા કહેવામાં આવે છે તે મોહનું જ પરિણામ છે કે જેને લઇને માનવી પ્રવૃત્તિ માત્રમાં જડ-પૌદ્‌ગલિક વસ્તુને જ પ્રધાનતા આપે છે મોહના પ્રભાવથી સાચી સમજણ, સમજ સરૂઆ

નથી તેથી જે વસ્તુ આત્માના ગુણ-ધર્મ સ્વરૂપ છે તેને જડ વસ્તુઓના સંયોગથી ઉત્પન્ન થવાવાળી માને છે શાશ્વત્ વસ્તુને ઉત્પત્તિ વિનાશવાળી માનવી તેજ અજ્ઞાનતા કહેવાય છે, કે જે એક મોહની વિક્રિયા છે પુદ્ગલાનંદી જડાસક્ત માનવીના આચાર વિચાર અને ઉચ્ચારમા મોહનુ મિશ્રણ હોય જ છે કોઈ પણ પ્રવૃત્તિ મોહ માટે શૂન્ય હોતી જ નથી ત્યાગ-સેવા-પરોપકાર-આત્મકલ્યાણ આદિ અનેક પ્રકારના ઉદ્દેશો બતાવીને કરવામા આવતો પ્રયાસ માત્ર મોહની વિક્રિયાથી વિમુખ હોતો નથી તે અજ્ઞાનની કોટિમાં મુકી શકાય છે જ્યાસુધી અજ્ઞાનતાના ઓઠાથી માનવી મુકાતો નથી ત્યાસુધી તેને સાચી વસ્તુનુ ભાન ન થવાથી આત્મસ્વરૂપ બાધક વસ્તુઓ મેળવીને સંતોષ માને છે

માનવી પુણ્ય કાર્ય કરે છે તેમનો આશય સાચી અને સારી વસ્તુ મેળવવાનો હોય છે પણ તાત્વિક દૃષ્ટિથી વિચાર કરવાથી જણાય છે કે પુણ્ય કર્મથી પુદ્ગલાનંદી જીવોએ માની રાખેલી સાચી અને સારી વસ્તુ પુણ્ય કર્મથી મળી શકે છે પણ આત્માનંદી જીવોએ જાણેલી અને માનેલી સાચી વસ્તુ તો નિરેચ્છકપણે કર્મ માત્ર ક્ષય કરવાના ઉદ્દેશથી આદરેલી પ્રવૃત્તિથી મળી શકે છે કે જે વસ્તુઓ આત્માથી અભિન્ન આત્મસ્વરૂપે રહેલી હોય છે આત્મસ્વરૂપની પ્રાપ્તિ સિવાય સસારમાં કોઇપણ વસ્તુ સારી અને સાચી હોઈ શકતી નથી સસારમા પુણ્ય કાર્ય તથા પાપ કાર્ય એમ બે પ્રકારના કાર્ય પ્રસિદ્ધિમા આવે છે અને તેને જ ધર્મ તથા અધર્મ તરીકે ઓળખવામાં આવે છે પણ ત્રીજુ એક પવિત્ર કાર્ય પણ છે કે જેને જ્ઞાની પુરુષો આદરીને સપૂર્ણ આત્મશુદ્ધિ મેળવે છે તાત્વિક ધર્મ પણ પવિત્ર કાર્યને જ જ્ઞાની પુરુષો ઓળખાવે છે બાકી જે પુણ્ય કાર્ય છે તેમા ધર્મનો ઉપચાર કરાય છે તેથી તે ઔપચારિક ધર્મ કહી શકાય જેનુ ફળ પૌદ્ગલિક સારી

મનગમતી સુંદર વસ્તુઓ તથા મનગમતા પ્રસંગો મેળવી શકાય છે, આપણે ઘણા માણસોને એમ કહેતા સાંભળીએ છીએ કે ધર્મ કરો, પુણ્ય થશે. તેમનો આશય પૌદ્ગલિક સુખ, શાંતિ તથા આરોગ્યતા અને ધન સંપત્તિ આદિ સાંસારિક ભોગોપભોગના સાધનો મેળવવાનો હોય છે તેથી તેઓ ધાર્મિક પ્રવૃત્તિ કરીને પુણ્ય કર્મ બાંધે છે અને તેનું ફળ પણ કર્મજન્ય હોવાથી ધારેલી પૌદ્ગલિક સંપત્તિ જ મેળવી શકે છે. પુણ્ય કાર્ય તથા પવિત્ર કાર્યમાં અમજણ તથા અણસમજણને લઇને આગન્તુક હોય છે. પવિત્ર કાર્ય સમજણપૂર્વકનું હોય છે, તે કેવળ આત્મશુદ્ધિના આશયથી કરવામાં આવે છે. તેમાં કર્મ માત્રનો ક્ષય થવાથી શાશ્વત્ સુખ–શાંતિ આનંદ તથા જીવન આદિ આત્મધર્મ પ્રગટે છે, અને તેને જ વિકાશી આત્મા કહેવામાં આવે છે તેને જ્ઞાન કરવાને માટે કોઇપણ જડ વસ્તુની જરૂરત પડતી નથી, કારણ કે તે અનંત જ્ઞાનનો ધારક કેવળજ્ઞાની તથા કેવળદર્શની હોય છે.

જ્યાંસુધી પ્રવૃત્તિનું ધ્યેય પુણ્ય હોય છે ત્યાંસુધી કર્મસ્વરૂપ જડના સંસર્ગથી આત્મા મુકાતો નથી પણ વધુ બંધાય છે અને મોહને પુષ્ટ બનાવે છે તેથી અજ્ઞાનતાનો વિકાશ થાય છે, કારણ કે પુણ્ય પણ કર્મ હોવાથી તે જડ હોઇને પૂર્વના આત્મ સંચિત કર્મોને પોષે છે. મોહના દબાણને લઇને શુદ્ધ તથા સાચી વસ્તુઓની ઓળખાણ ન હોવાથી નિરંતર સુખ, શાંતિ આદિ મેળવવાની ચાહનાવાળા માનવી આટાના ધોવણને દૂધ માનીને વાપરે છે છતાં પરિણામે સુખની તૃષ્ણા શાંત કરી શકતો નથી. કારણ કે તે પુન્ય કર્મથી માત્ર અનુકૂળ પૌદ્ગલિક વસ્તુઓ મેળવી શકે છે, કે જે પાંચે ઇંદ્રિઓના વિષયસ્વરૂપ હોય છે. વિષયો–પાંચે ઇંદ્રિયો અને વિષય–વર્ણ, ગંધ આદિ જડના ધર્મો. આ બન્ને વિષય અને વિષયીનો અનુકૂળ સંયોગ તે સુખ અને વિયોગ તે દુઃખ અથવા તો

વિષય	પૃષ્ઠ



આચાર્યશ્રી વિજયકસ્તૂર સૂરિજી મહારાજ

॥ ॐ नमोऽर्हद्भ्य: ॥

। श्रीमद् विजयानंदसूरिपादपद्मेभ्यो नमः ।

જ્ઞાન પ્રદીપ

ભાગ બીજો

નગદ ધર્મ

(૫૧)

સંસારમાં કેટલાક જીવો કહે છે કે અમારે નગદ ધર્મ જોઈએ છે, ઉધાર નથી જોઈતો તો તેમને જણાવવાનું કે વીતરાગનો ધર્મ નગદ છે, ઉધાર નથી, પરંતુ નગદ અને ઉધારનું સાચું સ્વરૂપ તેમણે ઓળખવું જોઈએ, કારણ કે કેટલાક ધનસંપત્તિ આદિ જડ વસ્તુઓની પ્રાપ્તિને ધર્મનું ફળ માને છે અને તે ધર્મ કરવાથી તત્કાળ ન મળતી હોવાથી પરલોકમાં મળે છે એવું કહેવામાં આવવાથી તેઓ તેને ઉધાર કહે છે; પરંતુ આમ તેમનું સમજવું ઠીક નથી, કારણ કે તેઓ પ્રથમ ધર્મનું સ્વરૂપ સમજ્યા નથી.

ધર્મ તે એક ધર્મીમા રહેવાવાળો ગુણ છે જેમકે સમ્યગ્-જ્ઞાન, દર્શન, ચારિત્ર એ આત્માનો ધર્મ છે અને તે આત્મામા રહેલો છે. જે પ્રવૃત્તિ કરવાથી સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ પ્રગટ થાય તે ધર્મ કર્યો કહેવાય છે, બાકી કંઇ ધર્મ નવો કરાતો નથી, પણ ધર્મ નિમિત્તે કરવામાં આવતી પ્રવૃત્તિઓમાં ધર્મનો આરોપ કરીને માણસો કહે છે કે અમે ધર્મ કરીએ છીએ સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ફળ–કાર્ય છે અને તે નિમિત્તે કરવામા આવતી ક્રિયા તે કારણ છે ક્રિયારૂપ કારણમાં સમ્યગ્જ્ઞાનાદિ ધર્મરૂપકાર્યનો ઉપચાર કરવાથી ધાર્મિક ક્રિયા કહેવાય છે આવી ધાર્મિક ક્રિયાનુ ફળ તત્કાળ મળે છે અને જો ફળ તત્કાળ ન મળે તો તે ધાર્મિક ક્રિયા દેખાવ પૂરતી જ હોય છે, જેમકે સમભાવરૂપ ફળ મેળવવા સામાયિકની ક્રિયા કરવામા આવે છે, ઔદયિક ભાવથી ઉપશમ ભાવ પ્રાપ્ત કરવા પ્રતિક્રમણ કરવામા આવે છે, કષાય આદિને ઉપશમાવવા ઉપવાસ આદિ કરવામા આવે છે વગેરે વગેરે ક્રિયાઓ કર્યા પછી તરત જ સમભાવ, ઉપશમભાવ આદિ તરત જ પ્રાપ્ત થાય છે, પણ આ ભવમા કરેલા સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, જપ, તપ આદિનુ ફળ સમભાવ વગેરે આવતા ભવમા પ્રાપ્ત થતુ નથી, કારણ કે રાગદ્વેષ ઉપશમ થવાનુ નામ સામાયિક છે અને ઉપશમ ભાવનુ જ નામ પ્રતિક્રમણ છે તો પછી સામાયિકથી સમભાવ પ્રાપ્ત કરવામા ભવાંતરના કાળ જેટલું આતરું હોઈ શકે નહિ અને જે ધર્મ કરવાથી ભવાંતરોમા પૌદ્ગલિક સંપત્તિરૂપ ફળ પ્રાપ્ત થાય છે તે ધાર્મિક ક્રિયાનું વાસ્તવિક ફળ નથી, પણ તે પુણ્યકર્મનુ

ફળ છે કે જે ધાર્મિક ક્રિયા કરવાથી બધાય છે પૌદ્ગલિક સ પત્તિ સમભાવ આદિ ધર્મ નથી, પણ જડ વસ્તુ છે માટે જ તે ધાર્મિક ક્રિયાનુ વાસ્તવિક ફળ કહેવાતુ નથી પૌદ્ગલિક સ પત્તિઓ ક્ષણવિનશ્વર છે સમભાવ આદિ ધર્મ નિત્ય છે આવા નિત્ય સમભાવ આદિ પ્રાપ્ત કરવા તે જ ધાર્મિક ક્રિયાઓનુ વાસ્તવિક ફળ હોવાથી તેને જ નગદ ધર્મ કહેવામા આવે છે પરલોકમા પૌદ્ગલિક વસ્તુની આશા રાખીને કરવામા આવતો ધર્મ તે નામ માત્ર જ ધર્મ કહેવાય છે કારણ કે તેથી પુન્યસ્વરૂપ કર્મ બધાય છે અને તત્ત્વદૃષ્ટિથી વિચારીએ તો ધર્મનુ ફળ કર્મબધ ન હોઈ શકે પણ કર્મનો ક્ષય હોઇ શકે જેઓ ધર્મનુ ફળ ધનસ પત્તિ માને છે અને તે ધર્મ કર્યા પછી તરત જ પ્રાપ્ત થવાથી નગદ ધર્મ માને છે પણ તે તેનુ ફળ નથી, પણ પૂર્વજન્મના પુન્યનુ ફળ છે અને તે જેઓ અધર્મ કરે છે તેમને પણ પ્રાપ્ત થાય છે, માટે જ ધર્મનું વાસ્તવિક ફળ તો સમભાવ આદિ કહી શકાય કે જે તરત જ મળે છે અને હમેશા–કાયમ રહે છે

પ્રવૃત્તિઓ ત્રણ પ્રકારની છે કાયિક, વાચિક અને માનસિક તેમા કાયિક તથા વાચિક પ્રવૃત્તિ કરતા માનસિક પ્રવૃત્તિનો ધર્મ તથા અધર્મની સાથે વધુ પ્રમાણમા સ બ ધ રહેલો છે કોઇ એક વ્યક્તિ આપણી સાથે પ્રતિકૂળ વર્તન કરે, આપણી પ્રિય વસ્તુનો નાશ કરે અથવા તો કોઇ દુ ખદ પ્રસ ગો ઊભા કરે અને તેનાથી ભિન્ન બીજી વ્યક્તિ આપણી સાથે અનુકૂળ વર્તન કરે, આપણને સુખના સાધનો મેળવી આપે, આ બન્ને

વ્યક્તિઓની પ્રવૃત્તિની મન અસર ઉપર ન થવા દઈને, બન્ને વ્યક્તિઓ ઉપર સમભાવના પરિણામ રાખવા તે ધાર્મિક પ્રવૃત્તિ કહેવાય છે આ પ્રવૃત્તિમા મુખ્ય માનસિક વ્યાપાર હોય છે અને ગૌણપણે કાયિક અને વાચિક વ્યાપાર પણ હોય છે જેમકે તેના અવર્ણવાદ ન બોલવા, તેને માર્મિક વચન ન કહેવા, તેનુ અહિત થાય તેવો માર્ગ ન બતાવવો, પણ તેની સાથે મિષ્ટ ભાષણ કરવુ, તેના સદ્-ગુણોની પ્રશસા કરવી તે વાચિક અને તેની દુ ખી અવસ્થામાં સેવા કરવી, તેને વિપત્તિમાથી બચાવવા બનતી સહાયતા કરવી તે કાયિક આવી રીતે વાચિક તથા કાયિક પ્રવૃત્તિઓ માનસિક પ્રવૃત્તિને અનુસરનારી હોવાથી ગૌણપણે રહેલી હોય છે કે જે સમભાવના ફળરૂપ છે અર્થાત્ સમભાવને જણાવનારી છે અને આ કાયિક, વાચિક તથા માનસિક પ્રવૃત્તિથી વિપરીત પ્રવૃત્તિ તે વિષમભાવનુ ફળ છે કે જેને અધર્મ કહેવામા આવે છે હવે તત્ત્વદૃષ્ટિથી વિચારીએ તો ધાર્મિક પ્રવૃત્તિ અને તેનુ ફળ બન્ને ઓતપ્રોત થઈને રહેલા છે એટલે ધાર્મિક પ્રવૃત્તિની સાથે જ તેના ફળની પ્રાપ્તિ છે. પણ કાળાતરે કે ભવાતરે નથી, કારણ કે સમ ભાવનુ પરિણામ તે જ ધાર્મિક પ્રવૃત્તિ અને જે ધાર્મિક પ્રવૃત્તિ તે જ સમભાવ એવી રીતે દરેક ધાર્મિક પ્રવૃત્તિનુ ફળ તેની સાથે જ રહેલુ હોય છે વચનથી પ્રિય બોલવુ, હિત મિતભાષી થવુ તથા કાયાથી કોઈને દુ ખ ન થાય તેવી પ્રવૃત્તિ કરવી તે જો માનસિક સમભાવના પરિણામ સિવાય કરવામા આવે તો તેથી પુન્ય બાધી શકે છે કે

જેનું ફળ કાળાંતરે અથવા ભવાંતરે મળે છે, કે જે પ્રવૃત્તિને કેટલાક ઉધાર ધર્મ કહે છે

અધ્યવસાયોની વિશુદ્ધિ તે ધર્મ અને અશુદ્ધિ તે અધર્મ. કષાય અને નોકષાયના ઉપશમથી રાગદ્વેષ ઉપશમી જઈને સમભાવ પ્રાપ્ત થવાથી અધ્યવસાયની વિશુદ્ધિ થાય છે અને અધ્યવસાયની વિશુદ્ધિથી કર્મોની નિર્જરા થવાથી આત્મગુણનો વિકાસ થાય છે કે જે ધર્મ કહેવાય છે અધ્યવસાયની વિશુદ્ધિ દ્રવ્ય ચારિત્ર વિના પણ આત્મિક ગુણોને મેળવી શકે છે, કારણ કે વિશુદ્ધ પરિણતિને ભાવ ચારિત્ર કહેવામા આવે છે અને તે આત્મશુદ્ધિનું ખાસ કારણ છે. વિશુદ્ધ પરિણતિ સિવાયની ધર્મ નિમિત્તે કરવામા આવતી કાયિક તથા વાચિક પ્રવૃત્તિને દ્રવ્ય ચારિત્ર કહેવાય છે કેવળ દ્રવ્ય ચારિત્રથી પુન્ય બધાય છે, પણ આત્મશુદ્ધિ થતી નથી. પુન્યબધ ચારિત્રરૂપ ધાર્મિક પ્રવૃત્તિનું વાસ્તવિક ફળ નથી; કારણ કે તેથી તો પૌદ્‌ગલિક વસ્તુઓની પ્રાપ્તિ થાય છે કે જે ક્ષણવિનશ્વર હોય છે. જે ધાર્મિક પ્રવૃત્તિથી આત્મશુદ્ધિ ન થાય તે માત્ર વ્યવહારથી ધાર્મિક પ્રવૃત્તિ કહેવાય છે. વાસ્તવિક રીતે તો ભાવ ચારિત્ર જ ધાર્મિક પ્રવૃત્તિ કહી શકાય કે જેનાથી આત્મશુદ્ધિ થઇ શકે છે. કેવળ દ્રવ્ય ચારિત્રમાં કષાય અને નોકષાયના ઉપશમ ભાવની આવશ્યકતા નથી; કારણ કે તે કેવળ કાયિક અને વાચિક પ્રવૃત્તિ સ્વરૂપ છે. ભાવ ચારિત્ર માનસિક પ્રવૃત્તિ સ્વરૂપ છે

પાંચે ઇંદ્રિયોના વિષયરૂપ પૌદ્‌ગલિક વસ્તુઓનો કેવળ

ત્યાગ કરવો તે દ્રવ્ય ચારિત્ર કહેવાય છે અને તેમા રહેલી આસક્તિ તથા મમતાનો ત્યાગ કરવો તે ભાવ ચારિત્ર કહેવાય છે પૌદ્ગલિક વસ્તુમા રહેલી આસક્તિ તથા મમતા ટળી જવાથી આત્મા કર્મથી શુદ્ધ થઈને અવશ્ય વિકાસ મેળવી શકે છે જે વાસ્તવિક ધાર્મિક પ્રવૃત્તિનુ ફળ કહેવાય છે કેવળ દ્રવ્ય ચારિત્રવાળાઓને પૌદ્ગલિક વસ્તુમા રહેલી આસક્તિ તથા મમતા ન ટળવાથી તેઓ કષ્ટાનુષ્ઠાન કરી પુન્ય બાધે છે કે જેનુ ફળ ભોગવવાને તેમને સસારની ચારે ગતિમા અવતરવુ પડે છે ત્યા અવાસ્તવિક ધાર્મિક પ્રવૃત્તિના ફળરૂપ પૌદ્ગલિક સુખો પ્રાપ્ત થાય છે કે જે ઉધાર ધર્મ તરીકે ઓળખાય છે વાસ્તવિક ધાર્મિક પ્રવૃત્તિથી સમ્યગજ્ઞાન દર્શન ચારિત્ર સમભાવ, શાતિ, સુખ આદિ આત્મિક સ્વરૂપ પ્રાપ્ત થાય છે કે જેને મેળવવાને સસારની કોઇ પણ ગતિમા અવતરવુ પડતુ નથી અને એટલા માટે જ આને નગદ ધર્મ કહેવામા આવે છે અર્થાત ભાવ ચારિત્રરૂપ ધાર્મિક પ્રવૃત્તિ તે નગદ ધર્મ અને દ્રવ્ય ચારિત્રરૂપ ધાર્મિક પ્રવૃત્તિ તે ઉધાર ધર્મ સાચી ધાર્મિક પ્રવૃત્તિઓનો પૌદ્ગલિક વસ્તુઓની સાથે જરાએ સબધ નથી માટે જ પૌદ્ગલિક વસ્તુઓ મેળવવી તે ધર્મનુ ફળ કહેવાય નહિ કારણ કે મિથ્યાદષ્ટિ અજ્ઞાની જીવો પણ પૌદ્ગલિક સુખના સાધનો મેળવી શકે છે મિથ્યાદષ્ટિઓની ધર્મનિમિત્તે કરવામા આવતી જપ તપ પ્રવૃત્તિઓ કે જેમા જીવોનો વધ આદિ રહેલો હોય છે, તેને સમ્યગજ્ઞાની સાચા ધર્મ તરીકે માનતા નથી મિથ્યાદષ્ટિઓની કરેલી ઉગ્ર તપસ્યાને અજ્ઞાન

કષ્ટ તરીકે માનવામાં આવે છે, પણ ધર્મ તરીકે માનવામાં આવતી નથી, કારણ કે તેનાથી લેશ માત્ર પણ આત્મવિકાસ થતો નથી, પરંતુ પૌદ્‌ગલિક સુખની પ્રાપ્તિ થાય છે. અજ્ઞાન કષ્ટરૂપ તપનું ફળ તે જ ભવમાં તેમને મળતું નથી, પણ ભવાંતરમાં દેવગતિમાં જઇને અથવા રાજા કે શ્રીમતને ત્યાં અવતરીને મેળવે છે. આને કેટલાક ઉધાર ધર્મ કહે છે, પરંતુ તે ધર્મ નથી, પણ ધર્માભાસ છે કેટલાએક પરલોકમાં પૌદ્‌ગલિક સુખ મેળવવાના આશયથી સારી ગતિ મેળવવા જપ, તપ, કષ્ટાનુષ્ઠાન કરે છે કે જે ધર્માભાસ હોવા છતાં પણ તેમાં ધર્મ માને છે. તેનાથી તેઓ ધાર્યા પ્રમાણે જન્માંતરમા મેળવી પણ શકે છે આવા પ્રકારની પ્રવૃત્તિથી તે ઉધાર ધર્મ કહી શકાય વિષયાસક્ત જીવો પૌદ્‌ગલિક સુખની આકાંક્ષાથી જે કાંઈ તપ, જપ, કષ્ટાનુષ્ઠાન કરે છે તે ધાર્મિક પ્રવૃત્તિ કહેવાય જ નહિ; કારણ કે તેનાથી આત્માનો જ્ઞાનાદિ કોઇ પણ ધર્મ પ્રગટ થતો નથી, પણ પુન્યકર્મ બંધાવાથી આત્માના ગુણો ઢંકાઈ જાય છે પુન્યકર્મ બે પ્રકારે બંધાય છે. એક તો પુદ્‌ગલાનંદીપણાને લઇને કરવામા આવતા જપતપથી અને બીજું આત્મિક ગુણ મેળવવા માટે કરવામા આવતી જપ, તપ પ્રવૃત્તિ આદિમા કાંઇક ભવસ્થિતિ પરિપકવ થવામાં આશને લઇને પુન્ય બંધાય છે. આ બન્ને પ્રકારના પુન્યમાંથી જડાસક્તિથી બાંધેલા પુન્યથી ભવાંતરમાં પૌદ્‌ગલિક સુખની પ્રાપ્તિ થાય છે કે જે એક સંસારવૃદ્ધિનું કારણ બને છે અને આત્મવિકાસ માટે કરવામાં આવતી પ્રવૃત્તિઓથી ઉપાર્જન કરેલા પુન્યથી ભવાંતરમા આત્મવિકાસનાં સાધનમળે છે અને કર્મનો

ક્ષય કરી મુક્તિ પ્રાપ્ત કરે છે જો ભવસ્થિતિ પરિપકવ થઈ ગઈ હોય તો પુન્ય બાધતા નથી, પણ કર્મની નિર્જરા કરીને તે જ જન્મમા મુક્તિ મેળવે છે ભવસ્થિતિની કચાશવાળા જો કે પુન્ય બાધે છે તો પણ તેની સાથે કર્મની નિર્જરા કરીને કેટલાક આત્મિક ગુણો પણ મેળવે છે

આવુ પુદ્ગલાનદી જીવોની ધર્માભાસ પ્રવત્તિમાં હોતું નથી તેઓને તો ફક્ત જન્માંતરમાં પૌદ્ગલિક સુખો જ પ્રાપ્ત થાય છે અને તેમા જ અત્યત આસક્તિ ધારણ કરવાથી પાપકર્મ બાધીને મ મારમા રઝળે છે, માટે જ આત્મવિકાસી-ઓની ધાર્મિક પ્રવૃત્તિઓનુ ફળ આત્મધર્મની પ્રાપ્તિ થવાથી તે નગદ ધર્મ કહેવાય છે.



દુ:ખી જગત

૫૨

અનિયમિત અને અનિશ્ચિત જીવનમાં જીવવાના બે વિભાગ પાડી શકાય: એક સુખી અને બીજું દુ:ખી. સુખની ભાવના અને માન્યતાના અનેક પ્રકાર છે તેવી જ રીતે દુ:ખની ભાવના અને માન્યતાના પણ અનેક પ્રકાર છે; જેથી કરીને સુખી જગત અનેક પ્રકારનું છે અને દુ:ખી જગત પણ અનેક પ્રકારનું છે. સુખી જગત હમેશાં સુખી રહેતું નથી અને દુ:ખી જગત હંમેશાં દુ:ખી રહેતું નથી. જન્મથી લઇને મરણપર્યંતમાં અવાર-નવાર સુખદુ:ખ આવે જ છે. ચોખ્ખા સુખમાં અને ચોખ્ખા દુ:ખમાં કોઇ પણ સંસારી જીવ જીવતો નથી અર્થાત્ સુખમાં દુ:ખનું મિશ્રણ રહેલું હોય છે અને દુ:ખમાં સુખનું મિશ્રણ રહેલું હોય છે. કોઇને ધનનું સુખહોય છે તો પુત્રનું દુ:ખ હોય છે. કોઇને ધન અને પુત્રનું સુખ હોય તો શરીરનું દુ:ખ હોય છે. કોઇ શારીરિક સુખી હોય તો ધનથી દુ:ખી હોય છે. કોઇ ધનથી, પુત્રથી, શરીરથી સુખી હોય છે તો માનસિક દુ:ખી હોય છે. સર્વ પ્રકારે સુખી અને સર્વ પ્રકારે દુ:ખી

એવા જીવનમા કોઈ પણ જીવતું નથી. માનવી સુખે જીવવાનાં અનેક પ્રયાસ કરે છે, છતાં નિર્ણય કરી શકતા નથી કે કેવી રીતે સુખેથી જીવાય. કારણ કે સુખે જીવવાને સંસારે નિર્ણિત કરેલા સિદ્ધાતને અનુસરીને પ્રયાસ કરનાર માનવી સફળતા મેળવવાની તૈયારીમા હોય છે કે તરત જ સુખના સિદ્ધાંતનું પરિવર્તન થઈ જાય છે: જેથી કરીને માનવીને સુખ માટે ફરીને પ્રયાસ કરવો પડે છે આવી રીતે સંસારી જીવો સુખના સિદ્ધાતોને બદલતા રહેવાથી માનવી સુખેથી જીવવાને કેવી રીતે નિર્ણય કરી શકે? કારણ કે એક વખત જે પ્રયાસ, પ્રવૃત્તિ અને પ્રાપ્તિમા સુખ મનાતું હોય તેમાં જ કાળાંતરે દુઃખ માનવામા આવે છે અને જેમાં દુઃખ મનાતું હોય તેમાં જ કાળાંતરે સુખ મનાય છે, માટે જ માનવી સુખદુઃખનો નિર્ણય ન કરી શકવાથી અનિયમિત વ્યવસ્થાશૂન્ય જીવનમાં જીવે છે જેમણે પોતાના જીવનની વ્યવસ્થા કરી રાખેલી હોય છે તેમને પણ વખત જતાં વ્યવસ્થા ફેરવવી પડે છે. આપણે નજરે જોઈ શકીએ છીએ કે સુખનું સાધન ધન ઉપાર્જન કરવાને કોઈ એક ધંધાની વ્યવસ્થા કરી રાખી હોય તો તે ધંધામાં ન ફાવતાં વખત જતાં એ વ્યવસ્થાને ફેરવવી પડે છે અથવા તો વિશેષ ધનની ઇચ્છાથી બીજા ધંધાઓ કરીને પણ વ્યવસ્થા ફેરવે છે. આવી રીતે માનવીઓ પોતાના આખાયે જીવનમા એકસરખી જીવનવ્યવસ્થા રાખી શકતા નથી, જેથી કરીને મિશ્ર જીવનમાં જીવે છે. જો કે સુખમાં દુઃખ અને દુઃખમા સુખ મિશ્રિત રહેલું હોય છે, છતાં જીવો દુઃખે જ જીવે છે, કારણ કે થોડુંક પણ દુઃખ ઘણા સુખને દુઃખ-

મય બનાવે છે. માનવીને કેટલાક દુઃખના પ્રસંગો જેવા કેઃ નવ મહિના ગર્ભમાં રહેવું, જન્મવું, મરવું, ઇષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગ વગેરે વગેરે નિર્ણિત કરેલા હોય છે. તેવી રીતે સુખનો કોઈ પણ પ્રસંગ નિર્ણિત નથી. માનવીના જીવનની શરૂઆત દુઃખથી થાય છે અને અંત પણ દુઃખથીજ આવે છે. જો જીવનનો આદિ-અંત દુઃખસ્વરૂપ છે, તો પછી મધ્યમાં સુખ કેવી રીતે હોઈ શકે ? કારણ કે કારણ અનુસાર કાર્ય થાય છે. ગર્ભથી લઇ જન્મપર્યંત જીવનનું કારણ કહેવાય છે અને તે કારણ દુઃખસ્વરૂપ હોવાથી તેના કાર્યરૂપ જીવનમાં સુખ માનવું તે એક ભ્રમણા છે અને જો તેને સુખ માનવામાં આવે તો પછી તેના કાર્યરૂપ મૃત્યુ પણ સુખ-સ્વરૂપ હોવું જોઈએ; પણ તે દુઃખસ્વરૂપ જોવામાં આવે છે, માટે જીવનનો કોઈ પણ એવો પ્રદેશ નથી કે જેમાં દુઃખ ન હોય.

ઇંદ્રિયોના સારાનરસા વિષયોની અસર થવાથી રાગદ્વેષના તીવ્ર પરિણામ થવા સંયોગવિયોગની ઇચ્છાઓ થવી તે સુખ નથી પણ દુઃખ જ છે. જ્યાંસુધી વિકૃતિરૂપ સ્ફુરણાઓ થયા કરે છે ત્યાંસુધી પોતાને સુખી સમજી સંતોષ ધારણ કરનાર માનવી મોટી ભૂલ કરે છે, કારણ કે વિકૃતિ માત્ર દુઃખ જ છે. જીવનમાં કોઈ પણ ક્ષણ વિકૃતિથી ખાલી નથી; કારણ કે પ્રત્યેક સમયમાં મોહનીય કર્મના વિકારરૂપ ઉદય બન્યો જ રહે છે. મોહનીયનાક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ સિવાય પ્રકૃતિસ્વરૂપ સુખ પ્રાપ્ત થઈ શકતું નથી, કે જેને સાચું સુખ

માનવીઓની પ્રવૃત્તિમાં કષાયને અવકાશ મળતો નથી અર્થાત્ દેહને પોતાનું સ્વરૂપ માનનારની ધાર્મિક પ્રવૃત્તિ કષાયગર્ભિત હોય છે અને દેહને ભિન્ન માનનારની પ્રવૃત્તિ કષાયથી મુક્ત હોય છે કષાયો વિકાસના બાધક છે, પણ પુન્યના બાધક નથી. કષાયોથી સાચું સુખ મળતુ નથી, પણ પૌદ્ગલિક સુખ મળી શકે છે, એટલે કે કષાય સહિતની ધાર્મિક પ્રવૃત્તિ પૌદ્ગલિક સુખ આપી શકે છે. કેવળ દેહને આશ્રયીને કષાય સહિતની પ્રવૃત્તિ તો એકાંતે દુઃખ જ આપે છે માટે જ આત્મિક ગુણો મેળવવામાં કષાયોની જરાયે જરૂર નથી અનુકુળ વિષયોથી જીવો એક જ જીવનમાં પૌદ્ગલિક સુખ મેળવે છે. તે પણ ઇંદ્રિયોની સાથે વિષયોનો સંસર્ગ રહે ત્યાં સુધી જ હોય છે તે વિયોગ થવાથી નષ્ટ થઈ જાય છે માટે તે સુખ નથી હોતું, પણ વિષયોનો સંસર્ગ થતાં દુઃખમાં કાલ્પનિક સુખનો આરોપ કરવામાં આવે છે અને તે વિષયોનો વિયોગ થતાંની સાથે ઊડી જવાથી દુઃખ જ અનુભવે છે અને એટલા જ માટે અનુકુળ વિષયોના સંસર્ગથી થવાવાળી વિકૃતિમાં સુખ માને છે અને પ્રતિકુળ વિષયોના સંસર્ગથી થવાવાળી વિકૃતિમાં દુઃખ માને છે અથવા તો અનુકૂળ વિષયોના વિયોગથી થવાવાળા ક્લેશ, ઉદ્વેગ, દીનતા આદિ વિકૃતિને દુઃખ માને છે અને અનુકૂળ વિષયોના સંસર્ગથી થવાવાળા હર્ષ, આનંદ આદિ વિકૃતિને સુખ માને છે. દુઃખ કાયમ રહેવાવાળુ હોય છે અને સુખ થોડો કાળ રહીને નષ્ટ થવાવાળું હોય છે જે વખતે સુખ હોય છે તે. વખતે પણ દુઃખ તો હોય જ છે પણ તે સુખ નીચે દબાઈ રહેલું હોય છે. આવી રીતે દુઃખની નીચે સુખ દબાઈને રહેલું

હોતું નથી અર્થાત્ સુખ એ પણ એક દુઃખની જ અવસ્થા છે. સંસારમાં જેટલા પ્રકારનાં સુખ કહેવાય છે તે બધાંયે દુઃખના જ રૂપાંતર છે. સંસારમા પોતાને સુખી માનનારાઓ બે પ્રકારના હોય છે: એક ઉપકાર કરીને સુખ માને છે જ્યારે બીજો અપકાર કરીને સુખ માને છે, અર્થાત્ એક ગર્વથી સુખ માને છે અને એક દ્વેષથી સુખ માને છે કેટલાક જીવો કોઈ પણ પ્રકારની પોતાને મળેલી સંપત્તિના મદમાં આવી જઈને બીજાના ઉપર પોતાની સત્તા અજમાવી સ્વામી બનવા જતાં અથવા પોતાના વિચારો પ્રમાણે અનુકૂળ બનાવવા જતાં ફાવટ ન આવવાથી બીજા ઉપર દ્વેષબુદ્ધિ ધારણ કરી તેનું અનિષ્ટ કરવા હમેશાં ચિંતાવાળો રહે છે અને અનેક પ્રકારના પ્રયાસો કરે છે કોઈક પ્રસંગે પ્રયાસમાં સફળતા મેળવીને બીજાનું અનિષ્ટ કરીને પોતાને સુખી માને છે; તેમજ પોતાના વર્તન, વિચાર અને કથનમાં વિરોધ કરનારને પોતાનું અપમાન કરનાર સમજીને તેના ઉપર દ્વેષ ધારણ કરે છે અને ફાવટ આવે ત્યારે તેના ઉપર અપકાર કરીને પોતે બહુ ગર્વી થઈને પોતાને બહુ સુખી માને છે. ત્યારે કેટલાક જીવો પ્રાણીમાત્રને પોતાના મિત્ર સમજે છે અને ગમે તેટલું પોતાનુ અનિષ્ટ કરીને અપરાધ કરવા છતાં પણ ક્ષમા આપી, તેમના ઉપર ઉપકાર કરી પોતાને સુખી માને છે. કેટલાક મનગમતી વસ્તુઓ ઉપર રાગ કરીને, તેને મેળવીને, પોતાને સુખી માને છે ત્યારે કેટલાક અણગમતી વસ્તુઓ ઉપર દ્વેષ હોવાથી તેને નષ્ટ કરી પોતાને સુખી માને છે. આવી રીતે સંસારમાં પોતાને સુખી માનનારના અનેક પ્રકારો જોવામાં આવે છે; છતા પરિણામે દુઃખના સ્વરૂપમાં દેખાય છે અર્થાત્ તેઓ સાચા સુખથી તો વેગળા જ હોય છે.

મિથ્યાભિમાન

૫૩

વસ્તુસ્થિતિથી અત્યારના માનવસમાજમાં અભિમાનની માત્રા અધિકતર કહેવામાં આવે છે. આ અભિમાન પૌદ્ગલિક વસ્તુનું હોવાથી મિથ્યાભિમાન કહેવાય છે. અભિમાની હમેશાં અજ્ઞાત જ રહે છે; કારણ કે તેને પ્રશંસા બહુ ગમે છે. આ પ્રશંસા બીજાની પાસેથી મેળવવાની હોવાથી જના-તેના આગળ પોતાના વખાણ કરે છે. જો કોઇ તેનાં વખાણ સાંભળીને તેની પ્રશંસા કરે તો તે પોતે બહુ રાજી થાય છે અને કોઇ વખોડે તો તેનો વિરોધી થાય છે. પ્રશંસા બે પ્રકારની હોય છે: એક ગુણની અને બીજી સંપત્તિની. દરેક પ્રકારની દશાઓ ગુણ કહેવાય છે અને ધનધાન્ય વગેરે સંપત્તિ કહેવાય છે. સંપત્તિની પ્રશંસા કરતાં ગુણની પ્રશંસા મનુષ્યોને બહુ ગમે છે. ગુણ હોય કે ન હોય તો પણ બીજાની કરેલી પ્રશંસાથી પોતે બહુ ફુલાય છે અને સામેનો માણસ દોષિત કે અપરાધી હોય તો તે તરફ લક્ષ ન આપતાં તેની ઇચ્છા પ્રમાણે વર્તવા તયાર થઇ જાય છે. મહાકષ્ટે ઉપાર્જન કરેલા દ્રવ્યનો વ્યય કરતા જરાયે સંકોચાતો નથી.

મિથ્યાભિમાનીનો આત્મા અત્યત નિર્બળ હોય છે જેથી રીને તેની અદર અસહિષ્ણુતા પુષ્કળ રહેલી હોય છે પરની સ પત્તિ તથા ગુણાને જોઇને દર્ષ્યાથી કલુષિત ચિત્તવાળો રહે છે પોતે બીજાની પ્રશ સા કરી શક્તો નથી તેમજ બાજાની પ્રશ સા સાભળી પણ શકતો નથી જે વસ્તુનુ પોતાને અભિમાન હોય છે તે વસ્તુ બીજાની પાસે સારામા સારી અને વધુ પ્રમાણમા હોય તો તેની પ્રશ સા કરવાને બદલે દર્ષ્યાથી તેને વખોડી કાઢે છે

મનુષ્યને દરેક વસ્તુ પુન્યથી પ્રાપ્ત થાય છે જ્યા સુધી પુન્યબળ હોય છે ત્યા સુધી ગમે તટલા અપરાધ કરવા છતા પણ તે વસ્તુ તેની પાસેથી જતી નથી, તેથી કેટલાક અજ્ઞાની દેહાધ્યાસી માનવી તે વસ્તુનુ અભિમાન ધરાવે છે, કારણ કે તેને પૌદ્ગલિક વસ્તુની ક્ષણવિનશ્વરતાનુ જ્ઞાન જાગ્રત હોતુ નથી, તેમજ દેહથી ભિન્ન પોતાને ઓળખી શકતો નથી પોતાને દેહસ્વરૂપ માનનારને જ મિથ્યાભિમાન હોય છે સ સારમા આત્માને આશ્રયીને વ્યવહાર ચાલતો નથી પણ આત્માએ ધારણ કરેલા દેહ તથા તેને ઓળખવાને માટે રાખેલા નામને આશ્રયીને અહ તા થાય છે, કારણ કે પ્રશ સા કરનાર આત્માને ઉદ્દેશીને પ્રશ સા કરતો નથી, છતા આત્મા અજ્ઞાનતાથી એમ માને છે કે મારી પ્રશ સા થાય છે, પણ મારાથી ભિન્ન દેહની પ્રશ સા થાય છે એમ માનતો નથી

કર્મના વિકારસ્વરૂપ દેહ તથા દેહમા રહેલા રૂપ, બળ, બુદ્ધિ તેમજ દેહની સાથે સ બ ધ ધરાવનાર ધનસ પત્તિ

કે જે એક આત્માથી ભિન્ન પર વસ્તુ છે તેનું અભિમાન આત્મા પોતે કરતો હોવાથી દેહાદિની પ્રશંસા સાભળી પોતે રાજી થાય છે અને કોઈ તેને વખોડે તો તેના ઉપર ગુસ્સે થાય છે, અને આ જ વસ્તુઓ જો બીજાની પાસે હોય તો તેના પોતે વખાણ કરતો નથી પણ તેને વખોડીને રાજી થાય છે જો કે દેહાદિ પૌદ્‌ગલિક વસ્તુઓ પોતાની પાસે હોય કે બીજાની પાસે હોય તો પણ પોતાનાથી તો ભિન્ન-પર વસ્તુ જ છે, છતા મમત્વને લઈને દેહાધ્યાસથી પોતાની વસ્તુની પ્રશંસા અને બીજાની નિંદા કરે છે પર-પૌદ્‌ગલિક વસ્તુઓની સ્તુતિ કે નિંદા કરવાથી જીવનુ કાંઈ ઇષ્ટ કે અનિષ્ટ થતુ નથી તો પણ અજ્ઞાનતાથી અહંતા તથા મમતાને લઈને જીવ પોતાનુ અનિષ્ટ કરે છે. પુન્યકર્મથી મળેલી પૌદ્‌ગલિક પર વસ્તુઓમાં મમતા ધારણ કરીને મિથ્યાભિમાન કરનાર આત્મા કેવળ કલેશનો જ ભાગી બને છે અનાદિકાળથી કર્મની સાથે ઓતપ્રોત થઇ ગયેલા આત્માઓમાં કોઈક વિરલો જ એવો હશે કે જે મિથ્યાભિમાન રહિત થઈને પ્રશંસાપ્રિય ન હોય. સંસારને અસાર માની કિનારે થનારાઓમાં પણ મિથ્યાભિમાન રહેલુ હોય છે. જો કે તેમની પાસે અભિમાન કરવા માટે ધનસંપત્તિ વગેરે વસ્તુઓ હોતી નથી, એટલે તેનુ અભિમાન તો કરી શકતા નથી, તો પણ જેઓ દર્શનમોહનીયના દાસ બનેલા હોય છે તેમને અજ્ઞાનતાને લઈને દેહ તથા આત્માની ભિન્નતા સારી રીતે જણાતી નથી, જેથી કરીને તેઓ ફેરવીને રાખેલા બનાવટી નામની મોટાઇ માટે કપાયોનો આશ્રય લે છે.

વિલાસી જીવોને તો ધન, સંપત્તિ, રૂપ, બળ, જાતિ, કુળ વગેરેનું જ અભિમાન હોય છે અને તેની જ મોટાઈ અને પ્રશંસા માટે પ્રયાસ કરે છે પણ ઉચ્ચ કોટીના વિકાસી પુરુષો સંબંધી પ્રશંસા કરાવવાને સાહસ કરતા નથી, પરંતુ બધુ છોડી દઈને આત્મવિકાસને માર્ગે પ્રયાણ કરવાનું કહેનારાઓ ઉચ્ચ કોટીના વિકાસી પુરુષોના ગુણોની છાયા સરખીયે ન હોવા છતાં, વિકાસીપણાનું મિથ્યાભિમાન ધારણ કરીને બીજાની પાસેથી વિકાસીપણાની પ્રશંસા કરાવવા પ્રયાસ કરે છે

વિકાસ આત્માનો હોઈ શકે છે, પરંતુ દેહનો હોતો નથી દેહનો તો વિલાસ હોય છે મિથ્યાભિમાનનો વિલાસની સાથે સંબંધ છે પણ વિકાસની સાથે નથી, કારણ કે મિથ્યાભિમાન અને વિકાસ પરસ્પર વિરોધી છે જ્યાં વિકાસ છે ત્યાં મિથ્યાભિમાન રહેતું નથી પણ જ્યાં મિથ્યાભિમાન હોય છે ત્યાં વિલાસ હોય છે કે અને તેના પુદગલાનંદીપણાની સાથે ગાઢ સંબંધ છે ઉચ્ચ કોટીના પુરુષોમાં ગણાવાની અને તેમની જેમ પૂજાવાની ઇચ્છા મિથ્યાભિમાનીને હોય છે બીજાની કરેલી પૂજા તથા પ્રશંસાથી આનંદ મનાવી પ્રફુલ્લિત થવું તે એક મિથ્યાભિમાનથી ઉદ્દભવેલી વિકૃતિ છે તે વિકાસને નહિ પણ વિલાસને ઓળખાવે છે, કારણ કે વિકાસ વિકૃતિ સ્વરૂપ નથી પણ વિલાસ વિકૃતિસ્વરૂપ છે અને એટલા માટે જ જો કોઈ તેમનો તિરસ્કાર કરીને વખોડે તો તેઓ આવેશમાં આવી જાય છે કે જે આવેશ પણ એક વિકૃતિસ્વરૂપ છે

આ આનશ-ક્રોધ મિથ્યાભિમાનને સ્પષ્ટપણે જાહેર કરનારો છે જ્યાં જ્યાં ક્રોધ રહેલો હોય છે ત્યાં ત્યાં અભિમાન પણ અવશ્ય રહેલુ હોય છે, કારણ કે અભિમાન સિવાય ક્રોધ થઈ શકતો નથી જેને જે વસ્તુનુ અભિમાન હોય છે તે વસ્તુને વખોડવાથી તેને ક્રોધ થાય છે જેમકે કોઈ પોતાને જ્ઞાની માનતો હોય તેને અજ્ઞાની કહીને તિરસ્કાર કરવાથી, વિદ્વત્તાના મદવાળાને મૂર્ખ કહે-વાથી, વિરાગીપણાના માનવાળાને વિલાસી કહેવાથી એવી રીતે બીજી કાઈ પણ વસ્તુનુ અભિમાન કરનારને વખોડવાથી ક્રોધિત થાય છે અને પ્રશસા કરવાથી ફુલાય છે માટે જ ત વિકૃતિસ્વરૂપ હોવાથી દેહાધ્યાસને સૂચવે છે, કારણ કે આ બધી વિકૃતિઓ દેહાધ્યાસીને જ થાય છે કે જે એક અજ્ઞાનતાનુ ચિહ્ન છે

આત્મા પોતાના ગુણોથી કગાલ હોઇને પ્રશસા કરાયેલા પરપાદ્‌ગલિક ગુણોનો પોતાની અદર આરોપ કરીને મિથ્યાભિમાનના નશામા ચકચૂર બની જાય છે તે એક ગાઢતમ મિથ્યાત્વના ઉદયની નિશાની છે અને એટલા માટે જ તે પોતાનાથી ભિન્ન દેહધારીની પ્રશસા સાભળીને ઇર્ષ્યાથી તને અનેક દોષોથી દૂષિત ઠરાવે છે, પણ પોતાનાથી ભિન્ન પણ પોતાની નિશ્રામા રહેલા નામધારી દેહની પ્રશસા સાભળીને રાજી થાય છે પણ દોષોથી દૂષિત કરતો નથી જો કે બન્ને દેહ તથા નામો પોતાનાથી તો ભિન્ન જ છે, છતા એ મા સ્વબુદ્ધિ છે અને એ મા પરબુદ્ધિ છે જ દેહમા સ્વબુદ્ધિ છે તેમા અહતા અને મમતા હોવાથી તેની પ્રશસા બહુ

ગમે છે અને જે દેહમા પરબુદ્ધિ છે ત્યાં અહંતા અને મમતાનો અભાવ હોય છે, માટે તેની પ્રશંસા સાભળવાથી રાજી ન થતાં દ્વેષબુદ્ધિથી તેને વખોડે છે એ મિથ્યાભિમાનનું પરિણામ છે

આત્માથી ભિન્ન પૌદ્ગલિક વસ્તુ માત્ર–તે પછી પોતાના આત્માની સાથે સબધ ધરાવતી હોય અથવા બીજા આત્માની સાથે સબધ ધરાવતી હોય તે સઘળાયે–ક્ષણવિનશ્વર તથા વિકૃત સ્વરૂપવાળી હોવાથી દોષવાળી છે તેમા વખાણવા જેવું કશું યે હોતુ નથી છતા કોઈ પ્રશસા કરે તો તે સાભળીને રાજી થવુ તે અજ્ઞાનતા છે કોઈને બાહ્ય તપ કરવાની શક્તિ સારી હોય અને છઠ્ઠ, અઠ્ઠમ, અઠ્ઠાઈ, પાસખમણ, માસખમણ, વગેરે તપસ્યા સારી કરતો હોય તેને તપસ્યા સબધી મિથ્યાભિમાન થવાથી તપની શક્તિ વગરના માણસો તરફ તિરસ્કાર ઉત્પન્ન થાય છે અને તેના તપ સબંધી કોઈ પ્રશંસા કરે તો તે ફુલાય છે, અને તેની કોઈ કદર ન કરે તો તેના ઉપર ગુસ્સે થય છે કોઈને જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ સારો હોવાથી વિદ્વાન થાય છે અને તે ભણતર વગરના માણસને મૂર્ખ માની પોતે મિથ્યાભિમાનથી છલકાય છે, પોતાને બુદ્ધિશાળી સમજી આવડત વગરના સરળ માણસોની હાસી કરે છે સુસ્વરવાળો દુસ્વરવાળાને, સુરૂપવાળો કુરૂપવાળાને, બળવાન નિર્બળને મિથ્યાભિમાનથી અવજ્ઞાની દૃષ્ટિથી જુએ છે. મિથ્યાભિમાની નિર્બળ અને કાયર હોય છે માટે તે કોઈનુ એક વચન પણ સહન કરી શકતો નથી કોઈ બે બોધના વચન

કહે તો તેને ન ગણકારીને તેના ઉપર ચીડાઈ જાય છે પોતાની ભૂલ તથા દોષોને જરાયે જોતો નથી પોતાને સર્વ-ગુણસંપન્ન માને છે ગુણવાન પુરુષોના ગુણોની પ્રશંસા સાભળીને પોતે બળ્યા કરે છે અને પ્રાય હંમેશા ગુણવાનોને વખોડી તેની નિંદા કરે છે ઘણે ભાગે મિથ્યાભિમાની આર્ત્તરૌદ્રધ્યાનવાળા હોય છે, જેથી કદી તેમનામા શાંતિ કે સમતા ભાગ્યે જ હોઇ શકે છે મિથ્યાભિમાનીના શત્રુઓ ઘણા હોય છે કારણ કે તે બીજાને અવજ્ઞાની દૃષ્ટિથી જોનારા હોય છે માટે વિપત્તિ વખતે કોઈ પણ તેનું સહાયક હોતુ નથી અને તેને આપત્તિવિપત્તિમા પડેલો જોઈ ને બીજા સંતોષ માને છે કોઈની પણ તેના તરફ જરાયે લાગણી રહેતી નથી અભિમાનથી આગળ તેના કાર્યોમા સફળતા મળી શકતી નથી, કારણ કે તેને કામની અવગત હોવા છતા પણ અભિમાનના આવેશથી અનેક પ્રકારની ભૂલો કરે છે મિથ્યાભિમાની પોતાને બહુ હુશિયાર માને છે, પરંતુ તેનામા મૂર્ખતા વિશેષ પ્રમાણમા હોય છે કારણ કે તે પ્રશંસાપ્રિય હોવાથી ઘણા માણસો તેની નિંદાગર્ભિત સ્તુતિ કરે છે, જેને સાભળીને પોતે બહુ ખુશી થાય છે જે ગુણોને લઈને વખાણ કરાય છે તે તેનામા છે એમ માનીને પોતાને ગુણવાન માને છે પણ પોતે એમ નથી સમજતો કે આ મારી મશ્કરી કરે છે પોતે ગુણશૂન્ય હોવા છતા પણ બીજાની પ્રશંસાથી પોતાને ગુણવાન માનવાથી તે ગુણો મેળવવાને પ્રયાસ કરતો નથી, જેથી તે નિર્ગુણી બને છે જેમકે કોઈ વ્યક્તિને સાધારણ કાઇ ભાષા અથવા વિષયનુ જ્ઞાન હોય અને તેને

તે જ ભાષા અને વિષયના કોઇ સાગમા સાગ વિદ્વનને મળવાનો પ્રસગ બને અને તે વિદ્વાન પોતાની સજ્જનતાથી તેના વખાણ કરે તો તે બહુ જ અભિમાનના આવેશમા ફુલાઇ જાય છે અને પોતાને સારામા સારો વિદ્વાન માને છે, પણ મૂર્ખતાથી નથી સમજી શકતો કે સજ્જન-ગુણવાન પુરુષો એક સાધારણ નહિ જેવા પણ બીજાના ગુણને મહાન કરીને વખાણે છે આવી જ રીતે રૂપ, બળ, ઐશ્વર્ય, ધન, સપત્તિ વગેરેને માટે પણ જ્યારે કેટલાક સ્વાર્થને લઇને તો કેટલાક સજ્જનતાથી વખાણ કરે છે, ત્યારે મિથ્યાભિમાની મૂર્ખતાથી બહુ ફુલાઇ જાય છે, જેથી કરી પરિણામે પોતાના સર્વનાશ કરી બને છે મિથ્યાભિમાની મૂર્ખતાને લઇને પોતાને મોઢે પોતના જ વખણ કરે છે, એટલુ જ નહિ પણ પોતાના હાથે અનેક ગુણગર્ભિત પોતાની પ્રશસાઓ લખીને જનતામા રજૂ કરે છે કે જે ગુણોમાનો તેનામા અશ પણ હોતો નથી, તો પણ પોતે અભિમાનના નશામા ચકચૂર રહે છે. બીજાની કરેલી મિથ્યા પ્રશસા સાભળીને પોતે શરમાવુ જોઇએ છતા પોતાના મોઢે જ તે સબધી પોતાના વખાણ કરીને નિર્લજ્જતા જાહેર કરે છે, ત્યારે ગુણવાન પુરુષો બીજાની કરેલી સાચી પ્રશસા સાભળીને શરમાય છે અને પોતાને એક સાધારણવ્યક્તિ તરીકે જણાવે છે તે જ તેઓની એક ઉત્તમતા સૂચવે છે મિથ્યાભિમાની માણસોમા હલકાઇ અને નિર્ગુણતા વધુ પ્રમાણના હોય છે અને ગુણવાન માણસોમા ઉત્તમતા અને નિરભિમાનતા વધુ પ્રમાણમા હોય છે

પૌદ્ગલિક વસ્તુઓ અભિમાનને પોષનારી હોય છે, કારણ કે તે પ્રાપ્ત થયા પછી કોઇક વિરલ જ વ્યક્તિ હશે

કે જને મદનો નશો ન ચડ્યો હોય જે વસ્તુ મળવાથી જેને અભિમાન થયુ હોય ત વસ્તુ જનતામા જાહેર કરવાને અનેક પ્રકારની પ્રવૃત્તિઓ ક ે તેનો હેતુ કેવળ પ્રશસા કરાવવાનો અને ક્ષુદ્ર કામનાઓ સાધવાનો હોય છે તે પ્રશસાને એટલા માટે ચહાય છ કે તેનાથી ક્ષુદ્ર સ્વાર્થ સાધી શકાય છે પૌદ્ગલિક વસ્તુઓ મેળવનારની પ્રશસા કરનારાઓ પણ પુદ્ગલાનદી સ્વાર્થી હોય છે અભિમાન કરનારાઓમા અત્યત અજ્ઞાનતા તથા અપૂર્ણતા રહેલી હોય છે અને તેમા વિવકદષ્ટિ હોતી નથી, જેથી કરીને તેમની પ્રવૃત્તિ સ્વ–પરને અહિત કરનારી હોય છે જ્ઞાનમદ અને બુદ્ધિમદ કરનારમા અજ્ઞાનતા તથા નિર્બુદ્ધિપણુ હોય છે, કારણ કે જ્ઞાનીઓ તથા બુદ્ધિશાળીઓમા અભિમાન હોતુ નથી, કારણ કે તેઓ વસ્તુસ્થિતિને જાણનારા હોય છે, માટે જ તેઓ વિવેકદૃષ્ટિ કહેવાય છે, જેથી કરીને તેઓ અનેક જીવોનુ કલ્યાણ કરી શકે છે અભિમાન એક પ્રકારની વિકૃતિ છે માટે તે આત્મિક ગુણોનો ઘાત કરનારી છે અભિમાની નીતિ તથા ધર્મના માર્ગથી હમેશા પરાઙ્મુખ રહે છે બીજા બધાયે અભિમાની કરતા જ્ઞાન તથા બુદ્ધિનુ અભિમાન કરનાર વધારે અપરાધી બની અનર્થ કરનાર હોય છે, કારણ કે તે માયા–પ્રપચથી અનેક જીવોને અવળે માર્ગે દોરે છે, જ્ઞાની પુરુષોના વચનોમાથી પણ ભૂલ કાઢવાનુ સાહસ કરે છે, સાચી વસ્તુ જણાવા છતા પણ પોતાનુ માનેલુ કે કહેલુ છોડતો નથી, કારણ કે તેને અપમાનનો ઘણો જ ભય રહે છે, તમજ ક્ષુદ્ર સ્વાર્થથી ભ્રષ્ટ થવાની આશકા રહે છે, માટે જ તેને નીતિ તથા ધર્મનુ ઉલ્લઘન કરવુ પડે છે પ્રાયે કરીને આવી વ્યક્તિઓમા ધર્મની શ્રદ્ધા હોતી નથી તેમજ તેઓ દ્રઢ-

ચોના દાસ હોય છે, જેથી કરીને તેઓ આત્માર્થી હોવ [illegible]
જીવોને અવળે માર્ગે દોરી જાય છે ભલે, તેઓ પે [illegible]
બુદ્ધિમાન તથા વિદ્વાન માને પરંતુ તેમના આ [illegible]
નિરભિમાની–ડાહ્યો માણસ કાંઈ ખામી બતાવે [illegible]
મિથ્યાભિમાનને લઇને પોતાની ભૂલને સુધારતો ન [illegible]
કરી પરિણામે તેને ઘણુ આપત્તિવિપત્તિગ્રસ્ત [illegible]
કે જે એક મૂર્ખ માણસની પ્રવૃત્તિના ફળરૂપ [illegible]
આવા માણસોની બુદ્ધિ તથા જ્ઞાન સબંધી [illegible]
કરવામાં આવે તો તે પોતાને મોઢે જ પોતાને [illegible]
છે કે જે એક મિથ્યાભિમાનનુ ચિહ્ન છે [illegible]
માણસોનુ એક લક્ષણ છે કે તેમની જ્યારે પ્ર [illegible]
આવે છે ત્યારે તેઓ હુ મૂર્ખ છુ એમ [illegible]
મહત્ત્વ છે એમ સમજે છે પણ જો તેને [illegible]
આવે તો મિથ્યાભિમાનને લઇને [illegible]
તપ, જપ, ધ્યાન આદિ ઉત્તમ પ્રવૃત્તિઓ [illegible]
ભિમાનના સસર્ગથી દૂષિત થાય છે, જેથી [illegible]
જાય છે અર્થાત્ વિપરીત ફળ આપ [illegible]
મિથ્યાભિમાનીને આર્ત્તરૌદ્રધ્યાન નિરતર [illegible]
કે તેની અદર ઈર્ષ્યા પુષ્કળ હોય છે, [illegible] બીજાની
પ્રશસા સહન કરી શકતો નથી, [illegible]
ગુણો તથા ધનસપત્તિ આદિને જોઈ [illegible] પોતાને
મહાન માની મિથ્યાભિમાનથી [illegible] મિથ્યા-
ભિમાનીની ભાવના ઘણી જ હલકી [illegible] બીજાને
અભ્યુદય ઇચ્છતા નથી દરેક બાબ [illegible]
હીન જોવાને આતુર રહે છે, કારણ કે તેને [illegible] માન [illegible]
ભય રહે છે બીજા બધાયે મારી [illegible]

બની રહે એવી ભાવનાથી બીજાને ધનસંપત્તિ પ્રાપ્ત થવાથી પોતે બળ્યા કરે છે, અને પ્રાપ્ત ન થઈ હોય તો તેને કંગાલ જ રાખવાની ઇચ્છાવાળા હોય છે, કારણ કે બીજો પોતાનાથી ધનસંપત્તિમા વધી જાય તો પોતાનુ માન જળવાતુ નથી, માટે તે બીજાની નબળી સ્થિતિ જોઈને જ ગજી રહેવાવાળા હોય છે આવી જ રીતે વિદ્યા, રૂપ, બળ, ઐશ્વર્ય વગેરેમા પણ પોતાનાથી નબળી સ્થિતિમા જોવાને ઇચ્છે છે માટે જ મિથ્યાભિમાની માણસો અધમ વૃત્તિવાળા હોય છે

આવા માણસો જીવનમા પોતાનુ કાંઈ પણ શ્રેય સાધી શકતા નથી એમને અભિમાની માણસ જરાયે પસંદ હોતો નથી, કારણ કે પોતે મિથ્યાભિમાની છે, એટલે બીજો અભિમાની માણસ તમને કાઈ હિસાબમા ગણાતો નથી, જેથી કરી તેઓ ચિત્તમા કલેશવાળા રહે છે એમને આખાયે જીવનમા ક્યાય પણ શાંતિ કે સુખ મળી શકતા નથી એમને હમેશા મોટાઈ પસંદ હોવાથી માયા-પ્રપંચ સેવે છે અને મિથ્યા ડોળ આડંબર કરે છે માન મેળવવાને પરાધીન હોવાથી જેમ બને તેમ પોતાનુ મહત્ત્વ વધારવાને કટ્ટીબદ્ધ મદદ માટે બીજાની ખુશામત કરે છે, બીજાના ગુણ ગાઈને પણ તેની પાસે પોતાના વખાણ કરાવે છે જનતામા સંપત્તિ તથા સત્તાથી માનનીય ગણાતા માણસોને પોતાના અનુયાયી બનાવી તેમની કરેલી પ્રશંસાથી જનતામા યશકીર્તિ મેળવવા તેમના ગુણ ગાઈને તમનુ બહુમાન કરે છે આવી રીતે મિથ્યાભિમાન માનવજીવનને અધમ બનાવી ભાવી ભવમા અધમ ગતિ આપવાવાળુ હોવાથી પોતાનુ હિત ઇચ્છનારાઓએ સર્વથા તેનો ત્યાગ કરવો જોઈએ કે જેથી કરીને ઐહિક જીવન સુખમય વ્યતીત કરીને ભાવીમા શુભ ગતિ મેળવે

સમ્યક્ત્વ મીમાંસા

૫૪

ઇંદ્રિયોના વિષયમાં આસક્તિ ધરાવનાર સંસારવાસી જીવોને કષાય તથા નોકષાયની અત્યંત આવશ્યકતા રહે છે અર્થાત્ રાગદ્વેષ વગર પૌદ્‌ગલિક વસ્તુમાં આસક્તિ ટકી શકતી નથી અત્યંત આસક્તિને ધારણ કરનાર જીવો અનુકૂળ પૌદ્‌ગલિક વસ્તુના સંયોગને ઇચ્છનારા અને પ્રતિકૂળ સંયોગને ત્યાગનારા હોય છે સ્વર્ગની વાતો સાંભળીને રાજી થાય છે, નારકીના દુ:ખો સાંભળીને દિલગીર થાય છે માટે તેઓ સ્વર્ગને પસંદ કરે છે પણ નારકીને પસંદ કરતા નથી. સ્વર્ગના સુખો મેળવવાને પૌદ્‌ગલિક વસ્તુઓનો ત્યાગ કરવામાં આવે છે, પણ તેથી કાંઈ આત્માને લાભ મળી શકતો નથી; કારણ કે ત્યાગ આસક્તિગર્ભિત હોય છે આસક્તિ ટળ્યા વગરના ત્યાગથી શારીરિક સુખ પ્રાપ્ત થાય છે કે જેનો અનુભવ શરીરમાં જ થઇ શકે છે પણ આત્મિક સુખ પ્રાપ્ત થતું નથી. જેમ વ્યાધિગ્રસ્ત માનવી કુપથ્યનો ત્યાગ કરે છે કે જેથી તેને શારીરિક આરોગ્યતા પ્રાપ્ત થાય છે, તેવી જ રીતે પ્રતિકૂળ પૌદ્‌ગલિક વસ્તુના સંસર્ગથી દુ:ખી થનાર તેનો ત્યાગ કરીને ભવાંતરમાં અનુકૂળ પૌદ્‌ગલિક વસ્તુઓ મેળવીને સુખી થાય છે.

છે અથવા તો એક વસ્તુ ઉપર રાગ હોય છે ત્યારે તેનાથી વિરોધી વસ્તુ ઉપર દ્વેષ હોય છે અણગમતી વસ્તુ ઉપર અનાસક્તિ જેવુ જણાય છે, છતા તે પણ એક પ્રકારની આસક્તિ છે વ્યવહારમા જે વસ્તુ ઉપર અત્યત રાગ હોય છે તેને આસક્તિ કહેવામા આવે છે, પણ જે વસ્તુ ઉપર દ્વેષ હોય છે તેને આસક્તિ કહેવામા આવતી નથી, તેથી કોઈ તના ઉપર અનાસક્તિભાવ છે એમ કહી શકાય નહિ પણ રાગસ્વરૂપ આસક્તિથી એક ભિન્ન પ્રકારની આસક્તિ હી શ ાય જે વસ્તુ ઉપર અત્યત દ્વેષ હોય છે તેનો વિનાશ કરવામા હમેશા લીન રહેવુ અને જે વસ્તુ પર અત્યત રાગ હોય તેનો ઉપભોગ કરવામા હમેશા લીન રહેવુ અર્થાત્ કોઈ પણ વસ્તુમા કોઈ પણ પ્ર ારે લીન થવુ તેને આસક્તિ કહે વામા આવ છે આ આસક્તિ જડ તથા જડના વિકારોને આશ્રયીને થાય છે અને તે મોહના C્યસ્વરૂપ છે

અનુકૂળ પૌદ્ગલિક વસ્તુઓ મેળવવાની તીવ્ર અભિલાષા કે જે પૌદ્ગલિક વસ્તુઓ મળવા છતા પણ વધુ મેળવવાની આકાક્ષા રહેવી તેને લોભ કહેવામા આવે છે આ લોભ અનેક પ્રકારનો હોય છે અને તે સઘળો ય પૌદ્ગલિક વસ્તુઓ ગ ણ ધી હોય છે લોભ જ્યા હોય છે ત્યા માયા અવશ્ય રહેલી હોય છે, કારણ કે માયા અને લોભમા નામમાત્રનો જ ફરક છે અને તેથી કરીને બન્નેને રાગ કહેવામા આવે છે માયાના અનેક અર્થ થાય છે સ્નેહ-મમતાને માયા કહેવામા આવે છે અને પ્રપચ-કપટને પણ માયા કહેવામા આવે છે વૈષ

યિક વસ્તુને મેળવીને તેનો ઉપભોગ કરવા છતા પણ અતૃપ્ત રહીને વધુ ને વધુ તેને મેળવવાની આકાક્ષા પૂરી કરવાને માટે જે પ્રયાસ કરવામા આવે છે તેને માયા કહેવામા આવે છે કે જે એક મમતાસ્વરૂપ છે અથવા તો વૈષયિક વસ્તુઓ સરળતાથી પ્રાપ્ત ન થાય તો તેને મેળવવા મનના વિચારોથી કાયિક તથા વાચિક પ્રવૃત્તિને ભિન્નપણે દર્શાવવી તે પણ માયા કહેવાય છે, કે જે એક પ્રપચસ્વરૂપ હોય છે આ બધી યે પ્રવૃત્તિઓ રાગને લઈને થાય છે કે જેને આસક્તિ કહેવામા આવે છે પૌદ્ગલિક સપત્તિમા મમતાને લઈને સ્વામીપણાની બુદ્ધિથી મિથ્યાભિનિવેશ થયો તે માન કહેવાય છે આ માન પરપૌદ્ગલિક વસ્તુને આશ્રયીને થાય છે માટે તેને મિથ્યાભિમાન પણ કહેવામા આવે છે. તેને સ્પષ્ટપણે પ્રગટ કરનાર કાયિક તથા વાચિક ચેષ્ટાઓને ક્રોધ કહેવામા આવે છે અર્થાત્ ક્રોધ અને માનમા નામ માત્રનો ભેદ છે અને તે બન્ને દ્વેષની કોટીમા ગણાય છે કે જે એક પ્રકારની આસક્તિ છે, કારણ કે પૌદ્ગલિક વસ્તુમા આસક્તિ વગર અભિમાન આવી શકતુ નથી, માટે જ રાગદ્વેષ આસક્તિના અગ છે અને તે જ્યા સુધી હોય છે ત્યા સુધી સમ્યક્ત્વ પ્રાપ્ત થઈ શકતુ નથી અર્થાત્ તેને સમ્યગ્જ્ઞાન કહી શકાતુ નથી જ્યારે પૌદ્ગલિક વસ્તુમાથી આસક્તિ દૂર થઇને અનાસક્તિભાવ પ્રગટ થાય છે ત્યારે રાગદ્વેષ ઉપશમી જાય છે, જેથી કરીને વસ્તુના યથાર્થ સ્વરૂપનુ ભાન થાય છે, જેને સમ્યગ્જ્ઞાન કહેવામા આવે છે

જ્યા સુધી આસક્તિભાવ છે ત્યા સુધી વિકાસની શરૂ-

આત થઈ શકતી નથી પણ વિલાસપ્રિય બનીને જીવ આત્મિક ગુણોનો વિનાશ કરે છે, કારણ કે અનાદિકાળના પૌદ્‌ગલિક સંસર્ગને લઈને કુવાસનાઓથી વિપરીત શ્રદ્ધાવાળો હોવાથી ગુણમા દોષ અને દોષમા ગુણ જુએ છે. ઇંદ્રિયોના વિષયો કે જે આત્માને એકાંતે નુકસાન કરનાર છે અને કેવળ દોષસ્વરૂપ છે તેમા પોતે ગુણ જુએ છે અને કષાય તથા વિષયની વિરતિસ્વરૂપ સમભાવ કે જે એક ગુણ છે તેમા પોતે દોષ જુએ છે આવી વિપરીત શ્રદ્ધારૂપ અજ્ઞાનતાને લઈને કર્મના પરાધીનતામાથી તે છૂટી શકતો નથી અને જન્મ, જરા, મરણ, આધિ, વ્યાધિરૂપ સંસારમા ભમ્યા કરે છે જે ભવમા ઉત્પન્ન થાય છે ત્યા જ આનંદ માની પોતાનુ જીવન પૂરુ કરે છે જ્યા સુધી જીવને જડના વર્ણાદિ ધર્મમા ગાન નગ્નાપણું રહે છે ત્યા સુધી તેને જડને આધીન રહેવુ પડે છે પૌદ્‌ગલિક વિષયોમા આસક્તિ ધારણ કરનારને વારવાર જન્મમરણ કરવા પડે છે જ્યા સુધી પુદ્‌ગલાનંદીપણાની વાસના હોય છે ત્યા સુધી આત્માનંદીપણું પ્રાપ્ત થતું નથી, અને આત્માનંદીપણુ પ્રાપ્ત થયા વગર આત્મિક સંપત્તિ પ્રાપ્ત થઈ શકતી નથી આત્મિક સંપત્તિના અભાવે સમ્યગ્જ્ઞાનની દરિદ્રતા દૂર થઈ શકતી નથી સ્ત્રી, પુત્ર, ધન, બાગ, બંગલા આદિ વૈષયિક સંપત્તિના મદમા અંધ બનેલા આત્મા તુચ્છ-ક્ષણિક-અસાર એવા પૌદ્‌ગલિક સુખમા આનંદ માની સંતોષ ધારણ કરનારા હોય છે, જેથી તેઓ શાશ્વત સુખ મેળવવા જરા યે પ્રયાસ કરતા નથી, કારણ કે તેથી તેઓ સર્વથા અજ્ઞાત

હોય છે કદાચ કોઇ તેમને શાશ્વત સુખનું સ્વરૂપ જણાવી તે મેળવવા ઉદ્યમ કરવા કહે તો તે તેમને બિલકુલ રુચતું નથી; કારણ કે તેમને શાશ્વત સાચા સુખની શ્રદ્ધા જ હોતી નથી. દર્શનમોહનીયને લઇને તેઓની એવી જ દૃઢ શ્રદ્ધા થઈ ગયેલી હોય છે કે પૌદ્ગલિક વિષયોના ઉપભોગ વગર સુખ જેવી કોઇ વસ્તુ નથી આવી માન્યતાથી તેઓ નિરંતર પૌદ્ગલિક વિષયોને મેળવવાના પ્રયાસવાળા હોય છે. જ્યાં સુધી અનુકુળ પૌદ્ગલિક વિષયોનો સંયોગ ઇંદ્રિયોની સાથે રહે છે ત્યાં સુધી તેઓ આનંદ તથા સુખ માને છે જ્યારે તેનો વિયોગ થાય છે ત્યારે આનંદ તથા સુખનો અંશ પણ રહેતો નથી, જેથી કરીને તેમને વિષયોની ઇચ્છા ટળી શકતી નથી અને અતૃપ્તપણે તે પાછા મેળવવા પ્રયાસ કરે છે. આ બધું યે જીવની વિપરીત શ્રદ્ધાનું પરિણામ છે કે જે મિથ્યાત્વ કહેવાય છે

જેઓ મોતથી બીએ છે તેઓ આત્મવિકાસની દિશામાં જવાને લાયક નથી. શરીર છૂટી જવાનો કે શરીરને ઇજા પહોંચવાનો ભય આસક્તિભાવથી રહે છે. આસક્તિભાવવાળો જીવ આત્મિક સંપત્તિનો વિનાશ કરીને પણ પૌદ્ગલિક વિષયોને જાળવી રાખે છે; કારણ કે તે પૌદ્ગલિક વિષયોમા જ આનંદ તથા સુખ જોનારો છે, માટે જ તે સુખ અને આનંદ-રૂપ વિકાસને મેળવી શકતો નથી, પણ કોઇક વખતે ઉપશમ-ભાવે કાંઇક મળેલાં હોય તેને ખોઇ બેસે છે, કારણ કે તે અજ્ઞાની-બાળજીવ છે, માટે જ તે સાચાને ખોટું અને ખોટાને સાચું માને છે, જેથી કરી સાચી વસ્તુનો વ્યય

કરી ખોટી વસ્તુ સંઘરે છે કે જે પરિણામે તેની ધારણાને સફળ કરી શકતો નથી

અજ્ઞાનીઓની ધારણાઓ અને ભાવનાઓ પણ મિથ્યા હોય છે, કારણ કે તે વૈષયિક વસ્તુઓની સાથે સંબંધ બનાવનાર હોય છે. પૌદ્ગલિક વિષયોના ઇંદ્રિયો સાથેનો સંબંધ છૂટો પાડીને જ્ઞાનનોજ વિષય માનવામાં-શ્રદ્ધવામાં આવે તો તે વિષયો આત્મિક વિકાસને બાધકર્તા થઈ શકતા નથી જ્ઞાનમા વિષયોની અસર થવાવાળી વિકૃતિ થઈ શકતી નથી આ જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે કારણ કે તે આત્માનો સ્વભાવ છે

શબ્દ,વર્ણાદિ વિષયોને ઇંદ્રિયોનો વિષય માનવામા આવે તો વિષયોની અસર આત્મા ઉપર જરૂર થાય અને વિકૃતિ ઉત્પન્ન કરે છે પણ ઇંદ્રિયનો વિષય ન માનતા જ્ઞાનનો વિષય જો માનવામા આવે તો આત્મા ઉપર વિષયોની અસર થતી નથી અર્થાત્ પૌદ્ગલિક વિષયોને ઇંદ્રિયોના ઉપભોગ તરીકે માનવા તે મિથ્યાત્વ-અજ્ઞાન છે અને જ્ઞાનના ઉપભોગ તરીકે માનવા તે સમ્યગ્જ્ઞાન છે

જ્ઞેય માત્ર જ્ઞાનનો વિષય છે. દ્રવ્યગુણ-પર્યાયમયી જગત બધુંયે જ્ઞેય છે આત્મા જ્ઞાનનો ભોક્તા છે અને જ્ઞાન જ્ઞેયનો ભોક્તા છે, માટે જ્ઞેયનો પરપરાથી આત્મા ભોક્તા થઈ શકે છે જ્ઞેયનો આત્મા ભોક્તા છે એટલે તે જ્ઞેયને જાણે છે અર્થાત્ ભોગવવું એટલે જાણવું. જ્યાં સુધી સકર્મક આત્મા અજ્ઞાની હોય છે ત્યાં સુધી ઇંદ્રિયો-

દ્વારા જડના ગુણસ્વરૂપ વિષયોને જાણે છે. એ અપેક્ષાને લઈને ઈંદ્રિયોના વિષયો કહેવાય છે કે જેમાં રાગદ્વેષને લઈને જીવ આસક્ત થાય છે અને તેને મેળવીને, તેનો ઉપભોગ કરીને પોતે આનંદ તથા સુખ મનાવે છે કે જે એક વિકૃતિસ્વરૂપ છે ઇંદ્રિયો જડ હોવાથી વિષયો ગ્રહણ કરી શકતી નથી દર્શન-મોહના આવરણવાળો આત્મા ઈંદ્રિયોદ્વારા વિષયોને ગ્રહણ કરે છે અર્થાત્ જાણે છે તે સાચુ જાણતો નથી પણ વિપરીત જાણે છે જેને અજ્ઞાન કહેવામા આવે છે કેવળ ઇંદ્રિયોદ્વારા વસ્તુનું સાચુ સ્વરૂપ જણાતુ નથી પણ વિપરીત જ જણાય છે કે જે એક વિકૃતિ ઉત્પન્ન કરે છે વિકૃતિ એટલે ઉપયોગશૂન્ય થઈને સ્વરૂપને ભૂલી જવુ અને પોતાને પરરૂપે માનવું, અને તે વિષયોનો ઈંદ્રિયો સાથે સબંધ થવાથી થાય છે. વિષયોનો ઇંદ્રિયોની સાથે સંબંધ થતી વખતે જો જીવની દ્વેષની પરિણતિ હોય તો તે સબધને પ્રતિકૂળ માની દુઃખ મનાવે છે અને જો રાગની પરિણતિ હોય તો અનુકૂળ માની સુખ મનાવે છે અનુકૂળ વિષયના સસર્ગથી હર્ષ થાય છે--આનંદ થાય છે અને પ્રતિકૂળ વિષયના સંસર્ગથી દિલગીરી શોક થાય છે. ઇંદ્રિયોના વિષયો ભોગવવા એટલે પૌદ્ગલિક વસ્તુનો ઇંદ્રિયોની સાથે સંબંધ થવો. પૌદ્ગલિક વસ્તુઓનો ઈંદ્રિયની સાથે સંસર્ગ થવાથી રાગપરિણતિવાળા આત્માને આસક્તિ થવી. અનુકૂળ વિષયના સબધને જ ઉપભોગ કહેવામા આવે છે પણ પ્રતિકૂળ વિષયના સબંધને ઉપભોગ કહેવામાં આવતો નથી. આ ઉપભોગ અજ્ઞાનતાને લઈને થવાવાળી વિકૃતિ માત્ર

છે તાત્ત્વિક દૃષ્ટિથી વિચારીએ તો આત્માનો ઉપભોગ ઉપ યોગન્વરૂપ પ્રવૃત્તિ છે અર્થાત્ મોહ ક્ષય થવાથી સમ્યગ જ્ઞાનદ્વારા વિષયાદિ જ્ઞેયનુ યથાર્થ સ્વરૂપ જાણવુ તે આત્માનો ઉપભોગ કહેવાય છે જે એક પ્રકૃતિસ્વરૂપ છ અને તેને સમ્યક્ત્વ કહેવામા આવે છે

નિરતર પૌદગલિક વિષયોની ઇચ્છા થવી તે વિકૃતિ છે કે જ એક અજ્ઞાનસ્વરૂપ છે અર્થાત્ પ્રકૃતિ તે જ્ઞાન છે અને વિકૃતિ તે અજ્ઞાન છે આ વિકૃતિ જીવ અને જડ બન્નેની પ્રકૃતિઓ ભેગી ભળવાથી થાય છે જેમ જેમ પૌદ ગલિક વિષયોનો સમ્મર્ગ વધારે તેમ તેમ અજ્ઞાનતા વધતી જાય છે અને તે અજ્ઞાનતાને લઇને જીવ નિરતર વિષયા ભિલાષી થાય છે મનગમતા વિષયોને મેળવીને આનદ તથા સુખનુ મિથ્યાભિમાન ધરાવ છે કે જે પરિણામે દુખ રૂપ નીવડે છે જીવને દુખ નથી જોઇતુ, પણ સુખ જોઇએ છે, પણ તેનુ સાચુ જ્ઞાન ન હોવાથી પ્રયાસ કરીને સુખાભાસ મેળવીને પોતે રાજી થાય છે, પણ પરિણામે તેનુ ક્ષણવિનશ્વર સ્વરૂપ પ્રગટ થતા તને અત્યત દિલગીર થવુ પડે છે આ બધુ મે મિથ્યા જ્ઞાનરૂપ હોય છે વસ્તુ સ્વભાવને સાચી રીતે જાણવુ તે સમ્યગ્જ્ઞાન કહેવાય છે અને સાચી રીતે શ્રદ્ધવુ તે સમ્યગ્દર્શન કહેવાય છે જ્યા સુધી અજ્ઞાન હોય છે ત્યા સુધી સાચી શ્રદ્ધા હોતી નથી

દર્શનમોહનો ક્ષય થવાથી સમ્યગ્જ્ઞાન થાય છે અને પછી સમ્યગ્શ્રદ્ધા થાય છે જો કે જીવનમા જ્ઞાન અને શ્રદ્ધા

બન્ને રહેલા હોય છે પણ તે દર્શનમોહને લઈને વિપરીત હોય છે અર્થાત્ અતાત્ત્વિક હોય છે જેથી કરીને જીવ તાત્ત્વિક સુખ, શાંતિ, આનંદ અને જીવન મેળવી શકતો નથી માનવીને પ્રત્યક્ષપણે અનુભવ થાય છે કે દેહને છોડી જીવ ચાલ્યો જાય છે જીવના ગયા પછી દેહમાં બુદ્ધિ, જ્ઞાન કે કોઈ પણ પ્રકારની ક્રિયા જણાતી નથી–નિશ્ચેષ્ટ થઈને પડી રહે છે, માટે જીવ અને દેહ બન્ને જુદી વસ્તુ છે બન્નેના સ્વભાવ પણ જુદા જ છે દેહ જડસ્વરૂપ છે અને જીવ ચૈતન્યસ્વરૂપ છે, છતાં માનવી દેહને ચેતન્યસ્વરૂપ માને છે અને તેને જાળવી રાખવાને અનેક પ્રકારની જડ વસ્તુઓનો ઉપયોગ કરે છે, છતાં પરિણામે જીવનો વિયોગ થવાથી દેહમાં ચૈતન્યની કોઈ પણ શક્તિ જણાતી નથી અને જડનો ક્ષણવિનશ્વર સ્વભાવ સ્પષ્ટપણે જણાય છે કે જે ચૈતન્યનો સંબંધ હતો ત્યાં સુધી અપ્રગટ હતો આમ હોવા છતાં પણ માનવી મિથ્યા જ્ઞાન તથા મિથ્યા શ્રદ્ધાને લઈને નિરંતર દેહની સેવામાં વળગ્યો રહે છે અને પોતાને ન ઓળખવાથી પોતાનું કાંઈ પણ શ્રેય સાધી શકતો નથી જ્યાં સુધી દેહમાં આત્મબુદ્ધિ હોય છે ત્યાં સુધી પુદ્ગલાનંદીપણું ટળી શકતું નથી તેમજ રાગદ્વેષ પાતળા પડી જઈને સમભાવની પણ પ્રાપ્તિ થઈ શકતી નથી અને દરેક પ્રવૃત્તિ અજ્ઞાનતાને લઈને વિપરીત થાય છે દેહને પોષનારા પૌદ્ગલિક વિષયોમાં અત્યંત આસક્તિ ધરાવે છે અને દેહને નુકસાન કરનારા પદાર્થો ઉપર દ્વેષબુદ્ધિ રાખે છે જીવ પોતાને દેહસ્વરૂપ માનવાથી દેહની સાથે સંબંધ ધરાવનાર

વસ્તુ માત્રમાં નિરંતર રાગદ્વેષની પરિણતિવાળો બને છે જેને લઇને તે કોઈ પણ વસ્તુના સાચા સ્વરૂપને ઓળખી શકતો નથી, કારણ કે જેનું કારણ જ અજ્ઞાનસ્વરૂપ છે, તેનું કાર્ય અથવા ફળ જ્ઞાનસ્વરૂપ ક્યાંથી હોઈ શકે? જીવ દેહને પોતાના સ્વરૂપ માને છે એટલા માટે જ તેને જડ તથા જડના વિકારો બહુ ગમે છે સુખ, શાંતિ, આનંદ તથા જીવનના આધારભૂત જડના વિકારોને માને છે ધન, ધાન્ય, મિત્ર મકાન આદિ જડાત્મક બાહ્ય સંપત્તિને સુખના સાધન માનતો હોવાથી તે વસ્તુના વિયોગ તથા વિનાશથી પોતાને દુઃખી માની અત્યંત દિલગીર થાય છે પૌદ્ગલિક વસ્તુઓના વિનાશથી પોતાનો વિનાશ માને છે તાત્ત્વિક દૃષ્ટિથી વિચારીએ તો જીવને રતિ, અરતિ, ભય, શોક આદિના સંકલ્પો, વિકલ્પો તથા સ્ફુરણાઓ થાય છે, તે બધુંયે દેહાધ્યાસરૂપ અજ્ઞાનતાનું પરિણામ છે

જ્યાં સુધી જીવ હું દેહસ્વરૂપ છું એવી દૃઢ શ્રદ્ધાવાળો હોય છે ત્યાં સુધી મિથ્યાત્વને લઇને બાહ્ય સંપત્તિનો સાચો ત્યાગી બની શકતો નથી માતા, પિતા, સ્ત્રી, પુત્ર આદિ પરિવાર છોડવા છતાં પણ તેઓના ઉપરની મમતા ટળી શકતી નથી-પૌદ્ગલિક વિષયોની ઈચ્છા વિરામ પામી શકતી નથી અનુકૂળ પૌદ્ગલિક વસ્તુઓના સંસર્ગથી આનંદ અને પ્રતિકૂળથી દિલગીરીની અસરવાળો રહ્યા કરે છે બાહ્યની ધન સંપત્તિ અસાર જાણી છોડવા છતાં પણ શ્રીમંતોનો સંસર્ગ અને તેમની સેવાની ચાહના રાખ્યા કરે છે અજ્ઞાનીઓએ માનેલી પૌદ્ગલિક સુંદર વસ્તુઓમાં આસક્તિને ધારણ કરે

છે પોતે જે નામથી ઓળખાતો હોય તેને માટે માયા પ્રપંચને સેવે છે દરેક પ્રકારના કષ્ટાનુષ્ઠાન કરીને ઉચ્ચ પુરુષોની કોટિમા ગણની કરાવવાની ઇચ્છાવાળો રહે છે દેહાધ્યાસી પરિષહ તથા ઉપસર્ગ સહન કરવામા નિરંતર કાયર હોય છે જીવ બહારની બધીયે સંપત્તિ છોડી શકે છે, પણ દેહને છોડી શકતો નથી, કારણ કે દેહને સાથે લઇને અવતરે છે અને બીજી બધીયે વસ્તુઓ પાછળથી મેળવે છે, માટે છોડેલી વસ્તુઓનો દેહને માટે પાછો ઉપયોગ કરે છે અને પૌદ્ગલિક વસ્તુઓ સંબંધી સારાનરસાની ભાવના ભુસાતી નથી પૌદ્ગલિક વસ્તુઓના વિનાશની આશંકાથી દિલગીરી ઉત્પન્ન થવી તે સ્પષ્ટ પુદ્ગલાનંદીપણાને સૂચવે છે

રાગ, દ્વેષ, રતિ, અરતિ, ભય, શોક, હર્ષ પૌદ્ગલિક વસ્તુને આશ્રયીને જ થાય છે વિકાસી આત્માઓ સિવાયના વિલાસી જીવોને જીવન-વ્યવસ્થા પૌદ્ગલિક વસ્તુને અવલંબી રહેલી હોય છે તેમના વિચારોમા નિરંતર વિલાસ પ્રિયતા જ રહેલી હોય છે દેહાધ્યાસ અને વિલાસપ્રિયતાને ગાઢ સંબંધ છે, અને તે અજ્ઞાનતાનુ પરિણામ છે એમાથી એકના અભાવે બીજાનો પણ અભાવ થઇ જાય છે દેહાધ્યાસ છૂટે તો પુદ્ગલાનંદીપણુ છૂટે અથવા પુદ્ગલાનંદીપણુ છૂટે તો દેહાધ્યાસ છૂટે છે બન્ને ખસી જવાથી સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે કે જે એક આત્માનુ સ્વરૂપ છે મોતથી ભયભીત રહેનાર તથા પોતાને દુખી માનનાર જીવ પોતાને સાચી રીતે ઓળખી શક્યો નથી તેને દેહમા જ પોતાપણાની શ્રદ્ધા છે જ્યા સુધી તીવ્ર રાગદ્વેષ હોય છે

ત્યા સુધી આઠ અજ્ઞાનતા હોય છે અને જ્યાં રાગદ્વેષ મદ હોય છે ત્યા મદ અજ્ઞાનતા હોય છે, અને ક્ષયોપશમ થવાથી સમ્યગ્જ્ઞાન થય છે, અને ક્ષય થવાથી સંપૂર્ણ જ્ઞાન થાય છે માટે અજ્ઞાનતાનુ કારણ રાગદ્વેષ છે અને તે દેહમા આત્મબુદ્ધિ થવાથી થાય છે.

રાગદ્વેષ સ્વાયસ્વરૂપ છે અર્થાત્ કષાયો રાગદ્વેષને ઓળખાવે છે જેઓ માન, મોટાઈ, કીર્તિ, યશ મેળવવાના અભિલાષથી પ્રયાસ કરે છે, જેઓ પોતાની નિંદા સ્તુતિ સાંભળીને હર્ષ શોક કરે છે, પોતાનુ નામ અમર રાખવાને સ્મારકો બનાવે છે, બીજાએ કરેલા પોતાના ગુણાનુવાદો સાભળીને બહુ રાજી થાય છે, બીજાની પાસેથી સત્કાર-સન્માન મેળવવાને હમેશા ઉત્કંઠાવાળા રહે છે, પોતે નિર્ગુણી હોવા છતા પણ વિકાસી ઉચ્ચ કોટિના મહાપુરુષોની પંક્તિમા ગણાવાને માયાનો આદર કરે છે, વિકાસી પુરુષો તરીકે બીજાની પાસેથી પૂજા-સત્કાર મેળવીને પોતે ગર્વથી ખૂબ ફુલાય છે એવા જીવોને દેહથી આત્મા ભિન્ન છે એવી જાગૃત શ્રદ્ધા હોતી નથી, માટે તે અજ્ઞાની હોવાથી મિથ્યાદષ્ટિ કહેવાય છે તેઓ વિકાસના માર્ગેથી અવળી દિશામા પ્રયાસ કરવાવાળા હોય છે માટે તે આત્મવિકાસરૂપ ધર્મથી પરાઙ્મુખ હોવાથી નિર્જરાસ્વરૂપ મુક્તિ મેળવવાના અધિકારી નથી, કારણ કે તે પુદ્ગલાનંદીપણાને લઈને એક પ્રકારના વિલાસી કહેવાય છે પૌદ્ગલિક વિષયો મેળવવાના આશયથી અથવા તો જનતામા પૂજાવાની ઇચ્છાથી જેઓ ભાષાજ્ઞાન મેળવી શાસ્ત્રસિદ્ધાંતોનો અભ્યાસ કરે છે અથવા તો જપ-તપ

નિમિત્તે અનેક પ્રકારનાં કષ્ટાનુષ્ઠાન કરે છે તેઓનો અંશ-
માત્ર પણ દેહાધ્યાસ ટળ્યો નથી, તેથી આત્મસ્વરૂપને પણ
ઓળખી શકયા નથી અને તે વિષયાભિનંદી હોવાથી
કષાયોનો આદર કરનારા હોય છે. આવા જીવોમાં મિથ્યા-
ભિમાનની માત્રા અધિક રહેલી હોવાથી, ધાર્યા પ્રમાણે
ઇચ્છા નિષ્ફળ જવાથી અથવા તો તેમનું અપમાન થવાથી
ઘણો ક્રોધ કરે છે; માટે તે વસ્તુસ્થિતિની અજ્ઞતાને લઇને
અજ્ઞાની કહેવાય છે. પરને મોઢે જેઓ પોતાની પ્રશંસા
સાંભળીને ફુલાય છે તેમનામાં પ્રશંસાને લાયક એકે ગુણ
હોતો નથી, કારણ કે ઉચ્ચ કોટિના ગુણવાન પુરુષો
પોતાની પ્રશંસા સાંભળીને મિથ્યાભિમાનથી મદવાળા થતા
નથી. પ્રશંસા સાંભળી મદમાં આવી જઇ ફુલાવુ તે એક
નિર્ગુણતાની નિશાની છે સંસારમા કોઈક વિરલા પુરુષ હશે
કે જે પ્રશંસા સાભળીને રાજી ન થાય ડાહ્યા અને બુદ્ધિ-
શાળી કહેવાતા પુરુષોને પણ પ્રશંસા પ્રિય હોય છે. જેઓ
પ્રશંસા સાભળીને રાજી થાય છે તેઓ નિંદા સાભળીને અવશ્ય
દિલગીર થવાના જ. આ હર્ષ અને દિલગીરીનુ કારણ દેહા-
સક્તિ સિવાય બીજું કાંઈ પણ હોતુ નથી. આ દેહાસક્તિને
અજ્ઞાનતા કહેવામાં આવે છે દર્શનમોહનીયના દબાણ વગર
પ્રશંસાની ઇચ્છા પણ થતી નથી માટે જ તે એક પ્રકારનું
મિથ્યાત્વ છે

જીવ જે ગતિમાં જાય છે તે ગતિમાં જે શરીરને ધારણ
કરે છે તે શરીરની મમતાવાળો થાય છે, અને તે શરીરને

છોડવુ પસંદ કરતો નથી, કારણ કે અજ્ઞાનતાથી તેને દેહથી ભિન્ન હુ જુદી વ્યકિત છુ એમ જણાતુ નથી, પણ અનાદિ કાળના અભ્યાસને લઇને દેહનો નાશ થવાથી મારો નાશ થઇ જશે એવી દઢ શ્રદ્ધા હોય છે, માટે જ દેહની રક્ષા નિમિત્તે અનેક પ્રકારના અપરાધો કરે છે અનેક જીવોનો વધ કરીને તેમના દેહથી પોતાના દેહને પોષે છે પશુ જીવનમા જીવનારાઓને વિવેકદષ્ટિ ન હોવાથી અજ્ઞાનીઓ હોય છ, જથી કરી તેઓ દેહ તથા આત્માની ભિન્નતા જાણી શકતા નથી, પણ મનુષ્યજીવનમા જીવનારા દેહધારીઓમા વિવકબુદ્ધિ હોય છે, તો પણ તેઓ દેહથી આત્મા ભિન્ન છે એમ જાણી શકતા નથી માનવીઓ પશુ તથા મનુષ્યોને મરતા નજરે જુએ છે તેમજ નિર્જીવ થયેલા કેવળ દેહને પણ જુએ છે છતા તેમને દેહ તથા જીવની ભિન્નતા સમજાતી નથી, તે એક પશુ કરતા પણ વધારે અજ્ઞાનતા હી નાકાય કેટલાક કહે છે કે-અમને પ્રભુના વચનો ઉપર પૂર્ણ શ્રદ્ધા છે પણ તેમની પ્રવૃત્તિ જોતા તેઓ અસત્ય બોલે છે અથવા તો તેઓ પ્રભુના વચનોનુ રહસ્ય સમજ્યા નથી, કારણ કે પ્રભુએ કહ્યુ છે કે 'દેહથી આત્મા ભિન્ન છે, એટલા માટે બન્નેના સ્વભાવ જુદા છે સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર સ્વભાવવાળો આત્મા છે અને સડવુ, પડવુ, નાશ પામવાના સ્વભાવવાળો દેહ છે. બન્ને સયોગસબધથી ઓતપ્રોત થઇને રહેલા છે, માટે સયોગની અવધિ પૂરી થતા બન્ને છૂટા પડી જાય છે, જેને મરણ કહેવામા આવે છે આવા વિનાશ ધર્મવાળા જડસ્વરૂપ દેહનો સયોગ જાળવી રાખવાને અનેક

જીવોનો વિચાર કરનાર અજ્ઞાની છે ગમે તેટલા પ્રયાસો કરવા છતા પણ દેહ તથા આત્માનો સંયોગ શાશ્વત બની શકતો નથી આયુષ્ય કર્મની સ્થિતિ પૂરી થવાથી બન્ને અવશ્ય છૂટા પડી જાય છે જીવદેહના સંયોગને જાળવી રાખનાર આયુષ્ય કર્મ જ છે, પણ બીજા જીવોના નિર્જીવ શરીર નથી આમ હોવા છતા અજ્ઞાની જીવોને જેમ પોતાના શરીર પર મમતા હોવાથી છોડવુ ગમતુ નથી તેમ બીજા જીવો પણ મમતાને લઈને પોતાના શરીરને છોડવા રાજી નથી, છતા બળાત્કારે તેમના પ્રાણોનો નાશ કરીને તેમના શરીરનો પોતાને જીવવા માટે ઉપયોગ કરે છે, તે તેમની એક અજ્ઞાનતા છે'

પરમાત્મા કહે છે તે જ સાચુ છે એવી દઢ શ્રદ્ધા હોય તો તેમના બતાવેલા માર્ગને અનુસરવો જોઇએ, પરંતુ સુખને માટે નિરંતર પ્રયાસ કરનારાઓ પ્રભુના માર્ગને ન અનુસરતા અજ્ઞાનીના માર્ગને અનુસરે છે આત્મામા રહેલા સ્વાધીન, અખંડ, નિત્ય સુખને વિસરી જઇને અર્થાત્ ન ઓળખીને પરાધીન ક્ષણવિનશ્વર સુખને માટે જડની ઉપાસના કરે છે કે જે પ્રવૃત્તિ પ્રભુના કથનથી તદ્દન વિરુદ્ધ છે, માટે જ તેવી પ્રવૃત્તિવાળા અજ્ઞાની કહેવાય છે પ્રભુ પ્રશમ સુખને સાચુ બતાવે છે અને ઇંદ્રિયોના વિષયસ્વરૂપ પાદ્ગલિક સુખને સુખાભાસ બતાવે છે, કે જે એક દુખ સ્વરૂપ છે આ બન્ને પ્રકારના સુખોમાથી મિથ્યા સુખ ઉપર શ્રદ્ધા હોવાથી તેને મેળવવાને પ્રયાસ કરે છે આ સુખથી

સુખી થવાને વર્ણ, ગંધ, રસ, શબ્દ, સ્પર્શવાળા જડ તથા જડના વિકારોનો સંગ્રહ કરવો પડે છે જેવા કે. ધન, બાગ, બંગલા, વસ્ત્ર, આભૂષણ વગેરે વગેરે આ જડ વસ્તુઓ સ્વાધીનપણે પ્રાપ્ત થવાથી જીવ પોતાને સુખી માને છે અને જ્યાં સુધી તે પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પોતાને દુઃખી માને છે, કે જે એક પ્રભુના વચનની અશ્રદ્ધાનું પરિણામ છે પ્રભુએ બતાવેલ પ્રશમ સુખ આનાથી વિપરીત છે અને તે પૌદ્ગલિક વિષયોની ઇચ્છા ત્યાગવાથી પ્રાપ્ત થાય છે આ સુખ ઇંદ્રિયોદ્વારા નથી થતું, કારણ કે ઇંદ્રિયો જડ છે અને તેનાથી ગ્રહણ થતી વસ્તુઓ પણ જડ છે, માટે તે પૌદ્ગલિક સુખ કહી શકાય, પણ પ્રશમ સુખ નહિ, કારણ કે પ્રશમ સુખ ચૈતન્યસ્વરૂપ છે, અને તે ઇંદ્રિયો ઉપર વિજય મેળવવાથી પ્રાપ્ત થઇ શકે છે એટલે અંશે પૌદ્ગલિક વિષયની ઇચ્છાઓ ઓછી થતી જાય છે તેટલે અંશે પ્રશમ સુખ પ્રાપ્ત થતું જાય છે. સંપૂર્ણ ઇચ્છાઓનો નાશ થવાથી સંપૂર્ણ પ્રશમ સુખ પ્રગટી નીકળે છે આ પ્રશમ સુખ જીવનો સ્વભાવ હોવાથી નિરંતર તેની સાથે જ રહે છે, અને પૌદ્ગલિક સુખ જડનો સ્વભાવ હોવાથી જડના વિયોગે નષ્ટ થઈ જાય છે, અને તે એક જ જીવનમાં અનેક વખત પ્રાપ્ત થાય છે અને અનેક વખત નાશ પામે છે મૃત્યુ પછીના જીવનમાં તો તેનો અંશમાત્ર પણ રહેતો નથી, કારણ કે મૃત્યુ સમયે સુખ માટે મેળવેલી જડ વસ્તુઓનો સર્વથા વિયોગ થઇ જાય છે, પણ જીવસ્વરૂપ પ્રશમ સુખનો વિયોગ થતો નથી, માટે તે જન્માંતરમાં પણ જીવની સાથે

જ રહેલો હોય છે. આ સુખને જ પ્રભુ સુખ કહે છે, છતાં જીવાત્મા જડના સંયોગથી થવાવાળા સુખને સુખ માને છે, તે એક પ્રભુના વચનથી વિપરીત શ્રદ્ધાવાળા હોવાથી અજ્ઞાની-મિથ્યાદૃષ્ટિ કહેવાય છે વસ્તુને તેના ધર્મથી વિપરીતપણે જાણવી તે મિથ્યાત્વ-અજ્ઞાન કહેવાય છે અને અવિપરીતપણે જાણવી તે સમ્યગ્જ્ઞાન કહેવાય છે મિથ્યાત્વને લઈને આરમા શ્રમણ એટલા માટે કહ્યુ પડે છે કે વસ્તુમા અછતા ધર્મનો આરોપ કરવામાં આવે છે, જેથી કરીને સાચી વસ્તુ ન જણાવાથી વિપરીત આચરણ કરીને સંસારભ્રમણના કારણરૂપ મિથ્યાજ્ઞાની જીવ કર્મ બાંધે છે, જેને ભોગવવા સંસારની ચારે ગતિમાં રઝળવુ પડે છે

વસ્તુમાં અછતા ગુણોનો આરોપ કરીને તેનો ઉપયોગ કરવાથી ઇચ્છિત ફળની પ્રાપ્તિ થઈ શકતી નથી ગુણ-દોષની સમ્યગવિચારણા વગર ગુણી બની શકાય નહિ. દેહને માટે ઉપયોગમાં આવતી પૌદ્ગલિક વસ્તુઓ કે જે એક દોષસ્વરૂપ છે અર્થાત્ આત્માને એકાંતે દૂષિત કરનારી છે તેમા ગુણ માની મેળવવા પ્રયાસ કરવો અને આત્માના ગુણ સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ મેળવવા જપ-તપ આદિ કરવામા દોષ માની તેનો પરિત્યાગ કરવો તે એક અજ્ઞાનતા કહેવાય છે. આત્માના સમ્યગ્જ્ઞાન જીવન-સુખને ટાકી દેનાર વસ્તુમાં ગુણ હોઈ શકે જ નહિ, પણ જેનાથી આત્મસ્વરૂપ વિકાસ પામે તેમાં જ ગુણ હોઈ શકે, કારણ કે અહિંયા ગુણદોષ સમ્યગદૃષ્ટિથી જોવાના છે માટે જો સમ્યગદૃષ્ટિથી જોઈએ તો પૌદ્ગલિક વસ્તુમાત્રના ગુણો આત્મગુણના

વિનાશક હોવાથી તે દાષસ્વરૂપ ગણાય છે, તેથી તે આત્માને માટે સર્વથા નિરુપયોગી છે જડ વસ્તુઓ દેહને ઉપયોગી થઈ શકે કારણ કે તે જડથી દેહપુષ્ટિ મેળવી શકે છે જે જીવા અજ્ઞાનતાથી ઇંદ્રિયોથી ગ્રહણ થતા જડના ધર્મરૂપ વિષયોમા આરામ સુખ માની આસક્તિ ધારણ કરે છે, તેમને સાચા સુખ શાતિ જીવન આદિ પ્રાપ્ત થઈ શકતા નથી કારણ કે તેઓ ઇંદ્રિયોના દાસ હોવાથી જડના ઉપાસક બની રહે છે

જ્યા સુધી ઇંદ્રિયોના વિષયરૂપ જડ વસ્તુથી આત્માનુ અહિત સમજાતુ નથી ત્યા સુધી દેહાધ્યાસ ટળી શકતો નથી, અને જ્યા સુધી દેહાધ્યાસપણુ ટળતુ નથી ત્યા સુધી અ શમાત્ર પણ આત્મિક ગુણવિકાસ ન થાય ત્યા સુધી જે સમજણથી પ્રવૃત્તિઓ કરવામા આવે છે તે મિથ્યા જ્ઞાન પૂર્વકની પ્રવૃત્તિઓ હોવાથી મિથ્યાત્વ કહેવાય છે, માટે આત્મવિકાસની ઇચ્છાવાળાએ દેહને આત્માથી સર્વથા ભિન્ન માની તેને માટે કરવામા આવતી પૌદગલિક વસ્તુમાત્રની આસક્તિ છોડી દેવી, જેથી સમ્યગ્જ્ઞાનસ્વરૂપ સમ્યક્ત્વ મેળવી આત્મવિકાસ સાધી શકાય



માનની મહત્તા

૫૫

માનવીને પોતાની યોગ્યતાના પ્રમાણમા માન મળે તો ખુશી થવુ જોઇએ અને સતોષ માનવો જોઈએ, પણ અનુચિત વધુ પડતુ માન મેળવીને ખુશી થવુ–ફુલાવુ તે એક પ્રકારની મૂર્ખતા છે, કારણ કે તેવા પ્રકારના ગુણો અથવા તો જેને આશ્રયીને માન આપવામા આવતુ હોય તેવી વસ્તુ પોતાની પાસે ન હોવા છતા પણ જ્યારે તેવો ગુણી કે સપત્તિવાળો કહીને કોઇ માન આપે તો તે એક પ્રકારની મશ્કરી હોવાથી પોતે શરમાવુ જોઈએ પણ ખુશી થવુ જોઇએ નહી જેમક ગલીઓમા ભટકી એઠવાડમાથી અનાજના દાણા વીણી ખાઇને જીવનાર અને ફાટી ગયેલા મેલા કપડા પહેરનાર ભિખારીને 'આવો, શેઠ સાહેબ પધારો,' એમ કહીને કોઇ માન આપે તો તે એક પ્રકારની મશ્કરી કરી કહેવાય છે સસારમા અણછાજતુ વધુ પડતુ માન આપીને અપમાન કરવાની પણ એક પ્રથા છે કે જેને સુધરેલી સભ્યતા કહેવામા આવે છે હૃદયમા તિરસ્કાર હોવા છતા પણ દેખાવમા સત્કાર કરવો તે સુધરેલી સભ્યતા છે

પોતાને નિર્ગુણી જાણવા છતાં પણ ખોટી પ્રશંસા સાંભળીને કે માન મેળવીને ફુલાઇ જઇને અભિમાન કરનાર ડાહ્યો, બુદ્ધિશાળી કે વિદ્વાન કહી શકાય નહિ ગુણવાન અને સંપત્તિવાન ડાહ્યા બુદ્ધિશાળી માણસો ઉચિત માન મેળવી કે પ્રશંસા સાંભળીને ફુલાતા નથી પણ શરમાય છે, તો પછી અનુચિત માન મળવાથી તો ખુશી થાય જ શાના? ક્ષુદ્ર પ્રકૃતિવાળા માણસો હમેશા બીજાની પાસેથી માન મેળવવા આતુર રહે છે અને તેથી કરીને પોતે પણ બીજાની ખોટી પ્રશંસા કરે છે અને વધુ પડતું માન આપે છે. આવા માણસોને બીજાની ઇચ્છાને આધીન રહેવું પડે છે અને તેના અધમ કાર્યોની પણ પ્રશંસા કરવી પડે છે બીજાઓની કરેલી ખોટી પ્રશંસાથી કે તેમને માન આપવાથી તેવા પ્રકારના ગુણો કે કોઇપણ પ્રકારની સંપત્તિ પ્રાપ્ત થઇ શકતી નથી, છતાં પોતાનો ક્ષુદ્ર સ્વાર્થ સાધવા ખોટી પ્રશંસા કે માનની ચાહના, માની માણસ રાખ્યા કરે છે નિર્ગુણી તથા કંગાલની પાસેથી પ્રશંસા તથા માન-સત્કાર મેળવવા કરતાં ગુણવાન તથા ધનવાનના કરેલા માન, સત્કાર અને પ્રશંસાને વધારે ચાહે છે; કારણ કે સ્વાર્થ સાધવામાં તે બહુ ઉપયોગી નીવડવાથી તે મેળવવા તેમનો અત્યંત આદર કરે છે અજ્ઞાની સંસારની દૃષ્ટિમાં જણાતા ગુણવાન અને ધનવાનો તાત્વિક દૃષ્ટિથી જોતા નિર્ગુણી અને કંગાલ જ હોય છે, છતાં તેમનાથી મેળવેલા આદર, સત્કાર અને પ્રશંસા અજ્ઞાની જનતાની પાસેથી સ્વાર્થ સાધવાના સાધનરૂપ થઇ પડે છે જેઓ વસ્તુતત્ત્વને સમજનાર ડાહ્યા અને જ્ઞાની

પુરુષોની દૃષ્ટિમા નીતિ અને ધર્મનુ ઉલ્લઘન કરવાથી અપ
માનિત થઇને વખોડાયેલા હોય છે, તેઓ અજ્ઞાની સસારની
પાસેથી માન તથા પ્રશસા મેળવવાની લાલસાવાળા હોય
છે અને એટલા માટે તેઓ મહાપુરુષોને છાજે તેવા ગુણોના
અજ્ઞાની જનતાની સમક્ષ પોતાનામા આરોપ કરે છે અને
તેમની પાસેથી મહાપુરુષ તરીકેનુ માન મેળવીને સતોષ
માને છે, કે જે એક મદ્યના નશામા ચકચૂર બનીને પોતાને
મહારાજા માનનાર દારૂડિયાના તરગો જેવુ છે અજ્ઞાની
જનતાથી મેળવેલા માન, સન્માન અને પ્રશસાથી આત્મા
ગુણવાન કે ઉચ્ચ બની શકતો નથી, છતા પોતાને ગુણવાન
અને મહાપુરુષ તરીકે માની લેવુ તે મહા મૂર્ખતા છે જો
કે પોતાની અદર અણછાજતા ગુણોનો આરોપ કરીને પોતે
મહાન તો બની શકતા નથી, તો પણ અજ્ઞાની જનતાને
છેતરીને પોતાની ક્ષુદ્ર વાસનાઓને પોષી શકે છે

સસારમા જનતા બીજાનુ માન અથવા તો પ્રશસા
સ્વાર્થને માટે અને પરમાર્થને માટે કરે છે જ્ઞાની પુરુષો
પરમાર્થદૃષ્ટિવાળા હોય છે ત્યારે અજ્ઞાની જીવો સ્વાર્થદૃષ્ટિવાળા
હોય છે પરમાર્થદૃષ્ટિવાળા જ્ઞાની જીવો વિકાસી આત્માઓમા
પોતાના કરતા અધિક ગુણ જોઇને આકર્ષાય છે અને આત્મિક
ગુણ મેળવવાને માટે તેમની પ્રશસા કરી માન આપે છે,
પણ અછતા ગુણોનો આરોપ કરીને વધુ પડતુ માન આપીને
અનુચિત પ્રશસા કરતા નથી વિકાસી ગુણવાન પુરુષો
ઉચિત માન તથા પ્રશસાની સ્પૃહા રાખતા નથી, તો પણ
જ્ઞાની પુરુષો તેમને માન આપીને પ્રશસા કરે છે, છતા

તેઓ મિથ્યાભિમાન કરી ફુલાતા નથી, તેમજ તેમનાથી મેળવેલા માન-પ્રશંસાવડે અજ્ઞાની જનતાને છેતરવા પ્રયાસ પણ કરતા નથી, કારણ કે તેઓ નિઃસ્પૃહી હોય છે

સ્વાર્થદૃષ્ટિવાળા અજ્ઞાની જીવો અનેક પ્રકારના સ્વાર્થોને લઈને ક્ષુદ્ર વાસનાવાળા નિર્ગુણી જીવોમાં અછતા ગુણોનો આરોપ કરીને અને માન આપીને પ્રશંસા કરે છે કે જેથી રીતે પ્રશંસા કરનારનો સ્વાર્થ પૂરો કરવા માટે પોતાનાથી બનતુ બધુ કરે છે માન પ્રતિષ્ઠા તથા પ્રશંસા મેળવવા માટે પોતાની જાતે પોતાનામાં કરવામાં આવતો અછતા ગુણોનો આરોપ તેમજ અણછાજતી ઉપમાઓ ચઢાવવામાં આવતો ઓપ તે પોતાને ગુણસંપત્તિથી શૂન્ય જણાવવાના ચિહ્નો છે. કારણ કે સ્વાર્થી જીવો પોતાની પ્રશંસા કરવાથી ફુલાય છે તથા મિથ્યાભિમાનમાં ઘસડાઈ જાય છે તે તેમની અપૂર્ણતા સૂચવે છે

ગુણસંપત્તિ મેળવીને આવી રીતે મહાન બનનારાઓને માનની બિલકુલ આવશ્યકતા હોતી નથી, કારણ કે માનથી આત્મિક ગુણોનો વિનાશ થાય છે, પણ વિકાસ થતો નથી, માટે તેઓ હમેશા માનનો વિનાશ કરવાના અર્થી હોય છે, પણ તેને મેળવવાની ઇચ્છાવાળા હોતા નથી તાત્ત્વિક દૃષ્ટિથી જોતા બીજાની પાસેથી માન મેળવવા પ્રયાસ કરનાર અવશ્ય માની હોય છે, અને તેથી કરીને જ તેઓ માનને અત્યંત પુષ્ટ બનાવે છે બીજાની કરેલી પ્રશંસા સાંભળીને રાજી થવુ તે પ્રશંસા કરાયેલી વસ્તુની ઊણપ બતાવી આપે.

છે મિથ્યાભિમાનને ઉદયમા લાવનાર તથા પોષનાર અનુચિત માન તથા પ્રશંસા છે ઉચિત માન તથા પ્રશંસાથી મનુષ્ય ભાન ભૂલી વિકળ બની શકતો નથી જ્યારે કોઈ પણ માણસના વખાણ કરવામા આવે છે અથવા તો તેને માન આપવામા આવે છે ત્યારે તે પોતાને એમ માની લે છે કે હુ રૂપમા, બળમા, સંપત્તિમા કે જ્ઞાનાદિમા બીજા બધાયે કરતા ચઢિયાતો છુ આવી માન્યતાથી તે મિથ્યાભિમાનથી ઘવાય છે, પણ જો કોઈ કહે કે અમુક માણસ ગુણ સંપત્તિ, જ્ઞાનાદિમા ઉચ્ચ કોટીનો છે અને તમે પણ ગુણસંપત્તિમા ઠીક છો તો તેને મિથ્યાભિમાનનો આવેશ આવતો નથી, કારણ કે તે એમ જાણે છે કે મારાથી પણ મારા ચઢિયાતા સંસારમા ગુણસંપત્તિવાળા તથા જ્ઞાનવાન છે

જો વાસ્તવિકપણે વિચાર કરીએ તો ગુણસંપત્તિહીન માણસમા અભિમાનની માત્રા અધિકતર હોય છે આવા માણસો બીજાની પ્રશંસા સાભળી શકતા નથી અથવા બીજાને અપાયેલુ માન સહન કરી શકતા નથી, પછી ભલે તે ગુણસંપત્તિવાન કેમ ન હોય? તેમનામાથી પણ પોતે અછતા દોષો પ્રગટ કરી બતાવે છે, કારણ કે એવાને પોતાની જ માન-પ્રશંસા પ્રિય હોય છે જેઓ બીજાને અપાયેલા માન-પ્રશંસા સહન કરી શકતા નથી, તેઓમા દરેક બાબતની ઊણપ રહેલી હોય છે એનાથીએ વધારે ઊણપવાળા તો તે છે કે જે પોતાના મોઢે જ પોતાની પ્રશંસા કરે છે અથવા અણછાજતા ગુણો પોતાના હાથે લખીને જનતા

સમક્ષ પડે છે ઊંચી કોટિના મહાપુરુષોને છાજે તેવા ગુણોનો પોતાના નામની ઉપર ઓપ ચડાવીને ફુલાવું તે એક મૂર્ખાઈભરેલું છે, અને બુદ્ધિમત્તા તથા ડહાપણથી વેગળું છે, માનો કે લોઢા ઉપર સોનાનો ઢોળ કરવામાં આવે તો તે લોઢું કાંઈ સોનું બની જતું નથી ડાહ્યા પરીક્ષક માણસોના હાથમાં આવતાં વેંત જ સોનાનો ઢોળ હોવા છતાં પણ તેઓ લોઢાને પારખી કાઢે છે તેવી રીતે અણુ-જાણ માણસોને છેતરવા ગમે તેટલો ગુણનો ઓપ ચડાવવામાં આવે તો પણ ગુણવાન ડાહ્યા માણસો જાણી શકે છે કે આ ગુણનો ઓપ ચડાવવામાં આવેલો છે જેઓ સાચા ગુણવાન પુરુષો હોય છે તેમને પોતાના નામની સાથે વિશે-ષણો લગાડીને ઓપ ચડાવવાની આવશ્યકતા રહેતી નથી. સાચા ગુણ-સંપત્તિવાળા પુરુષોને બીજાની સેવા, સત્કાર અને પ્રશંસાની સ્પૃહા હોતી નથી જેઓ ઐહિક દૃષ્ટિ-ક્ષુદ્ર વાસનાવાળા હોય છે, તેઓને જ બીજાની પાસેથી પ્રશંસા તથા આદર-સત્કાર મેળવવો બહુ ગમે છે અને એટલા માટે જ તેઓ બીજાને ગમે તેવી રીતે વર્તે છે અને બોલે છે અને પોતાને સાચા ગુણસંપત્તિવાન ઓળખાવે છે, જેથી અણજાણ જીવો આકર્ષાઈને તેમને વાસના તથા સ્વાર્થ પોષ-વાના સાધનોની અનુકૂળતા કરી આપે છે, જેથી તેઓ ફુલાઈ જઈને પોતાને કૃતકૃત્ય માને છે જેઓ ગુણ-સંપત્તિ મેળવવાની ચાહનાથી સાચા ગુણી પુરુષોના માર્ગને અનુસરે છે, તેઓ ગુણ-સંપત્તિ મેળવી શક્યા હોય કે ન હોય તો પણ પોતાને ગુણ-સંપત્તિવાળા ઓળખાવવા માટે કોઈ પણ

પ્રકારનો પ્રયાસ કરતા નથી, કારણ કે તેમનામા ક્ષુદ્ર વાસના કે સ્વાર્થ હોતો નથી અને તેથી કરીને તેઓ હાસીને પાત્ર બનતા નથી જેઓ પોતે અવગુણી હોઇને ગુણ-સપત્તિવાળા મહાન પુરુષોનુ માન મેળવવાને તેમના માર્ગે વિચરવાનો ડોળ કરીને જનતાને છેતરે છે, તેઓ જાણે છે કે અમારા-મા આમાની એકે વસ્તુ નથી, છતા પોતે તેવા પ્રકારના વિશેષણોવાળી પોતાની પ્રશસા કરીને પોતાની જાતને હાસીનુ પાત્ર બનાવે છે તે કાંઈ ડહાપણભરેલુ કહી શકાય નહિ

તાત્ત્વિક દૃષ્ટિથી શૂન્ય જીવો સમજી શકતા નથી કે જે કાંઈ પ્રશસા અને આદરસત્કાર કરાય છે ત જડસ્વરૂપ નામધારી દેહનો જ છે પણ આત્માનો નથી, કારણ કે વસ્તુ ન હોવા છતા પણ બીજાની પાસેથી પ્રશસા અને માન-સત્કાર મેળવવાની ઉત્કંઠાવાળા માણસો પોતાના નામની સાથે એવા પ્રકારના વિશેષણો લગાડે છે કે જેને સાભળીને બીજા માણસો તે નામધારી દેહની પ્રશસા તથા આદર સત્કાર કરે છે, કે જેની સાથે આત્માનો સ્વરૂપસબધ હોતો નથી, અને જો સબધ હોય તો આત્મા તેવા પ્રકાર નો ગુણી થઈ જવો જોઈએ

આત્માનુ માન કે અપમાન કરવા કોઈ સમર્થ નથી. આત્માએ જો પોતાના ગુણોનો વિકાસ કર્યો હોય તો બીજાઓ તેનું અપમાન કરવા ગમે તેટલો પ્રયાસ કરે તો પણ તેનુ અપમાન થઈ શકતુ નથી અને જો દોષોથી ભરેલો હોય તો બીજા ગમે તેટલુ માન આપે તો પણ માનનીય થઈ

શકતા નથી માન આપનાર નિઃસ્વાર્થી માણસો બીજાના ગુણોને જોઇ શકતા નથી, પણ બાહ્ય પ્રવૃત્તિથી કાંઇક અનુમાન કરીને માન આપે છે અને સ્વાર્થી માણસો જેનાથી પોતાનો સ્વાર્થ સધાતો હોય તેની પ્રશંસા કરીને માન આપે છે તેઓ બીજાની અવગુણવાળી પ્રવૃત્તિ જોવા છતાં પણ તેના વખાણ કર્યા વગર રહેતા નથી.

આત્મિક ગુણોનો વિકાસ કરવામાં બીજાનાં માન તથા પ્રશંસાની જરાયે જરૂર નથી સ્વતંત્રપણે પોતાનો વિકાસ સાધી શકાય છે જેમને બીજાના માન તથા પ્રશંસાની જરૂર જણાય છે તેઓ વિકાસ સાધવાના અધિકારી નથી આવા જીવો વિલાસપ્રિય અને ઇંદ્રિયોના દાસ હોય છે. તેમનામાં વિકાસના બાધક રાગદ્વેષની માત્રા અધિકતર હોય છે, અને અછતા ગુણોની પ્રશંસા સાંભળવાના ઉત્સાહી હોય છે, અને તેઓ પ્રશંસા કરનારમાં ગમે તેટલા અવગુણ ભર્યા હોય તો પણ તેની પ્રશંસા કરીને બહુમાન આપે છે. જેમણે સાચી રીતે ગુણોનો વિકાસ કર્યો હોય છે તેઓ પ્રશંસાની જરાયે જરૂર રાખતા નથી. તેમની કોઇ પ્રશંસા કરે કે નિંદા કરે, કોઇ માન આપે કે અપમાન કરે તેમના ઉપર સમભાવ ધારણ કરનારા હોય છે તેઓ પોતાના નામની સાથે કોઇ પણ પ્રકારના અનુચિત વિશેષણો લગાડતા નથી, કારણ કે તેમનામાં ક્ષુદ્ર વાસનાઓનો અભાવ હોવાથી અણજાણ જીવોને ફસાવવા માયાજાળ પાથરવાની તેમને આવશ્યકતા રહેતી નથી. તેમનામાં સાચી જ્ઞાનશક્તિ હોવાથી

જડસ્વરૂપ નામધારી દેહની પ્રશંસા કરાવી આત્માનું અનિષ્ટ કરતા નથી, કારણ કે તેઓ સાચી રીતે જાણે છે કે નામધારી દેહની પ્રશંસા તથા માન–પ્રતિષ્ઠાનુ પરિણામ છેવટે દેહ બળી જતાં શૂન્ય જ આવે છે

જેવી રીતે સાચા ગુણ મેળવીને પરલોકમાં જનાર આત્માની પ્રશંસા તથા બહુમાન થાય છે તેવી રીતે નામ-ધારી દેહની પ્રશંસા તથા બહુમાન કરાવી પરલોકમાં જનારની અવજ્ઞા થાય છે પણ આદર થતો નથી માટે જ જ્ઞાન-વાન પુરુષો આત્મિક ગુણોનો વિકાસ કરવાનો જ પ્રયાસ કરે છે પણ અછતા ગુણોનો ઓપ ચડાવવાનો આદર કરતા નથી.

માયાવી બન્યા વગર માન મેળવવાની ઇચ્છા પાર પાડી શકાય નહિ ધની તરીકે માન મેળવવા ધનવાનનો, જ્ઞાની કહેવરાવવા જ્ઞાનવાનનો, વિદ્વાન કહેવરાવવા વિદ્વત્તાનો ડોળ–આડંબર કરવો પડે છે; જેમાં અણજાણ માણસો ફસાઇને પ્રશંસાપૂર્વક માન આપે છે, જેને મેળવીને ને વસ્તુઓના દરિદ્રી માણસો ગર્વિષ્ઠ બને છે જેથી કરીને તેમનો આત્મા ભવાંતરમા સાથે લઇ જવા કાંઈ પણ મેળવી શકતો નથી અને નામની ઉપર ચડાવેલો ઓપ દેહને દેવતામા મૂકતાં વેંત ઊડી જાય છે.

માની પુરુષો વિલક્ષણ પ્રકૃતિવાળા હોય છે. તેઓ દોષોથી ભરેલા સ્વાર્થી પુરુષોને ઘણા ઉપયોગી નીવડે છે; કારણ કે ક્ષુદ્ર પ્રકૃતિવાળા સ્વાર્થી પુરુષો અનુચિત અવળા

કાર્યો કરીને સભ્ય-ગુણી જનસમુદાયમા પોતાની ગુણવાન તરીકેની છાપ બેસાડવા માટે માનીઓની પ્રશંસા કરી તેમની સહાનુભૂતિ મેળવે છે અને પોતાના પક્ષકાર તરીકે ઊભા રાખે છે કોઇક પ્રસંગે અનુચિત કાર્ય કરી બેસતાં સભ્ય સમાજ તેને જ્યારે વખોડે છે ત્યારે માની પુરુષો તેનુ અપકૃત્ય જાણવા છતા પણ તેનો પક્ષ લઇને સભ્ય જનસમુદાય સાથે ઝઘડે છે, તેથી કરી આવા માની પુરુષો સભ્ય-ગુણવાન સમાજમા પોતાની પ્રમાણિકતા ગુમાવી બેસે છે, કારણ કે તે અવગુણી માણસનો પક્ષ તાણે જાય છે

માની માણસમા સેવાભાવ હોતો નથી તે બીજાને પોતાની સત્તામા રાખીને સ્વામી બનવાના વિચારવાળો રહે છે, જેથી કરીને તે કોઇની પણ સાચી શિખામણનો આદર કરતો નથી તે ભાગ્યે જ સાચી વસ્તુનો ગ્રાહક હોય છે, કારણ કે તેની અંદર કદાગ્રહની માત્રા અધિકતર હોવાથી પોતાનુ અણજાણપણુ કે ભૂલ સુધારતો નથી. તે પોતાની સમજણ પ્રમાણે દરેક કાર્યમાં પ્રવૃત્તિ કરે છે તે કાર્ય ઠીક થાય છે કે કેમ તે વિષે ડાહ્યા માણસોની સલાહ લેતો નથી. પોતે ભૂલતો હોય ને કદાચ કોઇ તેને સુધારવાની સૂચના કરે તો તે ખોટી દલીલો કરીને તેના કથનની અવગણના કરે છે, જેથી કરીને તે સાચા અને સારા કાર્યોથી વંચિત રહે છે તેની ભૂલ કાઢવા જતા અનેકની અછતી ભૂલો બતાવીને જનતા આગળ પોતાની પ્રવૃત્તિને સારી બતાવવા પ્રયાસ કરે છે અને એટલા માટે તે કોઇ પણ ગુણ મેળવવાનો અધિકારી બની શકતો નથી

સત્યાસત્ય વિવેક

૫૬

સંસારમાં માનવીને દેહ ઉપરથી મમત્વભાવ ઓછો કરીને દસ પંદર દિવસ આહારનો ત્યાગ કરવો જેટલો મુશ્કેલ છે તેનાથી પણ હજારગણી મુશ્કેલી સત્ય બોલવામાં નડે છે. જ્યાં સુધી માનવીમાં માન તથા સ્પૃહા રહેલાં હોય છે ત્યાં સુધી તે સત્ય બોલી શકતો નથી. પ્રથમ તો સત્યનું સાચું સ્વરૂપ જાણવું ઘણું જ કઠણ છે, અને વસ્તુને સાચી રીતે જાણ્યા વગર સાચું બોલી શકાતું નથી અજ્ઞાની જીવ જગતને પોતાની બુદ્ધિ પ્રમાણે સમજીને સત્ય બોલવાનો દાવો કરે છે, પણ તે બધુંયે વ્યર્થ છે; કારણ કે સત્ય બોલનારે પ્રથમ તો સંસારમાં સત્ તથા અસતનું સ્વરૂપ સારી રીતે જાણવું જોઈએ. સંસારમાં એક આત્મા જ સત્ છે, બાકીનું બધુંયે અસત્ છે. આત્મા સિવાયનું જડ જગત ક્ષણવિનશ્વર છે અને આત્મા ત્રણે કાળમાં એક સ્વરૂપે વિદ્યમાન રહેવાવાળો હોવાથી સત છે; માટે આત્માને ચૈતન્યસ્વરૂપ જાણી સમજીને અને જડને સડણપડણ સ્વભાવવાળું જાણીને બોલવાથી સત્ય બોલી શકાય છે.

સ્વાર્થ તથા સ્પૃહાવાળો માણસ સાચું બોલી શકતો નથી, કારણ કે સમાજમાં સ્વાર્થ તથા સ્પૃહા જડ વસ્તુને આશ્રયીને થાય છે જ્યાં સુધી માનવી એમ સમજતો હોય કે જડ જગતના ઉપાર્જનથી આત્માને શાંતિ તથા સુખ મળી શકે છે ત્યાં સુધી તે સાચું જાણે છે એમ કહી શકાય નહિ અને સાચું જાણ્યા વગર સાચું બોલી શકાય જ કેમ? મિથ્યા બોલવાનું કારણ જ મિથ્યા જ્ઞાન છે જેને સ્વાર્થ અને સ્પૃહા કહેવામાં આવે છે તે મિથ્યા જ્ઞાનીઓમાં જ મળી આવે છ, સમ્યગ્ જ્ઞાનીઓમાં હોતા નથી. મિથ્યા જ્ઞાન જડાસક્તિનું કારણ છે. જડાસક્તિ તે અજ્ઞાનતાનું લક્ષણ છ આવો એક અણજાણ માણસ સાચું કેવી રીતે બોલી શકે? સમ્યગ્જ્ઞાન વગર કેવળ આંખથી જોઈને કે કાનથી સાભળીને જે સાચું બોલવાનો દાવો કરે છે તે ભૂલે છે જેમકે ઉનાળાના દિવસોમાં રેતાળ પ્રદેશમાં જે મૃગતૃષ્ણા દેખાય છે અર્થાત્ પાણી ભર્યું હોય તેવો પ્રદેશ દેખાય છે, જેને જોનાર જળાશય કહે છે પણ તે જળાશય હોતું નથી; માટે તેનું બોલવું સાચું નથી, કારણ કે તેનું જાણવું સાચું નથી જેણે ધતૂરો પીધો હોય તે બધી વસ્તુઓ પીળી જોવાનો અને કહેવાનો, તેવી રીતે મોહનીયના નશાવાળો પણ બધી યે વસ્તુને વિપરીત જ જાણવાનો અને બોલવાનો જેવું જોયું હોય તેવું કહેનાર મિથ્યા જ્ઞાની જીવ અજ્ઞાની જનતામાં ભલે સત્ય વક્તા કહેવાય પણ જ્ઞાની-પુરુષોની દૃષ્ટિમાં તો તે મિથ્યાભાષી જ કહી શકાય છે; કારણ કે વિપરીત બોધવાળાનો પ્રયાસ વિપરીત હોવાથી

તેનું પરિણામ વિપરિત આવે છે. જેનું પરિણામ વિપરીત આવે તે સાચું કેવી રીતે કહી શકાય? જગતે માની રાખેલ સાચું બોલવાથી જગતનો વ્યવહાર જાળવી શકાય ખરો, પણ વાસ્તવિકમાં પરમાર્થ દૃષ્ટિથી સાચું ન હોવાથી આત્મ-વિકાસમાં બાધકર્ત્તા થઈ પડે છે પુદ્‌ગલાનંદી–અજ્ઞાની જગતમાં સત્ય વક્તાનું બિરુદ ધારણ કરનાર, વિકાસની વાટે વળેલા આત્માનંદી પુરુષોમાં પ્રમાણિકપણું મેળવી શકતો નથી; કારણ કે અજ્ઞાની અને જ્ઞાનીનો માર્ગ જુદો હોવાથી જે અજ્ઞાનીને ગમે તે જ્ઞાનીને ન ગમે અજ્ઞાની દેહને આત્મા કહે ત્યારે જ્ઞાની દેહથી જુદો ચેતનવાળાને આત્મા કહે આમ બેઉનો મતભેદ પડે એટલે અજ્ઞાનીની સાથે જ્ઞાની ન ભળે. બેઉનું જાણવું, માનવું અને બોલવું જુદું જ હોય છે. વસ્તુથી અણજાણ જીવો અજ્ઞાનીના બોલવાને સાચું માને ત્યારે વસ્તુને ઓળખનારા જ્ઞાની કહે છે તે સાચું છે એમ માને તત્ત્વદૃષ્ટિથી જોતાં જ્ઞાનીઓનું કહેવું સાચુ કહી શકાય કે જેને તાત્ત્વિક સત્ય કહેવામાં આવે છે જેનું બીજું નામ લોકોત્તર સત્ય છે. આવું સાચું તો ઉચ્ચ કોટિના મહાપુરુષો બોલી શકે છે. સંસારમાં જેવું જણાય તેવું બોલનારને જે સત્યવક્તા કહેવામાં આવે છે તે લૌકિક સત્યને અનુસરીને છે. આવું સાચું બોલનારાઓ પણ ઘણા જ થોડા હોય છે.

ક્રોધી, લોભી, ભયભીત અને મશ્કરી કરનાર સાચું બોલી શકતા નથી ક્રોધી માણસને ક્રોધ આવે છે ત્યારે ભાન ભૂલીને જૂઠું બોલે છે. સામેના માણસને દુઃખી કરવા

અછતા દાવા એ. ૮ લોભી માણસ પણ મળેલી વસ્તુ સાચવવા અને નહિ મળેલી વસ્તુ મેળવવા સાચુ બોલતો નથી ભયભીત વસ્ત માણસ ભયમાથી છૂટી જવા જૂઠુ બોલે ૯ મશ્કરા માણસો જૂઠુ બોલ્યા વગર મશ્કરી કરી શકતા નથી આ આઠ કારણોને લઇને માણસો લૌકિક સત્ય પ પાળતા બચાય છે

મન તથા સ્વાર્થ મ ચના પૂર્ણ વિરોધી છે બીજાની પાસેથી માન મળવવાની લાલસાવાળા અસત્યનો ઉપયોગ કર કવળ બોલવામા જ સત્યનો ઉપયોગ થઇ શકતો નથી, ણ વિચારવામા અને વર્તવામા પણ સત્યનો ઉપયોગ થઈ શકે છે સાચુ બોલવુ, સાચુ વિચારવુ અને સાચુ વર્તવુ, આ પ્રમાણે મન, વચન અને કાયાના વ્યાપારો સાચાયે હોય છે અને જૂઠાયે હોય છે સાચુ કે જૂઠુ બોલાય તેને તો મોટો ભાગ સારી રીતે સમજી શકે છે, પણ સાચુ વિચારવુ અને સાચુ વર્તવુ તેને તો સમજુ માણસો જ સમજી શકે છે સાચુ વર્તવુ એટલે પોતે જેવી સ્થિતિના હોય તેવી રીતે બહાર દેખાવુ કગાલ હોવા છતા શ્રીમતાઇનો ઠાઠ રાખવો, મૂર્ખ હોવા છતા વિદ્વાનનો ડોળ કરવો અર્થાત્ પોતાની પાસે જે વસ્તુ ન હોય તે દેખાડવાનો ઢોંગ કરવો તે એક પ્રકારનુ જૂઠુ વર્તન કહેવાય છે, કે જેને માની પ્રશસાપ્રિય માણસો ચાહે છે અને હમેશા રાખે છે

બધાય સ્વાર્થ કરતા માણસને પ્રશસા મેળવવાનો સ્વાર્થ ઘણો હોય છે, માટે તેને બીજાની પાસેથી પોતાના વખાણ

કરાવવા જૂઠું બોલવાની અને જૂઠું વર્તવાની બહુ જ જરૂર રહે છે માણસોને મનગમતા પણ તેમનાથી નહિ બની શકે તેવા કામોને મે ઘણી સહેલાઇથી અને ઘણી વખત કરી નાખ્યા-એવુ કહીને હોશિયારી બતાવે છે અને તેવા કામો કરનારનો ખોટો ડોળ કરે છે જેથી માણસો તેના વખાણ કરે છે, જેને સાભળીને પોતે રાજી થાય છે થોડુ ભણ્યા હોય અથવા બિલકુલ ન ભણ્યા હોય, થોડુ ધન હોય, થોડુ બળ હોય વગેરે વગેરે વસ્તુઓ થોડી હોવા છતા પણ વિશેષ પ્રમાણમા હોવાનુ જણાવવાને જૂઠુ બોલે છે અને જૂઠુ વર્તન કરી દેખાડે છે જેને લઈને બીજાઓ તેના વખાણ કરે છે કે જે સાભળીને તે ફુલાય છે, પણ તે વખાણ તથા રાજી થવુ બન્ને જૂઠા છે, કારણ કે માણસ જેના વખાણ કરે છે તે તેની પાસે નથી એટલે વખાણવુ એ પણ જૂઠુ છે અને રાજી થવુ એ પણ જૂઠુ છે આવી રીતે જૂઠુ બોલનાર તથા જૂઠુ વર્તનારના વિચારો ક્યાથી સાચા હોઇ શકે ? બોલવુ અને વર્તવુ સાચુ ત્યારે જ કહી શકાય કે જ્યારે વિચારો સાચા હોય, કારણ કે સાચા વિચાર વગર સાચુ બોલી શકાય નહિ જેમ જૂઠા વિચારથી સાચા વર્તનનો ડોળ કરી શકાય છે તેવી રીતે જૂઠા વિચારથી સાચુ બોલવાનો ડોળ કરી શકાતો નથી સમાનસા બોલ્યા પ્રમાણે વર્તનારને સત્યવક્તા કહે છે, પણ વિચાર સાચા છે કે જૂઠા તે તરફ ધ્યાન અપાતુ નથી સ્થૂલ બુદ્ધિવાળા વર્તનને અનુસરીને બોલવામા જ સાચાજૂઠાનુ માપ કાઢે છે, પણ વિચારનુ માપ કાઢી શકતા નથી જેવી રીતે વચનનો અને કાયાનો

વ્યાપાર પ્રત્યક્ષ થઇ શક છે તેવી રીતે મનનો વ્યાપાર પ્રત્યક્ષ થઈ શકતા નથી પણ બોલવા પ્રમાણે વર્તવાથી સાચા વિચારનુ અનુમાન કરી શકાય છે જો બોલવા પ્રમાણે ન વર્તે તા તેના વિચારો જૂઠા છે એમ અનુમાન કરી શકાય છે સાચા વિચારાથી કદાચ સાચુ ન વર્તી શકાય પણ સાચુ ના બોની શ ાય છે સાચુ અથવા તો જૂઠુ બોલવાનો કે વર્તવાના આધાર વિચારો ઉપર રાખી શકાય છે જે બોલવામા કે વર્તવામા વિચારો ભળે તે સાચુ અને ન ભળે ત જૂઠુ

જને માયા કહેવામા આવે છે તે પણ આ અસત્યનુ જ રૂપાતર છે અર્થાત્ મનમા કાઇ બીજુ અને બોલવામા તથા વર્તવામા કાઇ બીજુ તે જ માયા છે કે જેને અસત્ય કહેવામા આવે છે માયા વગર અસત્ય બોલી શકાતુ નથી અથવા વર્તી શકાતુ નથી બોલવા પ્રમાણે વર્તવા ઉપરથી તના સાચા વિચારોનુ અનુમાન કરીને આ સાચુ બોલે છે એમ કહેવામા આવે છે ખરુ, પણ બહારથી પરમાર્થ દૃષ્ટિ દેખાડીને જો સ્વાર્થ પોષવામા આવતો હોય તો તે વિચારો બોલવા તથા વર્તવામા ન ભળવાથી જૂઠા છે અને એટલા માટે તેનુ બોલવુ તથા વર્તવુ પણ જૂઠુ છે વર્તનને અનુસરીને વિચારમા સાચા જૂઠાપણુ કહી શકાય પણ વિચારને અનુસરીને વર્તનમા સાચાજૂઠાપણુ કહી શકાતુ નથી, એટલે કે વિચાર પ્રમાણે વર્તવુ તે સાચુ અને વિચારથી વિપરીત વર્તવુ તે જૂઠુ કોઈ વસ્તુ મેળવવાના સ્વાર્થગર્ભિત વિચારો હોય અને તેજ પ્રમાણે

વર્તનમાં પણ સ્વાર્થ તરી આવતો હોય તો તે સાચું કહે-
વાય એવી રીતે કોઇ પણ ખરાબ કાર્ય કરવાના વિચારો
હોય અને વર્તનમાં પણ ખરાબ કાર્યની છાયા પડતી હોય
તો તે સાચું કહી શકાય વિચારમાં સ્વાર્થ હોય અને વર્તન-
મા પરમાર્થનો ડોળ કરવામાં આવતો હોય તો તેને જૂઠું
કહેવામા આવે છે આવું વર્તન કરનાર માયાવી પણ કહે-
વાય છે બોલવામાં તો વિચાર પ્રમાણે બોલી પણ શકાય
છે, કારણ કે બોલતાં પહેલા બીજાને સંભળાવવાને માટે
વિચારમા બધું ગોઠવીને જ માણસ બોલે છે. વિચારમા ગોઠવ્યા
વગર કાંઇ પણ બોલી શકાતું નથી જૂઠું બોલવાને માટે
પણ જૂઠા વિચારો કરવા પડે છે, અને એટલા માટે જ વિચાર
પ્રમાણે બોલવાનું કહેવાય છે. વિચારથી ભિન્ન બોલી શકાતું
નથી છતા તેમાં સાચાજૂઠાનું અંતર વર્તન જ પાડે છે.
વિચાર પ્રમાણે બોલવામાં માયા પણ હોતી નથી, તો પણ
બોલ્યા પ્રમાણે ન વર્તવાથી જૂઠું કહેવાય છે વિચાર પ્રમાણે
બોલીને પોતાનું વર્તન પણ તેવું હોય તો તે પણ સાચું
કહેવાય છે. તાત્પર્ય કે—મન, વચન અને કાયાના વ્યાપારની
એકતાનું નામ સત્ય છે. એ ત્રણેમાંથી એકનું પણ વિપરીત-
પણું હોય તો તે જૂઠું કહેવાય છે.

તત્વને જાણનારા મહાપુરુષો પણ વિચાર પ્રમાણે
બોલવાનું કહે છે. તેમનું માનવું છે કે જ્યારે માણસ કોઇ
પણ પ્રકારના વિચારો કરે છે ત્યારે અંતરજલ્પ થાય છે
અર્થાત્ જ્યારે માનવી એવો વિચાર કરે કે મારે પ્રભુભક્તિ

કરવી છે ત્યારે આ બાધા યે અક્ષરોનો તેના ઘટમા ઉચ્ચાર થાય છે આ ઉચ્ચારને બીજો માણસ સાભળી શકતો નથી, તો પણ પોતે તો સાભળી શકે છે આવી રીતે વિચાર પ્રમાણે વર્તવાનો નિયમ નથી વિચારથી જુદુ પણ વર્તી શકાય છે, તેવી રીતે બોલી શકાતુ નથી કોઈ માણસ આગળ કઇ બીજી વ્યક્તિ વિષય સેવવાની વાત કરે તો તે વચનથી તિરસ્કાર કરીને વર્તનમા ગ્લાનિ દેખાડે છે, છતા તેના વિચાર તો વિષય સેવવાના હોય છે, એટલે બીજી વ્યક્તિની પરોક્ષમા વિચાર અનુસાર જ વર્તે અને પોતાના અંગત માણસ આગળ વચનથી વિષયની પુષ્ટિ કરે તો બીજા માણસ આગળ બતાવેલા વચન અને વર્તન બન્ને જૂઠા છે, પણ પરોક્ષમા તો વિચાર પ્રમાણે વર્તવાથી અને બોલવાથી સાચા છે, કારણ કે સાચાજૂઠાનુ સ્વરૂપ બારીકાઈથી તપાસીએ તો બીજી વ્યક્તિના જાણવા પ્રમાણે તેની રૂબરૂમા કે તેની પીઠ પાછળ એકસરખી રીતે વર્તવુ અને બોલવુ તે સાચુ, અને તેની પરોક્ષમા વિપરીત વર્તવુ અને બોલવુ તે જૂઠુ

જે માણસો માન-પ્રતિષ્ઠાને ચાહે છે તેઓ ભાગ્યે જ સાચુ બોલી શકે છે અને વર્તી શકે છે, કારણ કે જે વસ્તુનુ માન મેળવવુ છે તે વસ્તુ તેનામા હોતી નથી માટે જ તેને બીજા પાસે જૂઠુ બોલી આડબર કરવો પડે છે. જેઓ બીજાની પાસે જૂઠુ માન મેળવવાની લાલસાવાળા હોય છે તેઓની મનોદશા બહુ જ દીન અને કગાલ હોય છે, કારણ

કે તેમને બીજાની અત્યંત ખુશામત કરવી પડે છે માની માણસને પોતાનું બોલેલું જૂઠું જણાય તોય તેને સાબિત કરવાને બીજા ઘણા જૂઠા બોલવા પડે છે જૂઠું સાચાથી સાબિત થઈ શકતું નથી, પણ તે જૂઠાથી જ સાબિત થઈ શકે છે જૂઠો માણસ જ કદાગ્રહનો આશ્રિત થઇ શકે છે, પણ સાચો થઇ શકતો નથી માની માણસો અવશ્ય કદાગ્રહી હોય છે જેઓ બુદ્ધિમત્તા અને વિદ્વત્તાનું અભિમાન ધરાવે છે તેમની અંદર અસહિષ્ણુતા હોવાથી કોઇ માણસ સાચી રીતે વસ્તુનું વર્ણન કરતો હોય તો તેને જૂઠું ઠરાવવા પોતે જૂઠાનો ઉપયોગ સારી રીતે કરે છે

સરળતા વગર સાચું બોલી શકાય નહિ, અને તે સરળતા કહેવાતા વિદ્વાનો અને બુદ્ધિશાળીઓમાં ભાગ્યે જ નજરે આવે છે, કારણ કે તેમને પોતાની પ્રશંસા બહુ ગમે છે અને પ્રશંસાપ્રિય માણસ સરળ હોતા નથી જૂઠું બોલ્યા વગર પોતાના મોઢે પોતાની પ્રશંસા થઇ શકે નહિ કદાચ પ્રશંસા કરવામાં કંઈક સાચું હોય તો પણ જૂઠું મિશ્રણ થયા વગર રહેતું નથી જો કે પરિણામ સાચું ન આવતું હોય તો પણ કહેવાતો વિદ્વાન અને બુદ્ધિશાળી માન હાનિના ભયથી અણજાણ બાબતોમાં જૂઠી રીતે માથું મારે છે તેમની કોઇ સલાહ લે અથવા કાંઇ પ્રશ્ન પૂછે તો બુદ્ધિમત્તા અને વિદ્વત્તામાં ઊણપ ન આવવા દેવા માટે જૂઠાનો ઉપયોગ કરે છે.

સંસારમાં વિશ્વાસઘાતી મહાપાપી કહેવાય છે સાચું

બોલતા શીખ્યા વગર વિશ્વાસઘાતના મહાપાપથી બચી શકાતું નથી ઘણાખરા માણસો કહેવાતા બુદ્ધિશાળીઓ, વિદ્વાનો અને જ્ઞાનીઓ ઉપર વિશ્વાસ રાખનારા હોય છે તેમની પાસેથી માન મેળવવાને અને ક્ષુદ્ર વાસનાને પોષવાને જૂઠું બોલીને અને વર્તીને વિશ્વાસઘાત કરે છે ઠગાઈ કરનારાઓ જૂઠું બોલવામાં બહુ હોશિયાર હોય છે આ ઠગાઈ પણ વિશ્વાસઘાતનું રૂપાંતર છે, કારણ કે વિશ્વાસ રાખ્યા વગર ઠગી શકાતું નથી બીજો માણસ વિશ્વાસ રાખે તો જ તેને ઠગી શકાય છે

માણસ પ્રમાણિકપણાને ચાહે છે, પરંતુ સાચું બોલવાની દરિદ્રતા દૂર કરવાને પ્રયાસ કરતા નથી અને તેથી કરીને જૂઠાણાનો આશ્રિત, ઠગ અને વિશ્વાસઘાતી પ્રમાણિકપણું મેળવી શકતો નથી અણજાણ દુનિયા ભલે તેને પ્રમાણિક માને પણ જાણીતા માણસોમાં તો અપ્રમાણિકપણાનું ફળ મેળવે છે જૂઠું બોલનાર અને વર્તનારને ઓળખવા છતાં અપ્રમાણિક માણસો અંગત સ્વાર્થને લઈને પ્રમાણિકપણાનું માન આપે છે, તેથી કાંઈ તે પ્રમાણિક બની શકતો નથી, અને અપ્રમાણિક માણસો પાસેથી પ્રમાણિકપણાનું માન મેળવી રાજી થવું તે એક મૂર્ખતા છે

સાચું બોલવા માત્રથી કાંઈ આત્મવિકાસ કે શ્રેય થઈ શકતું નથી, કારણ કે સાચું દોષમિશ્રિત અને ગુણમિશ્રિત એમ બે પ્રકારનું છે દોષમિશ્રિત સત્ય ભાગ્યે જ કોઈ બોલે છે, અને જે બોલે છે તે વસ્તુતત્ત્વના અણજાણ બુદ્ધિ વગરના

હોય છે. ગુણમિશ્રિત સત્ય બોલતાં ગુણી માણસો શરમાય છે. ચોરીના વિચારવાળો માણસ ચોરી કરીને પોતાને ચોરપણે બોલીને જણાવે છે તે સાચું બોલે છે છતાં સાચાનું ફળ જે આત્મશ્રેય છે તે મેળવી શકતો નથી. તેવી રીતે ઠગવાના વિચારવાળો બીજાને ઠગીને પોતાને ઠગપણે બોલીને જણાવે છે તોય તે શ્રેય સાધી શકતો નથી; કારણ કે આ સાચું દોષમિશ્રિત છે. બુદ્ધિની નબળાઈને લઈને આ મહત્ત્વનાં કાર્યો છે એવી સમજણથી બીજા પાસેથી મહત્ત્વ મેળવવાને પોતાની વૃત્તિ, વર્તન અને વચનને સાચી રીતે જણાવે છે અને જેઓ આવા કાર્યોને હલકાં માને છે તેઓ તો હલકા બનવાના ભયથી સાચી રીતે જણાવી શકતા નથી ઉત્તમ આચારવિચારવાળા ગુણવાન પુરુષો પોતાને ગુણીપણે બોલી જણાવતા શરમાય છે તેમના વર્તન અને વિચાર સંબંધી કોઈ પૂછે તો જ તે નમ્રતાથી સાચી રીતે જણાવે છે. અવળાં કૃત્યો કરનારા દોષિત માણસો માનહાનિના ભયથી સાચું બોલી શકતા નથી અને જેઓ સાચું બોલવાનુ સાહસ કરે છે તેઓ બુદ્ધિમત્તા, વિદ્વત્તા કે બીજી કોઈ પણ પ્રકારની કળાથી જનતામાં માન મેળવેલું હોવાથી તેઓ માનહાનિનો ભય રાખતા નથી; કારણ કે પ્રથમથી જ કેટલાક માણસો તેના પક્ષપાતી હોવાથી દોષિત જણાતા છતાં પણ તેના ગુણ ગાયા કરે છે. જૂઠું બોલ્યા વગર પોતાના દુષ્કૃત્યો સંતાડી શકાતાં નથી માટે માનવીઓને જૂઠો આડંબર કરવો પડે છે. જ્યાં આડંબર હોય છે ત્યાં સાચાનો આદર ભાગ્યે જ થાય છે, કારણ કે આડંબર અસત્યનું રૂપાંતર

છે અછતી વસ્તુને દેખાડવી તે આડંબર કહેવાય છે આવી રીતે માનવીઓ જૂઠું બોલવાને ટેવાઈ ગયેલા હોવાથી સાધારણ બાબતમાં પણ સાચું બોલી શકતા નથી

ઘણાખરા માણસોને પોતાની મોટાઈ અને બીજાની હલકાઈ ગમે છે. જો સાચું બોલવામાં પોતાની મોટાઈ જળવાતી હોય તો સાચું બોલતા અચકાતા નથી, પણ જો તમને હલકાઇ સમજાય તો જૂઠું બોલવાના. જૂઠું બોલ્યા વગર બીજાની પાસેથી મોટાઈ મેળવી શકાતી નથી અણજાણપણે અથવા જાણતાં છતાં સ્વાર્થને લઈને બીજો માણસ પ્રશંસા કરીને મોટાઇ આપતો હોય અને પ્રશંસા કરાયેલા ગુણો તથા તેવી સ્થિતિ પોતાનામાં ન હોય તો અટકાવી શકતો નથી; અને પોતે રાજી થાય છે અને જો પોતાનામાં કોઇ પણ તેવા પ્રકારના અવગુણો હોય અને સામેનો માણસ વખોડે તો તેને તરત અટકાવી દે છે આ પ્રમાણે જેઓ સાચું સાંભળવાને પણ રાજી નથી, તેઓ સાચુ કેવી રીતે બોલી શકે? બીજાની જૂઠી રીતે કરવામાં આવતી હલકાઇને પોતે ખુશીથી સાંભળે પણ પોતાની સાચી રીતે કરવામા આવતી હલકાઈને સાંભળી શકતો નથી, પણ જૂઠી રીતે કરાયેલી પ્રશંસાને સાંભળે છે. તાત્પર્ય કે–આવા માણસોને જૂઠું બોલવું ગમે છે અને જૂઠું સાભળવુ ગમે છે

દ્વેષબુદ્ધિવાળા ઈર્ષાળુ માણસો પણ સાચું બોલી શકતા નથી, કારણ કે એવા માણસો બીજાની સાચી પ્રશંસા સાભળી

શકતા નથી, એટલે તેમનામાં જૂઠા દોષોનો આરોપ કરે છે. આ પ્રમાણે સૂક્ષ્મ દૃષ્ટિથી સંસારને તપાસીયે તો માણસોમાં અનેક પ્રકારે જૂઠું બોલવાનો પ્રચાર થઇ રહ્યો છે. ઘણા જ થોડા પ્રમાણમાં માણસો સાચું બોલનારા જણાય છે. જ્યારે વ્યાવહારિક સાચું બોલવામાં ઘણી જ અછત જણાય છે, તો પછી પારમાર્થિક સત્ય બોલવામાં તો હજારોમાં ભાગ્યે જ એકાદ નીકળી આવશે અને પારમાર્થિક સાચું બોલ્યા વગર વિકાસ સાધી શકાય નહિ.



વિકાસનું કિરણ

છૂટી જઇ પૂર્ણ સ્વતંત્રતા મેળવવાના એક જ આશય વાળુ માનવ જગત વધારે ને વધારે બંધાવાના ઠાણોની જ દિશામા ગમન કરીને પોતાને એમ માની લે કે હું મુકાઇ ગયો તે એક મુક્ત બની પૂર્ણ વિકાસી આત્માઓની દૃષ્ટિમા ખોટુ સ્વપ્ન જેવી રહ્યો છે સાચી સ્વતંત્રતા—સાચા વિકાસ મા મનની સમતા તે વિકાસ છે, અને તે વિકાર વિકાસમા હોય જ નહિ આત્મશ્રેય માટે કોઈ પણ દિવસ મુકરર કરેલો નથી ગમે તે દિવસે પરિણામની શુદ્ધિથી આત્મશ્રેય સાધી શકાય છે, છતા માનવીઓની અપૂર્ણતાના અંગે શ્રેયસાધક દિવસોને ભેદભાવમા સ્થાન આપ્યુ છે અને તે પણ પોતપોતાને જ અનુસરવાની બુદ્ધિથી જેણે જે દિવસ મુકરર કર્યો હોય તેની બુદ્ધિ અને માન્યતા તે જ દિવસ શ્રેયમા સાધક માને છે, અન્ય નહિ અસ્તુ! એમ રહો, પણ શ્રેય સાધો અશ્રેયના કારણ રાગ દ્વેષ, મોહ અજ્ઞાનને સ્થાન ન આપો આવુ સ્પષ્ટ હોવા છતા શ્રેયના નામે અશ્રેયનો આદર કરનાર આત્માઓ બહુ જ અંધકારમા આથડી રહ્યા છે

જ્યાં સુધી ક્ષમા નથી જડતી ત્યાં સુધી અજવાળાની દિશાથી પરાઙ્‌મુખ જ કહી શકાય; તો પછી અજવાળામાં ચાલનાર કેવી રીતે કહી શકાય? અજવાળા વગર તો અનંતો કાળ આથડતો ગયો પણ, સ્થાન મળ્યું નહિ તેમજ ઓળખ્યું પણ નહિ

ક્ષમા એટલે? સહન કરવું. આ સહન કરવું તે કેવળ અશુભના ઉદય માટે પણ હોય છે શુભના ઉદયથી મળેલા પૌદ્ગલિક સુખના સાધનો જોઈને મનુષ્ય ઘણો હરખાય છે, ઘણો મદમસ્ત થાય છે, ઘણો ક્રોધી થાય છે, ઘણો કામી થાય છે, ઘણો અન્યાયી થાય છે, ઘણો લોભી થાય છે, ઘણો માની થાય છે, ઘણો નિર્દય થાય છે. આ બધું શાનુ પરિણામ? અક્ષમા—અસહિષ્ણુતાનું. અશુભના ઉદયથી થતા અનિષ્ટ પ્રસંગો જેવા કે: રોગ, શોક, દરિદ્રતા, પ્રતિકૂળતા, અપયશ આદિ સુવિદિત જ છે. કે જેને માનવીઓ ન સહન કરવાથી આ લોકમાં વેર, વિરોધ, અશાંતિ આદિ ફળોને મેળવે છે ને પરલોકમાં દુર્ગતિની યાતનાઓ ભોગવે છે

પાંચે ઇંદ્રિયોના વિષયોને ઉદયભાવમાં પણ માનવીને ક્ષમા સહન કરવાની અતિ આવશ્યકતા રહે છે. જેઓ વિષયોને સહન કરી શકતા નથી અને વિકળ થાય છે તેઓની ઉભય લોકમાં માઠી દશા થાય છે.

ક્ષમા એટલે 'કર્મોના ઉદય માત્રને સહન કરવું'. લેશ માત્ર પણ વિકૃતિ ન થવા દેવી આવી ક્ષમાથી નિર્જરા થાય છે, કર્મનો ક્ષય થાય છે. આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે કર્મથી છૂટવાનો કેવળ એકજ માર્ગ છે અને તે ક્ષમા છે

પ્રસંગો અને મનોજોગોને તેમજ વિકારી જગતની પ્રવૃત્તિને જ્યાં સુધી સહન કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થયું નથી, સહન કરતાં શીખ્યા નથી ત્યાં સુધી ધર્મ કરીએ છીએ અથવા કર્યો છે, તત્ત્વબોધ કરીએ છીએ અથવા કર્યો છે એમ કહી શકાય જ નહિ.

સાચી સહનશક્તિ પ્રગટ થયેલી ત્યારે જ કહી શકાય કે જ્યારે પ્રતિકૂળ સંયોગો કે સંબંધોનું સ્મરણ પણ ન થાય, તેમજ સ્ફુરણા પણ ન થાય, કારણ કે સ્ફુરણા જ સકળ સંસારનું ઉપાદાન કારણ છે બહારથી ગમે તેવી પ્રવૃત્તિમાં રહ્યા છતાં તે સમયની સ્ફુરણા જ ભાવી સંસારની અવસ્થા બનાવે છે તમે વાંચ્યું હશે અથવા તો વાતો સાભળી હશે કે 'एकोऽहं बहु स्याम्" આ સ્ફુરણા જ જગતનું ઉપાદાન કારણ બની છે અર્થાત્ સ્ફુરણામય પ્રભુથી સંસારની ઉત્પત્તિ થઈ છે સ્ફુરણામય પ્રભુ તે જગત અને સ્ફુરણાવિહીન પ્રભુ તે પ્રભુ આમ સમળ અને નિર્મળ આત્મા બે સ્વરૂપમાં વહેંચાઈ ગયા છે જ્યાં સ્ફુરણા નથી ત્યાં કેવળ આત્મસ્વરૂપ જ છે નિર્વિકલ્પ સ્ફુરણાવિહીન સમાધિ તે જ વાસ્તવિક ધર્મ અને તે જ પોતે આત્મા

પ્રસન્નચંદ્ર રાજર્ષિને પણ સ્ફુરણાત્મક સાતમી નરક હતી સ્ફુરણા નષ્ટ થતાની સાથે જ સાતમી નરક પણ નષ્ટ થઈ ગઈ અને નિર્વિકલ્પ સમાધિ થતાની સાથે જ આત્મદર્શન થયા

આત્મસ્વરૂપ મેળવવાને સ્ફુરણાની આવશ્યકતા નથી

સ્ફુરણાનુ ઉપાદાન કારણ કર્મ છે, માટે કર્મજન્ય સ્ફુરણા હોવાથી કર્મનો વિકાર છે, અને વિકાર વિકાસનુ કારણ બની શકે નહિ જડ અને જડના વિકારો પ્રારભમા કાઈક મદદગાર થઈ શકે ખરા, પણ તે વિકાસદૃષ્ટિ વિસારીને નહિ વિલાસ દૃષ્ટિવાળાને વિકાર તેનુ આત્મિક નુકસાન કરનારો થાય છે શક્તિ મેળવવાની દૃષ્ટિવાળો અમુક વખત સુધી ભલે લાકડીનુ આલબન લે, પણ વિલાસદૃષ્ટિવાળો લાકડીના નિરતર આલબનથી અશક્તિ જ મેળવે છે અશક્ત બનનારે અશક્તિના આશ્રયસ્થળો સર્વથા છોડી દેવા જોઇએ

માટે ક્ષમા—સહનશક્તિ અર્થાત્ ઉદયનુ અલક્ષ્ય, સ્ફુરણાનો અભાવ થયા પછી જ આત્મા નિવૃત્તિમા આવે છે અને પોતાનો વિકાસ મેળવી શકે છે શાતિ, આનદ અને સુખ ત્યા જ છે બાકી તો આત્માને ઉચ્ચ કોટિના વિકાસ માર્ગમા ગમન કરનારો ઓળખાવવા બહારથી ગમે તેટલો ડોળ કરો પણ શાતિ, સુખ, આનદ મળી શકતા નથી

મોહથી મુક્ત બની સ્વતત્ર થયા વગર અથવા સ્વતત્ર બનવાની હાર્દિક ઇચ્છા વગરની ધર્મના નામે જેટલી બાહ્ય પ્રવૃત્તિઓ કરી ડોળ કરાય છે તે કેવળ આજીવિકાના ધધા સિવાય કશુ ય નથી, માટે જ્યા જ્યા જેટલે જેટલે અશે ક્ષમા છે ત્યા ત્યા તેટલે અશે ધર્મ છે, વિકાસ છે, સુખ છે, આનદ છે, શાતિ છે

આ ન છે ત્યાર અજ્ઞાની માનવી મોતથી બચવાને માટે બીજા જીવોને મોતના મોમા હડસેલી મૂકે છે પણ તેમા કાઈ બની શકાતુ નથી બીજા જીવોનો કોળિયો કરીને તેનો પણ કોળિયો કરવાનુ જ અજ્ઞાની માનવી બીજા જીવોને મોતને સ્વાધીન કરીને પોતાનુ જીવન વધારી જીવવા તમના શરીરોનો ઉપ યોગ કરે છે પણ એમ જીવન ન વધી શકે જીવન અને દેહ બન જુદી વસ્તુઓ છે દેહથી દેહ પુષ્ટ બની શકે છે, પણ જીવન પુષ્ટ બની શકતુ નથી જીવનને પોષનાર જીવન હોય છે અને તે બીજા જીવોને જીવવા દેવાથી પોષાય છે બીજા જીવોના જીવન વાપરી અમર બનવાને બદલે પ્રભુશ્રી કહે છે કે સસારના જીવ માત્રને પોતપોતાના જીવનમા જીવવા દો અને જો મોત તેમના જીવનનો કોળિયો કરવા આવે તો તમારા જીવનનો કોળિયો આપીને પણ તેમને જીવાડો ”

સસારમા સેવા અને પરોપકાર કહેવાય છે અને કરાય છે, પણ તેનો છેડો પોતાના પ્રાણ અર્પણ કરીને પણ બીજા જીવોને જીવાડવામા તથા જીવવા દેવામા પ્રભુશ્રીએ જોયો છે સસારના જીવ માત્રને જીવવા દેનાર જ સસારનો સાચો સેવક કહેવાય છે અને તે જ સમગ્ર સસારનો સાચો સ્વામી બની શકે છે સેવક બન્યા વગર સ્વામી બની શકાય નહિ, અને જીવન આપ્યા વગર પરોપકાર કહે વાય નહિ જીવવાની ઇચ્છાવાળાને જીવવાનુ સાધન આપવા બરાબર બીજો કયો ઉપકાર હોઈ શકે ? માનવી સસારના સ ય જીવોમા શ્રેષ્ઠતમ કહેવાય છે માનવજીવન ઉત્તમ

કહેવાય છે. થોડામા થોડા અપરાધે માનવી જીવી શકે છે શેર આટો અને બે કપડાનો ગ્રાહક છે માનવપ્રકૃતિના માનવીઓના જીવનને ટકાવવાને એક સરખા જ સાધન હોય છે જીવવાના સાધનહીન માનવીને પોતાના શેર આટા-માથી પાશેર આટો આપીને માનવી જીવાડી શકે છે, અને પોતે પણ જીવી શકે છે બુદ્ધિહીન-નિર્દય લોભના આશ્રયમા જીવનાર માનવી સાધનની અછતમા ધાન વેચી ધન સઘરી ને બીજાને મારે છે અને પોતે પણ મરે છે ધાન વધારે હોય તો ધાન વેચી ધન ન કરતા ધાન વગરનાને આપી જીવાડે તે દયાળુ માનવી-દેવનો અવતાર-માનવ જીવનમા પણ દેવની જેમ પૂજાય તમારી પાસે ધાનનો ઢગલો હોય અને બીજો ધાન વગર મરતો હોય અને તમે નિર્દયતાના સ્વામી બનીને બેસી જાઓ, તો કેમ પાલવે? ખૂટી જવાની આ શકાથી, ભૂખે મરવાના ભયથી કે ધાન વેચી ધન ભેગુ કરવાના લોભથી "આપણે શુ?" એમ કહીને ઉપેક્ષા કરવી તે માનવપ્રકૃતિના માનવીને ન શોભે ધાનના ઢગલા અખૂટ હોય નહિ અને ધન ખાઈને જીવાય નહિ, તો પછી ધાનનુ ધન કરવા કરતા ધાનથી જીવન બચાવવા શુ ખોટુ છે? જો બીજાના જીવન બચાવવામા આવશે તો ધાનના ઢગલા અખૂટ થશે અને પોતાનુ જીવન પણ બચશે, માટે નિર્દયતાના સ્વામી બનવા કરતા દયાના દાસ બનવુ બહુ જ ઠીક કહેવાય

ઊગતે સૂર્યે માનવીને શેર આટો જોઈએ, પછી જીવન સૂર્ય આથમતો નથી કુદરતે આપેલા જીવનના બધાય

સૂર્ય જોઈ શકે છે ફક્ત શેર આટો વાપરનાર ગરીબ માણસો પણ આઠ, સિત્તર, એશી અને સો સુધીના જીવન વાપરતા દેખાય છે, માટે પ્રારબ્ધે વધુ આપ્યુ હોય તો તમારે જીવવાને શેર આટો લઈ લો અને બાકીનુ જેના ઉપર પ્રારબ્ધ રૂઠયુ હોય તેને જીવવાને આપો, પણ જીવનમા જેની જરાયે જરૂર નથી એવા મેવા, મિષ્ટાન્ન, સિનેમા, નાટક, મોજશોખમા વાપરીને વેરી નાખશો નહિ તમે માનવી છો એટલે માનવીની સભાળ વહેવી લેવી જોઈએ ટૂંકેલો દેવ જીવનની જરૂરિયાત કરતા વધારે જે તમને આપે છે તે વેરી નાખવાને માટે નહીં પણ બીજાને જીવવા તમારી મારફતે અપાવવાને આપે છે, માટે જો તમે બીજાને જીવવા ન આપતા મદઘેલા બની વેરી નાખશો તો દૈવની આજ્ઞા ન પાળવાથી તેના તમે અપરાધી થશો અને તેની સજા આ જીવનમા કંગાળ બનીને ભોગવવી પડશે કદાચ જીવન-દીપક બુઝાઈ ગયો તો આગલા જીવનમા તો છૂટવુ મુશ્કેલ છે, મોત આવે તો તેને હાંકી કાઢી ધન-ધાન વગરનાની પાસે મોકલવા વધુ પડતુ ધન-ધાન સઘરી રાખશો તો તમે જીવતા પણ મરેલા જ છો, કારણ કે મોતને સમજાવી કાઢી મૂકવાનુ સાધન તમારી પાસે હોવા છતા તમારા દેખતા બીજા માનવીઓના જીવન ભક્ષણ કરીને બળવાન બનેલુ મોત તમારા ઉપર કાંઈ પણ અરોપ મૂકીને, ધન-ધાનના સાધનની અવગણના કરીને તમારા જીવનનો કોળિયો કરી જશે, માટે દયાળુતાનો આદર કરી તમે જીવો અને બીજાને જીવાડો

મોટા પૈસાદાર બનવાની ધૂન ન રાખતા પૈસા વગરનાને જીવવા પૈસા આપવાની ધૂન રાખવી ને કડો કુટુબોને નિર્ધન બનાવીને અને જીવનનિર્વાહની મુશિબતમા ઉતારી પાડીને પૈસાદાર બનનાર કરતા વગડામા જઈને પરિશ્રમથી અડધા મણનો સૂકો લાકડાનો ભારો લાવી, પાચ ગાઉ દૂર શહેરમા જઈ વેચી આવીને નિર્દોષ જીવન જીવનાર ગરીબ માણુસ શ્રષ્ઠ છે, અને તે માનવી કહેવડાવવાનો હક્કદાર છે. વધુ પૈસાદાર બનવાને માટે સાધારણ માણસોએ જીવવાને માટે સઘરી રાખેલા પૈસા અનીતિથી પડાવી લેવા વ્યવસાય કરવો તે માનવ પ્રકૃતિવાળા માનવીને છાજે નહિ ગરીબ માણુસ પાસેથી જીવવાનુ સાધન છીનવી લઈ મારવો નહિ, પણ તેની પાસે રહેવા દઈ જીવવા દેવો દયાના સેવક–ઉપાસક હો અને ઈચ્છા થાય તો પાસે હોય તે બીજાને આપીને જીવાડો અને એમ ન બની શકતુ હોય તો બીજાની પાસે હોય તે રહેવા દઈ જીવવા દેવાને દયાનો આશરો લો અનિશ્ચિત જીવનવાળા માનવી જાણી શક્તા નથી કે નિર્દયતાના આશરામા રહીને પૈસા વધારવાથી જીવન વધી શકતુ નથી. દયાની ઉપાસના કરવાથી જ નવુ લાબુ જીવન મેળવી શકાય છે અને જે જીવનને વાપરતા હોય, તે હોય તેટલુ સુખેથી વાપરી શકાય છે પૈસા તથા મોટાઈના માટે પોતે જ પોતાના જીવનના શત્રુ બની બીજાના જીવનના શત્રુ બનવામા માનવપ્રકૃતિને લાછન લાગે છે માનવજીવનમા જીવનારને માનવીના દુખની અસર થવી જ જોઈએ જો ન થાય તો તે પશુ કહેવાય જીવવાના સાધનના અભાવે અથવા તો બીજા

અને પાણીથી જીવનારાં હોવાથી માનવી કરતાં પણ થોડાં અપરાધી છે, માટે તેમના ઉપર નિર્દયતા કરનાર માનવી ઘાતકી જાનવરોનો જ સાથી કહી શકાય.

સ્વાશ્રયમાં રહીને જીવનારા વનવાસી પશુ-પંખીઓને માનવીએ જીવવા દેવા જોઇએ. પોતાના મોજશોખ માટે ભય-ત્રાસ આપવો ન જોઇએ અને તેમના પ્રાણ લઇને ખુશી થવું જોઇએ નહિ. બીજાને દુઃખ આપીને આનંદ માનનાર માનવી ન કહી શકાય. પણ દાનવ જ કહેવાય. માનવજીવનમાં જીવનાર તો બીજાને સુખ-શાંતિ આપીને જ પોતાને કૃતાર્થ માનનાર હોય છે. જે દુઃખ, ત્રાસ, ભય અને મોત આપણને પસંદ નથી, તે બીજાને શા માટે આપવાં જોઇએ ? આટલો પણ વિવેક જેનામાં ન હોય તે માનવ-જીવનનું ફળ મેળવવાનો અધિકારી નથી. પશુપક્ષીઓના શરીરથી પોતાનું શરીર પોષવાને ખોરાક તરીકેનો ઉપયોગ કરવા જ તેમના પ્રાણ લેનારાઓ માનવદેહ હોવા છતાં પણ સિંહ જેવા હિંસક જાનવરોનું જીવન જીવે છે. વનવાસી પશુઓ વગડામાં કુદરતી નીપજેલાં વનસ્પતિ તથા પાણી વાપરીને જીવે છે. માનવીની જેમ બુદ્ધિ, વિવેક તથા હાથ આદિ અવયવોની ખામીને લઇને કુદરતે પશુઓને ભાજી-પાલો ખાઇને જીવવાના અધિકારી બનાવ્યા છે. માનવીઓની પાસે બુદ્ધિ આદિની સામગ્રી હોવાથી પોતાના જીવનનિર્વાહ માટે તેમને અન્ન આદિ ઉત્પન્ન કરવામાં પરિશ્રમ કરવો પડે છે. જો માનવી ખેતી આદિનો વ્યવસાય કરી જીવન-નિર્વાહનું સાધન ન મેળવે તો તેને જીવવું ભારે થઇ પડે છે;

કારણ કે માનવીને પશુનો ખોરાક કામ આવે નહિ પશુની જીવનવ્યવસ્થા કુદરતે માનવીથી જુદા પ્રકારની જ નિર્માણ કરેલી છે, માનવીના આશરે રહી પરાધીનપણે જીવનારા પશુઓ માનવીએ આપેલો કેટલોક અકુદરતી ખોરાક પણ વાપરે છે, પરતુ તે પોતાની મહેનતથી નીપજેલો હોય છે કુદરતે માનવીના જીવનનિર્વાહના સાધનમા કે જે પશુઓની સહાયતાથી ઉત્પન્ન કરવામા આવે છે તેમા પશુના ખોરાકનો ભાગ રાખેલો છે, પણ પશુના ખાસ ખોરાકમા માનવીના ખોરાકનો ભાગ રાખ્યો નથી કદાચ પશુના ખોરાકમા વિધાતાએ ભૂલથી ભાગ રાખ્યો હોત તો વિલક્ષણ પ્રકૃતિના માનવી પશુઓને જીવવામા મોટુ વિઘ્ન ઉપસ્થિત કરત! આ પ્રમાણે પશુની જીવનવ્યવસ્થા તપાસતા સ્પષ્ટ જણાય છે કે પશુઓ માણસને જીવાડીને જીવે છે જો પશુઓનુ જીવન આવુ પરોપકારી હોય છે તો પછી માનવ જીવન તો વિવેકી અને પશુઓ કરતા પણ અત્યત ઉત્તમ હોય છે, માટે માનવ જીવન જીવનારે તો અવશ્ય પ્રાણી માત્રને જીવાડીને અથવા જીવવા દઈને જીવવા માનવપ્રકૃતિને અનુસરીને વર્તવુ જોઈએ



સાચો પ્રકાશ

અત્યારે તો ચોમેરથી કોલાહલ થઈ રહ્યો છે કે ઉદ્યોત થયો, ઉન્નતિ થઇ, પ્રકાશ થયો. કયા કઈ દિશામાં ? પૂછીએ તો એ જ ઉત્તર મળે છે કે વીતરાગના શાસનની, વીતરાગના ધર્મની ભાગ્ય ફેર હોય કે મતિમંદતા હોય, ગમે તે કારણને લઈને બતાવેલી દિશામાં દૃષ્ટિ કરીએ છીએ તો સર્વત્ર ગાઢ અંધકાર જ દેખાય છે. કહીએ છીએ કે ગાઢ અંધારું છે, તો તેઓ બૂમો પાડી ઊઠે છે કે માનો કે અજવાળું છે. કહો કે અંધારું નથી. મધ્ય રાત્રિએ પણ મધ્યાહ્ન મનાવવાની વિલાસીઓની પ્રબળ ઇચ્છાને પાળવી કે ટાળવી તે એક વિકાસ માર્ગમાં પ્રયાણ કરનાર મહાજનના સહવાસની કામનાવાળા, નીરાગ ચિત્ત મનસ્વીઓ માટે વિચારણીય થઇ પડ્યું છે. દેખાય રાત્રિ અને માનવો દિવસ તે જ્ઞાન ચક્ષુવાળો હૃદયથી કેમ માને ? સંપૂર્ણ વિકાસી તો ઇંદ્રિયોના વિલાસીને જણાવો કે મળવો મુશ્કેલ છે. વિકાસના માર્ગમાં રહેલો અને વિકાસનો અર્ધો સંપૂર્ણ નહિ નો સામાન્ય વિકાસીને જાણી શકે, મેળવી શકે. બાકી વિલાસી તો અનધિકારી છે. વિલાસી વિનાશીને ઓળખી

શકતો નથી વિલાસની વૃત્તિઓ ઢાંકી અશે મદ થાય તો જ વિકાસ અને વિકાસીને ઓળખી વિકાસના માર્ગમા સન્મુખ થઇ શકે છે વિકાસ એટલે ખીલવુ, અંદરની વિભૂતિનું બહાર પ્રગટી નીકળવુ–કમળની જેમ અવિકસિત કમળ ઉપરથી લીલુ દેખાય છે પણ જ્યારે વિકસિત થાય છે ત્યારે વિવિધ વર્ણ યુક્ત થઇ તેની સૌરભ ચોમેર પ્રસરી જાય છે આત્માનો વિકાસ એટલે સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રનુ પ્રગટી નીકળવુ જ્ઞાનનુ પદાર્થ માત્રમા વ્યાપ્ત થઈને રહેવુ.

વિલાસ એટલે પૌદ્ગલિક પદાર્થોમા વૃત્તિઓનુ તન્મય થવું, વિરથી ઇન્દ્રિયોનુ વિષય જડના ધર્મો વર્ણાદિમા રગાઇ જવુ અને વૃત્તિઓ ઉપરથી વર્ણાદિનો રગ ફિક્કો પડી જવો ઊડી જવો, તે જ વિરાગ, વિરક્ત, વૈરાગ્ય તાતણાની રુવાટીમા પેસી ગયેલો રગ કાઢતા ઘણો જ પરિશ્રમ વેઠવો પડે છે અને તે વિલાસીને રુચે નહિ મનુષ્યનો મોટો ભાગ શ્રીમત બનવાની કેમ ઇચ્છા રાખે છે? ધનાસક્ત બની ઘેલી શા માટે થાય છે? પરિશ્રમ પસદ નથી પરિશ્રમ વગર જો પેટ ભરાતુ હોય તો પરિશ્રમને કોઇપણ ઇચ્છે નહિ

દોરાને ઉપરાઉપરી ગાઠો વાળતા જરા યે પરિશ્રમ પડતો નથી પણ તે વાળેલી ગાઠો છોડતા ઘણો પરિશ્રમ પડે છે અલ્પ પરિશ્રમે કપડાના ટુકડા થઇ શકે છે, પણ કપડુ વણતા ઘણો પરિશ્રમ કરવો પડે છે ધન વેડફી નાખતા પરિશ્રમ પડતો નથી ધન ભેગુ કરતા મહેનત

અને વખત લાગે છે ચિત્રને ભૂસી નાખના પરિશ્રમ અને સમય લાગતો નથી ચિત્ર ચીતરતાં પરિશ્રમ ને સમયની બહુલતા હોય છે

રાગદ્વેષની ગાઠો વાળતાં પરિશ્રમ કે મુશ્કેલી નડતી નથી. છોડતા અત્યંત પરિશ્રમ અને મુશ્કેલીઓ નડે છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર ખોઇ નાખતા જરા યે વાર લાગતી નથી, મેળવતા વાર લાગે છે. ગુણોને ભૂંસી નાખતાં પરિશ્રમ પડતો નથી. સુસંસ્કારને ભૂંસી નાખતાં વાર લાગતી નથી પણ ગુણો અને સુસંસ્કારોને મેળવતાં પરિશ્રમ પડે છે અને વખત લાગે છે મન, વચન, કાયાના યોગોમાં સહુથી અલ્પ, નહિ જેવા જ પરિશ્રમવાળો-વચનયોગ છે. મોઢેથી મોટી મોટી વાતો કરવામાં જરા યે જોર લાગતું નથી વચન ચાતુર્ય એટલે વચન-વંચનામાં વગર રોકાણાયે અને વગર-પરિશ્રમે આખુ યે જગત વળી ગયુ છે

વચનયોગ કરતા કાયયોગ ઘણા જ પરિશ્રમવાળો છે. મોઢેથી બોલી જવુ સ્હેલુ છે, પણ કરી બતાવવુ ઘણું કઠણ છે.

વસ્તુતું સ્વરૂપ કહી બતાવવું, શાસ્ત્રો વાંચી સંભળાવવા, એ બધું યે સહેલુ છે. પણ તે પ્રમાણે વર્તવુ, આચરણમાં ઉતારવુ, પરિશ્રમ વગર બની શકતું નથી.


વચનયોગ અને કાયયોગ કરતાં મનોયોગમાં પરિશ્રમ અનહદ છે કાયયોગના પરિશ્રમના પાર પામેલા કેટલાય નીકળી આવશે પણ મનોયોગ સાચવવાવાળા સંસારમાં કોઇક જ નીકળશે.

કષાય અને વિષયની વૃત્તિઓ-દોરડીયો-કાપી નાખી આત્માને બંધનમાથી છૂટો કરનાર આજના સમયમા કેટલા હશે ? તો પછી વીતરાગની દિશામા ઉદ્યોતની અને ઉન્નતિની બૂમો પાડનારમા તથ્યતા-સત્યતા કેટલી છે તે સ્હેજે ગણી શકાય છે


રાગદ્વેષ, વૈરવિરોધ અને કષાયવિષયની દિશા સન્મુખ વળીને કહેવુ કે જુઓ, વીતરાગની દિશામા કેટલી ઉન્નતિ અને કેટલો પ્રકાશ થયો છે ? એમનુ કહેવુ સાચુ છે, ઉન્નતિ છે અને પ્રકાશ પણ છે, પરંતુ તે વીતરાગની દિશામા નહિ પણ સરાગની દિશામા પૂર્વમા નહિ પણ પશ્ચિમમા પશ્ચિમમા ઊભા રહી સંધ્યાસમયે કહેવુ કે જુઓ, સૂર્યોદય થાય છે, તો જ્ઞાનચક્ષુ કેમ માને ?

સંસારમા વસ્તુ બે એક જડ અને બીજુ ચૈતન્ય આ બેનો પ્રપંચ તે જ સંસાર આ બે વસ્તુઓને જુદા જુદા રૂપે તપાસવાની છે આપણે તો આપણા પક્ષમા રહીને ચૈતન્ય માત્રનુ હિત ચિંતવવાનુ છે ભગવાન પોતે પોતાના પક્ષનુ સમર્થન કરીને બંધનમાથી મુકાતા સ્વસ્વરૂપી આત્માઓને ચેતાવતા ગયા, કે પરસ્વરૂપ ભયાવહ છે માટે સ્વસ્વરૂપમા શમાઈ જાઓ




સંયોગ વિયોગ સુખદ નથી

૬૦

સ્નોના સબધ માત્ર સ્વપ્નજાળ છે જાગ્રત દશા જ્ઞાન ગામા જોઇએ તો કાઈ જ નથી સસારના સઘળા જીવો ન કે અનેક ભવોમા અનેક વખત અનેક પ્રકારના સબધોથી જોડાયા છીએ જ્યા સુધી સસારમા છીએ ત્યા સુધી કૃત્રિમ અનેક પ્રકારના સબધોથી જોડાઇશુ માટે તત્ત્વજ્ઞ પુરુષાને હર્ષ કે શોક હોતો જ નથી

આ ા ા જીવન, મરણુ, યશ, અપયશ, સુખ દુખ આદિની સઘળી વ્યવસ્થા અદૃષ્ટને સોપી દીધી છે, અને અદૃષ્ટ નિ ત્ય જીવાત્માનુ વિરોધી હોય જ છે. એટલે તે ભાગ્યે જ જીવાત્માને અનુકૂળ થઈને ચાલે દરેક બાબતમા કાઈક સ ્રૂકના જેવુ દેખાડે પણુ તે વાસ્તવિક અનુકૂળતા હોતી નથી જીવ ભલે માની લે કે મને અદૃષ્ટ અનુકૂળ છે, અર્થાત્ હુ પૈસે ટકે, કુટુબ પરિવારથી સુખી છુ, પરતુ આ બધુ માનવુ જાગ્રત દશાનુ નથી અદૃષ્ટે જ મોહ, મમતા મ અજ્ઞાનતા આદિનો કેફ પાઇને મનાવેલુ છે, જેથી કર્મ પરિણામે એ જ વસ્તુઓથી જીવાત્મા પોતાની સાચી વસ્તુઓ ખોઈ નાખીને દુખી થાય છે જે વસ્તુઓથી ન આનન્દ-સુખ માને છે તે જ વસ્તુઓથી જીવ દુખ

માને છે. ફરક એટલો જ હોય છે કે સયોગે સુખ અને વિયોગે દુઃખ, સયોગમાં અદષ્ટની અનુકૂળતા અને વિયોગમાં પ્રતિકૂળતા વિચારક જ્ઞાની પુરુષોને માટે તો સયોગ માત્ર ખોટા છે, કારણ કે જે પરિણામે દુ.ખ રૂપ નીવડે તે સુખરૂપ કહી શકાય જ નહિ અને તેથી કરીને જ જ્ઞાની પુરુષો કોઇ પણ પ્રકારના સંયોગને સારા કે નબળા સમજતા નથી, પણ સમભાવે રહીને સર્વ સંયોગોના અભાવને ઇચ્છવાવાળા હોય છે તેઓ જાણે છે કે જ્યા સયોગ વિયોગ છે ત્યા જ સંસારનાં બીજ વેરાયલાં છે અનુકૂળ સયોગ અને પ્રતિકૂળ વિયોગ અથવા પ્રતિકૂળ સયોગ અને અનુકૂળ વિયોગ આદિની જે ભાવનાઓ છે તે એક પ્રકારની કર્મજન્ય વિકૃતિ છે. સત પુરુષો આવી વિકૃતિઓના વિનાશ માટે જ ઉદ્યમવાળા હોય છે જ્યાં સુધી આ વિકૃતિઓ નષ્ટ ન થાય ત્યા સુધી જીવનની પ્રકૃતિમાં અસ્વસ્થતા જ રહેવાની અને જ્યાં સુધી જીવને અસ્વસ્થતા છે ત્યાં સુધી જીવને સુખ અને આનંદ કયાથી ?

પોતાના માનેલા અનુકૂળ સયોગોમાં અનેક વખત અવતરવા છતાં જીવ આનદનો તો ભિખારી રહ્યો, આનંદ અને સુખની કંગાલતા તો મટી જ નહિ આમ ને આમ અજ્ઞાનતાથી અનેક ભવોમા રખડ્યો અને અનેક વખત જન્મમરણ કર્યા તોયે કૃત્રિમ સંયોગોનો વિયોગ થવાથી દુઃખી થાય છે. કેટલી અજ્ઞાનતા ! અજ્ઞાનીઓને દેખાડવા માટે સંસારમાં મનાતી ઇષ્ટ વસ્તુના વિયોગ વખતે દુઃખ મનાવતો હોય તો વાત જુદી જ છે, તો પણ સંસારમાં તત્ત્વજ્ઞ વિચારક પુરુષો તરીકે પ્રસિદ્ધ પામે-

લાને માટે તો ઉપરથી ખોટો ડાળ કરીને દેખાડવું તે અજ્ઞાની જનતામાં પણ ઉપહાસનું પાત્ર બનાવે છે માટે જ્ઞાની પુરુષોએ તો કૃત્રિમ વસ્તુના સંયોગ-વિયોગ સમયે સમભાવ રહીને અજ્ઞાની સંસારને જ્ઞાનસ્વરૂપી બનાવવો જોઇએ.

સંઘરી રાખેલું ઔષધ વ્યાધિના સમયે કામ ન આવે તો તે સંગ્રહ શું કામનો? કામ પ્રસંગે સળગતો દીપક બુઝાઈ જાય તો શું કામનો? વસ્તુતત્ત્વના જાણકારને તો જનતાને વસ્તુતત્ત્વ સમજાવવા સાવધાન રહેવાની અત્યંત આવશ્યકતા છે. આયુષ્ય કર્મનો ઉદય તે જીવન અને આયુષ્ય કર્મનો ક્ષય તે મરણ સર્વથા અપુનર્ભવપણે આયુષ્યનો ક્ષય તે મુક્તિ આ તત્ત્વના રહસ્યના જાણકાર સુખ તથા આનંદના અભિલાષી પ્રાણીઓ તો સર્વથા આયુષ્યનો ક્ષય કરવાના પ્રયત્નવાળા હોય છે

જીવનમા જ દુઃખ રહેલું છે. કારણ જન્મ સિવાય જીવન હોતુ નથી, અને જીવન સિવાય મરણ હોતું નથી. માટે જ્યાં જન્મ મરણ છે ત્યા દુઃખ રહેલું છે જીવના સ્વ-સ્વરૂપ જીવન કે જે જન્મ મરણના સર્વથા નાશથી પ્રગટે છે, અને કૃત્રિમ જીવન મરણસ્વરૂપ જીવનથી સર્વથા ભિન્ન સ્વરૂપવાળું છે અથવા તો જન્મ મરણના નાશરૂપ કારણનું કાર્ય છે તે જ જીવનમાં અનંત સુખ અને અનંત આનંદ રહેલો છે. બાકી તો સંસારી આત્માઓને ભ્રમણ કરવાને માટે મળેલા કર્મજન્ય જીવનમાં સુખ તથા આનંદનો લેશ પણ હોતો નથી, માટે મહાપુરુષો આવા જીવનની પરવા રાખતા નથી. અને સાચા જીવનની પ્રાપ્તિ માટે સમગ્ર કર્મ, જીવનને અર્પણ કરી દે છે.

જીવને જીવનો સંયોગ થતો નથી, પણ જડનો સંયોગ થાય છે સંસારના સંયોગ માત્ર જડ સ્વરૂપ છે અને એટલા જ માટે તે કૃત્રિમ હોવાથી તે સંયોગોનુ કાર્ય પણ કૃત્રિમ જ છે કર્મથી આવરિત જ્ઞાનવાળો આત્મા કે જે અજ્ઞાની કહેવાય છે, તે કર્મના કાર્યમા મુઝાઈ જાય છે અને અનુકૂળતા તથા પ્રતિકૂળતાની ભ્રમિત ભાવનાથી પોતાને સુખી તથા દુખી માને છે પોતાને નિર્માલ્ય, નિર્બળ, દીન, ગરીબ માની પોતાના અસ્તિત્વ માટે જ તથા પોતાના આનદ અને સુખ માટે જ નિરંતર જડનો જ આભારી બની રહે છે

સંયોગો નિત્ય નથી, સંયોગો વિયોગસ્વરૂપ હોય છે, માટે જ જ્ઞાનીઓ સંયોગોને ઈચ્છતા નથી તેમજ વિયોગોને પણ ઇચ્છતા નથી પણ સ્વરૂપરમણતાની સ્પૃહાવાળા હોય છે અને તેથી કરીને સમતા, શાંતિ અને આનદના ભોગી હોય છે સંબધોને આત્મા નથી જોડતો, કારણ કે તે સ્વરૂપે હમેશા સંબંધ વિનાનો હોય છે આત્માઓના સંબંધો થતા નથી, પણ જડના સંબંધ થાય છે જડાસક્ત જડાધીન આત્મા માની લે છે કે મારો અમુક આત્માની સાથે સંબંધ થયો છે, પણ તે એક પ્રકારની મિથ્યા ભ્રાન્તિ જ છે અને તે મિથ્યા ભ્રાન્તિને લઈને અત્યંત દુખ મનાવે છે વાસ્તવિક રીતે દુખ, સંયોગસંબંધ, ઇષ્ટઅનિષ્ટ આદિ કોઈ પણ ભાવો સંસારમા સ્વરૂપે સત્ય કે નિત્ય નથી, માટે વિચારક ડાહ્યા તત્ત્વજ્ઞ આત્માઓએ વસ્તુસ્થિતિને લક્ષમા રાખીને આત્મસ્વરૂપ, સમતા, શાંતિ તથા આનદાદિથી પરાઙ્મુખ ન થતા સ્વરૂપના વિકાસ માર્ગે વળવુ જોઈએ

નિરપરાધી બનો

૬૧

પ્રતિક્ષણે અપરાધના આશ્રિત બનેલા સંસારવાસી સકર્મક આત્માને પ્રત્યેક જીવની ક્ષમાના અર્થી બનવાની આવશ્યકતા છે તેટલી જ આવશ્યકતા અન્ય આત્માઓને ક્ષમા આપવાના અર્થી બનવાની છે ક્ષમા આપવી અને લેવી જેટલી અગત્યની બાબત છે તેના કરતાં કરોડગણી અપરાધ ન કરવાની અગત્યની બાબત છે.

અપરાધ કરવો, પછી ક્ષમા માગવી, વળી અપરાધ કરવો, વળી પાછી ક્ષમા માગવી તેના કરતાં અપરાધ ન કરવામાં લક્ષ આપવામાં આવે તો કેવું સારું? મોહનો દાસ માનવી નિરપરાધી બની શકતો નથી જ્યારે જ્યારે મોહની સેવામાં માનવી તલ્લીન બને છે ત્યારે ત્યારે અપરાધને કર્ત્તવ્ય માની મોહને રાજી રાખવા પોતાની જ્ઞાનદર્શનાદિ સંપત્તિના ભોગે પણ અનેક આત્માઓનો અપરાધી બને છે.

અજાણપણે અપરાધ થયો હોય તો ક્ષમા આપવા-લેવામાં શ્રેય થાય ખરું; પણ જાણીને અપરાધ કર્યો હોય

તો કેવી રીતે બીજા ક્ષમા આપી શકે? અને જો બીજા ક્ષમા ન આપે તો વેરથી મુક્ત થઇને આત્મા શ્રેય કેવી રીતે ગાધી શકે? તે કાઇ અમજી શકાતું નથી ક્ષમા આપવા લેવાની પ્રથા કરતા અપરાધ ન કરવાની પ્રથાનો પ્રચાર થયો હોત અથવા થાય તો ઉત્તમ છે બીજી વાત એ છે કે-મોહની આજ્ઞાથી જે માનવી અજ્ઞાનતાથી પાચે ઇંદ્રિયોના વિષયોને પોષવા અનેક ક્ષુદ્ર જીવોનો સહાર કરે છે કે જે જીવો ભોગીઓના ભોગના આનદ માટે મરીને ક્ષુદ્ર જતુઓપણે ઉત્પન્ન થયેલા છે, અને જેમનામાં ક્ષમા આપવા જેટલુ ભાન પણ નથી તથા કોણ મારી પાસે ક્ષમા માગે છે તેનુ જ્ઞાન પણ નથી એવા પ્રકારના જીવો પાસેથી કેવી રીતે ક્ષમા મેળવવી? કદાચ આપણે એમ માની લઇએ કે આપણા આત્માની કોમળતાથી તથા પશ્ચાતાપથી તે જીવો ક્ષમા ન આપે તો પણ આપણે અપરાધથી મુક્ત થઇને આપણુ શ્રય માધી શકીએ છીએ આમ બની શકે ખરું, પણ તે કયારે? કે જો આપણે મોહના સામે બડ ઉઠાવી પૂર્ણ સ્વતત્રતા મેળવવા પ્રયત્નવાળા થયા હોઇએ તથા ફરીને અપરાધ કરવા બળતે હૃદયે પ્રેરાઇએ ત્યારે તો આપણે કદાચ કરેલા અપરાધથી મુક્ત થઇએ અર્થાત્ અપરાધની સજા ભોગવવા દુર્ગતિના મહેમાન ન થવુ પડે, પણ જે જીવોનો અપરાધ કર્યો હોય તે જીવો જ્યા સુધી ક્ષમા ન આપે ત્યા સુધી તો તે જીવો પોતાનુ વેર લીધા વગર છોડવાના નથી અને જ્યા સુધી તેઓ પોતાનું વેર ન લઇ લે ત્યાં સુધી આપણે સસારમાથી મુક્તિ મેળવી

શકતા નથી-છૂટી શકતા નથી. કદાચ આત્મવીર્યની પ્રબળતા થઇ જાય અને ક્ષપકશ્રેણીમાં આરૂઢ થઇ જઇએ તો ભોગવવા લાયક કર્મોનો પણ ક્ષય કરીને આપણે બીજા જીવોનું વેર લીધા વગર પણ મુક્તિ મેળવી શકીએ છીએ, નહિ તો ક્ષુદ્ર ગતિમાં ભ્રમણ કરતાં વેરી જીવો અવશ્ય પોતાનું વેર લેવાના જ, સંસારમાં ભ્રમણ કરતાં કોઇ ને કોઇ ગતિમા આપણને કનડવાના જ-દુઃખ આપવાના જ. સંસારની કોઇ પણ ગતિમાં આપણે અવતર્યા હોઇએ અને પૂર્વજન્મોના વેરીનો ભેટો થઇ જાય અને તે આપણને પ્રાણાંત કષ્ટ આપે ત્યારે આપણે આપણા સંચિત કર્મોનો દોષ કાઢી જો શાન્તપણે દુઃખ ભોગવી લઇએ તો આપણે વેરમાંથી મુક્ત થઇ શકીએ; પણ જો તે વખતે આપણે તેને નિર્દય માની, તેના ઉપર દ્વેષ કરી તેને દુઃખ આપવા તયાર થઇએ, તેને દુઃખ દેવાના પરિણામ કરીએ તો તે વેરથી છૂટવાને બદલે તે વધારે મજબૂત થશે આ બાબતમાં શ્રી પાર્શ્વનાથ સ્વામી અને કમઠના પાછલા ભવો વિચારીશું તો સ્પષ્ટ થઇ જશે. શ્રી પાર્શ્વનાથસ્વામી ક્ષમા કરતા આવ્યા છે ત્યારે કમઠ દ્વેષ રાખી દુઃખ દેતો જ આવ્યો છે શ્રી પાર્શ્વનાથસ્વામીએ ઘણા જન્મોમાં ક્ષમા આપી ત્યારે પોતે તીર્થંકરના ભવમાં અપરાધોથી છૂટ્યા. પોતે ક્ષમા આપતા રહ્યા અને ફરી નવો અપરાધ ન કર્યો ત્યારે જ તેઓ છૂટી શકયા, તો જેઓ બોલવા માત્રની ક્ષમા આપી નવા અપરાધ કરતા રહે, કદાચ સામેનો આત્મા ક્ષમા ન આપતાં પોતાનું વેર લેવા તૈયાર થાય તો શાંતિપૂર્વક

સહન ન કરતાં–ક્ષમા ન આપતાં તેનો નાશ કરવાનો વિચાર લાવી તેનો નાશ કરે અથવા તો તેને દુઃખમાં નાંખે તો પછી બીજાને અમે ખમાવીએ છીએ એમ કહેવા માત્રથી તેઓ કેવી રીતે છૂટી શકે ? કેવી રીતે નિરપરાધી બની શકે? પૂર્વે થઇ ગયેલા મહાપુરુષોએ પોતાના અપરાધોની ક્ષમા માગી, અનશનનાં પ્રાયશ્ચિત લીધાં, ફરી અપરાધી ન બનવા પૌદ્ગલિક સુખોનો ભોગ આપી વિષયોનો સાથ છોડી કષાયોને દબાવ્યા અને દુર્ગતિમાં જવારૂપ સજામાંથી છૂટયા તો પણ જેનો અપરાધ કર્યો હતો તે જીવોએ તો ન જ છોડ્યા અને અસહ્ય દુઃખ દીધા.

માનવ જાતનો ગુન્હો કરી માફી માગવાથી કદાચ માનવી માફી આપી શકે અને વેરથી મુક્ત થઈ શકાય પણ તે માનવી પ્રાણહરણના ગુન્હા સિવાયની માફી આપી શકે છે અને આપણે નિરપરાધી બની શકીએ છીએ. તેમજ ફરી ગુન્હો ન કરવાની શરતે માફી મેળવી શકીએ છીએ અને વેરથી છૂટી શકીએ છીએ પણ માણસ મારવાનો ગુન્હો કરવાથી તે માણસ મરીને ક્ષુદ્ર ગતિમાં ગયેલો હોવાથી આપણને માફી આપી શકતો નથી, તેમજ વેર પણ છોડી શકતો નથી અને જન્માંતરમાં પણ આપણને પ્રાણાંત કષ્ટ આપવાનો જ. માણસ સાથે બંધાયેલાં વેર તિર્યંચો કરતાં વધારે દુઃખદાયક હોય છે, કારણ કે માણસ બુદ્ધિપૂર્વક વેર બાંધે છે.

પૌદ્ગલિક સુખો અને પૌદ્ગલિક સુખ મેળવવાના સાધનો માટે જે સૂક્ષ્મ તથા સ્થૂળ તિર્યંચોનો સર્વથા નાશ


કરવામા આવે છે-તેમના પ્રાણોનુ હરણ કરવામા આવે છે, તે ગુન્હામાથી છૂટવુ ઘણુ જ કઠણ છે તેમની પાસે માફી માગવી નકામી છે આપણને તેઓ માફી આપી શકતા નથી તેમજ આપણ માફી માગવાને અયોગ્ય છીએ, કારણ કે વિષયાસક્ત પરિગ્રહનો પ્રેમી, કષાયોનો દાસ પોતાના જીવનના છેડા સુધી પોતાની ક્ષુદ્ર વાસનાઓની તૃપ્તિ માટે નિરતર અનતા જીવનો નિર્ધ્વસ પરિણામથી નાશ કરતો રહે છે, માટે આવી વ્યક્તિ ક્ષમા માગવાને અધિકારી જ નથી, કારણ કે તે જાણી બૂઝીને જીવોના પ્રાણ લે છે

ક્ષમા માગતા પહેલા ક્ષમા માગવાના અધિકારી બનવાની અત્યત આવશ્યકતા છે આ અધિકાર ઇદ્રિયો પર વિજય મેળવી વિષયોથી મુક્ત થવાથી, પરિગ્રહની મૂર્છા ઓછી કરવાથી, માની લીધેલા મારા તારા સબધો ઓછા કરવાથી, કષાયોની કડવાશ ન ચાખવાથી, જરૂરિયાતો ઓછી કરી નાખવાથી અને પ્રાણીમાત્રને પોતાના આત્મા સદૃશ ગણવાથી મેળવી શકાય છે આવો અધિકારી માણસ જાણી જોઇને કોઇ પણ જીવને દુખ આપતો નથી પોતાની સ્થિતિના પ્રમાણમા જ્યારે જાણીને જીવોને ઉપદ્રવ કરવાનો સમય આવે છે ત્યારે દુખાતા દિલથી તે તરફ વળે છે, પણ તરત જ પશ્ચાત્તાપ અને ક્ષમાથી પોતે નિરપરાધી બની જાય છે અધિકારીઓ મનથી પણ કોઈ પ્રાણીને પીડા આપતા નથી સર્વ જીવોના સુખના અભિલાષી હોય છે બીજા જીવો તરફથી પોતાને થતી કનડગતો અને દુખો માટે તુરત જ ક્ષમા આપી દે છે કોઇ પણ પ્રાણી ઉપર દ્વેષ

રાખતા નથી, માટે પ્રાણીમાત્રને નિરપરાધી બનતા શીખવાની ઘણી જ જરૂરત છે. નિરપરાધી બનવા માટે સમ્યગ્ જ્ઞાન મેળવી વસ્તુસ્થિતિ જાણવી જોઈએ. તેમજ અપરાધી બનવાના પ્રસંગોમાં સમ્યગ્ જ્ઞાનનો સારી રીતે ઉપયોગ થવો જોઈએ તો જ આપણે ક્ષમાને સફળ બનાવી આત્મવિકાસ સાધી શકીએ છીએ. નહિ તો આવી ક્ષમાથી તો આપણને દંભ સેવ્યાનું જ ફળ મળી શકે છે. માનવજાતની ક્ષમાઓમાં તો આપણે કેવળ દંભ જ સેવીએ છીએ. આજે ક્ષમા માગી અને કાલે કામ પડે તો તેનું કાસળ કાઢવા આપણે તૈયાર થઈએ છીએ અને ક્ષમા માગતી વખતે પણ આપણું ધ્યેય કેવળ પ્રથા જ જાળવવાનું હોય છે. હૃદયશુદ્ધિ કે અભેદભાવ હોતો નથી.

જેઓ પોતાના આત્મા ઉપર દયા રાખતા શીખ્યા જ નથી તેઓ બીજાઓ ઉપર દયા રાખી શકતા નથી. નિર્દયતાથી કરેલા અપરાધની માફી કેવી? તેમ છતાં નિર્દયતાથી કરેલા અપરાધની પણ માફી મળી શકે છે, અર્થાત્ દુર્ગતિમાં જવાની સજા ભોગવવી પડતી નથી. પણ તે કેવી રીતે? ચિલાતીપુત્રની જેમ કરીએ અથવા અર્જુનમાલીની જેમ કરીએ તો. તો ય વૈરી બનેલા તો વેર લેવાના જ. જેમ કોઈ પિતા પોતાના પુત્રને જ પોતાનો સ્વાર્થ બગડવાથી ક્રોધાંધ બનીને માર મારે છે, અને તે મરી જાય પછી તેના પિતાની કેવી દશા થાય? તેના હૃદયમાં આ કૃત્ય માટે પશ્ચાત્તાપ, દુઃખ અને શોક કેટલો થાય? થાય છે કોઇને ક્ષમા માંગતાં—ચોરાશી લાખ યોનિના જીવોને ખમાવતાં એટલો પશ્ચાતાપ,

દુખ કે શોક? માટે જ નિરપરાધી બનવાની અત્યંત આવશ્યકતા છે જેમ બને તેમ ઓછા અપરાધે અને વધુ લાભે માનવજીવન વ્યતીત કરવું, કારણ કે જે ઉગ્ર પરિણામથી આપણે અપરાધ કરીએ છીએ, તેટલા જ ઉગ્ર શુભ પરિણામ નિરપરાધી બનવા ક્ષમા માગતી વખતે હોતા નથી-થતા નથી માટે સુખના અર્થીએ ક્ષુદ્ર સ્વાર્થો જતા કરીને જનપદના શ્રેય માટે દયાર્દ્ર હૃદયે જૂના અપરાધોની ક્ષમા આપવી (સહન કરવું) અને નવા અપરાધો ન કરવા



નિરાશામાં મુક્તિ.

૬૨

માનવ જીવનનો ભોક્તા અને માનવદેહમાં વસનારો આત્મા સુખ, શાંતિ, આનંદ અને નિર્દોષતાનો ઇચ્છુક હમેશાં બન્યો રહે છે અને તેને મેળવવા નિરંતર પ્રયત્ન કરે છે. સુખ એટલે આરોગ્યતા—અશાતા વેદનીયનો અભાવ. શાંતિ એટલે ચિત્તની નિર્વિકલ્પતા—ક્લેશનો અભાવ—મોહનીયનો ઉપશમભાવ. આનંદ એટલે નિર્મળ જ્ઞાન—વસ્તુનુ યથાર્થ જાણવું—દર્શનમોહનીયગર્ભિત જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ અને નિર્દોષતા એટલે અપુનર્જન્મતા—અપુનરાવૃત્તિ પદની પ્રાપ્તિ-આયુષ્ય કર્મનો અપુનર્બંધકપણે સર્વથા અભાવ વિચાર કરતાં સ્પષ્ટ જણાઈ આવે છે કે કર્માધીનપણું આત્માને માટે અત્યંત અનિષ્ટ કરવાવાળું છે. કર્મ અદૃષ્ટપણે આત્માના સુખ, શાંતિ અને આનંદાદિ ઇષ્ટ પદાર્થો પર પ્રહાર કર્યે જાય છે, જેથી કરીને આત્મા સુખાદિ વસ્તુઓથી નબળો રહે છે

કર્મની આધીનતા—કર્મની ગુલામી અજ્ઞાની આત્માને પ્રિય લાગે છે; કારણ કે અજ્ઞાની આત્માને અનાદિ કાળના અભ્યાસને લઈને કર્મજન્ય સુખની જ અભિરુચિ હોય છે અને તેથી કરીને જ જડ જગતની ક્ષણિક સુંદરતા જોઈને

તેને પ્રાપ્ત ન્વા પુન્યકર્મનો ઉપાસક બને છે, પણ કર્મ માત્રના સહારક બનતો નથી અને પરિણામે કર્મની પર તત્રતામથી મુક્ત થવાને બદને વધુ ને વધુ બદ્ધ થતો જાય છે જેથી જીને તે નિરતર કર્મનો દાસ બનતો રહે છે

મોહના મોજા ભરી વળી દુખના દરિયામા ડૂબેલુ જગત ગુખરાતિ માટે ફાફા મારી રહ્યુ છે, દુખગર્ભિત દુખ પૂર્ણ સુખમા સ તાપ માની કિમતી માનવજીવન ખોઈ રહ્યુ છે, પણ અશાતાવેદનીયનો અત લાવ્યા સિવાય સુખ કયાથી? તન તે અશાતાનો અત જીવ માત્રને શાતા પહોચાડયા સિવાય કયાથી? ધન બાગ, બગલા, કુટુબ પરિવાર, સપત્તિ આદિ શાતા સિવાય બધુ યે નકામુ શાતા તથા અશાતાના અત સિવાય, અર્થાત્ વેદનીય કર્મના ક્ષય સિવાય સાચી અને શાશ્વતી શાતા કયાથી?

દ્રવ્ય આરાગ્યતા તો અનતી વખત મળી, શાતાવેદનીય ા ઘણી વખત ભોગવી પણ ભાવ આરાગ્યતા વેદનીય ર્મના અભાવરૂપ આત્માએ આજ સુધીમા પ્રાપ્ત કરી નથી અને તેથી કરીને જ આત્માના સુખની દરિદ્રતા ટળી નથી. બદલાની આશા રાખ્યા વગર જીવને શાતા આપનાર, ભાવ આરાગ્યતા મેળવી શકે છે અને આશાવાદી દ્રવ્ય આરોગ્યતા મેળવે છે જગત આશાવાદી છે, એટલે જ અતે નિરાશ બને છે આશાવાદીની નિરાશા આત્મવિકાસ કરવાની હોય છે નિરાશા તે જ વૈરાગ્ય ભાવ છે આ નિરાશા જ્ઞાનપૂર્વક અને અજ્ઞાનપૂર્વક હોય છે

જ્ઞાનપૂર્વક નિરાશા વસ્તુના યથાર્થ જ્ઞાનથી થાય છે અને અજ્ઞાનપૂર્વક નિરાશા ઇચ્છિત પૌદ્ગલિક વસ્તુ ન મળવાથી થાય છે અજ્ઞાનજનિત નિરાશા અને જ્ઞાનજન્ય નિરાશા બન્ને વૈરાગ્ય ભાવના છે

અજ્ઞાનજન્ય નિરાશા દુ ખગર્ભિત વૈરાગ્ય અને જ્ઞાનજન્ય નિરાશા જ્ઞાનગર્ભિત વૈરાગ્ય કહેવાય છે બન્ને પ્રકારના વૈરાગ્યને અ ગે ત્યાગ પણ દુ ખગર્ભિત અને જ્ઞાનગર્ભિત એમ બે પ્રકારના હોય છે દુ ખગર્ભિત વૈરાગ્યથી કરવામા આવતો ત્યાગ આશાગર્ભિત હોય છે અને તે જડાસક્ત જીવોમા પરિવર્તન પામતો નથી, કારણ કે પૌદ્ગલિક સુખોની ઇચ્છા હોવા છતા ન મળવાથી નિરાશ બનીને ભાવીમા મેળવવાની આશાથી કરવામા આવે છે, જેથી કરીને પુન્ય પ્રાપ્ત કરીને પોતાની આશા સફળ કરે છે દુ ખગર્ભિત વૈરાગ્યજન્ય ત્યાગ ધર્મ અ ગીકાર કરવાવાળાને જો મોહનીય કર્મનો ક્ષયોપશમ થઈ જાય અને જ્ઞાન પ્રાપ્ત થાય તો તે દુ ખગર્ભિત વૈરાગ્ય જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પણ થઈ શકે છે. અને જ્ઞાનગર્ભિત વૈરાગ્યજન્ય ત્યાગથી આત્મવિકાસ પણ કરી શકે છે ક્ષણિક, અનિત્ય, અસાર આદિ વસ્તુના યથાર્થ જ્ઞાનથી થવાવાળી નિરાશા, સાચો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે આ નિરાશા આશાજન્ય નિરાશા ન હોવાથી આત્મવિકાસની અ ગભૂત છે યથાર્થ આત્મસ્વરૂપનો અ શ છે આ નિરાશા સર્વ કર્મનો સ હાર કરી આત્માને સ પૂર્ણતયા સ્વત ત્ર બનાવવાવાળી છે અને તે નિરાશાજન્ય નિરાશા હોવાથી આત્મ સ્વરૂપ વિરક્તભાવને જ કહેવામા આવે છે

જગતનો આશાવાદ એટલે મોહનું સામ્રાજ્ય. મોહની સત્તા પરિવર્તનશીલ સંસારનો કોઈપણ સભ્ય જ્યાં સુધી આશાનો આશ્રિત છે ત્યાં સુધી મોહના નિયમનું લેશ માત્ર પણ ઉલ્લંઘન કરી શકતો નથી, કારણ કે ઉલ્લંઘન કરવાથી મોહનીયની કઠિનમાં કઠિન શિક્ષાનું પાત્ર બને છે જે સભ્ય સબળ બની આશામુક્ત થાય છે અને મોહના નિયમનું ઉલ્લંઘન કરીને બંડ ઉઠાવે છે તેને પ્રથમ તો મોહ તરફથી અનેક પ્રકારની યાતનાઓ ભોગવવી પડે છે, પરંતુ આશામુક્ત હોવાથી પરિણામે મોહ ઉપર વિજય મેળવી સંપૂર્ણ આત્મશક્તિનો વિકાસ કરી શકે છે, જેથી કરીને સાચી સુખશાંતિ અને આનંદનો ભોક્તા બને છે આશાનો આશ્રિત કોઈ પણ કાળે મોહ ઉપર વિજય મેળવી શકતો નથી, કારણ કે જેની આશા કરવામાં આવે છે તે વસ્તુ જડનો વિકાર છે અને આશા મોહનો વિકાર છે. બન્ને જડ હોવાથી અને જડ વસ્તુઓની પ્રાપ્તિ કર્માધીન હોવાથી આત્માને નિરંતર જડની સેવા કરવી પડે છે. જ્યાં સુધી આત્મા સેવક છે ત્યાં સુધી નિર્બળતાના અંગે કર્મ ઉપર વિજય મેળવવો ઘણો જ કઠિન છે, માટે જ મોહકર્મ ઉપર વિજય મેળવનારે જડ તથા જડના વિકારો પાસેથી સુખ આદિની આશાથી સર્વથા રહિત થવું જોઈએ

જડ સંસારથી નિરાશ રહેનાર જ શાંતિ મેળવી શકે છે ચિત્તની શાંતિ નિર્વિકલ્પતાની ઉત્પાદક નિરાશા જ છે. આશાબદ્ધ આત્માના ચિત્તમાં જડ સંસારના પદાર્થોમાં ઇષ્ટ અનિષ્ટની ભાવના હોવાથી અનેક પ્રકારના સંકલ્પવિકલ્પરૂપ

તરંગોનું ઉત્થાન નિરંતર થયા જ કરે છે કે જેને અસમાધિ-અશાંતિ કહેવામાં આવે છે. જ્યાં સુધી આશાનું વાવાઝોડું શાંત થાય નહિ ત્યાં સુધી સંકલ્પવિકલ્પની તરંગોમાં સ્થિરતા આવી શકતી નથી. અને જ્યાં સુધી સંકલ્પની તરંગોમાં અસ્થિરતા છે ત્યાં સુધી શાંતિ કે સમાધિ નથી–ત્યાં સુધી આનંદસ્વરૂપ આત્મા નિર્દોષ–નિર્વિકાર બની શકતો નથી. નિર્દોષ બન્યા સિવાય આત્માને પૂર્ણ સ્વતંત્રતા મળી શકતી નથી. પૂર્ણ સ્વતંત્ર બન્યા સિવાય અપુનરાવૃત્તિ સ્થાન હોઈ શકતું નથી અને ભવભ્રમણ ટળી શકતું નથી.

સાધન ધર્મ નથી.

સંસારવાસી જીવો ઉપર મોહનીયના રાગ અને દ્વેષ બન્ને દુઃખોએ એટલી બધી સત્તા જમાવી છે કે જેને જોઇને ઉપશમભાવવાળા પણ આશ્ચર્ય પામે છે. મને વિચાર કરતાં હજુ સમજાતું નથી કે સંસારવાસીઓ ધર્મના નામે આપસમાં દ્વેષ તથા વૈરવિરોધનો આદર શા માટે કરતા હશે? એકબીજાને અળખામણા તથા અપ્રિય કેમ લાગતા હશે? જીવમાત્ર એક જ ધર્મવાળા છે. કોઇનો પણ ધર્મ જુદો નથી. જુદા ધર્મવાળું તો જડ છે અને તે જ વિધર્મી છે, તો પછી જીવો ધર્મમાં શા માટે ભેદ પાડતા હશે?

અજ્ઞાન માણસ તો પરમાત્માના માણસોને લઇને જુદા જુદા ધર્મ સ્થાપન કરે છે. અમુક વૈષ્ણવધર્મી છે. અમુક શિવધર્મી છે અમુક જિનધર્મી છે. પરમાત્માના નામોને લઇને આત્મધર્મમાં કેવી રીતે ભેદ પાડયા તે જ આશ્ચર્યજનક છે.

ખરુ જોતા તો આત્મધર્મમા કોઈ પણ પ્રકારનો ભેદ નથી અનેક આકૃતિ તથા પ્રકૃતિમા જણાતા જીવમાત્ર સ્વરૂપે એક સરખા જ છે ગમે તે દેહમા જીવો કેમ ન રહેતા હોય પણ જ્ઞાનદર્શન તથા પ્રદેશમા જરા ય ભેદ નથી આત્મધર્મમા અભેદદૃષ્ટિ થયા સિવાય રાગદ્વેષ ઓછા થતા નથી અને રાગદ્વેષ ઓછા થયા સિવાય આત્મવિકાસ થતો નથી સધાય પોતાને સમ્યગ્દૃષ્ટિ માને, પણ વાસ્તવિક સ્વરૂપમા અભેદદૃષ્ટિ થયા સિવાય સમ્યક્ત્વ ક્યાથી ? આત્મધર્મમા ભેદબુદ્ધિ અને જડધર્મમા અભેદબુદ્ધિ તે કાઈ સમ્યક્ત્વ કહી શકાય ? અને જ્યા સમ્યક્ત્વ નથી ત્યા જ્ઞાન ક્યાથી હોય ? અને જ્ઞાન વગર વિકાસ ક્યાથી ?

સાધનને ધર્મ માનનારાઓ સાધનને દૃષ્ટિમા રાખીને આ સધર્મમા ભેદ પાડ છે પણ સાધન માત્ર જડ છે તે સાધ્ય ચૈતન્યના ધર્મમા કેવી રીતે ભેદ પાડી શકે ? નામ, સ્થાપના, પુસ્તક, માળા, દેહક્રિયા, ભેખ બધાય જડ તે જ્ઞાનદર્શનચારિત્ર ધર્મમા પરિવર્તન કેવી રીતે કરી શકે ? અનાદિ કાળથી આત્માના પ્રદેશોમા ઓતપ્રોત થઈને રહેલુ કર્મ-જડ આત્મધર્મમા પરિવર્તન કરી શક્યુ નથી, તો પછી કોઈક વખત જ સબધમા આવનાર જડ આત્મધર્મને તે કેવી રીતે ફેરવી શકે ?

સાબુ કપડાના તાતણા ઉપર રહેલા મેલને દૂર કરી શકે, પણ તાતણાઓને લાલ, પીળા કે કાળા ન બનાવી શકે જડ સાધનો આત્મપ્રદેશ ઉપર રહેલા કર્મ-જડને

ખસેડી શકે પણ આત્મપ્રદેશોને જ્ઞાનદર્શનની તારતમ્યતા કે વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળા ન બનાવી શકે. અજ્ઞાનતાથી જડ સાધનોને વળગી રહી વેરવિરોધનો આશ્રિત બની આત્મધર્મમાં ભેદદૃષ્ટિ રાખનાર આત્મદ્રોહી હોવાથી આત્મવિકાસનો અનધિકારી છે.

મનુષ્ય માત્ર જાણે છે કે માણસ અન્ન ખાઈને જીવે છે. માણસને જીવવાનું સાધન અન્નપાણી છે, છતાં કોઈ માટી તથા પથરા જેવી વસ્તુને ખોરાક તરીકે વાપરી જીવવાનું સાધન બનાવે તો તે સર્વથા અનુચિત સાધન કહી શકાય. અને જીવવાને માટે કોઈ પણ માણસ તેનો ઉપયોગ ન કરે તો પછી આત્મવિકાસનાં સાધન સમ્યગ્ જ્ઞાન, સમતા, શાંતિ, સમભાવ, વૈરાગ્ય, ત્યાગ આદિ હોવા છતાં કોઈ રાગ, દ્વેષ, વૈર, વિરોધ, અદેખાઈ, અસહિષ્ણુતા, ઘૃણા, તિરસ્કાર, નિર્દયતા આદિને આત્મધર્મના વિકાસનાં સાધન બતાવે તો તે ડાહ્યા અને જ્ઞાની પુરુષો કેવી રીતે માની શકે? અને આત્મવિકાસ માટે કેવી રીતે ભાન ભૂલી તન્મય બને? વસ્તુ માત્રનું અસ્તિત્વ હયાતી–હોવાપણું ધર્મને અવલંબીને રહેલું છે. સાકર મીઠી, કરિયાતું કડવું, મીઠું ખારું. આત્મા જ્ઞાનદર્શનવાળો, જડ વર્ણ, ગંધ, રસાદિવાળું ઇત્યાદિ વસ્તુઓના ધર્મનું ખંડન–નાશ કરવા અનાદિ કાળથી અત્યાર સુધીમાં થઈ ગયેલી સમર્થ વ્યક્તિઓમાંથી કોઈ પણ સમર્થ થયું નથી, થશે પણ નહિ અને હયાત પણ નથી કે જે ધર્મનું ખંડન કરી શકે. સમજાતું નથી કે અત્યારે મનુષ્યો એકબીજાના ધર્મનું ખંડન કેવી રીતે

કરતા હશે? ધર્મનું ખંડન કરવા જતા આત્માના પોતાના ધર્મને ઢાંકી દેવા ગાઢ કર્મના પડદાઓ બનાવી સમ્યગ્ જ્ઞાનદર્શનાદિને ઢાંકી રહ્યા છે

સાધનોનું પણ ખંડન થઈ શકતું નથી, કારણ કે સાધનો પણ પોતાના જ સ્વરૂપમાં રહેવાના સાધન પણ વસ્તુ જ અને તે કથન માત્રથી નાશ થઈ શકતું નથી સાધનોના ઉપયોગનું જો ખંડન નહિ પણ સાધનની સાધ્ય પ્રત્યેની અનુકૂળતા-પ્રતિકૂળતાનો વિચાર કરતા હોય તો કંઈક અંશે ઉચિત ગણાય, પણ ત્યાં કદાગ્રહ, મિથ્યા જ્ઞાન, મિથ્યા અભિમાન, રાગ દ્વેષ, વૈરવિરોધ, ઘૃણાદિને અવકાશ જ નથી. જ્યાં આ વસ્તુઓ છે ત્યાં વિચાર નથી પણ વિવાદ જ છે અને જ્યાં વિવાદ છે ત્યાં વિકાસ જ નહિ પણ વિનાશ તિરોભાવ જ છે

પોતાનું માનેલું (મંતવ્ય) સાચું મનાવવા બુદ્ધિનો દુરુપયોગ કરી કુયુક્તિઓનો આશ્રય લો અથવા તો પ્રમાણિક પુરુષોના વચનોને પોતાના વિચારોમાં જણાવો, કોઈ રીતે વસ્તુતું ખંડન કરી શકવાના નથી તેમજ શ્રય કે વિકાસ પણ કરી શકવાના નથી વિકાસના વિરોધી મિથ્યા જ્ઞાનાદિનો આશ્રય લઈને અને અજ્ઞાનવશ થઈને ખોટી પ્રસિદ્ધિ તથા મોટાઈ મેળવવા સાધનોના ખંડન-મંડનમાં ઊતરનાર અજ્ઞાની જીવોથી પોતાનો સ્વાર્થ સાધી શકે ખરા, પણ જ્ઞાની પુરુષોની દૃષ્ટિમાં તો તેઓ દયાના જ પાત્ર છે

વિચારશ્રેણી

૬૩

પરમાત્માના અપરાધીની સજા ઘડવાનો તમને હક નથી, છતા તમે સજા ઘડવાનુ સાહસ કરશો તો તમારા સકલ્પ પ્રમાણે તમારે સજા ભોગવવી પડશે પ્રભુના અપરાધીની સજા પ્રભુના નિયમ પ્રમાણે તેને થશે જ, માટે તમારે તેની ચિતા કરવાની આવશ્યક્તા નથી અને તમારા અપરાધીની સજા પણ તમારે ઘડવી નહિ, નહિ તો તે પણ તમારે ભોગવવી પડશે, કારણ કે તમારા વાક વગર કનડે તે પરમાત્માનો ગુન્હેગાર છે આ બન્ને પ્રકારના ગુન્હેગારોની સજા ઘડવાને માટે પ્રભુએ તમને આજ્ઞા આપી નથી, માટે પ્રભુની આજ્ઞાનુ ઉલઘન કરશો નહી

કાદવથી ખરડાયલુ વસ્ત્ર કાદવથી સાફ થાય નહી, પણ પાણીથી સ્વચ્છ બનીને શ્વેત થાય છે, તેવી રીતે દોષોથી દોષો દૂર થાય નહી પણ ગુણોથી દોષો દૂર થાય છે અર્થાત્ ઇર્ષ્યા, દ્વેષ, અસહિષ્ણુતા આદિ દોષોથી કલકિત માનવી બીજામા રહેલા દોષો દૂર કરીને ગુણ બનાવી શકે નહિ, પણ સજ્જનતા, હિતૈષિતા આદિ સદ્ગુણોથી વાસિત માનવી જ બીજાને દોષમુક્ત બનાવીને સદ્ગુણોનો આરોપ કરી શકે છે

બીજાના અવગુણ કે અહિતકરસૂચક પ્રવૃત્તિ જોઇને અણગમો કે તિરસ્કાર થવો તે દોષ છે અને દયા તથા પ્રેમથી હિતબુદ્ધિ થવી તે ગુણ છે જનતામા બીજાના દોષોનું વર્ણન કરી સતોષ માનનાર દુર્જન છે અને ગુણ ગાઇને ખુશી થનાર સજ્જન છે

જે પોતાના હૃદયનો અનુવાદ ન કરી શકે તે બીજાના હૃદયના અનુવાદનો અનુવાદ કેવી રીતે કરી શકે?

મારા સાત અનુભવી મહાપુરુષો કહેતા આવ્યા છે કે સસાર એક પ્રકારની નાટ્યશાળા છે અને તેમા પ્રાણીમાત્ર પાત્રો-એક્ટરો છે તે પોતપોતાનુ નાટક ભજવી રહ્યા છે આ નાટ્યશાળામા નાટક કરનારાઓનો વ્યવસ્થાપક-મૅનેજર મોહનીય કર્મ છે આ પ્રમાણે કહેવાય છે, વચાય છે અને ઉપદેશાય છે આ વાત અનુભવસિદ્ધ-તદ્દન સાચી જ છે, જેમકે, ઘાચી મોચી, તરગાળો, મુસલમાન, બ્રાહ્મણ, કુભાર, કોળી, વાણીયો, ઢેઢ, વાઘરી બધાએ ભેગા થઈને એક મડળી-નાટક કપની ઊભી કરી છે પછી ભર્તૃહરિ આદિ રાજા મહારાજાઓનુ નાટક ભજવે છે તેમા પિતા, પુત્ર, સ્ત્રી, પુત્રી, બહેન, માતા, કાકો, ભત્રીજો, શત્રુ, મિત્ર આદિ સબધોથી જોડાઇ જાય છે, અને એવા પ્રકારના ભાવો ભજવી બતાવે છે કે જેનાથી જોનાર ઉપર ઘરામા સારી અસર થાય છે જાણે સાચા જ સબધીઓ હોય તેવુ જણાય છે, પણ નાટક પૂરુ થાય એટલે બધાય પોતપોતાના વસ્ત્રો કાઢી નાખીને કિનારે મૂકે છે કે તરત જ પાછા મોચીનો મોચી

અને ઘાટીનો ઘાટી, પાછા હતા તે રૂપમા ફેરવાઇ જાય છે અને માતા, પિતા, પુત્ર આદિના સબધ જેવુ કશુએ રહેતુ નથી

નાટકના જુદા જુદા ખેલોમા એકમા માતા હોય તે બીજામા સ્ત્રી, અને સ્ત્રી બની હોય તે માતા અથવા માતા હોય તે પિતા અને પિતા હોય તે સ્ત્રી થાય છે અર્થાત્ જુદા ખેલમા સબધો ફેરવાઇ જાય છે તેમ સસારના સબધોની પણ એવી જ સ્થિતિ છે

પોતાને ગમે તે બીજાને મનાવવુ છે, પણ બીજાને ગમે તે સાચુ પણ પોતે માનવુ નથી આ તે કેવો ન્યાય !

અજ્ઞાની બાળકને ફોસલાવવાને તો માટીના કેરી, નારગી, મોસબી, દાડમ, કેળા, સતરા, જામફળ વિગેરે ફળો દેખાડશો તો ચાલશે પણ જ્ઞાની પુરુષોને માટે તો સાચા ફળો મેળવ્યા વગર નહિ ચાલે

કાઇક આત્મિક શક્તિ મેળવી હોય તો સ્વામી બનીને બીજાનુ શ્રેય કરો, નહિ તો સેવક બનીને બીજાનુ શ્રેય કરો, બન્ને દશામા સ્વાર્થરહિત એકાત હિતબુદ્ધિ હોવી જોઈએ

બીજાની તરફથી હાસી, તિરસ્કાર, અણગમો કે અપમાન વિગેરેનો ભય ન રાખીને હૃદયની સરળતાપૂર્વક તમને ગમતુ હોય તે કહો અને કરો જો તમે ભૂલતા હશો તો તમને બીજા સુધારશે અને સાચુ હશે તો સ્વીકારશે

શુ સુધારવુ છે તે નક્કી કરો, અને પોતે સુધર્યા પછી જ બીજાને સુધારવા પ્રયાસ કરો

સાચી રીતે ઓળખી શકતી નથી. કેટલાક તો કેવળ નિદ્રાને જ પ્રમાદ તરીકે ઓળખે છે. જો કે નિદ્રામાં પ્રમાદનું સંપૂર્ણ સ્વરૂપ આવી જાય છે તો પણ જનતા જે નિદ્રાને ઉદ્દેશીને પ્રમાદ તરીકે ઓળખે છે તે નિદ્રાનું અપૂર્ણ સ્વરૂપ હોવાથી પ્રમાદ સાચી રીતે ઓળખાતો નથી. માનવજાત સમજી શકે તેવી પ્રમાદની સાદી વ્યાખ્યા ભૂલ થાય છે અર્થાત્ પ્રમાદ એટલે ભૂલ. જે ભૂલે છે તે પ્રમાદી કહેવાય છે. સંસારમાં જે જીવો આ લોક અને પરલોક સંબંધી દુઃખ વઠી રહ્યા છે અને આપત્તિ-વિપત્તિ ભોગવી રહ્યા છે તે બધુંય ભૂલનું જ પરિણામ છે. ચિંતા, શોક, આધિ-વ્યાધિ, દરિદ્રતા, કલેશ, જન્મ, જરા, મરણ વિગેરે જે કાંઈ જીવો અનુભવે છે તેનું મુખ્ય કારણ પોતાની ભૂલ જ છે. જ્યારે માનવી કોઈપણ પ્રકારના લાભને ઉદ્દેશીને કોઈપણ પ્રવૃત્તિ કરે છે અને નિષ્ફળતા મેળવે છે ત્યારે કહેનાર કહે છે કે-તમે ભૂલ્યા આમ નહીં પણ આમ કર્યું હોત તો તમને ધાર્યો લાભ મળત. કોઈ મેડા પર જવા દાદર ચઢતાં હેઠો પડે તો કહેશે કે તમે પગથિયું ભૂલ્યા; કોઈ ગામ જવા નીકળે અને દિશા બદલાતાં કોઈ મુસાફરને ગામનું અંતર પૂછે તો કહેશે કે તમે માર્ગ ભૂલ્યા; વેપાર કરતાં ખોટ આવી તો વેપાર કરતાં ભૂલ્યા, કોઈને પૈસા આપતાં વધારે આપી દીધા તો ગણતાં ભૂલ્યા; કોઈને ગાળ દીધી ને તમાચો ખાધો તો ભૂલ્યા. આવી ભૂલોને કેટલાક પ્રમાદ થયો એમ પણ કહે છે. આ પ્રમાણે બાહ્ય વ્યવહારમાં જ્યાં આપત્તિ-વિપતિ અથવા તો પ્રતિકૂળતા અનુ-

ભવવાના પ્રસ ગો ઉપસ્થિત થાય છે ત્યા ભૂલ-પ્રમાદને કારણ બતાવવામા આવે છે, પણ જ્યા સુખ-સ પત્તિ અને અનુ કૂળતા અનુભવાય છે ત્યા ભૂલ કહેવાતી નથી.

જેમ કૃત્રિમ જીવનની બાધક અને ઘાતક પ્રવૃત્તિ તથા માન્યતાઓ ભૂલ-પ્રમાદ તરીકે ઓળખાય છે તેમ નૈસર્ગિક જીવનની પણ ઘાતક અને બાધક પ્રવૃત્તિયો તથા માન્યતાઓને સર્વજ્ઞના સિદ્ધાતમા પ્રમાદ તરીકે ઓળખાવી છે, અને તે અનાદિકાળની જીવની એક પ્રકારની ભૂલ છે, તેનુ મૂળ કારણ મિથ્યાજ્ઞાન-મિથ્યાત્વ છે મદ્ય-વિષય આદિ પ્રમાદના સહાયક-ઉત્પાદક-પ્રવર્તક છે, જીવ ભૂલતો આવ્યો છે તેની ભૂલના પોષક છે માનવામા અને વર્તવામા જે નિરતર ભૂલ કરે છે તેને દુનિયા મૂઢ કહે છે તેમ માનવામા અને વર્ત-વામા અનાદિ કાળથી ભૂલ કરનાર જીવો સર્વજ્ઞની દૃષ્ટિમા મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની તરીકે ઓળખાય છે અને તેઓ નિર તર નૈસર્ગિક જીવન સુખ, આનદ વિગેરે પોતાની સાચી સ પત્તિ ખોઇ રહ્યા છે તેમજ અનેક પ્રકારની આપત્તિ-વિપત્તિ તથા દુ ખોને સહન કરી રહ્યા છે

પીતળને સોનુ માની ઘરેણા ઘડાવનારને જાણ પુરુષો ભૂલવાનુ બતાવે છે તેમ દુ ખને સુખ માની તેને મેળવવા પ્રયાસ કરનારની જ્ઞાની પુરુષો ભૂલ જ કાઢે છે અર્થાત્ પોતાના સ કેતોમા પ્રમાદી કહે છે પોતાના ધર્મોને છોડી દઇને જડના ધર્મોનો આદર કરનાર મોટી ભૂલ કરે છે જડના ધર્મને આનદ તથા સુખસ્વરૂપ માનવા તે સૌથી મોટી ભૂલ-પ્રમાદ

કહેવાય. જે પ્રમાદી છે તેના આત્મા ઉપર શબ્દાદિ જડના ધર્મોની ઘણી જ અસર થયા કરે છે; કારણ કે તેની માન્યતા જ ભુલભરેલી છે, આંખ તથા કાનના વિષયમાં આસક્ત પ્રમાદી આનંદ અને સુખ મેળવવા આત્મગુણઘાતક પ્રવૃત્તિમાં અન્ય અણુજાણુને ધાર્મિક પ્રવૃત્તિ બતાવી પ્રેરનાર મહાપ્રમાદી છે અને તે સોમલને સાકર માની તેનાથી મધુરું મિષ્ટાન્ન બને છે એમ બીજાને સમજાવી મિષ્ટાન્ન બનાવવા પ્રેરણા કરનાર જેટલી ભૂલ કરે છે તેના કરતા અનંતગણી ભૂલ કરે છે. કારણ કે સોમલને સાકર માની ઉપયોગ કરનાર કરાવનાર બંને માત્ર દેહને છોડે છે, ત્યારે જડ ધર્મમાં આનંદ માનનારા જ્ઞાનદર્શનાદિ પોતાની સાચી સંપત્તિ ખોઇને અનંતા જન્મ–મરણ કરે છે.

જ્યાં પ્રમાદ છે ત્યાં ધર્મ નથી અને જ્યાં ધર્મ છે ત્યાં પ્રમાદ નથી. જે આત્મા પોતાને ભૂલે છે તે પ્રમાદી કહેવાય છે, અને જે ઓળખે છે તે અપ્રમાદી કહેવાય છે. અને તે જ ધર્મી કહેવાય છે; કારણ કે અપ્રમત્ત દશામાં વાસ્તવિક ધર્મ છે. અલ્પજ્ઞ જીવોએ માની લીધેલા સુખ–આનંદ પોતાને ભૂલ્યા સિવાય મળી શકતાં નથી; કારણ કે પૌદ્‌ગલિક સુખ–આનંદ ભૂલનું પરિણામ છે, અને એટલા માટે જ અંતમાં આપત્તિ–વિપત્તિના રૂપમાં પરિણત થઇ જાય છે, જેને લઇને જીવો જન્મ–મરણનાં દુઃખો ભોગવે છે. ઇંદ્રિયો સાથે અનુકૂળ પુદ્‌ગલોના સંયોગમાં સુખ માનવું અને પ્રતિકૂળ સંયોગોમાં દુઃખ માનવું અર્થાત્ ઇંદ્રિય અને પદાર્થ બંને જડના સંયોગ–વિયોગમાં સુખ–દુઃખની શ્રદ્ધા

રાખવી તે પ્રમાદ-ભૂલ નહીં તો બીજું શું હોઈ શકે ? આવી ભૂલો કરનાર આત્મા પોતાના સમ્યગ્દર્શનાદિ ગુણોનો વિકાસ કરી શકતો નથી.

પુન્ય કર્મ કે જે શુભ આશ્રવ કહેવાય છે તેને પૌદ્ગલિક સુખની દૃષ્ટિથી ઉપાદેય માનનાર બહુ જ ભૂલે છે. કારણ કે જ્યાં સુધી જડ વસ્તુમાં ઉપાદેય બુદ્ધિ છે ત્યાં સુધી ચૈતન્ય ધર્મમાં હેય બુદ્ધિ રહેવાની જ. જડના ધર્મનો અત્યંત આદર તે જ કરે છે કે જે પોતાના ધર્મને ભૂલે છે. જે પોતાને ભૂલે છે તે દરેક પ્રવૃત્તિમાં ભૂલવાનો જ. આવી મોટી ભૂલ કરનાર મહાપ્રમાદી જ્ઞાનીની પંક્તિમાં ભળી શકતો નથી. વીતરાગના વચનોથી જેટલું વિરુદ્ધ માનવું અને વર્તવું છે તેટલું ભૂલભરેલું છે. જે પ્રવૃત્તિ અને પરિણામ વિષયના પોષક હોઇને મનગમતાં હોય તો પણ પ્રભુની આજ્ઞાના વિરોધી હોવાથી પ્રમાદનું ફળ આપનારા છે. જ્ઞાની ભૂલે નહીં. ભૂલવું તે અજ્ઞાનનું પરિણામ છે. માટે જ્ઞાનીના વચન તથા વિચારોથી દરેક આત્માને સાચો લાભ જ મળે છે; પણ વૈરવિરોધ, શોક, સંતાપ, અશાંતિ અને કલેશ કે જે પ્રમાદના અંગ ગણાય છે તેમાંનું કશુંયે હોતું નથી, જેથી કરીને આત્મિક ગુણની હાનિ ન થતાં વિકાસ જ થાય છે. પ્રભુનો માર્ગ છોડી પોતાની મતિથી ચાલનાર ભૂલ્યા સિવાય રહેતો નથી છતાં તે માનની શીખવણીથી માને છે કે હું ભૂલતો જ નથી. આવી ભૂલ કરનાર અણજાણ મુમુક્ષુને પણ આ પ્રભુનો માર્ગ છે એમ સમજાવી પોતાની ભૂલના માર્ગ તરફ દોરે છે; કારણ કે તે મિથ્યાજ્ઞાનને

લઈને પ્રમાદસ્વરૂપ માન-મોટાઈ તથા ક્ષુદ્ર વાસનાનો કામી હોય છે કે જેને અણજાણ્યુ મુમુક્ષુઓ પાસેથી મેળવી શકે છે પ્રભુના માર્ગમા વિચરનાર અપ્રમાદીને આનંદનો તોટો નથી અને સુખની ઊણપ નથી અક્ષય-અખૂટ સુખ, આનંદ તથા જીવનના ભડારની ચાવી તેમની પાસે જ હોય છે પોતે અપ્રમાદી-ભૂલમુક્ત હોવાથી ક્ષણવિનશ્વર સુખ તથા આનંદશોધતા નથી તેમ જ પૌદ્ગલિક વસ્તુઓમા સારાપણાની ભાવના ભુસાઈ જવાથી સ્વાભાવિક સ્વરૂપ માનસિક અથવા આત્મિક સુખ હોય છે

ભાવથી સૂતેલો જે કાઈ કરે છે તે પણ બધુયે ભૂલ ભરેલુ જ હોય છે, કારણ કે ભાવ નિદ્રાવાળો અણજાણ જ હોય છે એટલે સાચુ ન જાણવાથી બધીયે પ્રવૃત્તિમા ભૂલે છે નિદ્રા એટલે ભૂલવુ-પ્રમાદ, જેમ દ્રવ્યથી સૂતેલાને ભાન હોતુ નથી તેમ ભાવથી સૂતેલો વસ્તુને સાચી રીત ઓળખી શકતા નથી જે વસ્તુ જેવી હોય તેનાથી અવળી રીત જાણે છે એટલે કે તમા અસત્ અને અસત્મા સત્નો આરોપ કરે છે પૌદ્ગલિક વસ્તુઓમા અછતા સુખનો આરોપ કરે છે અને પૌદ્ગલિક વસ્તુઓના ત્યાગસ્વરૂપ આત્મિક સુખમા દુખનો આરોપ કરે છે જેમકે વિષયમા સુખ માને છે અને બ્રહ્મચર્યમા દુખ માને છે, આવી રીતે વસ્તુને જાણવામા અને માનવામા ભાવ નિદ્રાવાળો ભૂલે છે જીવ અનાદિ કાળથી ભાવ નિદ્રામા પડેલો હોવાથી ભૂલમા જ છે, તે જાગૃતિમા આવ્યા સિવાય પોતાની ભૂલ સુધારી શકતો નથી જાગૃતિ, અપ્રમત્ત દશા, ભૂલ સુધારવી ત્રણે

એક જ આત્મસ્વરૂપને ઓળખાવનારા સંકેતો છે. સંસાર-
માં આત્માઓ અનેક વિકૃતિ સ્વરૂપવાળા જણાય છે તે
બધુંયે ભાવ નિદ્રાનું પરિણામ છે. જાગ્યા સિવાય આત્માને
શોધવાની પ્રતિજ્ઞા લઈને નીકળેલા ઘણા જીવો માર્ગ ભૂલીને
જડ જગતમાં ભટકી રહ્યા છે અને આત્મસ્વરૂપની દિશાથી
વિમુખ થઈ રહ્યા છે; કારણ કે અનાદિકાળની ભૂલ સુધારી
નિરંતરના માર્ગની દિશા બદલ્યા સિવાય આત્માને મળી
શકાતું નથી. અને જ્ઞાનચક્ષુ ઉઘાડી જોયા વગર આત્મા
ઓળખી શકાતો નથી. જે જીવો અનાદિ કાળથી જાણેલા,
માનેલા અને ચાલેલા માર્ગને જ સાચો માની અભ્યાસની
પ્રબળતાથી છોડી શકતા નથી તેમને આત્મદર્શન થવું
દુર્લભ છે. જેમ ઊંઘતો દરિદ્રી માણસ સ્વપ્નમાં રાજ્ય મેળવી
પોતાને સુખ-સંપત્તિવાળો માને છે અને એક શાસનકર્તા
તરીકે પોતાને લેખે છે પણ પરિણામે તેમાંનું કશુંયે હોતું
નથી તેમ સાચી સંપત્તિનો કંગાળ ભાવ નિદ્રામાં સૂતેલો
બહારથી દેખાવમાં બધુંયે છોડી દઈને આડકતરી રીતે રૂપાં-
તરથી છોડેલી વસ્તુઓનો ઉપભોગ કરીને પોતાને ભલે
ઉચ્ચ ગુણસ્થાનોમાં માને તેથી કાંઈ વિકાસીની પંક્તિમાં
ભળી શકતો નથી; કારણ કે જાગ્યા વગર-ભૂલ સુધાર્યા
વગર અનાદિકાળથી ચાલેલા માર્ગની દિશા બદલાતી
નથી અને તે વગર તો બધુંયે નકામું છે.

આત્મશુદ્ધિ

૬૫

સંસારમાં સહુ કોઈ ચોખ્ખી વસ્તુને ચહાય છે, ભેગ-સેળ કોઇને પણ ગમતી નથી ખાવા પીવાની વસ્તુઓ ચોખ્ખી જોઈને લે છે, ઘી દૂધનો વાપરનાર મોંઘું મૂલ્ય આપીને પણ ચોખ્ખું ગ્રહણ કરે છે, ઘરેણાં પહેરનાર આદી-સોનું ચોખ્ખું લઈને ઘરેણાં બનાવરાવે છે માનવી ત્યાં સુધી ચોખ્ખાઈ પસંદ કરે છે કે કપડાં પણ મેલાં ગમતાં નથી અને શરીરની શુદ્ધિ માટે તો પૂરતી કાળજી રાખે છે. પણ સાચા જ્ઞાનના અભાવથી માનવી શુદ્ધની શુદ્ધિને વીસરી ગયો છે એટલે અશુદ્ધને શુદ્ધ કરવાના પ્રયત્નમાં અત્યાર સુધી ફાવ્યો નથી, કારણ કે જડ વસ્તુ અશુદ્ધ સ્વરૂપ છે તે કોઇપણ કાળે શુદ્ધ સ્વભાવવાળી થઈ શકતી નથી પણ પ્રકૃતિથી જ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મા વિજાતીય જડ દ્રવ્યના મિશ્રણથી અશુદ્ધ થયો છે તે પોતાની પ્રકૃતિ-સ્વરૂપ શુદ્ધિને મેળવી શકે છે, પણ તે તરફ માનવીનું જરાયે લક્ષ નથી. અને જે તરફ લક્ષ છે તે જડ વસ્તુ છે અને જડ વસ્તુને જે અશુદ્ધ માનવામાં આવે છે તે જડના સંસર્ગથી થયેલી હોય છે, માટે અશુદ્ધને અશુદ્ધનો

ચણુ આવી નથી. પ્રભુશ્રીયે અપરાધીયોના અપરાધની માફી આપીને એક સાથે બે કાર્ય સાધ્યા છે; એક તો જન્માંતરમાં કરેલા અપરાધોની સજા ભોગવીને નિરપરાધી બન્યા અને બીજું અપરાધીને ક્ષમા આપવાથી પોતે નિરપરાધી રહ્યા. નિરપરાધી જીવન જીવી શુદ્ધ બનવા માટે તો પ્રભુશ્રીએ મહિનાઓ સુધી આહારનો ત્યાગ કર્યો અને અપરાધી બનાવનાર મન, વચન અને કાયાના વ્યાપારોનો નિરોધ કર્યો. તેમજ અપરાધોને અટકાવવા માટે બાર વરસ સુધી અપ્રમાદી રહીને સંપૂર્ણ શુદ્ધ બનીને કેવળજ્ઞાન મેળવ્યું, એક ક્ષણ પણ પ્રમાદી રહીને અપરાધને અવકાશ આપ્યો જ નથી

સદા સુખનો ઇચ્છુક સંસારનો યાત્રી આત્મામા નવજીવન જેવા અત્યુત્તમ તીર્થના પ્રદેશમા આવીને પણ મૂઢ રહી જાય અને જ્ઞાન-દર્શન, સુખ તથા જીવનની શુદ્ધિ માટે વીતરાગ પ્રભુના જીવનનુ અનુકરણ ન કરે તો પછી કયા પ્રદેશમા જઇને કરશે ? કારણ કે સંસારના કોઇ પણ પ્રદેશમાં જ્ઞાનાદિ સર્વ શુધ્ધિનું સ્થળ જ નથી, માટે માનવ જીવનમાં જીવનાર આત્માએ સર્વ શુદ્ધિ માટે ઉપરોક્ત પ્રમાણે પ્રભુ જીવનના અભ્યાસી બની અનુપાલન કરવાની જરૂરત છે પ્રભુના ચાલેલાં પંથમાં ચાલ્યા વગર આત્મા પોતાની કોઇપણ પ્રકારની શુદ્ધિ કરી શકતો નથી, અને તે સિવાય તો સદા સુખની ઈચ્છા રાખવી પણ નિરર્થક છે

અશુદ્ધિને લઇને આત્માને અનંતા કાળથી જન્મ મરણ કરવાં પડે છે તે ક્ષમામય જીવન જીવ્યા વગર ટળી

શુદ્ધનો આરોપ કરીને તેનો ઉપયોગ કરે છે અને માને છે છે કે હું શુદ્ધ વસ્તુ વાપરું છું પણ જ્યાં સુધી તે પોતાને ઓળખતો નથી ત્યાં સુધી પોતાની શુદ્ધિ કરી શકતો નથી અને પોતાના આત્માને ઓળખ્યા વગર શુદ્ધ જ્ઞાનદર્શનાદિનો ઉપયોગ કરી શકતો નથી માટે જ માનવીએ પોતાના આત્માને ઓળખીને તેની શુદ્ધિ કરવાને પ્રભુશ્રીએ પોતાને ઓળખાને માનેલી શુદ્ધિ અને તેને મેળવવા આદરેલા ઉપાયોના અભ્યાસી બનવું જોઈએ

ક્ષમાશ્રમણ પ્રભુ શ્રી મહાવીરની પરમ પવિત્ર જીવનચર્યા ઉપર દૃષ્ટિપાત કરવાથી શુદ્ધિનું નાનું રહસ્ય સમજાય છે પ્રભુ શ્રી ક્ષમાના સ્વામી-નાથ હતા પોતે ક્ષમામય જીવન દ્વારા સંપૂર્ણ શુદ્ધ બનીને શાશ્વતી શાંતિ તથા આનંદ મેળવ્યો અને તેના અભિલાષી જીવોને શુદ્ધ બનવા સાચો માર્ગ દેખાડ્યો પ્રભુ જીવનના દરેક પ્રસંગમાં પોતાના આત્માની પાસે ક્ષમા યાચવાનું અને અન્ય આત્માઓને ક્ષમા આપવાનું દૃષ્ટિગોચર થાય છે અને સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર કરનારને યોગ્ય જ લાગશે કારણ કે આત્માપાને ક્ષમા યાચનાર અને પરને ક્ષમા આપનાર નિરપરાધી બની શકે છે અને રહી પણ શકે છે એટલે તેને પરની પાસે ક્ષમા યાચવાની જરૂરત રહેતી નથી પ્રભુશ્રી પ્રસંગે પ્રસંગે અપરાધીઓને ક્ષમા આપીને પોતે નિરપરાધી જ રહ્યા છે, કારણ કે અપરાધી બનવાના કારણો જેવા કે ક્ષુદ્ર સ્વાર્થ, કષાય મદ સત્તાના પોતે સંપૂર્ણ ત્યાગી હતા એટલે તેમને અપરાધીઓને ક્ષમા આપવામાં જરાયે અડ

ચણુ આવી નથી. પ્રભુશ્રીયે અપરાધીયોના અપરાધની માફી આપીને એક સાથે બે કાર્ય સાધ્યા છે; એક તો જન્માંતરમાં કરેલા અપરાધોની સજા ભોગવીને નિરપરાધી બન્યા અને બીજું અપરાધીને ક્ષમા આપવાથી પોતે નિરપરાધી રહ્યા નિરપરાધી જીવન જીવી શુદ્ધ બનવા માટે તો પ્રભુશ્રીએ મહિનાઓ સુધી આહારનો ત્યાગ કર્યો અને અપરાધી બનાવનાર મન, વચન અને કાયાના વ્યાપારોનો નિરોધ કર્યો. તેમજ અપરાધોને અટકાવવા માટે બાર વરસ સુધી અપ્રમાદી રહીને સંપૂર્ણ શુદ્ધ બનીને કેવળજ્ઞાન મેળવ્યું, એક ક્ષણુ પણુ પ્રમાદી રહીને અપરાધને અવકાશ આપ્યો જ નથી

સદા સુખનો ઇચ્છુક સંસારનો યાત્રી આત્મામા નવ જીવન જેવા અત્યુત્તમ તીર્થના પ્રદેશમા આવીને પણુ મૂઢ રહી જાય અને જ્ઞાન-દર્શન, સુખ તથા જીવનની શુદ્ધિ માટે વીતરાગ પ્રભુના જીવનનું અનુકરણુ ન કરે તો પછી કયા પ્રદેશમા જઇને કરશે? કારણુ કે સંસારના કોઇ પણુ પ્રદેશમાં જ્ઞાનાદિ સર્વ શુધ્ધિનું સ્થળ જ નથી, માટે માનવ જીવનમાં જીવનાર આત્માએ સર્વ શુદ્ધિ માટે ઉપરોક્ત પ્રમાણે પ્રભુ જીવનના અભ્યાસી બની અનુપાલન કરવાની જરૂરત છે પ્રભુના ચાલેલા પંથમાં ચાલ્યા વગર આત્મા પોતાની કોઇપણુ પ્રકારની શુદ્ધિ કરી શકતો નથી, અને તે સિવાય તો સદા સુખની ઇચ્છા રાખવી પણુ નિરર્થક છે

અશુદ્ધિને લઇને આત્માને અનંતા કાળથી જન્મ મરણુ કરવાં પડે છે તે ક્ષમામય જીવન જીવ્યા વગર ટળી

શકતા નથી, અને ક્ષમામય જીવન બનાવવા પ્રભુના જીવન નુ અનુકરણ કરવુ જ જોઇએ માનવજાતિમા પ્રભુની ક્ષમાને પોતાની બુદ્ધિથી સુધારીને ઉપયોગમા લેવાની પદ્ધતિ પડી ગઈ છે, પણ તે વિકૃત થયેલી ક્ષમા આત્મશુદ્ધિ સાચવી શકતી નથી શુદ્ધિના સાધક આત્માએ તો પોતાના આત્મા પાસે ક્ષમા માગવી જોઈએ, કારણ કે માનવી પોતાના આત્મા નો જેટલો અપરાધી છે તેટલો બીજાનો નથી મોહની શીખવણીથી મ ર્ક આત્મા શુદ્ધાત્માનો અપરાધી બન્યો છ જો માનવી પોતાના આત્માનો અપરાધ કરતા અટકે તા બીજા જીવાનો અપરાધી બની શકતો નથી એટલે તેમની પાસે ક્ષમા માગવાની પણ જરૂરત રહેતી નથી ફક્ત અપરાધીયોને ક્ષમા આપવાની જ જરૂરત રહે છે

શુદ્ધાત્માને જીવવાને કે આનદ તથા સુખ માટે બીજા જીવાને દુ ખ આપી અપરાધી બનવાની જગાયે જરૂરત નથી, છતા મોહનો દાસ માનવી અનાદિ કાળના કર્મના મ સર્ગને લઇને અજ્ઞાનતાથી બીજા જીવોની પીડાની અવગણના કરીને આત્માને જીવાડવાને અને આનદ તથા સુખ મેળવી આપવાને બીજાના પ્રાણ લઈને આત્માનો અપરાધ કરીને પોતે અપરાધી બને છે, જેની સજા કાળાતરે અથવા તો ભવાતરે આત્માને ભોગવવી પડે છે માનવી આત્માના બહાને પોતાના દેહની તુષ્ટિ-પુષ્ટિ માટે અપરાધ કરે છે જેનુ ફળ આત્માને અનિચ્છાએ પણ ચાખવુ પડે છે આ પ્રમાણે માનવી પોતાના આત્માનો અપરાધી હોવાથી તેની પાસે પોતાના અનેક જન્મમા અનેક દેહને

આશ્રયીને કરવામાં આવેલા અપરાધોની માફી માગી ફરીને આત્માનો અપરાધી ન બનવા સાવધાન રહીને જપ-તપ તથા સંયમ તરફ વધારે લક્ષ રાખી પ્રભુની આજ્ઞાનું પાલન કરે તો જન્માંતરમ કરેલા આત્માના અપરાધોથી મુક્ત થઈને આત્માની શુદ્ધિ સાધી શકે છે. આત્માનો નિરપરાધી બીજા જીવોનો અપરાધી બની શકતો નથી અને અપરાધિયોને ક્ષમા આપીને સંપૂર્ણ શુધ્ધિ મેળવી અકર્મક થઈને શાશ્વત સુખનો ભોગી થઈ શકે છે.

જે પોતાના આત્માની પાસે માફી માગે છે તે બીજા જીવોની પાસે શુધ્ધ અંતઃકરણથી માફી માગવાનો જ; કારણ કે તે સિવાય તો આત્માની પાસે માફી માગી કહી શકાય જ નહી. શુધ્ધ અંતઃકરણથી બીજાની પાસે ક્ષમા માગવી તે જ આત્મક્ષમાયાચના અને અન્યને ક્ષમા આપવી તે આત્માની શુધ્ધિ બીજા પાસેથી ક્ષમા માગવાને 'ખમાવું છુ' એમ મોઢેથી બોલવાની અત્યાવશ્યકતા નથી, કારણ કે જે જીવોની પાસે ક્ષમા માગવામાં આવે છે તેમાંનો મોટો ભાગ જોવા, સમજવા, સાંભળવા અને બોલવાના સાધન વગરનો છે એટલે મોઢેથી બોલ્યા વિના પણ સંસારવાસી જીવમાત્રને સ્વસ્વરૂપે ઓળખીને સમભાવે સર્વ જીવને ક્ષમા આપવી તે જ આત્મશુદ્ધિનું કારણ ક્ષમાયાચના છે. સમજવા, બોલવાના સાધનસંપન્ન જીવ પાસે બોલીને ક્ષમા માગવામાં આવે તો તે કદાચ વિરોધ ટાળી ક્ષમા આપે અને અપરાધની સજા ભોગવવામાં નિમિત્ત ન પણ બને તો પણ બીજાનો અપરાધ કરતી વખતે કાયિક, વાચિક તથા

માનસિક પ્રવૃત્તિ કરવામાં જે અશુભ અધ્યવસાયો થાય છે અને કર્મ બંધાય છે તેની શુદ્ધિ બીજાએ આપેલી ક્ષમા માત્રથી થતી નથી બીજાની આપેલી ક્ષમાથી તો માત્ર વેરની શુદ્ધિ થાય છે, પણ કર્મની શુદ્ધિ માટે જપ-તપ કરવાની અને અપરાધીઓને ક્ષમા આપવાની જરૂરત રહે છે. શ્રી મહાવીર પ્રભુની આત્મશુદ્ધિની ચર્યાની પ્રણાલિકા પણ આવી જ સમન્વય છે પ્રભુશ્રીયે ઉપસર્ગો-પરિસહો સહન કર્યા છે અને તપ પણ કર્યું છે અર્થાત્ અપરાધિયોને ઉપકારી સમજી ક્ષમા આપી છે અને મહિનાઓ સુધી આહારાદિના પણ ત્યાગી રહ્યા છે આ બન્ને ઉપાયોથી પ્રભુશ્રી સંપૂર્ણ આત્મશુદ્ધિ સાધી શકયા છે, માટે આત્મ શુદ્ધિના સાધકે જપ-તપદ્વારા સ્વાધીનપણે અપરાધોથી મુક્ત થવુ અને અપરાધોથી મુક્ત કરવા કોઈ પણ પ્રાણી નિમિત્તભૂત બને તો તેને અપરાધી માનવો નહી પણ ઉપકારી માની તેના અપરાધની ક્ષમા આપવી અને સંપૂર્ણ શુદ્ધિ સાધી લેવી



વિચારશ્રેણિ

૧૬

૧. સંસારમાં જીવો અનીતિ તથા અધર્મનું આચરણ કરીને દુઃખોથી રક્ષણ મેળવવા પૂર્વે ઉપાર્જન કરેલા પુન્યને વાપરે છે, અર્થાત્ અધર્મ કરવા છતાં જે જીવો દુઃખ ન ભોગવતાં સુખ ભોગવે છે તે પૂર્વજન્મના પુન્યનો જ પ્રભાવ છે

૨. મિથ્યાભિમાની માનવીઓ ભલે માની લે કે અમે સુખ મેળવવામાં તથા સુખ ભોગવવામાં સ્વતંત્રપણે સમર્થ છીએ; પણ પુન્ય નાશ થતાં તેમનું મિથ્યાભિમાન ટકી શકતું નથી. પુન્ય ક્ષીણ થતાંની સાથે જ સુખના સઘળાં સાધનો નાશ પામી જાય છે.

૩. અનેક ભવોમાં અનેક પ્રકારનાં કષ્ટો વેઠી ભેગા કરી રાખેલા પુન્યને ધર્મદૃષ્ટિથી જીવમાત્રનું રક્ષણ કરી, જીવોના અશુભ કર્મના ઉદયથી ઉદયમાં આવેલા દુઃખોમાં નિમિત્તભૂત ન બની, પોતાના આત્માને દુર્ગતિમાંથી બચાવી વિકાસી બનાવવા વાપરનારો ડાહ્યો માણસ કહેવાય છે

૪. પુણ્યનો ઉપયોગ પુણ્યકાર્યમાં જ થવો જોઈએ. પુણ્યના ઉદયથી પૌદ્‌ગલિક સુખના સાધનો મળે તો તેનો

પણ પુણ્ય કાર્યમા ઉપયોગ કરવો, પૌદ્ગલિક સુખોમાં લીન બની પુન્ય કાર્ય વિસારી દેવુ ન જોઇએ.

૫. સાચા સુખ માટે બનાવટી સુખના સાધનોનો ત્યાગ કરવો સાચુ સુખ મેળવવા જેટલું પુન્ય ન હોય તો તેટલું પુન્ય ભેગુ કરવા વૈભવ અને જીવન વાપરી નાખવાં અને સાચુ સુખ મેળવવુ

૬ કષાય અને વિષયરૂપ પ્રખર પવનના અનેક પ્રકારની પ્રવૃત્તિરૂપ વાવાઝોડામાં આકડાના રૂની દશાને પ્રાપ્ત થયેલી મનોવૃત્તિવાળા જીવોને શાંતિ, સંતોષ અને સમતા ક્યાથી ? અનેક પ્રદેશોમાં ક્ષણિક સ્પર્શવાળા આકડાના રૂની જેમ અનેક વિષયોમાં ક્ષણસ્થાયી મનોવૃત્તિવાળા જીવને આનંદ અને સુખ ક્યાંથી ? જેટલી અસ્થિરતા તેટલી જ અશાંતિ અને જેટલી અશાંતિ તેટલુ જ અસુખ.

૭ શાંતિ તથા સુખ પ્રાપ્ત કરવા માટે અસ્થિરતા ટાળવી જોઇએ, અસ્થિરતા ટાળવા કષાય-વિષયની મંદતા થવી જોઇએ, અને કષાય તથા વિષયોને મંદ કરવા તેના ઉત્પાદક કારણોથી દૂર રહેવુ જોઇએ

૮ કષાય તથા વિષયને પેદા કરનાર-જાગૃત કરનાર સ્ત્રી, ધન, ઘર, ખેતર, સોનુ, રૂપું, ઝવેરાત, બાગ, બંગલા આદિ વસ્તુઓને છોડયા પછી તે જ વસ્તુઓના સંસર્ગમાં રહેનારની ઘણી જ માઠી મનોદશા થાય છે કષાય તથા વિષય પ્રબળ બની અધિકતર અસ્થિરતા ઉત્પન્ન કરે છે જેથી કરીને

જેની પાસે સ્ત્રી, ધન આદિ વસ્તુઓ નથી તે, અને છતીને છોડનાર બંને એક સરખા દુઃખના ભાગી બને છે

૯. જે કાળે જે ક્ષેત્રમાં શુભ તથા અશુભનો ઉદય થવાનો હોય છે, તે જ કાળે તે ક્ષેત્રમાં માણસને જવા માટે બુદ્ધિ પ્રેરે છે અથવા તો ઉદય તે ક્ષેત્રમાં દોરી લઇ જાય છે ત્યાં ગયા પછી તે માણસને ઉદયના પ્રમાણમાં સુખ–દુઃખ મળે છે આ વ્યવસ્થામાં જરા પણ ફરક પડતો નથી.

૧૦. દવા વિગેરે નિમિત્ત છે, બાકી તો ભાવી નિષ્ફળ થતુ નથી નિમિત્તની પણ ખાસ જરૂરત રહે છે. ભગવાને પણ કોળા પાક ખાધો ત્યારે તેમનો વ્યાધિ ગયો. પોતે જ્ઞાની હતા એટલે જાણતા હતા કે અમુક દ્રવ્યના સંયોગથી મારો રોગ મટશે. આપણે અલ્પજ્ઞ છીયે એટલે આપણને ખબર ન પડે કે કયા દ્રવ્યોના સંયોગથી રોગ મટશે, માટે આપણે ઉપચાર કરવો ઘટે. કયા ઉપચારથી મટશે અને કયારે મટશે તેની ચિંતા કરવાની જરૂરત નથી. અશાતાની શાંતિના સમયે જે ઉપચાર અનુકૂળ હશે તે જ ઉપચાર કરવા આપણી વૃત્તિઓ દોરશે અને અનુકૂળ સંયોગો પણ મળી આવશે. એટલે આપણને શાતા થતાં વાર નહિં લાગે, માટે શું થશે ? આ રોગ કયારે મટશે ? એવું આર્ત્તધ્યાન કરવાની કાંઈપણ જરૂર નથી.

૧૧. શરીરનો સંબધ છે ત્યાં સુધી તેની ઉચિત સાર-સંભાળ રાખવી. શરીરના માટે આપણે કંઈ ઘણા દુઃખો વેઠવાની જરૂરત નથી. શરીરનું ઠીક થતું હોય અને આત્માના

વિકાસમા કાઇક મદદગાર થતુ હોય તો થોડુ ઘણુ સાધા રણ નુકશાન વેઠીયે, પણ જ્ઞાન-દર્શનાદિમા પડેલી ખોટ ઘણા કાળે પણ ન પુરાય તેમજ અનેક ભવો કરી અસહ્ય કષ્ટ વેઠવુ પડે તો શરીરની ઉપેક્ષા જ કરવી યોગ્ય છે

૧૨ સહુ ભાઇ દેહના સબધી છે, આત્માના નથી કરોડપતિ જીવતા હોય છે ત્યારે તેના પુત્રો તેની સેવા-ચાકરી કરે છે તાબેદારી ઉઠાવે છે, સ્ત્રી ઘણો જ પ્રેમ બતાવે છે, મરી જાય છે ત્યારે રુદન કરે છે, છાતી કૂટે છે, વરસ દિવસ સુધી શોક પાળે છે, પુત્રો ઘણા જ દુખી થાય છે, શોકથી ઉદાસ રહે છે, પણ મરનાર શેરીમાનુ કૂતરુ થયુ હોય ને ઘરમા પેસવા આવે તો ધોકા મારીને બહાર કાઢે છે મનુષ્ય જન્મમા અવતર્યા પછી પૂર્વભવનુ—જાતિસ્મરણ-જ્ઞાન થયુ હોય અને આવીને કહે કે—આ બધી મિલકત મારી છે, તમે મારા પુત્રો છો, આ મારી સ્ત્રી છે, તો તેને મારીને બહાર કાઢશે કે આ કોઇ ગાડો માણસ લાગે છે ગરીબ સ્થિતિમા ભીખ માગતો આવશે તો પણ તેને ગાળો ભાડી બહાર કાઢશે પણ તેની કગાળ દશા દૂર કરવા ઘણા પાપ તથા પરિશ્રમ કરી મેળવેલા તેના જ પૈસાનો ઉપયોગ કરશે નહિ

૧૩ મારાથી શ્રેષ્ઠતર, વિશુદ્ધ અને પૂર્ણ સ્વતત્ર મહાન શક્તિ કોઇ અદૃશ્યપણે વિદ્યમાન છે તે માટે તેને પરમ પૂજ્ય માનીને તેના આશ્રય નીચે રહેવુ જોઇયે આવી માન્યતા દરેક સસારગામીની હોવી જોઇએ સસારગામી

જીવો ગમે તેટલા પોતાને સુખી, સમર્થ અને સ્વતંત્ર માને, પણ તત્ત્વદૃષ્ટિથી જોતાં દુઃખી, અસમર્થ અને પૂર્ણ પરતંત્ર છે. સંસારવાસી જીવોનાં જીવન તપાસો, તેમની જીવનદોરી બીજાના હાથમા છે.

૧૪. જે માણસોને ખામી જોવાની ટેવ હોય છે, તેમનું વસ્તુની સુંદરતા તથા ગુણ તરફ લક્ષ જતું નથી, તે તેમની ક્ષુદ્રતા જણાવે છે.

૧૫ કોઈના પણ મતનું પૂર્ણ જ્ઞાન કર્યા વગર સમજ વગરનું બોલી કોઇપણ મતનો તિરસ્કાર કરવો એ માનવી-ની મોટી ભૂલ છે.

૧૬ સંસારની પ્રવૃત્તિયોમાં અભ્યાસ તથા ઉપયોગ-શૂન્ય થવાનુ પ્રયોજન અનાદિ કાળથી દરેક પ્રવૃત્તિની દિશા જોયેલી છે માટે આત્મિક પ્રવૃત્તિની દિશા ન જોયેલી હોવાથી ત્યા અભ્યાસ અને ઉપયોગની ખાસ જરૂરત રહે છે જાણીતા રસ્તાઓમાં માનવીને ધ્યાન રાખવાની જરૂરત નથી રહેતી, અણજાણ રસ્તામાં ધ્યાન રાખવું જ પડે છે, ન રાખે તો ભૂલો પડી જાય અને જવું હોય ત્યા ન જઇ શકે.

૧૭ સંસારમા ઘણાખરા જીવો ફરજિઆત જીવે છે, કારણ કે તેઓ દુઃખે જીવે છે શાથી ? ભોગવિલાસનાં સાધનો બીજાને મળેલાં જોઇને પોતાને મેળવવાની તીવ્ર ઇચ્છા હોવા છતાં ન મળવાથી; લાખો અને કરોડોની લાલસા હોવા છતાં ન પૂરાવાથી; બીજાને નીરોગી, સશક્ત અને ખૂબસૂરત જોઈ પોતાના સરોગી, અશક્ત અને કુબડા દેહ

ઉપર કંટાળો આવવાથી; જ્યાં જાય ત્યાં અપમાન થવાથી, બીજાના આગળ બંગલા જોઇ પોતાનું જીર્ણશીર્ણ ઘર ન ગમવાથી, બીજાની પાસે સુંદર વસ્ત્રો અને ઘરેણાં જોઇ પોતાના જીર્ણ તથા ફાટી ગયેલા વસ્ત્રો અને આભૂષણ વગરના દેહ ઉપર અણગમો થવાથી અને કોઈપણ પ્રકારનો પોતાનો સ્વાર્થ ન સધાવાથી અજ્ઞાની જીવો દુઃખે જીવે છે, માટે તેઓ મરજિઆત ન જીવતાં ફરજિઆત જીવે છે.

૧૮. શું તમે ધનવાન છો ? તમે ધનવાન છો કે તમારો દેહ ધનવાન છે ? મૂલચંદભાઈ, મોતીલાલભાઈ કે પ્રતાપભાઇ ધનવાન છે તેમાં તમારે શું ? દેહના નામથી પેઢીઓ ચાલે અને દેહના નામે ધન જમે થાય તમે તો દેહના પાસે ધન જોઇને ખુશી થાઓ એટલું જ, બાકી તો દેહ તમને પોતાના ધનમાંથી એક પૈસો પણ વાપરવા આપતાં કચવાય છે તમારે પુન્ય અર્થે ફકીરને અથવા ગરીબને એક પૈસો આપવો હોય છે ત્યારે દેહ તમને આપવાની ના પાડે છે અને કહે છે-કે એક પૈસાનું પાન લઈને હું જ કેમ ન ખાઉં ?

૧૯. દેહ માને છે કે મેં ઘણાં કષ્ટ વેઠીને પૈસો મેળવ્યો છે, તે આત્માને શા માટે આપું ? બાગ-બગીચા-બંગલા બનાવી, સિનેમા-નાટક જોઇ, ગાડી-મોટર રાખી, વસ્ત્ર-આભૂષણો અને ફોનોગ્રાફ વિગેરે વાજિંત્રો વસાવી કે સારાં સારાં ખાનપાન તૈયાર કરાવી મારા આનંદ માટે મારા મેળવેલા પૈસાને હું જ કેમ ન વાપરું ? આત્માને ધન આપી દઇ પોતે કંગાળ બની શા માટે દુઃખ ભોગવું ?

૨૦ તમે માનો છો કે-ભલે દેહે પૈસો મેળવનાં કષ્ટ સહન કર્યું હોય, પણ માયા, પ્રપચ, ઠગાઇ અને વિશ્વાસઘાત તો મેં કર્યા છે માટે મારા શ્રેયાર્થે વાપરવા અને કરેલાં પાપોથી છૂટવા દેહે મેળવેલા પૈસામાંથી મને કેમ ભાગ ન મળે? દેહ માને છે કે–એમ તો જીવવધ કરવામાં તથા અસત્ય બોલવામા મે કયા ખામી રાખી છે?

૨૧ તમે માનો છો કે–દેહની દરેક પ્રવૃત્તિમાં મારી સહાયતા છે જો હું મદદગાર ન હોઉં તો દેહ કાંઇ પણ કરી શકતો નથી દેહના કરેલા દરેક અપરાધની સજા મારે ભોગવવી પડે છે દેહ કાંઈ સજા ભોગવતી વખતે સજામાથી છોડાવવા મને મદદ કરતો નથી, પણ દુઃખ ભોગવવામા નિમિત્ત બને છે. જો ફરીને દેહ ન આવી મળતો હોય તો મને કોઈ પણ પ્રકારનું દુઃખ ન થાય અને સજા પણ ન ભોગવવી પડે પરંતુ મને દુખ દેવા પાછો બીજા રૂપમાં આવીને મને હેરાન કરે છે, માટે જો દેહે પોતે મેળવેલા પૈસામાથી મને ભાગ ન આપવો હોય તો બીજું રૂપ ધારણ કરી મને વળગે નહિં. અને જો રૂપ બદલી મારી પાસે આવવુ હોય તો મને મારા શ્રેય માટે, ભાવિમાં સજાથી થવાવાળા દુખોમાંથી છૂટવા માટે પૈસામાંથી ભાગ આપે

૨૨. સંસારમા જીવનો દેહ ઉપર અત્યત સ્નેહ છે. દેહને પોષવા, સુંદર બનાવવા, પુષ્ટબનાવવા જીવ દુર્ગતિ-નાં દુઃખો વેઠવા તૈયાર છે દેહથી જુદા થવામાં જીવને ઘણું જ દુઃખ થાય છે. પોતાની સમગ્ર સંપત્તિ દેહને

ખાતર અર્પણ કરવા હમેશાં તૈયાર રહે છે. પોતાને મળેલા કિંમતી માનવ જીવનને પણ દેહની ખાતર વેડફી નાખે છે. દેહના સુખ માટે પરમાત્માનો સંબંધ પણ છોડવા તૈયાર થઈ જાય છે ચોવીશે કલાક દેહનો દાસ બન્યો રહે છે. પોતે જાણવા છતાં દેહને કુમાર્ગે જવા દઈને સ્વચ્છંદપણે કરેલા દેહના અપરાધોની સજા જીવ પોતે ભોગવી લે છે દેહના અવયવરૂપ પાંચે ઇંદ્રિયોની જે વખતે જેવી ઇચ્છા થાય છે તે પૂરી પાડવા એક ક્ષણ પણ વિલંબ કરતો નથી.

૨૩ જીવ દેહની સેવામાં પોતાની બધી મિલકત ગુમાવી-ને ભીખારી બની ગયો છે દેહના વિલાસની વસ્તુઓ માટે પોતાના શત્રુઓની ઘણી જ ખુશામત કરે છે અને પોતાની જ્ઞાનાદિક કિંમતી વસ્તુઓને બદલે તુચ્છ અને અસાર જડાત્મક વસ્તુઓ દેહને મેળવી આપે છે. જીવનો ચોવીશે કલાકનો પરિશ્રમ દેહને સુખી કરવા માટે જ છે. નિવૃત્તિ, વિશ્રાંતિ, શાંતિ, સમતા આદિ જે પોતાનુ હિત કરવાવાળા પરમ સ્નેહી છે તેને શત્રુ માની તિરસ્કારી કાઢે છે.

૨૪. દેહની શિખામણથી પરમ પવિત્ર ઉચ્ચ આત્મા-ઓની અદેખાઇ કરે છે પોતાની (જીવ) જાતિનો પરમ દ્વેષી બને છે, દેહ માટે જ સ્વનું અનિષ્ટ ચિંતવી તેને પરિતાપ ઉપજાવવામા જ જીવ પોતાનું હિત સમજે છે. આવો દેહનો ગુલામ જીવ સ્વ-પરનું શ્રેય કરી સંસારના ચકમાંથી બહાર નીકળી શકતો નથી તેમજ પોતાનું સર્વસ્વ મેળવી મોહના આકરા દંડમાંથી મુક્ત થઈ શકતો નથી.

૭૫ લક્ષાધિપતિ અને કરોડપતિ એમ માને છે કે મને જે કાંઈ મળ્યુ છે તે મારા જ પ્રારબ્ધનુ છે, પણ આવી માન્યતા તદ્દન ભૂલભરેલી છે કારણ કે તેમણે મેળવેલા ધનમા અનેકનુ પ્રારબ્ધ જોડાએલુ હોય છે, અને તેઓ કોઇ ને કોઇ નિમિત્તથી પોતાનો ભાગ લઈ લે છે રોગ, સેવા, ટટો-ફીસાદ, અને મોજ-શોખ તથા પુત્ર-પુત્રી, સ્ત્રી આદિના નિમિત્તોથી ડૉકટર, નોકર, વકીલ, સિનેમા-નાટક વાળા, દરજી, સોની, સુથાર, લુહાર, હજામ અને સગા-સબધી વિગેરે પોતાનો ભાગ લીધા વગર છોડતા નથી.

૨૬ જેઓ એમ કહે છે કે અમારે વાર્ષિક પાચ હજારનું ખરચ છે, પણ ખરુ જોતા તો તેમની જાતને માટે શેર અનાજ, બે ચાર સાદા વસ્ત્ર અને રહેવાને સાદુ મકાન જોઇએ, તો તેમા વધારેમા વધારે વાર્ષિક પાચસોનુ ખરચ ગણીએ, અને સસાર વ્યવહારમા રીતસરનુ ખરચ ગણીયે તો વર્ષ દિવસના બીજા પાચસો થાય એટલે વાર્ષિક એક હજારનુ ખરચ પોતાની જાતને માટે થાય છે, અને તેમા તેઓનુ પ્રારબ્ધ હોય જ છે. આ પ્રમાણે સસારમા માણસો દુખ વેઠીને અને અધર્મ તથા અનીતિ કરીને ધન ભેગુ કરે છે અને તેને બીજાઓ ખાઈ જાય છે અને પોતે કરેલા પાપની સજા ભોગવે છે

ક્રોધજય

૬૬

કૃષાય ઉપર વિજય મેળવ્યા વગર મુક્તિ મળી શકતી નથી કષાયોથી મુકાઈ જવાનું નામ જ મુક્તિ છે. જેનાથી સસારનો લાભ થાય તે કષાય કહેવાય છે ક્રોધ, માન, માયા અને લોભ એમ ચાર પ્રકારના કષાય છે, તો પણ જન સાધારણમાં કષાયના નામથી ક્રોધ ઓળખાય છે. આ ક્રોધ-કષાય ઉપર વિજય મેળવનારે પ્રથમ તો તેને ઉત્પન્ન થવાના કારણો શોધી કાઢવાં જોઈયે અને પછી તેનો નાશ કરવાના ઉપાય જાણવા જોઈયે જેમ દ્રવ્ય રોગ ઉત્પન્ન થવાનાં અનેક કારણો છે તેમ ભાવ રોગસ્વરૂપ ક્રોધ ઉત્પન્ન થવાના પણ અનેક કારણો છે દ્રવ્યરોગનુ નિદાન કરીને જે ઓષધી આપવામા આવે તો દ્રવ્યરોગ નાબૂદ થાય છે તેવી જ રીતે ભાવ રોગ ક્રોધનુ નિદાન કરીને ઉચિત ઉપાયો કરવામાં આવે તો તે નાશ પામી જાય છે

જ્યારે માનવીને ક્રોધ ઉત્પન્ન થાય ત્યારે તેણે વિચારવું જોઈએ કે મને શાથી ક્રોધ ઉત્પન્ન થયો છે? જો પોતાને દીધેલી ગાળ સાભળીને ક્રોધ આવ્યો હોય તો ગાળ આપ-

નારની સામે કોઇપણ પ્રકારની પ્રવૃત્તિ કરતાં પહેલાં સદ્બુદ્ધિ વાપરીને વિચારવું જોઇએ કે ગાળ શું વસ્તુ છે અને તેનાથી મારું શું નુકશાન થયું છે? પોતપોતાનું નુકશાન અને ગાળ આ ચારે વસ્તુનું સ્વરૂપ લોકસંજ્ઞાથી ન વિચારતા તાત્ત્વિક દૃષ્ટિથી વિચારવું

હુ પોતે એટલે કોણ? જડાત્મક પાચ ભૂતોના બનેલા શરીર સ્વરૂપ નહી પણ શરીરથી ભિન્ન, સંયોગ સંબંધથી રહેનાર શરીરનો અધિષ્ઠાતા ચૈતન્ય સ્વરૂપ, વસ્તુ માત્રનો પ્રકાશક, અજર, અમર, અનામી, અરૂપી, અનંત જ્ઞાન, દર્શન, જીવન સુખસ્વરૂપ અસંખ્ય પ્રદેશી, સ્વસ્વરૂપનો કર્તા તથા ભોક્તા ઉપયોગ સ્વરૂપ આત્મા છું.

મારુ પોતાનું શું છે? તન, ધન અને સ્વજન આદિ મારાં નથી દેહ તથા દેહની સાથે સંબંધ ધરાવનાર વસ્તુ માત્રનો હું સ્વામી નથી સંસારમાં સંયોગ સંબધ ધરાવનાર વસ્તુ માત્ર મારી નથી મારાથી દ્રવ્ય માત્ર ભિન્ન છે અને બધાય દ્રવ્યોથી હું ભિન્ન છું. એટલે કોઈ પણ દ્રવ્ય મારું નથી અજીવ દ્રવ્યથી તો અત્યંત ભિન્ન છું, કારણ કે તે વિજાતીય અને વિરુદ્ધ સ્વભાવવાળું છે માટે તે મારું હોઈ શકે નહીં. મારી સાથે સ્વરૂપ સંબધ ધરાવનાર વસ્તુનો હું સ્વામી છું. એટલે જે કેવળજ્ઞાન–કેવળદર્શન મારાં છે, તેમનો હું સ્વામી છુ હું જીવ દ્રવ્ય હોવા છતાં પણ સ્વજાતીય જીવ દ્રવ્યોથી ભિન્ન છું. સ્વરૂપથી તથા ગુણ-ધર્મથી સમાન હોવા છતાં પણ અનંતા જીવ દ્રવ્ય મારાથી

ભિન્ન છે તો પણ હું તેમનો સ્વામી નથી; કારણ કે તેમનો મારી સાથે (તાદાત્મ્ય) સ્વરૂપ સંબંધ નથી તે બધાંયે દ્રવ્ય છે એટલે તેમનો સંયોગ સંબંધ હોઈ શકે. જો જીવ દ્રવ્ય માત્રનો તાદાત્મ્ય-સ્વરૂપ સંબંધ હોત તો એક જીવની મુક્તિ થવાથી બધાય જીવોની મુક્તિ થઇ જાત તેમજ જો જીવ માત્ર સ્વરૂપ સંબંધવાળા હોય તો સંસારમાં બધાય જીવોમા જ્ઞાન, સુખ, દુઃખ, આકૃતિ, જન્મ, મરણ આદિ સમાન જ હોવાં જોઈએ પણ તેવો અનુભવ કયાંય પણ થતો જણાતો નથી માટે જીવ દ્રવ્યો ભિન્ન છે અને તે સયોગ સંબંધથી ભેગાં રહી શકે છે. કેવળજ્ઞાન અને કેવળ-દર્શન જે મારા છે તેનો જ હું સ્વામી છું, પણ બીજા જીવના જ્ઞાનાદિ મારાં નથી, કારણ કે તે મારા ઉપયોગમાં આવી શકતા નથી જો કે દીપકોના પ્રકાશની જેમ વસ્તુ પ્રકાશવામા અંશ માત્ર પણ અંતર નથી છતાં એક બીજાને કામ આવી શકે નહીં. ભિન્નપણે રહીને જ પ્રકાશે છે, માટે હું બીજા જીવના કેવળજ્ઞાન-કેવળદર્શનનો સ્વામી નથી તો પછી વિજાતીય જડસ્વરૂપ દેહગેહનો સ્વામી કેવી રીતે હોઈ શકુ ? પ્રકૃતિમય કે વિકૃતિમય કોઇ પણ જડ વસ્તુ મારી નથી, તો પછી મારે કોના માટે ક્રોધ કરવો ? હવે ગાળ શું વસ્તુ છે ? કે તેને વાપરનારનું વિરૂપ કરવા મારે ક્રોધનો આશ્રય લેવો પડે છે માનવી ક્રોધનો આદર કર્યા વગર બીજાનું અનિષ્ટ કરી શકતો નથી. ક્રોધ દ્વેષનું અંગ છે અને દ્વેષાધીન માણસ જેના પ્રતિ દ્વેષ હોય તેનું ભલું કરી શકતો નથી, માટે મારે ગાળનું સાચું સ્વરૂપ સમજીને

દુઃખોની મન ઉપર અસર થવાથી લાગણીઓ દુભાવવી તે દયા ન કહેવાય, પણ સર્વથા નિઃસ્વાર્થ વૃત્તિથી બીજાને દુઃખી જોઇને દુઃખી થવું તે દયા કહેવાય છે

દુઃખ બે પ્રકારનુ હોય છે. એક તો પોતાનું અને બીજું પારકું પોતાના દુઃખને મટાડવા બીજાના દુઃખને ન ગણવુ તે નિર્દયતા અને બીજાનું દુઃખ દૂર કરવા પોતાના દુઃખને ન ગણવું તે દયા.

સમભાવી જાણની દયા અને વિષમભાવી અણજાણની દયામાં અંતર હોય છે વિષમ દૃષ્ટિ અણજાણપણાને લઇને ચર્મ ચક્ષુથી જોનારા હોય છે અને સમદૃષ્ટિ જાણ પુરુષો જ્ઞાનદૃષ્ટિથી જુએ છે એટલા માટે જ તેઓ સુખસ્વરૂપ આત્મામા થયેલી અશુદ્ધિ ખસેડવારૂપ દયા કરે છે, જેમા પોતે અનુભવેલા કર્મજન્ય દુઃખોનુ અવલબન લેવામા આવતુ નથી એટલે પોતાનુ દુઃખ ટાળવા પ્રયત્ન કરવામા આવતો નથી ત્યારે અણજાણ પોતે અનુભવેલી દીન હીનતાથી થયેલા દુઃખને બીજાના દુઃખ સાથે સરખાવવાથી ઉત્પન્ન થયેલા દુઃખને દૂર કરવા પ્રયત્ન કરે છે કે જેને સ્થૂળ દૃષ્ટિની દયા કહેવામાં આવે છે જ્ઞાનીયોની દયામાં આત્મિક સુખની દૃષ્ટિ હોય છે અને અજાણની દયામાં પૌદ્‌ગલિક સુખની દૃષ્ટિ હોય છે.

દેહાધ્યાસી માનવી, કે જે શરીર અને જીવને જુદા માનતો નથી-શરીરને જ આત્મા માને છે તેના માટે અધર્મ, અનીતિ કે પાપ પુન્ય જેવુ કશુંયે હોતુ નથી, કારણ કે

તે પોતાને એટલે કોઈપણ નામધારી દેહને સ્વર્ગના સુખ કે નરકના દુઃખ ભોગવતા જોતો નથી, પણ આ જન્મમાં મૃત્યુ પછી અગ્નિમાં બળીને ભસ્મ થતાં કે જમીનમાં દટાતા જુએ છે

બહિરાત્મપણુ ટળે નહીં અને અંતરાત્માની જાગૃતિ થાય નહીં ત્યા સુધી નાસ્તિકતા ટળીને આસ્તિકતા પ્રાપ્ત થવી દુર્લભ છે

મનને ગમે તે ન કહો પણ સાચુ હોય તે કહો, કારણ કે બોલતી વખતે જે તમને ગમે છે તે આવતી કાલે નહીં ગમે એટલે બોલેલુ ફરશે પણ જે સાચું હશે તેમાં ફેરફાર નહીં થાય

લોભી માણસને પ્રમાણિકપણાની પરવા હોતી નથી; કારણ કે લોભ અને પ્રમાણિકતાને આડવેર છે એટલે બન્ને સાથે રહી શકતા નથી, છતાં લોભી માણસ પ્રમાણિક કહેવડાવાનું સાહસ કરે છે વિચારવામા, બોલવામાં અને વર્તવામાં ભૂલ કરે છે એમ બીજાને કહેતાં પહેલાં તેનો આશય, ધ્યેય, ઉદ્દેશ, સાચી રીતે જાણી લેવો, પણ પોતાના વાણી, વર્તન અને વિચારની સાથે સરખામણી કરી બીજાની સૂચના કરવાનું સાહસ ન કરવુ તે જ ડહાપણભરેલુ કહેવાય

દ્વેષ બુદ્ધિના આશ્રિત પોતાનાં વાણી, વિચાર અને વર્તનથી અજ્ઞાનીઓમા આદર મેળવી ફુલાવુ તે એક પ્રકારની અજ્ઞાનતા જ કહી શકાય, કારણ કે પોતાની કોઈપણ પ્રકારની પ્રવૃત્તિમાં જ્યા સુધી ઉત્તમ જ્ઞાની પુરુષો સહમત ન

થાય ત્યાં સુધી ઉત્તમતા મેળવી શકાતી જ નથી; માટે પોતાની પ્રવૃત્તિની અજ્ઞાનીઓથી કરાયલી પ્રશંસાથી રાજી થવુ નહીં. આવી રીતે શીખ્યા વગર બીજાને શિખામણ આપવાના કોડ સેવવા તે મૂર્ખતા છે.

સાચો વેપાર કરતાં શીખવો તે જ ઉત્તમતા કહી શકાય, પણ અમુક ખોટો વેપાર કરે છે, એમ જનતાને જણાવવા પ્રયાસ કરવો તે દ્વેષગર્ભિત અધમતા જ કહી શકાય છે કે જેનુ પરિણામ કલેશ અને ઉદ્વેગ સિવાય બીજુ કાંઈ પણ સ્વપરહિતકારી આવી શકતુ નથી.

મિથ્યાભિમાનના અંગે જે કોઈ પોતાના મનમાં એમ સમજે છે કે—હુ ગુણવાન છુ, બુદ્ધિમાન છું, વિદ્વાન છું, ધનવાન છું, કળાવાન છુ અને ગર્વની ગાંઠડીના બીજાને તુચ્છ સમજી જનતામાં પોતાનું મહત્વ જણાવવા પ્ર[illegible] કરે છે તે બધી વાતે વંચિત જ રહે છે અને શિષ્ટ જનતાનું અનાદરનું પાત્ર બને છે

બોલવામા અને લખવામા આશયના [illegible] વગર રહેતા નથી અને તે સાભળનાર તથા [illegible] અસર કર્યા વગર રહેતા નથી, જેથી પરિણામે [illegible]ને અનુસરીને જ લાભ તથા હાનિ કરવાવાળુ નીવડે છે

રહસ્ય જાણ્યા વગર અને અનુભવ [illegible] વગર લખેલુ અને બોલેલુ કેવળ વાચીને [illegible]ને અમે પણ કાંઇક છીએ એમ જનતાને [illegible] કરવા કે શુંક ઉડાડવુ તે જનતાને હાનિમાં નીવડે [illegible]

આવા માણસોને ક્ષુદ્ર સ્વાર્થ સાધવા ગમે તેવાની પ્રશંસાની જરૂરત છે પણ સ્વપરશ્રેયની કાંઇ પણ પરવા હોતી નથી.

ત્યાગી કહેવાતો હોય કે ભોગી કહેવાતો હોય; પણ જ્યાં સુધી જૂઠી પ્રશંસાની પરાધીનતામાંથી મુકાતો નથી ત્યા સુધી તેને આધ્યાત્મિક વાતો કરવાનો પણ અધિકાર નથી, તો પછી આત્મિક ગુણો મેળવવાની તો વાત જ કયાંથી હોય ?

માણસને જીવવાને અન્ન તથા આરોગ્યતા આ બેની તો અત્યંત આવશ્યકતા છે: મકાન અને વસ્ત્રની પણ કાંઈક જરૂરત રહે છે, છતાં જો તે બે વસ્તુ ન મળે તો પણ જીવી શકે છે. બાકી તો વિષયો જેવી કોઇપણ વસ્તુની જરૂરત માનવજીવનમાં જીવવા માટે પડતી નથી, વિષયપોષક સાધન વગર માણસ જીવી શકે છે.

શરીરના વિકારો માનવી માત્રને અણગમો ઉત્પન્ન કરે છે અને તેને કાઢવાને માનવી અનેક પ્રકારના ઉપચારો કરે છે; પણ માનસિક વિકારોથી તો કોઇને પણ અણગમો થતો નથી; તેમજ તેને કાઢવાને કોઇપણ પ્રયાસ કરતું નથી. ઊલટા વિકારો પોષવા તેવા સાધન તથા સંયોગને ખોળે છે. કદાચ અનુકૂળતા મળવાથી વિકારોને પુષ્ટિ મળે છે તો તે અત્યંત રાજી થાય છે એ જ આત્મિક ગુણવિનાશનું લક્ષણ છે; કારણ કે વિકારોનો વિકાસ જ આત્મિક ગુણનો વિનાશક છે માટે જ વિકારપોષક સાધનોથી મહાપુરુષો મુક્ત હોય છે.

બીજાની કૃપા તથા સ્નેહની ચાહના સૌ કોઇને રહે છે;

કારણ કે તેઓ પ્રશંસા તથા ક્ષુદ્ર વાસનાના લોભી હોય છે એટલે ધનથી તથા ખુશામતથી બીજાને પ્રસન્ન રાખે છે, જેથી બીજાઓ તેના ઉપર મહેરબાનીથી તથા સ્નેહથી તેના અછતા પણ ગુણો ગાય છે જે માણસોને પોતે રાજી થાય છે એ જ મોટી અજ્ઞાનતા છે

દુનિયામા કહેવાતા વિદ્વાનોની પ્રશંસા [illegible] તે તો કાઇ દુનિયાને ગમે, પણ મૂર્ખાઓની પ્રશંસા [illegible] બીને ગર્વિષ્ઠ બનનારાઓને તો ડાહી દુનિયા મૂર્ખાઓના સરદાર જ માને છે

જાણો પુષ્કળ જાણો, જાણવુ તે તમારો ધર્મ છે પણ એવુ ન જાણશો કે જેથી તમારુ અકલ્યાણ થાય

સર્વથા ભાવશૂન્ય કેવળ બહારનો [illegible] લોઢાના કડાને સોનાનો ઢાળ ચઢાવવા જેવો છે [illegible] લોઢાની કિંમત ઊપજે પણ સોનાની ન મળે [illegible] નાની કિંમત આપી ખરીદે, પણ સરાફ તે [illegible] નાખીને પરીક્ષા કરી લોઢાની જ કિંમત કરે [illegible]

આત્માનો અપકાર કરીને [illegible] થઈ શકતો જ નથી જો આત્માનો અપકાર કરીને [illegible] માન્યતા હોય તો ત ક્ષુદ્ર સ્વાર્થ[illegible] કરવાની

અજ્ઞાની જનતામા નિરપરાધી [illegible] પ્રમાણ જ છે સાપરાધી બનવુ તે આત્માની [illegible] પ્રભુની દૃષ્ટિમાં

અજ્ઞાની જનતાના આદરથી [illegible] લક્ષણ છે પ્રભુનો માર્ગ ભૂલે છે [illegible] કૃતકૃત્ય [illegible]

રાગ–દ્વેષમા રસ પડતો હોય તો વીતરાગ બનવાની હોશ રાખશો નહી.

વીતરાગની સમતિ બતાવી કષાય–વિષયને પોષનાર વીતરાગને રાગી–દ્વેષી બનાવી, તેમને હલકા પાડવાનુ કલક માથે વહોરે છે, કારણ કે વીતરાગની વાણી તથા વર્તનમાં કષાય–વિષયનો અશ પણ હોતો નથી

વિષયાસક્તિ વગર રાગ–દ્વેષનો આદર થઇ શકતો જ નથી, કારણ કે રાગ–દ્વેષ જ વિષયાસક્તિનુ કારણ છે

છતા–અછતા અવગુણો સાભળીને કે જોઇને ઉપેક્ષા કરવી અથવા તો સમભાવ રાખવો તે સમજુ–ડાહ્યા જ્ઞાની પુરુષોનુ લક્ષણ છે, અને અણગમો કે તિરસ્કાર થવો તે અજ્ઞાની મૂઢ જીવોનુ લક્ષણ છે

તીવ્ર રુચિ અને ઇચ્છાપૂર્વક અવગુણોનો આદર કરીને માનેલુ સુખ, શાતિ તથા આનદ મેળવવા અને જનતામાં તેનો અનાદર બતાવી તિરસ્કાર કરવો તે એક પ્રકારની કૃતઘ્નતા જ કહી શકાય

માનવીને અવગુણી કહેવડાવવુ પસદ નથી, છતા અવગુણનો આશ્રય છોડવો ગમતો નથી

નિરપરાધી તથા ગુણી કહેવડાવવા અજ્ઞાની વિષયાસક્ત માનવીની ખુશામત કરી જેટલી તાબેદારી ઉઠાવવી પડે છે તેટલી જો પ્રભુની ઉઠાવવામા આવે તો સાચા નિરપરાધી બની આત્મિક ગુણ મેળવી શકાય છે

કાઢી નાખો

૭૨

સંગ્રહશીલ આત્મા અનાદિ કાળથી નકામી વસ્તુઓનો સંગ્રહ કરતો આવ્યો છે. કેવળ નકામી જ હોય તો કાંઈ હરકત નહિં પણ આ તો નકામી અને વળી પોતાની અનંત જ્ઞાનાદિ સાચી સંપત્તિની વિનાશક હોય છે અજ્ઞાની આત્મા જાણતો નથી કે જડાત્મક વસ્તુએ મારું કેટલું નુકસાન કર્યું છે આત્માની સાચી સંપત્તિ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, અનંત વીર્ય, અનંત સુખ અને અનંત જીવનનો અત્યંત નાશ કર્યો છે. આત્મામા જાણવાની અનંત શક્તિ છે છતાં એક ઘડી પછી શું થશે તે પોતે જાણતો નથી. આત્માને નિરંતર જાણવાની ઇચ્છા રહ્યા કરે છે; કારણ કે જાણવું તે તેનો ખાસ ધર્મ છે એટલે તેને ન જણાય ત્યાં સુધી તે મુંઝાયા કરે છે. કર્મના ક્ષયોપશમ પ્રમાણે પોતાને સંતોષ થાય તેવું સાચું અથવા તો ખોટું જાણે એટલે શાંતિ મનાવે છે. અણજાણ આત્મા એક બીજાને પૂછીને પોતાની જાણવાની ઈચ્છાને સંતાપે છે. જેમ એક આંધળો માણસ બીજા આંધળાને આંખથી જણાતા જગતની માહિતી પૂછે, તેમ એક અજ્ઞાની બીજા અજ્ઞાનીને તાત્વિક

વસ્તુની માહિતી મેળવવા પૂછે છે, પણ જો આંધળો માણસ આખથી દેખાતા જગતને સાચી રીતે વર્ણવી શકે તો જ અજ્ઞાની જીવ બીજા અજ્ઞાનીને તાત્વિક વસ્તુ સમજાવી શકે દેખતા માણસની પાસેથી સાંભળીને આંધળો આંધળાને સ્વ-કલ્પના-મિશ્રિત કાંઇક કહી શકે છે તેમ જ્ઞાની પુરુષોનાં વચન સાભળીને કે વાંચીને અજ્ઞાની જીવ બીજા અજ્ઞાનીને વસ્તુને સાચી રીતે જાણ્યા વગર પણ સ્વબુદ્ધિકલ્પનાથી સમજાવે છે કે જેમાં અર્ધસત્ય અથવા તો અસત્યની છાયા રહેલી હોય છે

અજ્ઞાનીઓથી ન સમજી શકાય તેવો કોઇ દુખદ અથવા તો સુખદ પ્રસંગ અચાનક આવીને ઉપસ્થિત થાય છે ત્યારે માનવીઓ એમ કહેતા નજરે પડે છે કે પ્રભુ જાણે, કાંઇ સમજી શકાતુ નથી કે આમ અચાનક કેવી રીતે બની ગયુ પ્રભુની લીલા અપાર છે, કોઇપણ કળી શકે તેમ નથી આમ બોલનારમાં જાણવાની અને સમજ-વાની શક્તિ છે દરેક ક્ષણમાં પરિવર્તિત સંસારની પરિસ્થિ-તિને સાચી રીતે જાણી શકે છે. તોયે જે એમ કહે છે કે પ્રભુ જાણે તે તેની સ્વસપત્તિની કંગાલિઅત જ કહી શકાય અને તે કંગાલિઅત ખોટી અને નકામી વસ્તુઓના સંગ્રહથી જ થએલી હોય છે ધનવાન અને ધનહીનને જનતા શ્રીમત અને કંગાળ તો કહી શકે છે, પણ ધનવાળાને માણસ અને ધનહીનને પશુ નથી કહી શકતી. બન્નેને દુનિયા મનુષ્ય તરીકે તો ઓળખવાની જ. તેવી જ રીતે સર્વ કર્મક્ષય થવાથી સાચી અને સંપૂર્ણ સમ્યગ્દર્શનાદિ

સ્વસંપત્તિને પ્રાપ્ત કરનાર અને સર્વ કર્મોના ગાઢતમ આવ-રણને લઇને પોતાની સાચી સંપત્તિથી વંચિત આ બન્નેને જ્ઞાની જગત આત્મા તરીકે તો ઓળખશે જ. કર્માધીન આત્મા શક્તિમાં તો શુદ્ધાત્મ સ્વરૂપ છે, પણ અજ્ઞાનતાથી સુખના સાધન સમજીને પૌદ્‌ગલિક વસ્તુઓના સંગ્રહ અને ભોગથી જડ સ્વરૂપ કર્મના સંસર્ગને લઇને પોતાની સાચી સંપત્તિથી કંગાળ બની ગયો છે.

પાંચે ઇંદ્રિયોની પોષક અનુકૂળ પૌદ્‌ગલિક વસ્તુઓ મેળવીને માનવી પોતાને સુખી માને છે અને તેની દૃષ્ટિથી જોનાર દુનિયા પણ તેને સુખી જ કહે છે અને તે પણ પોતાના સુખીપણાની પ્રતીતિ કરાવવા દુનિયાએ માની રાખેલા પૌદ્‌ગલિક સુખના સાધનોનો સંગ્રહ તેમજ દુનિયાને ગમતાં વાણી, વિચાર તથા વર્તન રાખે છે તે જ તેની મૂર્ખાઈભરેલી ભૂલ કહેવાય છે. હું સુખ ભોગવી રહ્યો છું, એમ કહેનાર અને અભિમાન રાખનાર માનવી જ્ઞાનની નબળાઇને લઇને સમજી શકતો નથી કે તે પોતાની સાચી સંપત્તિની નાશક જડ વસ્તુઓનો સંગ્રહ કરી રહ્યો છે સુખનું અભિમાન રાખનાર માનવી પોતાના આત્માને કર્મના કચરાથી ઢાંકી દે છે. તે કચરો આત્માની અનંત ચતુષ્ટયરૂપ સુંદરતાને ઝાંખી બનાવી દે છે. પુન્ય કર્મથી મળેલી જડાત્મક બાહ્ય સંપત્તિ ભોગવતાં પુન્ય-કર્મ ક્ષય થાય છે અને આસક્તિ ભાવે સુખ માનતાં કર્મસંચય થાય છે અને તેવી જ રીતે પાપકર્મથી મેળવેલી બાહ્ય જડાત્મક સામગ્રી ભોગવતાં પાપકર્મ ક્ષય થાય છે અને આસક્તિ

ભાવે દુ ખ માનવાથી કર્મસંચય થાય છે અર્થાત્ શુભાશુભ કમના ઉદયમા આસક્તિ ભાવે સુખ દુ ખ માનનાર જૂના શુભાશુભનો ક્ષય કરીને નવા અશુભ કર્મનો સ ચય કરે છે, જેથી કરીને આત્મા સ્વસ પત્તિની ક ગાલિઅત ટાળી શકતો નથી અને વધારે ને વધારે ક ગાળ બનવાથી જડની પરાધીનતાની બેડીમા જકડાતો જાય છે કર્મનો કચરો શા માટે ભેગો કરવો જોઈએ ? માનવી સુખ ભોગવવાને કર્મ કરે છે, પણ નિષ્કર્મ બન્યા વગર તો સુખ હોઈ શકે જ નહિ વસ્તુમા એક જ સ્વભાવ હોય છે બે હોતા નથી જો કર્મ સુખસ્વરૂપ હોય તો તે દુ ખસ્વરૂપ થાય નહિં પૂર્વના મહાજ્ઞાની પુરુષોએ પણ કર્મને દુ ખ કહીને ઓળખાવ્યું છે, કયાય પણ કર્મના સ્થાનમા સુખનો પ્રયોગ કર્યો નથી, માટે સુખ ભોગવવા કર્મનો સ ગ્રહ કરવો જોઈએ એમ કહેનાર માનવી તાત્વિક દૃષ્ટિથી મોટી ભૂલ કરે છે શુભ અથવા અશુભ બન્ને પ્રકારના કર્મનો સ ગ્રહ આત્મિક ગુણોને ઝાખા કરી નાખે છે, માટે એકેય કર્મ આત્માના ગુણસ્વરૂપ, જ્ઞાન, જીવન સુખ આદિનો વિકાસ કરી શકે નહિ જો કે મન, વચન, કાયાના યોગવાળો સકર્મક આત્મા ક્રિયા કર્યા વગર રહી શકે નહિ, એટલે તેને દરેક ક્ષણે સાત પ્રકારના કર્મનો સ ગ્રહ થાય જ છે તોયે સાચી સમજણ હોય તો ઘણા જ અલ્પ પ્રમાણમા સ ઘરે છે અને વધુ પ્રમાણમા કર્મના કચરાને કાઢે છે, કારણ કે ઉપયોગ વાળા જ્ઞાની પુરુષો દરેક પ્રવૃત્તિમા ઉદાસીન ભાવે રહે છે.

માનવી અવતર્યા પછી અવ્યક્ત દશા છોડીને જ્યારે સમજણો થાય છે ત્યારે સંગ્રહના સંસ્કારને લઇને પૌદ્‌ગલિક વસ્તુઓના સંગ્રહની પ્રબળ ઇચ્છા ધરાવે છે જડાસક્ત જનતાએ માનેલા પૌદ્‌ગલિક સુખના સાધનોનો સંગ્રહ કરે છે. અને પુન્યના પ્રમાણમા મેળવી પણ શકે છે, છતાં તૃષ્ણા શાંત થતી નથી અને પુન્યથી પૂરી ન શકાય તેવી વસ્તુ મેળવવાના મનોરથ કરે છે પણ પુન્ય ખરચાઈને ઓછું થઈ જવાથી મેળવેલી વસ્તુ પણ ખોઇ બેસે છે એટલે ઘણો જ ઉદ્વેગ કરે છે અને જીવનમાં દુ.ખ અનુભવે છે. તોયે ધર્મ જેવી વસ્તુને–કે જે પૌદ્‌ગલિક સુખના સાધનને મેળવી આપનાર પુન્યનો ઉત્પાદક છે,–જાણતો પણ નથી કદાચ કોઈ ધનાદિ સંપત્તિવાળો અને ધન માટે જ ધર્મ કરનારની ઓળખાણને લઇને સાધુ મહાત્મા પાસે જઇને ઉપદેશ સાંભળતા ધર્મ કરવાથી પૌદ્‌ગલિક સુખના સાધન સારા મળે છે એવું સાંભળી જાય છે તો પ્રભુપૂજા આદિ ધાર્મિક કાર્યો પણ કરે છે. તેનો ઉદ્દેશ તો જનતાએ માની રાખેલી સુખની સામગ્રી મેળવવાનો જ હોય છે ઉપયોગમાં આવે કે ન આવે, પણ કરોડોની સંપત્તિવાળો છું, બાગ, બંગલા, મોટર, દાસ–દાસી આદિનો સ્વામી છું પુત્ર પૌત્રાદિ પરિવારવાળો છું. એવું અભિમાન તો માનવીનુ પોષાવું જ જોઇએ આ પ્રમાણે જડાસક્ત માનવી અજ્ઞાની જનતામાં માન મેળવી મોટા બનવાને માટે કિંમતી માનવ જીવન વેડફી નાખે છે. જો કે મરીને પરલોકમા ગયા પછી કોઇની પણ પ્રશંસા સાંભળવા કે પોતાની માની રાખેલી સંપત્તિ જોવા પાછું

આવવુ નથી તોયે ધનના ઢગલા અને બાગ બ ગલા આદિને સ ગ્રહ કરીને તેને પોતાની પાછળ મૂકી જવાની ધગશ વધારે રાખે છે અજ્ઞાનતાને લઇને એટલુ પણ સમજતો નથી કે મરી ગયા પછી લોકો મારી પ્રશ સા કરે કે મારી ધનસ પત્તિ જોઇને રાજી થાય તેમા મારે કશુ ય લેવાદેવા નથી, કારણ કે હુ તો દેહ છોડયા પછી ધર્મ છોડીને ધન કમાવામા આર્ત્તધ્યાનથી ઉપાર્જન કરેલા તિર્ય ચના આયુષ્યના બળથી, ધનસ પત્તિ તથા બાગ બગીચા આદિ એકેદ્રિયમા આસક્ત રહેવાથી મરીને માટી, પથરા કે વનસ્પતિમા પેદા થઇશ અને મારો મૃત દેહ અગ્નિમા બળીને રાખ થઇ જશે, માટે મારે તો માનવજીવનમા રહીને આત્મા ઉપર રહેલા કર્મનો કચરો કાઢી નાખવાનો પ્રયાસ કરવો જોઇએ પણ જડાત્મક વસ્તુઓમા આસક્ત રહીને અને ચાવીસે કલાક જડ વસ્તુઓના જ સ ગ્રહના વિચારમા લીન રહીને તે કચરાને વધારવો જોઇએ નહિ, પૌદ્ગલિક વસ્તુઓ મળે કે ન મળે તો પણ તેને મેળવવા માટે વિચાર માત્ર પણ કરવામા આવે તો આર્ત્તધ્યાનને લઇને તિર્ય ચગતિમા ભોગવવા યોગ્ય આયુષ્ય આદિ કર્મનો સ ગ્રહ થાય છે જેને લઇને જીવ અન ત કાળ સુધી પણ તિર્ય ચ ગતિમાથી બહાર નીકળી શકતો નથી સ સારમા ધર્મહીન જડાસક્ત જીવો ભોગેચ્છાના પ્રમાણમા સાધનો મેળવીને પૌદ્ગલિક સુખ ભોગવી શકતા નથી, તોયે ભોગતૃષ્ણાથી ચાવીસે કલાક આર્ત્તરૌદ્ર ધ્યાનગર્ભિત સ કલ્પ વિકલ્પ કરીને નરક તથા તિર્ય ચગતિમા લઇ જનારા અને ત્યા ભોગવવા

લાયક કર્મનો સગ્રહ વધુ પ્રમાણમા કરે છે. પચેંદ્રિય આદિ જીવોનો વધ ન કરનારા ધર્મહીન, મોજશોખમા પડેલા જીવો પ્રાય તિર્યંચ ગતિમા ચાલ્યા જાય છે, કે જ્યા પૂર્વ-જન્મમા ઈચ્છા માનથી ભોગવેલી વસ્તુઓના અપરાધની સજા ભોગવતા અનત કાળ સુધી અસહ્ય દુ ખ ભોગવે છે; માટે બુદ્ધિશાળી ડાહ્યા માનવીઓ તો ટૂકા જીવન માટે અને ક્ષણિક સુખ માટે અનત કાળ સુધી તિર્યંચ ગતિમા રહેવાનુ પસદ કરતા નથી અને એટલા માટે સમ્યગ્ જ્ઞાન વગરના પણ જીવો દુ ખથી ભયભીત થઈને પૌદ્ગલિક સુખ મેળવવાની ઈચ્છાથી પણ ધન, તૃષ્ણા છોડીને તપ-જપ કરે છે.

જ્યા સુધી મોહની તાબેદારી અમુક અંશે પણ ઓછી ન થાય ત્યા સુધી જીવની સગ્રહ ભાવનામા ફેર પડતો નથી બાહ્ય સપત્તિના સગ્રહને કાઢી નાખનાર જીવોની પણ સગ્રહ ભાવના જતી નથી કાંઈ ને કાંઈ બહાનું બતાવીને પણ છોડેલી ઇંદ્રિય-વિષયપોષક વસ્તુઓનો આડકતરી રીતે સગ્રહ કરે છે કદાચ કોઇ છોડેલી વસ્તુઓનો સગ્રહ પણ ન કરે તોયે સંગ્રહના સસ્કારોને લઈને મોહના દગાણથી ભાવી જીવનમા છોડેલી વસ્તુઓ સુદર અને સાગ પ્રમાણમાં મેળવવાની ઈચ્છા રાખે છે એટલે તેઓ કર્મનો કચરો કાઢી નાખીને આત્માને સ્વચ્છ બનાવી શકતા નથી સપૂર્ણ મોહના દાસ, કષ્ટાનુષ્ઠાન કરીશું તો સદ્ગતિ મેળવી સુખી થઈશું એવી ભાવનાવાળા કેવળ બાહ્ય ત્યાગ કરી શકે છે બાકી તેમની વૃત્તિઓમા તો પૌદ્ગલિક સુખના ભોગની ભાવના રહેવાથી અતરગથી વસ્તુઓને છોડી શકતા નથી જેથી

કરીને બાહ્ય સંબંધ વગર પણ કર્મનો સંગ્રહ તો થયા જ કરે છે કે જે એક બાહ્ય સંબંધસ્વરૂપ દેહ ધન સંપત્તિ આદિનું ખાસ કારણ છે કેવળ બાહ્યથી વસ્તુ છોડનાર મોહની ગીખવાળીથી છોડેલી વસ્તુઓનો ઉપયોગ કરનાર બીજાઓની અવગણના કરે છે આડંબરપૂર્વક મોટી પોતાની પ્રશંસા અજ્ઞાનતાની ઇચ્છાવાળી જનતામાં તેમને ઉત્તમ બતાવીને પોતાની ઉત્તમતા જાહેર કરે છે આવી વર્તણુક તેમનું પુદ્ગલાનંદીપણું તથા મન્દશીલતા સૂચવે છે કારણ કે બીજાનો તિરસ્કાર અવગણના અસહિષ્ણુતાને લઈને થાય છે અને પોતાના વખાણ કરાવવાની ઇચ્છા અભિમાનને અંગે હોય છે આ બન્ને દ્વેષના અંગ છે અને પોતાની પ્રશંસા સાંભળી પ્રસન્ન થવું તે વિષયાસક્તિપણું હોવાથી રાગનું અંગ છે, એટલે રાગ-દ્વેષના પરિણામને લઈને રહી ભલે બાહ્યની ગમે તેટલી વસ્તુ છોડી હોય છતાં દર્શનમોહનીયના પ્રભાવથી કર્મનો ચરી ભોગ કરે છે જો કે તે જરૂર પડવા છતાં પણ છોડેલી વસ્તુઓ ન વાપરીને અને બીજી રીતે પણ કષ્ટ વેઠીને પુણ્ય ઉપાર્જન કરે છે છતાં તે પણ કચરો જ હોવાથી આત્મા મલિન થાય છે પણ શુદ્ધ થઈ શકતા નથી જીવ વિશેષના અધ્યવસાયને આશ્રયીને પુણ્ય બંધ બે પ્રકારે થાય છે, એક તો મોહને નિર્બળ બનાવનાર જ્ઞાની પુરુષો આત્મશુદ્ધિની જ દૃષ્ટિથી અશુભના સ્વત ઉદયથી થવાવાળા કષ્ટોને અને શુદ્ધિના હેતુથી ક્રિયાનુષ્ઠાન કરતા ઉદીરણા ઉદયથી ઉત્પન્ન થવાવાળા કષ્ટોને સમભાવે સહન કરતા ભવસ્થિતિ પામવાને લાઇક વિનળ હોવાથી

જે કાંઇ પુન્ય કર્મ બાંધે છે. તે તેમને આત્મવિકાસનું કારણ બને છે માટે તે કચરો નથી; પણ મોહની સત્તા નીચે દબાયેલો અને તેની આજ્ઞાને માથે ધારણ કરીને તેની શીખવણી પ્રમાણે વર્તનારો અજ્ઞાની જીવ પુદ્‌ગલાનંદીપણે વિષયાસક્તિથી બાહ્ય ત્યાગ તથા કષ્ટાનુષ્ઠાન કરીને જે કાંઈ પુન્ય ભેગું કરે છે તે વિલાસનું કારણ બનવાથી કચરા તરીકે કહેવાય છે, કારણ કે તેનાથી આત્મા મેલો જ થાય છે. મોહની સત્તામાંથી મુક્તિ મેળવીને અમુક અંશે સ્વતંત્ર બનનાર આત્માની સંગ્રહની ભાવના ભુંસાઇ ગયેલી હોવાથી તેમને સંગ્રહશીલ આત્માઓ ઉપર દ્વેષ હોતો નથી એટલે તેમની અદેખાઇ કરતા નથી તેમજ જનતામાં તેમને હલકા અને પોતાને ઉત્તમ જણાવતા નથી; કારણ કે તેમને અભિમાન ન હોવાથી પોતાની પ્રશંસાની ઇચ્છા ઉત્પન્ન થઇને દુઃખી કરતી નથી. કદાચ વસ્તુસ્વરૂપની વિચારણાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો તેનો સંગ્રહ ખોટો છે અને સંગ્રહશીલ આત્માઓ સાચી સંપત્તિ મેળવવાના અનધિકારી છે ઈત્યાદિ સમભાવે વર્ણન કરે છે

આ પ્રમાણે ઉપર આત્માને જે સંગ્રહશીલ કહેવામાં આવ્યો છે તે ખાસ તો કર્મની અપેક્ષાને લઇને છે. બાહ્યથી નવો સંગ્રહ તો ઘણાય નથી કરતા અને જૂનો સંગ્રહ કાઢે છે, છતાં શુભાશુભ કર્મનો સંગ્રહ તો કરે જ છે એટલે બાહ્યથી વસ્તુ છોડનાર પણ સંગ્રહશીલ તો કહેવાય જ છે જ્યાં સુધી કર્મનો સંગ્રહ થયા કરે છે ત્યાંસુધી આત્મા શુદ્ધ બનીને પોતાના ગુણોનો વિકાસ કરી શકતો નથી.

જડાસક્ત પુદ્ગલાનંદી પણ બાહ્ય વસ્તુ છોડે છે, છતા રાગ દ્વેષની પરિણતિની તીવ્રતાને લઈને પાચે ઇંદ્રિયોમા આસક્ત હોવાથી કોઈપણ ઇંદ્રિયની વિષયાસક્તિ પોષવાને માટે અજ્ઞાની જડાસક્ત જીવો આનંદ મનાવે તેવા પુદ્ગલાનંદીપણાના પોષક પ્રસંગો ઉપસ્થિત કરીને ધર્મ માને છે અને મનાવે છે તે મોહનુ દાસપણુ સૂચવે છે, માટે તે જડાત્મક વસ્તુ ઓમા સંગ્રહના સંસ્કારથી મુક્ત થયો નથી એટલે તેનુ સંગ્રહશીલપણુ ન ભુસાવાથી આત્મસંપત્તિ મેળવવાનો અનધિકારી છે વસ્તુસ્થિતિ આવી હોવાથી જેમ બને તેમ જડાત્મક બાહ્ય વસ્તુનો ત્યાગ કરીને આત્મગુણઘાધક જડાત્મક કર્મનો સંગ્રહ કાઢી નાખવા મોહના દાસપણાથી મુક્ત થવાની અત્યંત આવશ્યકતા છે



સાચી સ્વાધીનતા

૭૨

કોઇને પણ પારકી તાબેદારી ઉઠાવવી ગમતી નથી, છતાં જીવનની જરૂરિયાતો પૂરી પાડવા પોતાની પાસે સાધન ન હોવાથી દુનિયાનો મોટો ભાગ પરાધીનતાની જાળમાં ફસાયો છે, એટલે તેમને અનિચ્છાએ પણ બીજાના વાણી વિચાર અને વર્તન પ્રમાણે વર્તવુ પડે છે પોતાને ગમે કે ન ગમે, હિત થાય કે અહિત થાય, પણ સ્વામીપણે સ્વીકારેલાનુ મન તો સાચવવુ જ જોઇએ રોગગ્રસ્ત હોય કે કોઈ પણ પ્રકારની ચિંતાગ્રસ્ત હોય તોયે વખતસર માલિકની સેવામા હાજર થવુ જ જોઇએ આજીવિકા તૂટી જવાથી અને કુટુબ પાળવાની ચિંતાથી માનવીને ફરજિયાત સ્વાધીનતાનો ત્યાગ કરવો પડે છે, પરંતુ મનમાંથી તો સ્વાધીનતા મેળવવાની ધગશ ભૂંસાતી નથી ગમે તેટલાં કષ્ટ અને આપત્તિનો આદર કરીને પણ સ્વાધીનતા મેળવવા નિરંતર ચિંતાગ્રસ્ત રહે છે અને અનેક પ્રકારના અથાકપણે પ્રયાસ પણ કરે છે

સંસારમાં માનવી માત્ર પ્રાયઃ ધનપ્રાપ્તિમા સંપૂર્ણ સ્વાધીનતા માને છે, કારણ કે જડાત્મક સુખનાં સાધન મેળવી આપવાને ધન અદ્વિતીય સાધન છે. અજ્ઞાની જનતાએ

વૈષયિક સુખની કામનાની પૂર્તિને જ સ્વાધીનતાપણે સ્વીકારી છે જન્માતરના વૈષયિક સુખના સસ્કારને લઈને માનવીને જીવન નિર્વાહના સાધન અન્ન, વસ્ત્ર, મકાન આદિ મળે તોયે વષયિક સુખના સાધનના અભાવથી પોતાને દુખી માને છે એટલે સુખના સાધન મેળવવા જોઈતા વધુ ધન માટે ધનાઢ્યોની પરાધીનતા ભોગવે છે, શ્રીમતોના અનાદર તથા તિરસ્કારને મૂગે મોઢે સહન કરી લે છે, કેટલાક તો પોતાની સ્થિતિ કાઈક સારી હોવા છતા પણ બીજાના બાગ-બગલા-મોટર-ચાકર આદિ જોઈને તેને મેળવવાની ઇચ્છાથી સહેલાઈથી અને શીઘ્રતાથી વધુ ધન મળે તેવો વ્યવસાય કરે છે, જેમા પોતાના નિર્વાહનુ પણ સાધન ખોઈ બેસવાથી અત્યત દુખી થઈને ધનવાનોની પરાધીનતાની બેડીમા વધુ જકડાય છે અને જીવન પર્યંત ગુલામીમાથી છૂટી શકતો નથી

રોગાદિ પ્રસગોને લઈને ધનાઢ્યોની શારીરિક સ્થિતિ ગમે તટલી નબળી હોય તોયે તેને ગણતા નથી, અણગમતા અનેક પ્રસગોને લઈને સકલેશવાળી માનસિક સ્થિતિ હોય છતા આર્થિક સ્થિતિ ઘણી જ સારી હોવાથી સ્વચ્છદપણે વર્તીને પોતાને સુખી માને છે પોતાની પાસે સારા પ્રમાણમા ધન હોય તાણીજાને આધીન રહેવાની જરૂરત નથી, કારણ કે જીવવનુ સાધન, મોજશોખનુ સાધન અને ક્ષુદ્ર વાસનાઓ પોષવાનુ સાધન પૈસા વેરવાથી મળી શકે છે, તેમજ મિથ્યભિમાન પોષાય છે અને માનમોટાઈ પણ મેળવાય છે ભણવાને કે કોઈ પણ કળા શીખવાને માટે બીજાની આધીનતા ભોગવવી પડતી

નથી પૈસાથી ભણેલા અને ગળાવાળા ખરીદી શકાય છે એટલે ધનાઢ્ય થઈ પણ ન ભણે કે ન શીખે તોયે ચાલી શકે છે થોડા પૈસાવાળા સાધારણ સ્થિતિનો માણસ મોજ શોખની વસ્તુઓ મેળવી શકતો નથી માત્ર જીવનનિર્વાહ પૂરતી ખાવા-પીવાની પહેરવા-ઓઢવાની અને રહેવાની ઘર આદિ વસ્તુ થોડી કીંમતની સાદી-સાધારણ મેળવી શકે છે પણ કેટલાક વ્યવહારિક પ્રસંગોમાંથી પસાર થવાને માટે તેને ધન મેળવવાની પરાધીનતા ભોગવવી પડે છે, નમ્ર થઈને રહેવું પડે છે અને બીજાઓની ખુશામત પણ કરવી પડે છે, પરંતુ પૈસાવાળાને માટે તો આમાંનું કશુંય હોતું નથી સારામાં સારા ભોજન, વસ્ત્ર, બાગ, બંગલા, મોટર, ચાકર વિગેરે ધનવાન મેળવી શકે છે પોતાની ઈચ્છા પ્રમાણે મોજશોખ કરી શકે છે ગમે તેવા વ્યવહાર પ્રસંગોમાં કોઈની પણ પરાધીનતા ભોગવવી પડતી નથી બીજાઓ ભલે પૈસાવાળાની ખુશામત કરે છે પણ પૈસાવાળો તો કોઈની પણ કરતો નથી માટે જ માનવી ધનાઢ્ય બનવાને પ્રયાસ કરે છે કરોડોની સંપત્તિ મેળવનાર સંપૂર્ણ સ્વાધીનતા મળી ગઈ છે એમ સમજીને પોતાને પરમ સુખી માને છે આવી માન્યતાવાળા જપ તપ-સંયમ સ્વરૂપ ધર્મને એક બાજુએ મૂકીને અધર્મ-અનીતિ તથા દુર્વ્યાપાર કરીને પણ ધનાઢ્ય બનવાના ચોવીસે કલાક પ્રયાસ કરે છે કેટલાક પ્રભુસેવા કે ગુરુભક્તિ આદિ ધર્મ કરે છે, પણ શીઘ્રતાથી અને વધુ પ્રમાણમાં ધન મેળવવાને વ્યવહારમાં સફળ થવાને અને મેળવેલા ધનના રક્ષણ માટે જ

હોય છે થોડા જીવન માટે તૃષ્ણાના ઉપાસક બનીને ધન વધારવાની ધૂનમા સતોષનો અનાદર કરે છે તેનુ ખાસ કારણ તો જડાધીનતારૂપ વિષયાસક્તિ છે, દુનિયાને શુ ગમે છે તે તરફ ધ્યાન આપીને તે તરફ પોતાનો જીવન પ્રવાહ વાળે છે તે સારી રીતે સમજે છે કે કરોડોની સપત્તિ થશે તો દુનિયામા ગણ્યાગાઠયા જ માનવી હશે કે જેમની પાસેથી કોઈ પણ પ્રકારનો ગુણ-ધર્મ-નીતિ-મોટાઈ-વાહ વાહ કે સ્વર્ગાદિ પૈસાથી નહિ ખરીદી શકાય, બાકી તો જપ-તપ-સયમનો આદર કરીને, કષ્ટાનુષ્ઠાન કરીને અને ઇંદ્રિયો ઉપર કાબૂ મેળવીને જે વસ્તુ મળી શકે છે તે પૈસા વેરવાથી મળી શકશે, કારણ કે દુનિયામા ક્ષુદ્ર વાસનગ્રસ્ત માનવીનો મોટો ભાગ પૈસાથી આ બધી વસ્તુ આપી શકે છે પ્રભુની દૃષ્ટિમા ગમે તેમ હોય, પણ આ મનુષ્ય દેહમા તો દુનિયાને મનાવવાનુ છે દુનિયામા દૃષ્ટિપાત કરતા જણાય છે કે જપ-તપ-સયમસ્વરૂપ ધર્મની ઉપાસના કરવાવાળા કરતા પણ ધનની ઉપાસનાવાળા જન તામા અત્યત આદરનુ પાત્ર બની રહ્યા છે, અને પોતાની ઇચ્છા કરતા વધુ સન્માન મેળવી રહ્યા છે, કે જેને કષ્ટાનુષ્ઠાન કરીને ધર્મની ઉપાસના કરવાવાળા આત્માર્થી જીવો પણ મેળવી શકતા નથી ધર્મિષ્ટની કીંમત કે કદર અથવા તો બહુમાન પ્રભુને ઓળખનાર જ કરી શકે છે, બાકી ધનવાનનુ બહુમાન કરવાને તો પ્રભુને ઓળખવાની જરૂર નથી, કારણ કે જડાસક્ત માટે તો ધનવાન જ પ્રભુ છે એટલે તેમનુ બહુમાન દરેક સ્થળે થાય જ છે અને તેના ગુણ

ગવાય છે ધર્મસ્થળોમા પણ ધનવાનોની પ્રશ [illegible]
અને ધર્મના પડછાયાનો સ્પર્શ ન હોવા છતા [illegible]
તરીકે વખણાય છે અને ધર્મી કરતા પણ [illegible]
અપાય છે એટલુ જ નહિ ધર્મી પણ, 'શે' [illegible]
ખરચે છે, ધન્ય છે' એમ કહીને મુક્ત ક [illegible]
દુનિયામા પણ વનિક જ્યા જાય છે ત્યા [illegible]
છે પૈસા ખરચીને પણ ડીગ્રીઓ મેળવે [illegible]
ધર્મીને કોઈ ઊભુ ન રાખે ત્યા [illegible]
મેળવી શકે છે

આ પ્રમાણે ધનથી વૈષયિક સુખના [illegible]
પોતાને સંપૂર્ણ સ્વાધીન માનનાર [illegible]
વિપરીત સમજી રહ્યા છે એકાત પર [illegible]
ધીનતા માની બેઠા છે, કારણ કે પો [illegible]
આત્માથી ભિન્ન-પર છે અને તેમા [illegible]
ધનથી અનુકૂળ વિષયપોષક પૌદ્ગલિક [illegible]
અને તે દ્વારા સુખ ભોગવવાની [illegible]
સ્થિતિમા રાખવાને અને નષ્ટ નહિ [illegible]
કાળજી રાખે છે, તેની વારવાર [illegible]
સુખનુ સાધન સમજીને તેના ઉપર [illegible]
પરવસ્તુમા જે મમતા થવી તે તેની [illegible]
અને પરાધીનતામા નામનો જ ફેર [illegible]
જણાવે છે જેમ જેમ પર વસ્તુ [illegible]
ધીનતા પણ વધતી જાય છે [illegible]
આધીન, લાખ-કરે [illegible]

એવી જ રીતે બાગ-બંગલા-વસ્ત્ર-ઘરેણા આદિ વસ્તુઓ જેટલા પ્રમાણમાં વધારે હોય છે તેટલા જ પ્રમાણમાં પ્રકટ વધવાથી પરાધીનતા વધે છે. અને એટલા માટે જ માનવી તે વસ્તુઓના ફેરફાર થવાથી, નષ્ટ થવાથી કે ચોરાઈ જવાથી દુઃખી થાય છે, જે વસ્તુઓના સંયોગ-વિયોગથી જેને સુખ દુઃખ આદિ થાય છે તે વસ્તુઓનો તે દાસ કહેવાય છે પૌદ્‌ગલિક વસ્તુનું મેળવવું, સંભાળવું, રક્ષણ કરવું આદિ તેની આધીનતા ન જળવાય ત્યાં સુધી પૌદ્‌ગલિક સુખ મેળવી શકાય નહિ જેની પાસેથી કાંઈ પણ વસ્તુ મેળવવી હોય તેને આધીન રહીને તેની સેવા કરવી પડે છે. જડ વસ્તુઓ પાસેથી સુખ મેળવનાર તેનો ત્યાગ કે તિરસ્કાર કરી શકતો નથી તેમજ સ્વાધીન પણ રહી શકતો નથી-પછી તે કહેવાતો ત્યાગી કેમ ન હોય.

આવતી કાલ માટે ખાવાને જેની પાસે શેર અન્નનો પણ સંગ્રહ નથી એવો સ્વાશ્રયી અને શ્રમજીવી નાના ઝૂપડામાં રહેનાર કહેવાતો ગરીબ માણસ જેટલો સ્વાધીન અને સુખી છે, તેટલો રાજ્યના ભંડાર ભરી રાખનાર, અને દરેક બાબતમાં પોતાના દાસનો પણ દાસ, લક્ષ્મીની લાતો ખાઈને નબળો પડી જવાથી બંગલામાં પડી રહેનાર સુખી હોતો નથી, કારણ કે કહેવાતો શ્રીમંત ઘણીખરી પ્રવૃત્તિમાં પરાધીન હોય છે. એક શેર ભાર પણ ઉપાડી શકતો નથી માણસની જરૂર પડે છે વાહન સિવાય એક માઈલ પણ ચાલી શકતો નથી પોતાના જીવન ઉપયોગી કોઈ પણ કામમા સ્વાધીન હોતો નથી પૈસા વેરીને

શીખેલા માણસો પાસેથી કામ લે છે-ત્યાં સુધી કે ધન તથા જીવનની રક્ષાને માટે તો મોમાગ્યો પગાર આપીને પણ માણસો રાખે છે શ્રીમંતાઇ દેખાડવાની ધૂનથી ધન ઢોળીને પૌદ્ગલિક વસ્તુઓનો વધારે સંગ્રહ કરીને વધારે પરાધીન થવા છતાં પણ પોતાને સ્વાધીન માને છે તે તેની રૂઢી અને અવળી બુદ્ધિનું પરિણામ છે

કેટલાકનું માનવું છે કે ધન-સ્વજન-કુટુંબ-હાટ-હવેલી-બાગ-બગીચા આદિ છોડી દેવા માત્રથી સ્વાધીનતા મળે છે અર્થાત્ આ બધું ય બાહ્યથી છોડી દઇને પોતાને સ્વાધીન માને છે, પણ તેમાંયે સ્વાધીનતા શોધી જડતી નથી જ્યાં સુધી વૈષયિક વૃત્તિઓ વિરામ પામે નહિ ત્યાં સુધી સ્વાધીનતાની ઝાંખી છાયા સરખીયે હોતી નથી પાંચે ઇંદ્રિયોમાંથી કોઈ પણ ઇંદ્રિયના વિષયની આસક્તિ પરાધીનતામાંથી છૂટવા દેતી નથી જે કાંઈ વસ્તુ છોડવામાં આવે છે તે વિષયાસક્તિના બંધનમાં ભુલાઇ જવાને માટે જ હોય છે, છતાં બધુંયે છોડી દઇને પાછો તે જ વિષય પોષક જડ વસ્તુઓની ઇચ્છા રહ્યા કરે અને તેથી તે ઇચ્છા પ્રમાણે તેને મેળવવા માયા-કષાયનો આદર કરીને ટોડલી વસ્તુઓ આડકતરી રીતે વાપરી આનંદ મનાવે તો તે સ્વાધીન કહી શકાય નહિ જેનો આનંદ, સુખ તથા હર્ષ પરાધીન છે તે સ્વાધીન કેવી રીતે કહી શકાય? માયા-મૃષાથી અજ્ઞાની જનતાને મનાવવા માત્રથી - સ્થિતિના અણજાણુની સંમતિ માત્રથી તાત્વિક શકતી નથી - — સ્નોથી જીભનો

બાગ-બગલા આદિથી આખનો વિષય પોષવાને, સુદર, કોમળ, આખને ગમે તેવા વસ્ત્રોથી સ્પર્શનો વિષય પોષવાને, વાહવાહ તથા મોટાઇથી અને અછતા ગુણોની પ્રશસા સાભળીને કાનનો વિષય પોષવાને માટે પૌદ્ગલિક વસ્તુઓથી સમૃદ્ધ પણ તાત્ત્વિક વાણી, વિચાર તથા વર્તનના કગાળ માણુસોની તાબેદારી ઉઠાવવી પડે છે, તેમને આધીન થઇને ચાલવુ પડે છે અને તેમનુ બહુમાન કરવુ પડે છે જો કે તેઓ મિથ્યાભિમાન પોષાય અને વાસના તૃપ્ત થાય તેવી પૌદ્ગલિક વસ્તુઓ સિવાય સાચુ સુખ તથા આનદ આદિના કારણભૂત સ્વાધીનતા આપી શકતા નથી, પરતુ ઊલટા પરાધીનતાના સસ્કારો પુષ્ટ બનાવે છે તોયે પોતાને સ્વાધીન તથા સુખી માને છે પણ જ્ઞાની મહાપુરુષોની દૃષ્ટિએ તો ત અજ્ઞાની-પામર પ્રાણી જ કહી શકાય, કારણ કે પરાધીનતા જડઆસક્તિ સિવાય હોય નહિ અને જડાસક્તિનુ કારણ વિષયાસક્તિ છે અને વિષયાસક્તને અવશ્ય કષાયોનો આશ્રય લેવો પડે છે, માટે જ જડાસક્ત અને વિષયી માણસ સ્વાધીનતા મેળવવાનો અધિકારી જ નથી

વિલાસમા પરાધીનતા છે અને વિકાસમા સ્વાધીનતા છે બને એક બીજાના વિરોધીઓ છે, કારણ કે વિષયાસક્ત વિલાસી હોય છે તેને વિષયપોષક પૌદ્ગલિક વસ્તુઓની અત્યત આવશ્યકતા રહે છે તે સિવાય તો વિલાસ બની શકે નહિ, માટે વિલાસીને જડ વસ્તુઓ મેળવવાની તીવ્ર અભિલાષા રહ્યા કરે છે તે જ તેની પરાધીનતાનુ ચિહ્ન છે [illegible]ગવાન દીપણુ એક પ્રકારનો વિલાસ છે, માટે તે વિલાસનો

સંપૂર્ણ બાધક છે પ્રભુ સંપૂર્ણ વિકાસી હોવાથી તેમની પાસેથી વિલાસ મળી શકતો નથી વિલાસના આશ્રયમા રહીને વિકાસ મેળવી શકાય નહિ વિપર્યેચ્છાથી નિવૃત્ત થવુ નથી રહેવુ છે વિલાસી (પરાધીન) અને વિકાસી (સ્વાધીન)પણાનું માન મેળવવુ છે તે પ્રભુની પાસેથી તો મળી શકે તેમ નથી અને એટલા માટે જ વિલાસી માણસ પ્રભુની જરાયે દરકાર રાખતો નથી, પણ પૌદ્ગલિક વસ્તુઓના સ્વામી વિલાસીની તો ઘણી જ તાબેદારી ઉઠાવે છે, કારણ કે પુદ્ગલાનંદીને જોઇતી વસ્તુ વિલાસીની પાસેથી મળી શકે છે અને એટલા માટે જ તેઓ વિલાસીયોના અનુગ્રહ તથા મહેરબાનીના યાચક હોય છે, તેમની પ્રસન્નતા ટકાવી રાખવાને માટે તેમના વાણી, વિચાર તથા વર્તનની પ્રશંસા કરીને પણ પોતાના વિલાસની વાસના સંતોષે છે જે આત્મિક ગુણો પ્રભુની આજ્ઞાનુ પાલન કર્યા વગર મળી શકતા જ નથી તે ગુણોનો વિલાસીયોદ્વારા પોતાનામા મિથ્યા આરોપ કરાવીને પરમ હર્ષ માને છે અને પોતાને તેવા ગુણસંપન્ન માનીને મિથ્યાભિમાનથી ફુલાય છે પોતે વિલાસીયોનો તાબેદાર હોવા છતા પણ વિલાસની વસ્તુ વાપરવાથી ચઢેલા નશામા નિસ્પૃહી–નિસ્વાર્થી વિકાસી પુરુષોના માર્ગમા રહીને વિલાસનો તિરસ્કાર કરી વિલાસીયોની ઉપેક્ષા કરનારા સ્વાધીન પુરુષોની અવગણના કરીને તેમને તુચ્છ સમજે છે અને જનતામા પોતાને મહાન પ્રભાવશાળી તરીકે ઓળખાવે છે તે પોતાને ઓળખનાર જ જડાસક્ત જીવોના લક્ષણ છે, કારણ કે વિકાસી પ્રભુની

આજ્ઞામા બીને તેમની તાબેદારી ઉઠાવ્યા વગર મહા પ્રભાવનાળી બની શકતુ જ નથી કાઈ પણ આત્મિ શક્તિ પ્રગટ કર્યા વગર કેવળ દેવના દાસ બની તેની સહાયતાથી પણ પ્રભાવશાળી બની શકાય નહિ વિલાસી દેવની સહાયતાથી પોતે પ્રભાવનાળી બનવુ તે મિથ્યા છે, કારણ કે તે પ્રભાવ દેવનો છે પણ પોતાનો નથી જેમ ધનાઢય વિલાસીની સહાયતાથી મોટા ને પ્રભાવશાળી કહેવડાવી ફુલવુ તે પામરતા છે તેમ દુનિયામા મોટા ગણવા વિનાશી દેવની ઉપાસના કરી તેના દાસ બની તેની સહાયતાથી મોટા ને પ્રભાવશાળી કહેવડાવી પોતાની ક્ષુદ્ર વાસનાઓ પોષવી તે પણ પામરતા જ છે આ પ્રમાણે વિચાર કરતા કેવળ બહારથી જ ધન-સ્વજન-ઘર-હવેલી છોડવા માત્રથી જ સ્વાધીન બની શકાતુ નથી

આત્મવિકાસ માટે સાચી સ્વાધીનતા મેળવવાની ઈચ્છા રાખનારને તો સપૂર્ણ વિકાસી પ્રભુનુ આલબન લેવાની અત્યત આવશ્યકતા છે, કારણ કે સાચી સપૂર્ણ સ્વાધીનતા વગર સપૂર્ણ આત્મવિકાસ થઈ શકતો નથી જેટલે અશે આત્મા સ્વાધીનતા પ્રાપ્ત કરે છે તેટલે અશે પોતાનો વિકાસ સાધી શકે છે અને તે વગર તો આત્મા જીવન સુખ શાંતિ તથા આનદ જેવી કોઈ વસ્તુ નથી જ્યા શાશ્વતી વિશ્રાતિ નથી અને જન્મ-મરણના પ્રવાહમા આત્મા તણાયા કરે છે ત્યા સુખ-શાંતિ ભોગવવાની ભ્રમણાથી સતોષ માનવો તે આત્માની અનાદિ કાળથી ચાલી આવેલી મોટી ભૂલ છે તેને ટાળવાને માટે અનાદિ કાળની સ્વચ્છ

દત્તા, મેહગલિંત વર્તન છોડી દઈને સંપૂર્ણ વિકાસી પ્રભુની વાણી તથા વર્તનને અનુસરવાની ઘણી જ જરૂર છે પ્રભુને આધીન થઈને ચાલવામાં વિલાસ તથા વિલાસીઓનું દાસત્વ છોડવુ પડે છે જડાસક્તિ છૂટયા વગર પ્રભુને આધીન થવાય નહિ અને પ્રભુને આધીન થઈને ચાલ્યા વગર સંપૂર્ણ સ્વાધીનતા મળી શકતી નથી અને તે વગર તો આત્મા પોતાના ગુણોને મેળવીને વિનામી બની શકતો નથી માટે જ પ્રભુના સ્વરૂપને મેળવવુ તે સાચી સ્વાધીનતા કહેવાય છે અને તે પાંચ ઇંદ્રિયોના વિષયની અસર ન થાય તો જ મેળવી શકાય છે જ્યાં સુધી વિષયાસક્તિ હોય છે ત્યાં સુધી ઇંદ્રિયોના વિષયની અસર થયા વિના રહેતી નથી જેનકે સુંદર રૂપ, આકૃતિ, બાગ-બગીચા આદિ વસ્તુઓ જોઈને ચિત્તવૃત્તિનું તે તરફ આકર્ષણ થાય છે અને એકદમ મોહી જવાય છે કે-કેવું સુંદર છે! મિષ્ટાન્ન આદિ વસ્તુઓ ખાઈને પ્રશંસા કરવી, સુગંધી વસ્તુઓની ગંધથી પ્રસન્ન થવુ, પોતાની સ્તુતિ તથા પ્રશંસાના શબ્દો સાભળીને ફુલાઈ જવુ કોમળ સ્પર્શથી સુખશાતિ અનુભવવી આ પ્રમાણે જ્યાં સુધી વૈષયિક વસ્તુઓની અસર થાય છે ત્યાં સુધી જીવને જડાત્મક વસ્તુઓની અથવા તો જડ વસ્તુઓના સ્વામીની અત્યંત પરાધીનતા ભોગવવી પડે છે, માટે તે સ્વાધીનતા મેળવવાનો અધિકારી નથી

મોહની છાયા આત્મા ઉપર રહેલી હોવાથી અનુકૂળતા તથા પ્રતિકૂળતાના સંસ્કારોને લઈને આત્મા નિરંતર ક્લેશ

મૃત્યુની મૂંઝવણ

૭૩

જ્યારે જીવ અનિચ્છાથી દેહ છોડે છે ત્યારે તેની જે અવસ્થા થાય છે તેને સાચી રીતે સર્વજ્ઞ સિવાય કોઈ પણ પ્રત્યક્ષ કરી શકતુ નથી દેહ છોડનાર ખૂદ જીવ પોતે પણ જાણી શકતો નથી કે મારી શી દશા થઈ રહી છે, માત્ર એટલુ જ જાણે છે કે મને દુ ખ થાય છે જીવે માનેલા દુ ખની માત્રા વધતી જાય છે તેની સાથે સાથે સહનશક્તિના અભાવે શુદ્ધિ ઓછી થતી જાય છે અને જ્યારે સહનશક્તિ તદ્દન મદ થઈ જાય છે ત્યારે સપૂર્ણ શુદ્ધિ ખોઈ બેસે છે ત્યાર પછી વચન તથા વિચારનો ઉપયોગ કરી શકતો નથી ક્વચિત કાયાની વિચિત્ર ચેષ્ટા કરે છે જેને જોઈને પાસે બેઠેલા અનુમાન કરે છે કે–બિચારો અત્યત દુ ખે પ્રાણ છોડી રહ્યો છે! જીવ જ્યારે દુ ખનો સામનો કરતા થાકી જાય છે અને દુ ખ પોતાની સત્તા નીચે દબાવે છે ત્યારે આર્ત્તનાદ કરીને દુ ખની પ્રબળતા જણાવે છે અને પછી તદ્દન બેશુદ્ધ થઈ જાય છે જેમણે પોતાના જીવનકાળમા દુ ખની સાથે ઝૂઝીને તેને પરાજિત કરવાની શકિત કેળવી છે તેઓ દેહ છોડવાની અતિમ ક્ષણ સુધી દુ ખની સત્તા નીચે દબાતા નથી અને અકળાયા કે ગભરાયા વગર દેહનો શાતિથી ત્યાગ કરે છે

ફરક એટલો જ હોય છે કે જ્ઞાનીઓની શાંતિમાં સમભાવ હોય છે ત્યારે અજ્ઞાનીઓની શાંતિમાં વિષમ ભાવ હોય છે.

માનવીના જીવનકાળમાં અનેક પ્રકારની મૂંઝવણો આવે છે, પણ તે બધીયે દૂર કરવાના અનેક ઉપાયો હોય છે. અને તે પ્રયત્ન કરવાથી દૂર પણ કરી શકાય છે, પરંતુ મૃત્યુની મૂંઝવણ દૂર કરવાનો એકે ઉપાય નથી. જો માનવી જીવનનિર્વાહના સાધન વગર મુંઝાતો હોય તો વ્યાજ નાણાં લઇ વેપાર કરીને, મહેનત મજૂરી કરીને અને છેવટે ભીખ માગીને પણ જીવવાનું સાધન મેળવી શકે છે. અને જો સર્વ પ્રકારે અશક્ત હોય તો દાતા-દયાળુ શ્રીમંતો જીવનનિર્વાહનાં સાધન પૂરા પાડીને મૂંઝવણ દૂર કરી શકે છે. વ્યાપારમાં મોટી ખોટ આવી હોય અને મૂંઝવણ થતી હોય તો બીજાઓ તેને શુભ સમયના આગમનની આશા દેખાડી આશ્વાસન આપી શકે છે અને વ્યાપાર માટે જોઇતું ધન આપીને મુંઝાવા દેતા નથી. કોઇ ધનવાન માણસ પુત્રના અભાવે મુંઝાતો હોય અને અનેક ઉપાયો કરવા છતાં પણ સંતતિ ન થાય તો છેવટે કોઇને ખોળે લઇને પણ પુત્રની મૂઝવણ દૂર કરી શકે છે. માંદો માણસ મંદવાડથી મુંઝાઈ રહ્યો હોય તો વૈદ્ય દવાઓ આપીને અને મહિનામાં સાજા થઇ જશો એવું આશ્વાસન આપીને મુંઝાતા રોગીને શાંતિ પમાડે છે. આ પ્રમાણે જીવનકાળની મૂંઝવણો અનેક પ્રકારે દૂર કરી શકાય છે; પણ મૃત્યુની મૂંઝવણમાં આમાંના એકેય ઉપાય કામ આવી શકતો નથી. મરતા માણસને કોઇ પોતાના જીવનમાંથી ...

કરી શકે નહીં તમે મરવાના નથી ફિકર કરશો નહી એવું આશ્વાસન પણ આપી શકાય નહી અને કદાચ શાંતિ માટે આપવામા આવે તો પણ દેહ છોડવાની વેદના અનુભવી રહ્યો હોય એટલે માને પણ નહી મહા સમર્થ વિકાસી પુરુષોને પણ મૃત્યુએ છોડ્યા નથી તો પછી આપણું શું ગજુ ? મૃત્યુ બધાયને માટે સરખુ જ છે આવો ઉપદેશ પણ મરનારની મૂઝવણ દૂર કરી શકે નહી, કારણ કે મહાપુરુષોએ તો પોતાના આત્મિક બળથી મૃત્યુનો પરાજય કરેલ હોય છે અને પોતાના સમ્યગ્જ્ઞાનથી દેહ તથા આત્માની ભિન્નતા સાચી રીતે જાણીને આત્મવિશ્વાસ કરેલો હોવાથી મૃત્યુ પછી સ્વર્ગ કે મોક્ષ સુખના ભોગી હોય છે એટલે તેમને દુ ખ કે મૂઝવણ જેવુ કશુ યે હોતુ નથી, પણ મૃત્યુનુ નામ સાભળતા જ ભયભીત થનાર વિષયા ભિનંદી-દેહાધ્યાસી જીવની દશા મહાપુરુષોથી તદ્દન વિપરીત હોવાથી મહાપુરુષોની દશાનો ઉપદેશ પામર જીવના મૃત્યુની મૂઝવણ દૂર કરી શકતો નથી એટલા માટે જ મરનારને આમ કહીને પણ સાત્વન આપી શકાય નહી કે વહેલુ મોડુ પણ એક દિવસ મરવાનુ છે જ, પરતુ આત્મા તો અમર છે આ તો જેમ જૂના કપડા બદલીને નવા પહેરીએ છીએ તેમ જૂનુ શરીર બદલીને નવુ શરીર માત્ર ધારણ કરવાનુ છે આમ કહેવાથી તો પુદ્ગલાનદી જીવની મૂઝવણ ઘટવાને બદલે વધી જવાથી અતિશય દુ ખી થાય છે

વરાળના પ્રયોગથી નાની મોટી મિલો ચાલે છે તે વરાળને ઉત્પન્ન કરનાર મૂળ યત્ર(બોયલર)મા બગાડ

થવાથી ઠરું પડી જઇને કામ આપી શકતું નથી ત્યારે વગાળ ન ઉત્પન્ન થવાથી આખી મિલ બંધ પડી જાય છે અને ડ્રાઈવર–મિલનો અધિષ્ઠાતા મુંઝાઇને મિલ છોડીને ચાલતો થાય છે; તેમ હૃદયની ગતિથી વરાળરૂપ શ્વાસોશ્વાસ ઉત્પન્ન થાય છે જેને લઇને દેહરૂપી મિલ ચાલ્યા કરે છે અને તેમાં રહેલાં ભિન્ન ભિન્ન પ્રકારના યંત્રો પોતાનું કાર્ય કર્યે જાય છે, પણ જ્યારે હૃદયમાં બગાડ થાય છે અને ઠરું પડી જાય છે ત્યારે શ્વાસોશ્વાસ ઉત્પન્ન થવાથી દેહરૂપ મિલ બંધ પડી જાય છે અને તેનો અધિષ્ઠાતા આત્મા મુંઝાઇને દેહ છોડી ચાલ્યો જાય છે.

આત્માની સાથે અનાદિ કાળથી ઓતપ્રોત થઇને રહેલા કારણ (કાર્મણ) શરીરમાંથી કાર્ય (ઔદારિકાદિ) શરીર ઉત્પન્ન થાય છે. કાર્ય શરીરનાં મૂળ કારણ શરીરમા વળગેલા હોય છે તે મૂળમા થઇને ચૈતન્ય–જ્ઞાનનો પ્રવાહ દેહમા વહ્યા કરે છે ત્યા સાધનોની ભિન્નતાને લઇને એક જ પ્રકારે વહેતો જ્ઞાનનો પ્રવાહ અનેક પ્રકારના કાર્ય તરફ વળતો જણાય છે જેમ એક જ પ્રકારનો વિજળીનો પ્રવાહ સાધન ભેદને લઇને પ્રકાશ, પવન, રસોઈ આદિ અનેક પ્રકારના કાર્ય કરે છે તેમ દેહમા વહેતો જ્ઞાનનો પ્રવાહ પણ ઇંદ્રિયરૂપ સાધનોની ભિન્નતાને લઇને સાંભળવાનું, જોવાનું, સુંઘવાનું, ચાખવાનું અને સ્પર્શનું એમ પાંચ પ્રકારના જ્ઞાનથી ઓળખાય છે તે પ્રવાહ જ્યારે કાર્ય શરીરરૂપ દેહના મૂળીઆના તંતુઓ કારણ શરીમાંથી તૂટવા માંડે છે ત્યારે મંદ ગતિમાં વહે છે એટલે પાંચે ઇંદ્રિયોના

જ્ઞાન-શૂન્યતા આવી જાય છે, જેને બેશુદ્ધિ કહેવામા આવે છે અને કાર્ય શરીરના મણીઆનુ કારણ શરીરમાંથી તૂટવુ તેને નસો તૂટે છે અથવા પ્રાણ છૂટે છે ઇત્યાદિ લોકભાષામા કહેવાય છે અને તેને જ જીવ મહાવેદનાપણે અનુભવીને મુઝાય છે તે દેહના મણીયા સર્વથા તૂટી ગયા કે તૂટ્યા અને કાર્ય શરીરનો સબંધ સર્વથા છૂટી જાય છે ત્યારે સર્વથા જ્ઞાનશૂન્ય દેહને મૃત શરીર(મડદુ) કહેવામા આવે છે આ બન્ને શરીરના વિયોગની અંતિમ ક્ષણ મૃત્યુ કહેવાય છે, તે મૃત્યુ થયા પછી આત્માને મૃત્યુસમયની વેદના કે મૂઝવણ કશુંય હોતુ નથી જેમ આંધળો માણસ આંખના અભાવે બાહ્ય જગતને જોઈ શકતો નથી પણ પોતાને જાણી શકે છે કે હુ અમુક છુ અથવા તો આંખોથી જોયેલી વસ્તુઓનુ સ્મરણ કરે છે તેમ જીવ પણ દેહ-ઇંદ્રિયાદિ સાધનના અભાવે બાહ્ય જગતને જાણી શકતો નથી, પણ અવ્યક્ત દશામા પોતાને જાણી શકે છે અને પૂર્વ દેહદ્વારા અનુભવેલા પ્રસંગોને સસ્કારરૂપે સ્મૃતિમા રાખી શકે છે, જેથી દેહાદિ સાધન મળ્યા પછી વ્યક્ત દશામા સસ્કાર પ્રમાણે પ્રવૃત્તિ કરે છે

જેમ વિજળીના પ્રવાહમા અદૃશ્યપણે પ્રકાશ રહેલો હોય છે અને તે પ્રવાહ પંખો કે મિલ ચલાવવાના સાધનમા વહે છે ત્યા પણ પ્રકાશ રહેલો હોય છે છતા દૃષ્ટિ ગોચર થતો નથી, તે જ્યારે કાચના ગોળામા જાય છે ત્યારે સ્પષ્ટ દૃષ્ટિગોચર થાય છે અને કાચના ગોળાની શક્તિના પ્રમાણમા અજવાળુ કરે છે, તેમ ચૈતન્યમા અદૃશ્યપણે જ્ઞાન

રહેલું હોય છે, તેનો પ્રવાહ આખા શરીરમા વહે છે પણ ત્યાં જ્ઞાન સ્પષ્ટ જણાતું નથી પણ મસ્તકમા કે જ્યા અત્યંત સ્વચ્છ કાચના ગોળાની જેમ જ્ઞાનતંતુઓની–પૌદ્‌ગલિક સ્કંધોની રચના છે ત્યાં આગળ વહેતા ચૈતન્યના પ્રવાહમાં રહેલા જ્ઞાનનો પ્રકાશ સ્પષ્ટ જણાય છે. તે જ્ઞાન પ્રકાશના દ્વારની સાથે જ સાંભળવાની, જોવાની, સુંઘવાની, ચાખવાની અને સ્પર્શની ઇંદ્રિયોની પૌદ્‌ગલિક રચનાનો સંબંધ રહેલો છે. તે ઇંદ્રિયો જ્ઞાનના પ્રકાશમાં પોતપોતાનું કામ કર્યે જાય છે, પણ જ્યારે જ્ઞાનતંતુઓની આડો કોઈ વિરોધી પદાર્થ (દર્શનાવરણીય) આવી જાય છે ત્યારે જ્ઞાનતંતુઓમાં વહેતા ચૈતન્યમાંથી જ્ઞાનનો પ્રકાશ બહાર આવી શકતો નથી એટલે કોઈ પણ ઇંદ્રિય પોતાનું કાર્ય કરી શકતી નથી ત્યારે તેને ઊંઘી ગયો અથવા બેશુદ્ધ થઈ ગયો કહેવામાં આવે છે તે દેહના બીજા કોઇ પણ અવયવમાં તીક્ષ્ણ કે કર્કશ વસ્તુનો સ્પર્શ થવાથી પ્રકાશ અટકાવનાર વિરોધી પદાર્થ જ્ઞાનતંતુઓની આડચમાંથી ઝટ ખસી જાય છે એટલે જ્ઞાનનો પ્રકાશ સમીપમાં રહેલી ઇંદ્રિયોની રચનામા પડવાથી જીવ બધું પોતે જાણે છે ત્યારે તેને શુદ્ધિમાં આવ્યો–જાગ્યો એમ કહેવામાં આવે છે. ઔષધિના પ્રયોગથી જ્ઞાનતંતુની આડે આવનારા બાધક પદાર્થો જેવાં કે મોહનીય–દર્શનાવરણીય–દઢપણે સ્થિર થવાથી શરીરનાં કોઈપણ અવયવમાં છેદન, ભેદન કે દહનની ક્રિયા કરવામાં આવે તો પણ તે બાધક પદાર્થ ખસી શકતો નથી. જ્યારે ઔષધિના પરમાણુઓની અસર ખસી જાય છે ત્યારે સ્થિર રહેલો બાધક

પદાર્થ પણ ખમી જાય છે અને જ્ઞાનનું અજવાળું આખા શરીરમા પ્રસરે છે ત્યારે પૂર્વે શરીર ઉપર થયેલી ક્રિયાના પરિણામને અને વર્તમાન કાળની પરિસ્થિતિને સારી રીતે જાણે છે એટલે શુદ્ધિમા આવ્યો કહેવાય છે આ બધી અશુદ્ધિયો ખમી શકે છે, તેને ખસેડવાના ઉપાયો પણ છે તેમજ આ અશુદ્ધ થવામા કાઈક મૂઝવણ પણ હોય છે અને તે દૂર પણ થઈ શકે છે, પરતુ મૃત્યુની અશુદ્ધિ અને મૂઝવણ ખસેડવાનો કોઈ પણ ઉપાય નથી તેમજ ખસી શક્તી પણ નથી, કારણ કે મૃત્યુની અવસ્થામા જીવન પ્રવાહ જ વહેતો બધ પડી જાય છે ત્યારે જીવનકાળની અવસ્થામા જીવનપ્રવાહ વહેતો અટકતો નથી, કારણ કે કારણ અને કાર્યશરીરનો સબધ કાર્યશરીરના મૂળીયાના તતુઓ કારણ શરીરમા દૃઢપણે વળગી રહેલા હોવાથી અત્યત દૃઢ પણે બન્યો રહે છે એટલે શુદ્ધિ પણ આવી શકે છે અને મૂઝવણ પણ દૂર થઇ શકે છે

માનવી પોતાની ઈચ્છા પ્રમાણે થાય તો મુઝાય નહીં, પણ કરિયાતુ મીઠુ લાગવુ જોઇએ અને સાકર કડવી લાગવી જોઇએ દેવતાએ શીતળતા આપવી જોઇએ અને પાણીએ બાળવુ જોઇયે, આવી અજ્ઞાનતાભરેલી અસભવિત ઈચ્છા શા કામની? જન્મની પ્રકૃતિ જ મૃત્યુ છે અર્થાત્ જન્મ મૃત્યુના ધર્મવાળો છે તે પોતાની પ્રકૃતિ પ્રમાણે વર્તશે જ, જેનો જન્મ તેનુ મૃત્યુ થવાનુ જ જગતના ભાવો પોતપોતાના સ્વભાવ પ્રમાણે વર્તે તમા માનવી ને મિથ્યા કલ્પના કે અસભવિત ઇચ્છા કરીને મુઝવાની

જરૂરત નથી. સંયોગ, વિયોગ સ્વરૂપવાળો હોય છે. સંયોગ, વિયોગની વિકૃત દશા છે, વિયોગ શાશ્વતો છે અને સંયોગ મર્યાદિત છે ભિન્ન ગુણધર્મવાળા પદાર્થોનો સંયોગ થાય છે, અને તે પદાર્થો નિરંતર ભિન્ન સ્વરૂપવાળા જ હોય છે આત્મા અને દેહ ભિન્ન ધર્મવાળા છે, સ્વરૂપથી જ શાશ્વતા ભેદને ધારણ કરવાવાળા છે તેમના સંયોગરૂપ જીવનમા જીવતો માનવી પોતાના સ્વભાવ પ્રમાણે બન્નેના વિયોગરૂપ મૃત્યુ પામે છે ત્યારે ઘણો જ મુંઝાય છે, પણ તે મૂંઝવણ તેની સંપૂર્ણ અજ્ઞાનતા સૂચવે છે, કે જેને મિથ્યાત્વ કહી શકાય જે માનવી ધનાદિ બાહ્યની જડાત્મક સંપત્તિના વિયોગમા મુંઝાય છે, અનુકૂળ પૌદ્ગલિક વસ્તુઓના સંયોગ–વિયોગમા હર્ષ–શોક કરે છે તે દેહના વિયોગમા અવશ્ય મુંઝાવાનો જ અને જ્યા સુધી આ મૂંઝવણ દૂર નહી થાય ત્યા સુધી તેની જ્ઞાનીઓની કોટિમા ગણના થઈ શકતી નથી. સમ્યગ્જ્ઞાન વગર એટલે પ્રભુની દૃષ્ટિથી જગતને દૃષ્ટિગોચર કર્યા વગર આત્માની મૂંઝવણ દૂર થઇ શકવાની નથી, માટે જગતને અજ્ઞાનીઓની દૃષ્ટિથી ન જોતા પ્રભુની દૃષ્ટિથી જોતાં શીખવાની અત્યંત આવશ્યકતા છે



૭૪ વિચારશ્રેણિ

સંસારી જીવોએ પરપૌદ્ગલિક વસ્તુના સંયોગથી જે કાંઇ આનંદ સુખ, શાંતિ આદિ માન્યું છે તે મોહનીય કર્મ જન્ય વિકૃતિસ્વરૂપ છે, પણ આત્માની પ્રકૃતિસ્વરૂપ નથી એટલે તાત્વિક માન્યુ નથી

મોહનીય કર્મ ક્ષય થયા પછી જડાત્મક વસ્તુઓના સંયોગ વિયોગથી થવાવાળા અનેક પ્રકારના પરિવર્તનમાં સુખ-દુઃખ-હર્ષ-શોક આદિ આત્માને કંપ થતો નથી, કારણ કે વસ્તુ માત્ર પોતપોતાના સ્વભાવ પ્રમાણે વર્તે તેમાં આત્માને વિવિધ ભાવમાં વર્તવાને અવકાશ જ નથી આત્મા પણ તાત્વિક દ્રવ્ય છે તે પોતાના જાણવાના સ્વભાવમાં વર્તતું હોવાથી દ્રષ્ટા તરીકે જ હોઈ શકે છે અને તેથી તે વસ્તુ માત્રનો ભોગ જ્ઞાનદ્વારા જ કરી શકે છે, બાકી જડ વસ્તુના સંયોગથી થવાવાળી વિકૃતિરૂપ ભોગ સંભવી શકે નહિ

આત્માને સ્વરૂપ ભોક્તાની શ્રદ્ધા ન થાય અને અનાદિ કાળની જડાધીનતાને લઈને થવાવાળી વિકૃતિ સ્વરૂપ વિષયાસક્તિ નષ્ટ ન થાય ત્યાં સુધી ભોગની ભ્રમણાથી તેનું ભવભ્રમણ ટળી શકતું નથી

સારું અને સાચું સ્વ-પર હિતકારી કાર્ય કરો, જનતાની કદર કે કીંમતની પરવા ન રાખો, કારણ કે તમારું કાર્ય જ તમારી કદર તથા કીંમત કરશે જો જનતાની કદરની ઇચ્છા રાખશો તો સાચું અને સારું નહિ કરી શકો અથવા તો કાર્ય કરતાં અટકી જશો

આનંદ લેવા નીકળ્યા છો તો જ્યાંથી મળે ત્યાંથી લઇ લ્યો, પણ ધ્યાન રાખજો કે આનંદની ભ્રાન્તિથી શોક ન આવી જાય માટે સદ્બુદ્ધિથી પરીક્ષા કરીને લેજો

દુનિયામા આકૃતિપૂજક ઘણા છે, પણ પ્રકૃતિપૂજક કોઇક વિરલ જ છે સાક્ષાત્ પ્રભુ હોય, પ્રતિમા હોય પણ જ્યાં સુધી પ્રકૃતિપૂજક ન બનાય ત્યા સુધી આત્મા પ્રકૃતિસ્વરૂપ બની શકતો નથી.

ગુણીપણાનું માન જોઈતું હોય તો પોતાના આત્માની પાસેથી મેળવો, બીજાની પાસેથી મેળવવાની ઇચ્છા ન રાખો જો તમારો આત્મા જ તમારો તિરસ્કાર કરતો હશે તો બીજાઓ તમને ગમે તેવા પ્રકારનુ અને ગમે તેટલું માન આપે તો પણ તમે તો તિરસ્કારનુ પાત્ર જ રહેવાના.

સાચું અને સારુ જોઇયે છે બધાયને, પણ સાચુ અને સારુ જાણવું અને વર્તવું કોઇને ગમતું નથી

શેરડી મીઠી લાગતી હોય અને ચૂસવાનુ મન થાય તો ચૂસો, પણ પૂંછડ ફિકાશનો ભાગ શરૂ થાય ત્યારે ફેંકી દેજો. ચૂસશો નહિ, કારણ કે બાણુ-પૂછડાના ભાગને પશુઓ ખાય છે માટે જો બાણુ ને પણ ચૂસતા રહેશો તો

તમાનામા અને પશુમા કાઈ અતર રહેશે નહિ

મારે નથી મરવુ એમ છાતી ઠોકીને કહેનાર સ સારમા અત્યાર સુધી કોઈપણ નીકળ્યુ નથી, પણ મારે નથી જન્મવુ એમ નિશ્ચયપૂર્વક કહેનાર સસારમા અનતા થઇ ગયા છે કે જેઓ પાછા અવતર્યા જ નથી

જ્યા સુધી માણસના ખોળિયામા જીવનો વાસો હોય છે અર્થાત માણસ જીવતો હોય છે ત્યા સુધી તે ધારણા પ્રમાણે ઘટતુ કામ કરી શકે છે, પણ જ્યારે દેહથી છૂટો પડે છે મરી જાય છે ત્યારે પોતે સર્વથા પરાધીન હોવાથી કાઈપણ કરી શકતો નથી, તેને પોતાની હયાતીની પણ હોશ રહેતી નથી હુ કોણ છુ ? કયા છુ ? જગત શુ છે ? તેનુ જરાયે ભાન હોતુ નથી ચક્રવર્તી, રાજા, મહારાજા, શ્રીમત રંગાલ આદિ બધાયને આ નિયમ સરખી રીતે લાગુ પડે છે જન્મ્યા પછી મેળવેલી કાઈપણ પ્રકારની સત્તાવાળો આ નિયમનુ ઉલ્લઘન કરી શકતો નથી

માનવી જીવતો હોય છે ત્યા સુધી દેહના આશ્રયમા રહીને ધન, રૂપ, બળ, ઐશ્વર્ય તથા સ્વામીપણાની સત્તાના મદમા અનેક જીવોને ત્રાસ-ભય ક્લેશ-સતાપ વગેરે આપતી વખતે જીવનના અંતે દેહ છોડતા કે દેહ છોડયા પછી થવાવાળી પોતાની નગણી અને નિસહાય સ્થિતિ સભારતો નથી

જીવોને ક્લેશ-ત્રાસ-ભય આપીને પણ જીવાય છે અને સુખ-શાતિ તથા સતોષ આપીને પણ જીવાય છે, છતા

બીજાની અનિચ્છાયે પણ પોતાની ક્ષુદ્ર વાસના તથા સ્વાર્થ પોષવા તને પોતાનો તાબેદાર બનાવવાની ઈચ્છાથી પોતાને મળેલી સત્તા વાપરીને પોતાના વિચાર તથા વર્તનને અનુસરવાની ફરજ પાડે છે, પણ સ્વતંત્ર જીવવામાં બીજાને પોતાની સત્તાનો સહયોગ આપતા નથી તેમને એટલુયે ભાન હોતુ નથી કે મારી પાસે જે કાંઈ સત્તા, સામર્થ્ય કે શક્તિ છે તે ઉછીના મળ્યા છે, માટે તે એક દિવસ પાછા છીનવી લેવામાં આવશે

ભીંત ઉપર, કપડા ઉપર કે કાગળ ઉપર અથવા તો એવી બીજી કોઈ પણ વસ્તુ ઉપર ચીતરેલા ચિત્રો કાળાંતરે ભુસઈ જવાની જેમ માનવીઓ દુનિયાનો પ્રલય માને છે કોઈ કલિયુગના છેડે તો કોઈ પાચમા આરાને છેડે માને છે પ્રલય માટે ભિન્ન ભિન્ન અનેક પ્રકારની માન્યતાઓ પ્રચલિત છે તેના કાળનુ અંતર તો બધા પાચ હજાર વર્ષનુ બતાવે છે, પણ વિચાર કરતા એમ સમજાય છે કે જે દિવસે જીવ માનવીનુ ખોળિયુ છોડે છે તે દિવસે જ તેના માટે દુનિયાનો પ્રલય થાય છે, દુનિયાનુ ચિત્ર તેની દૃષ્ટિમાથી તથા સ્મરણમાથી ભુસાઈ જાય છે, માટે પ્રલયના સમયમા હજારો વર્ષનુ અંતર નથી પણ જીવોના પરિમિત જીવનના છેડે રહેલા હોવાથી પ્રલયના કાળનુ અંતર પણ પરિમિત વર્ષનુ છે તાત્ત્વિક દૃષ્ટિથી વિચાર કરીએ તો પ્રત્યેક સમયે દુનિયાનો પ્રલય થાય છે જૂના ચિત્રો ભુસાય છે અને નવા દોરાય છે એક જ સમયમા ભુસાવુ અને દોરાવુ થાય છે સર્વજ્ઞો સિવાય કોઈપણ સાક્ષા

ત્યાર ક્રવાને સમર્થ નથી અલ્પજ્ઞો જે જાણે છે તે સર્વજ્ઞોના વચનોથી જ જાણે છે, પણ પોતે સ્વતંત્રપણે જાણી શકતા નથી આ પ્રમાણે પ્રત્યેક પળે વીતતા અને ભુંસાતા ક્ષણિક જગતની અસર ખોળિયામાં વસતા જીવને થતી નથી, કારણ કે ક્ષણિક પરિવર્તનમાં અત્યંત સૂક્ષ્મપણે થવાવાળા ઉત્પત્તિ વિનાશથી દેહનો સર્વથા વિયોગ થતો નથી એટલે જીવને પ્રત્યક્ષ જેવું કાંઈપણ લાગતું નથી, પણ જ્યારે દેહનો આશ્રય છોડીને મોતને તાબે થવું પડે છે ત્યારે તેની દૃષ્ટિમાંથી જગતનું ચિત્ર ભુંસાવા માંડે છે અને દુનિયાનું સાચું સ્વરૂપ સમજાય છે દુનિયા શી વસ્તુ છે? મોજશોખ શી વસ્તુ છે? સગાસંબંધી શું છે અને સંપત્તિ, ઐશ્વર્ય, ભોગ, ભોગવવા આદિ શું છે? તે બધુંય જીવને દેહ છોડતી વખતે યથાર્થ જણાય છે

સંતોષ, શાંતિ સમતા દયા, દાન, ક્ષમા અને સરળતા આદિ જીવનના ઉત્તમ સાથીઓની અવગણના કરીને કામ, ક્રોધ, મોહ, નિર્દયતા તથા દંભ આદિનો આદર કરનાર મોતને તાબે થયા પછી બેભાન અવસ્થામાં જીવન-કાળમાં આદર કરાયલાની પ્રકૃતિ પ્રમાણે ભાવી જીવનવ્યવસ્થા મેળવી શકે છે, કારણ કે મૃત્યુ પછી જીવ સ્વતંત્રપણે કાંઈ પણ કરી શકતો નથી દેહ છોડતાની સાથે જ જીવન-કાળમાં માત્ર દેહની સાથે જ સંબંધ ધરાવનારા ધન સ્વજન આદિ સંયોગ માત્રથી મુકાઈ જઈને ગાઢતમ અંધકારમાં પ્રવેશ કરે છે ત્યારે કર્માધીન જીવની પાસે દેહ ઇંદ્રિયાદિ જાણવાનું કે સમજવાનું કાંઈપણ સાધન ન હોવાથી મૂર્છિત થયેલા

દેહધારી જીવના જેવી દશાને અનુભવે છે તે વખતે જીવન-કાળના સાથીઓ નવી દુનિયામા લઇ જઇને તેની તેની જીવન વ્યવસ્થા ઘડે છે જો ન તોષ, શાતિ આદિ સાથીઓ હોય તો તેઓ દૈવી કે માનવી દુનિયામા જીવને લઇ જઇને મનગમતી જીવન-વ્યવસ્થા કરે છે જેથી જીવ પ્રકાશમય દુનિયામા માનેલા અથવા તો સાચા સુખ, શાતિ તથા આન દનો ભાગી બને છે, અને કામક્રોધાદિના આશ્રિત આત્માઓને તો મૃત્યુકાળ પછી પ્રકાશમય દુનિયામા પ્રવેશ મળી શકતો નથી પાશવી કે નારકીની અત્યત ત્રાસ તથા ભયવાળી અને અ ધકારવ્યાપ્ત દુનિયામા અન ત કાળ સુધી પણ જન્મમરણ કરવા પડે છે, તે વખતે માનવ જીવનના મિથ્યા વૈભવનો આછો પડછાયો પણ હોતો નથી, કારણ કે કામક્રોધાદિ જીવનના શત્રુ હોવાથી તેને સુખ, શાતિ તથા સાચુ અને સારુ મેળવી આપવામા ઉદાસીન જ હોય છે અથવા તો વસ્તુ પોતાના સ્વભાવ પ્રમાણે જ પરિણમે છે સ તોષ, શાતિ આદિ અમૃત છે અને કામક્રોધાદિ વિષ છે, માટે અમૃત સેવન કરનાર અમર બને છે. ત્યારે વિષનુ સેવન કરનારને મૃત્યુને તાબે થવુ પડે છે

કામક્રોધાદિ વિલાસના ઉત્પાદક છે માટે વિલાસિયોને તેનો આદર કરવો પડે છે વિલાસ વિષ જેવો હોવાથી ભોગવતા મધુર લાગે છે, પણ પરિણામે તો જીવને અણગમતા સયોગોમા લાવી મૂકે છે, છતા મોહથી મુ ઝાયલો જીવ સુખની મિથ્યા ભ્રમણાથી કામક્રોધનો અત્યત આદર કરે છે કહેવાતા સમજુ ત્યાગી પણ મોહની આજ્ઞાનુ ઉલ્લ ઘન કરવાને અસમર્થ હોવાથી માયાનો આશ્રય લઈને પણ કામક્રોધાદિની સેવા બજાવે છે

ભયની સીમા

૭૨

માનવી જન્મે તે પહેલા તો મોતના તેડા શરૂ થઈ જાય છે, પણ ગણકારે કોણ ? માનવ દેહનુ મડાણ થયુ કે તરત જ પોતાના પૂર્વજન્મના સસ્કાર પ્રમાણે દુનિયામા ચાલતી પ્રવૃત્તિયોમા ભળી જાય છે ભિન્ન ભિન્ન પ્રકૃતિવાળા જગતની રુચિ પણ ભિન્ન હોવાથી વર્તન તથા વિચાર પણ ભિન્ન જ હોય છે, છતા વિષયાસક્ત પુદ્ગલાનદી જગતનુ ધ્યેય એક સરખુ હોવાથી માનવી પ્રાય તેમા ઝપલાય છે આવી સ્થિતિમા કોઈને પણ મોતને ખ્યાલ સરખો ય હોતો નથી, મરવુ છે એવુ કોઇ પણ સમજતુ નથી અત્યારના જગતમા કહેવાતા જ્ઞાની, ધ્યાની, જપી, તપી, ત્યાગી, ભોગી, છે કોઈને મોતની પરવા ?

જ્યારે માનવી વૈષયિક જગતમા મન પરોવે છે ત્યારે પોતાની સાચી જાતિને ભૂલી જાય છે એટલે તાત્ત્વિક વસ્તુને ઓળખી શકતો નથી જન્માતરમા મેળવેલી કેટલીક સાચી સપત્તિને લઈને કેવળ માનવ જીવનમા જ ઉપયોગી વાચી શકે, સમજી શકે, ડહાપણવાળી વાતો કરી શકે, ધન મેળવી જાણે, ખરચી જાણે, ભોગવી જાણે, તો પણ મોહના તાબે હોવાથી એક જ ધ્યેય, કષાય–વિષયમા તલ્લીન થઈને આનદ માનવો અને નિરતર પૌદ્ગલિક સુખોમા અસતોષી રહીને

ીને મોજ માણતો હોય છે ત્યારે તે ક્રૂર
મેદી ટએ લેઇ રહેલુ હોય છે છતાં હુ મ
ર અને આનદમા મસ્ત-વિલાસવી વિરામ
કનડગત માટે કાઇ પણ ઉપાય કરતો
મોત માથા ઉપર આવીને ઊભુ રહે છે
અત્યત દીન અવસ્થા થઇ જાય છે, ત
જીવનની યાચના કરે છે અને વિલાસને બદલે
ાનાનો વિનાશ જ જુએ છે, પરતુ મોતની
રેલી હોવાથી ક્રૂર કૃતાત આવા વિલાસીયોને
દેખાડીને બળાત્કારે પ્રાણ રહિત કરે છે.

તો સસારમા મોતને કોઇ પણ ભૂલ્યુ નથી
નણે છે કે અમારે ચોક્કસ મરવુ છે, મરવાની શકા
તેનાથી બચવાને માટે અનેક પ્રકારના પ્રયાસ કર
આવે છે, છતા ક્યારે મરવુ છે તેની કોઇને પણ
ખાતરી નથી જગતમા પોણોનો અને સો નો વરસના
ના માનવીઓને નાની વયવાળા જ્યારે હયાત-જીવતા
એ છે ત્યારે તેઓ એમ માને છે કે અમે હજી તો નાની
યના છીએ એટલે હમણા અમારે મરવુ નથી આ પ્રમાણે
મની માન્યતા હોવાથી મોતને ભૂલી જઇને તેઓ મોજ
ખમાં પડી જાય છે જેથી તેમને બીજા જીવોના મરવાની
રાય કાળજી હોતી નથી, અધર્મ તથા અનીતિના ઉપાસકો
જાય છે, કેટલાક ...તિથી સુખી મોટી ઉંમરન
...ના પણ આના ... વિષયાસક્તિને લઇને માયા

પછી કામ-ક્રોધ તથા મોહની સલાહ માનવાની જરાય જરૂરત નથી. પણ શાંતિ-સંતોષ તથા સમતાના આશ્રયમાં રહીને માનવ જીવનની સહાયતાથી મોતને જડમૂળથી ઉખેડી નાંખવાને પ્રયત્ન કરવાની અત્યંત આવશ્યકતા છે; પરંતુ ભાગ્યે જ કોઈક જ તેમ કરવા દોરાય છે, ધ્યાન આપે છે કેટલાકને શાંતિ-સંતોષ આદિના આશ્રયમાં રહેવાની ઈચ્છા થાય છે પણ કામ-ક્રોધાદિનો અનાદિ કાળનો સંબંધ છોડી શકતા નથી. તોયે સાચું સુખ-આનંદ તથા જીવન મેળવવા મહાપુરુષોની જીવનકથા સાંભળીને તેમને પગલે ચાલવા ઘણું ચહાય છે અને તેમણે આદરીને બતાવેલા આચાર-વિચારો પ્રમાણે વર્તવા પ્રેરાય છે છતાં કામ-ક્રોધાદિની શીખવણી ઉપર દૃઢ શ્રદ્ધા હોવાથી અંતરવૃત્તિથી મહાપુરુષોની આચરણાનો આદર કરી શકતા નથી જેથી સાચી વસ્તુથી વંચિત રહીને મોતના ભયથી મુકાતા નથી. મોહનો આશ્રિત વિલાસી માનવી મોતને હસી કાઢીને અનેક પ્રકારના વિલાસમાં મગ્ન રહે છે. ધન, આરોગ્યતા, યુવાવસ્થા અને સ્વચ્છંદતાનો સાથી બિનસંસ્કારી પ્રભુની પ્રભુતાની કદર કરી શકતો નથી, તેના માટે પુન્ય-પાપ જેવી કોઈ વસ્તુ જ હોતી નથી તેમ જ મોતને વિસારે પાડેલું હોવાથી જીવ માત્રને જીવવું ગમે છે તેનું ભાન પણ હોતું નથી. જે પોતાના વિલાસ માટે બીજા જીવોની પીડાને જરાય ગણતો નથી તે પાંચે ઇંદ્રિયોના વિષય પોષી પોતે માનેલો આનંદ તથા સુખ મેળવવાને બીજા અનેક જીવોના પ્રાણ જતા હોય તો તેની લેશ માત્ર પણ પરવા કરતો નથી; પણ જે વખતે

વિલાસી મોતને ભૂલાવીને મોજ માણતો હોય છે ત્યારે તે ક્રૂર દૃષ્ટિથી તેની સામે એકી ટસે જોઇ રહેલું હોય છે છતાં દુઃખ તથા શોકગર્ભિત સુખ અને આનંદમાં મજા–વિલાસથી વિરામ પામી મોતની ક્રૂર કનડગત માટે કાંઇ પણ ઉપાય કરતો નથી; પણ જ્યારે મોત માથા ઉપર આવીને ઊભું રહે છે ત્યારે વિલાસીની અત્યંત દીન અવસ્થા થઇ જાય છે, તે દયામણે મોઢે જીવનની યાચના કરે છે અને વિલાસને બદલે સર્વ પ્રકારે પોતાનો વિનાશ જ જુએ છે, પરંતુ મોતની અવગણના કરેલી હોવાથી ક્રૂર કૃતાંત આવા વિલાસીયોને અસહ્ય દુઃખ દેખાડીને બળાત્કારે પ્રાણ રહિત કરે છે.

એમ તો સંસારમાં મોતને કોઇ પણ ભૂલ્યું નથી. બધાય જાણે છે કે અમારે ચોક્કસ મરવું છે; મરવાની શંકા થતાં જ તેનાથી બચવાને માટે અનેક પ્રકારના પ્રયાસ કરવામાં આવે છે; છતાં કયારે મરવું છે તેની કોઇને પણ ખરી ખાતરી નથી. જગતમાં પોણોસો અને સો સો વરસનાં ઉંમરના માનવીઓને નાની વયવાળા જ્યારે હયાત–જીવતા જુએ છે ત્યારે તેઓ એમ માને છે કે અમે હજી તો નાની વયના છીએ એટલે હમણાં અમારે મરવું નથી. આ પ્રમાણે તેમની માન્યતા હોવાથી મોતને ભૂલી જઇને તેઓ મોજ-શોખમાં પડી જાય છે જેથી તેમને બીજા જીવોના મરવાની જરાય કાળજી હોતી નથી, અધર્મ તથા અનીતિના ઉપાસકો બની જાય છે; કેટલાક ધન–સંપત્તિથી સુખી મોટી ઉંમરના હોવા છતાં પણ અજ્ઞાનવાસિત વિષયાસક્તિને લઇને માયા

ઉપર આવીને ઊભેલા મોતને જોઈ શકતા નથી પરંતુ આ પ્રશ્ન ઊભો થાય છે કે મોતને ઉંમર કે વખતનો પ્રતિબંધ નથી. એ ગમે ત્યારે અને ગમે તેવી વયમાં આવી શકે છે, ભલે પછી યુવક હોય કે વૃદ્ધ હોય. મોતને માટે કોઈ પણ અસ્પૃશ્ય નથી. તેમજ રાત્રિદિવસ તથા ઘરમાં હોય કે બહાર હોય ત્યાં પણ ગમે તે ક્ષણે મોત આવી પહોંચે. ગરીબ હોય અથવા તો અમીર, બધાને મોતના પંજામાં ફસાવું પડે છે, એ વાત દરેક જણ જાણે છે અને અનુભવે પણ. બાળકથી માંડીને વૃદ્ધાવસ્થા સુધીના માનવીઓએ વર્તમાન જમાનામાં આવા પ્રસંગો જોયા છે—જાણ્યા છે. જ્યારે બીજાના મૃત્યુના પ્રસંગો ઉપસ્થિત થાય છે ત્યારે માનવીઓના જીવનપ્રવાહ ઉપર મોતનો આછો પડછાયો પડવાથી તેમના મન ઉપર શોકનું વાદળ ચઢી આવે છે પણ વિષયાસક્તિના ફૂંકાતા ગાઢ પવનથી તે વાદળ વિખરાઈ જાય છે કે તરત જ મોતનું વિસ્મરણ થઈ જાય છે અને નિઃશંકપણે વાસના પોષવામાં લીન બની જાય છે. તેને જ્યારે મોત તેડવા આવે છે ત્યારે ચમકી ઊઠે છે અને ઘણુંય રોકાણ કરે છે તોયે મોત તેને ઉપાડી ચાલતું થાય છે.

મોતને ભૂલ્યા સિવાય માણસ કાંઈ પણ કરી શકે નહિ. ધન કમાવું, સગાંસંબંધીઓની સારસંભાળ લેવી, માતા-પિતા-સ્ત્રી-પુત્ર આદિનું પાલન કરવું, વ્યવહાર જાળવવા સમય અને ધનનો ઉપયોગ કરવો, પરોણાઓનું સ્વાગત કરવું, અતિથિસત્કાર કરવો વિગેરે ગૃહસ્થધર્મનું પાલન કરવાને માટે મોતને ભૂલવું પડે છે. જો મોતને દૃષ્ટિ સન્મુખ રાખે તો આમાનું કશુંય બને નહિ. તોયે નીતિપૂર્વક વર્તવાને

માટે મોતની કાંઈક પ્રેરણા રહ્યા કરે છે; છતાં વિલાસી માણસો તેનો તિરસ્કાર કરીને અધર્મ તથા અનીતિના આશ્રય નીચે રહીને નિઃશંકપણે નિર્દયમય જીવન બનાવે છે, તેમની સાથે મોત છેવટમાં ઘણી જ સખતાઇથી વર્તે છે.

સાચી અખંડ જીવન જ્યોતિને ઓળખનાર આત્મ-શ્રદ્ધાળુને નિરંતર મોતનું સ્મરણ હોય છે તોયે તેને તેનો જરાય ભય હોતો નથી; કારણ કે તે જાણે છે કે મોતથી આત્માના જ્ઞાનાદિ ગુણોનું કાંઇ પણ નુકશાન થતું નથી. આયુષ્ય કર્મ ક્ષય થવાથી આત્મા તથા દેહના સંયોગના વિયોગ સિવાય મોત જેવી કોઇ તાત્વિક વસ્તુ નથી. આ પ્રમાણેની તેની દૃઢ શ્રદ્ધા હોવાથી મોત સાંભરવા છતાં પણ તે બ્હીએ નહિં; પરંતુ જન્મ મરણથી આત્મા ઘેરાયલો હોવાથી અનંત જ્ઞાનાદિ પોતાના ગુણનો શુદ્ધતાપૂર્વક સંપૂર્ણપણે ઉપયોગ કરી શકતો નથી માટે જન્મ-મરણના કારણભુત કર્મોથી શુદ્ધ થવાને માનવદેહ તથા જીવન અદ્વિતીય સાધન હોવાથી મોતથી તેનો બચાવ કરવાને કાળજી રાખે છે અને આત્મશુદ્ધિ અપૂર્ણ રહી જવાના ભયથી મોતથી શંકિત રહે છે. કદાચ માનવજીવનમાં આત્મવિકાસ સાધતાં અપૂર્ણતા રહી ગઇ હોય અને મૃત્યુ આવીને ઊભું રહે તો પછી તેનો જરાય ભય રાખ્યા વગર દેહ છોડવાને પોતે તૈયાર થઈ જાય છે, કારણ કે તેને પૂર્ણ શ્રદ્ધા હોય છે કે મેં માનવ-જીવનને આત્મવિકાસ માટે વાપરીને તેની કદર કરી છે એટલે મને માનવજીવન ફરીને ચોક્કસ મળશે જ અને હું

વધુ પ્રમાણમા આત્મવિકાસ કરી શકીશ આવા જીવનની કદર કરી વિકાસ સાધનારને મોત કોઈ પણ પ્રકારની કન ડગત કર્યા સિવાય શાતિપૂર્વક દેહ છોડવા દે છે, પણ વિષયા સક્ત પામર પ્રાણી કષાય-વિષયમા જીવનને વેડફી નાખી ઉત્તમ માનવ જીવનની અવગણના કરનારને તથા મોતનુ નામ સાભળવા માત્રથી પણ અત્યત ભય, ત્રાસ, દુ ખ અને ઉદ્વેગ અનુભવનારને છેવટે મોત આપીને અનિચ્છાયે પણ એનો પ્રાણ હરી લે છે

કેટલાક અણજાણુ માનવીઓ માને છે કે, એક દિવસ મોત આવશે, પણ મોત જગતના એક ખૂણે પડેલુ નથી સ સારમા એવુ કોઈ સ્થળ નથી કે જ્યા મોત નથી. આખાય સ સારમા વ્યાપ્ત થઈને રહેલુ છે, અને તે દરેક વસ્તુના પડછાયાસ્વરૂપ છે જેનો પડછાયો પડે છે-પછી તે જડ હો કે ચૈતન્ય-તે બધીય વસ્તુ મોતને તાબે છે જેનો પડછાયો નથી તે મોતને તાબે નથી, અર્થાત્ અરૂપી વસ્તુ મોતથી મુક્ત છે કારણ કે તેનો ઓળો પડતો નથી રૂપી વસ્તુનો પડછાયો પડે છે માટે તે મોતગ્રસ્ત છે માનવીનો પડછાયો તેની સાથે જ રહે છે અને તે જ મોત સ્વરૂપ હોવાથી તેને બીજે ક્યાયથી પણ આવવા જેવુ રહેતુ નથી અને એટલા માટે જ મોતને સ્થળ કે વયનો નિયમ નથી ભલે માનવી માની લે કે મોત આવશે ત્યારે જોઈ લઈશુ હાલમા તો મળેલી ધન, સ પત્તિ તથા યુવાવસ્થાને મોજ-શોખ કરીને સફળ કરી લઈયે અથવા તો અધર્મ તથા

અનીતિ કરીને શ્રીમંતાઈનું માન મેળવી લઈએ પણ તેમણે વિશ્વાસપૂર્વક સમજી લેવું જોઇએ કે અધર્મ તથા અનીતિ કરીને મોજશોખ માટે તથા શ્રીમંતાઈનું માન મેળવવાને માટે ધન મેળવતી વખતે મોતનો જે તિરસ્કાર કરવામાં આવે છે તેને મોત સાંખી શકવાનું નથી તે માનવીની પાસે જ રહેલું હોવાથી તેના વિચાર તથા વર્તનને સારી રીતે જાણે છે એટલે માનવી ઉપર કોઇપણ પ્રકારનું આળ ચઢાવીને કોઈ પણ બહાને તેને તીવ્ર દુઃખદાયી ગતિમાં ધકેલી દે છે, માટે અધર્મ તથા અનીતિ કરતી વખતે પોતાની સાથેની નિરંતરની મોતની હાજરી ધ્યાનમાં રાખવાની અત્યંત આવશ્યકતા છે તેમ જ મોજશોખ માટે બીજા જીવોના પ્રાણોથી મોતને પોષવાથી તે સબળ બની છેવટે અસહ્ય પીડા આપે છે અને અનેક જન્મ સુધી પણ પીછો છોડતું નથી, માટે જીવોના પ્રાણ ન આપવાની પ્રતિજ્ઞા કરીને મોતને નિર્બળ બનાવવા ચૂકવું નહિ

આ પ્રમાણે સંસારમાં જેટલા ભયો છે તેની સીમા મોત છે એનાથી આગળ વધીને ભયને અવકાશ નથી, કારણ કે મોતથી વધારે ભયાનક સંસારમાં કોઇ વસ્તુ જ નથી સાધારણ માંદગીને તો માણસો કાંઇ પણ હિસાબમાં ગણતા નથી, પણ જ્યારે મંદવાડ વધી પડે છે ત્યારે ધનના ભોગે પણ રોગ મટાડવા પ્રયાસ કરે છે તે રોગ મટાડવાના હેતુથી નહિ પણ મરવાના ભયથી કરે છે જો કોઇ નિષ્ણાત વૈદ ન મરવાની ખરી ખાતરી આપે તો કેટલાક કંજુસ માણસો દવા કરાવતા નથી બીજા બધા

ભયોથી મૂકાવાને માટે તો અનેક પ્રકારના ઉપાયો છે, અને તે દ્વારા ઘણા માણસો ભયથી મુક્ત થાય છે, પણ મોતનો ભય ટાળવાને માટે કોઈ પણ ઉપાય નથી, છતા જે ઉપાયો છે તેને વિષયાસક્ત કરી શકતા નથી, કારણ કે મોતને જીતનાર મહાપુરુષોના વિચાર તથા વર્તનને આવકાર આપતા હીન સત્વવાળા અચકાય છે, કારણ કે મોતને જીતવામા મહાપુરુષોએ ત્યાગને પ્રધાનતા આપી છે, જેને અનાદિ કાળથી ભોગના સસ્કારવાળા જીવો મોતથી બ્હીવા છતા પણ ભોગનો ત્યાગ કરીને ત્યાગનો માર્ગ અંગીકાર કરી શકતા નથી જેથી કરીને મોતની ક્રૂર કનડગતથી મૂકાતા નથી



મરતાં શીખો

૭૫

સુમારમા પુરુષોની બહોતેર કળા અને સ્ત્રીઓની ચોસઠ કળા મળાય છે ભૂતકાળમાં એક યુગ એવો હતો કે સ્ત્રી પુરુષો આ કળાઓને શીખતા યુગપરિવર્તન થતા અન્ય કળાઓનો આવિષ્કાર થયો. એટલે પૂર્વની કળાઓ ભલાઇ ગઇ અત્યારે કાળને અનુસરીને નવીન કળાઓ શીખાય છે જો કે અત્યારે શીખવામા આવતી કળાઓ સર્વથા નવી નથી, પૂર્વની જ કેટલીક કળાઓનો સુધારોવધારો કરીને તેને સસ્કારવાળી બનાવવામા આવી છે આ પ્રમાણે પૂર્વની કળાઓમા અને વર્તમાન કાળની કળાઓમા ક્યાય પણ મરવાની કળાનુ નામ સંભળાતું નથી, અને વ્યવહારિક કળાવાળાઓએ મરવાને કળા તરીકે માન્યુ પણ નથી, તેથી તેને શીખવાનું કોઇપણ જાણતું નથી, પરતુ અંતર્જગતમા વિચરનાર મહાપુરુષોનાં વાણી તથા વર્તનનુ સૂક્ષ્મદૃષ્ટિથી અવલોકન કરીએ તો સમજાય કે તેમણે મરણની કળાને પ્રાધાન્ય આપ્યું છે, બધીય કળાઓમાં મરણની કળાને જ સર્વોત્કૃષ્ટ માનીને તેનો સાચી રીતે અભ્યાસ કર્યો છે અને શાશ્વત જીવન મેળવ્યુ છે જ્યા સુધી મરણની કળા ન આવડે ત્યા સુધી કોઇ પણ અમર બની શકતુ નથી, એમ સિદ્ધ

સગપણો શરીરની સાથે થાય છે તે શરીરનો ત્યાગ કર્યા
પછી જીવને કાંઈ પણ પ્રકારનું સગપણ તથા જડાત્મક
સંપત્તિનું સ્વામીપણું રહેતું નથી પણ પાછું નવીન
શરીર ધારણ કરે છે, જન્મ લે છે ત્યારે નવીન સગપણ
અને ભિન્ન પ્રકારની સંપત્તિનું સ્વામીપણું પ્રાપ્ત થાય છે,
દેહ જ માનવીને બહારની બધી યે વસ્તુ છોડવી ગમે છે
પણ શરીર છોડવું ગમતું નથી છતાં જીવને બાહ્ય ધન સંપત્તિ
જેમ શરીર પણ છોડવું જ પડે છે આવી રીતે જીવ
અને સગપણ તથા જડાત્મક સંપત્તિનું સ્વામીપણું વાસ્ત
ક નથી તો યે તેની મમતા છૂટતી નથી જ્ઞાની પુરુષો
તુને સાચી રીતે સમજેલા હોવાથી તેમને જડસ્વરૂપ દેહ
। ધન સંપત્તિ ઉપર મમતા હોતી નથી જેથી કરીને
ા સુખ-શાંતિપૂર્વક શરીરનો ત્યાગ કરનાર હોય છે
લે દેહ ત્યાગરૂપ મરણમ અજ્ઞાનીઓથી જુદા પાડી
ા નથી, છતાં ભેદ જ્ઞાનના અભ્યાસી તથા અનુભવી
થી દેહ ઉપર મમતાના અભાવને લઈને અજ્ઞાનીઓની
દેહત્યાગથી થતા દુઃખની અસર તેમને થતી નથી

જ્ઞાનીઓ પોતાના જીવનકાળમા આત્મ તથા અનાત્મ
ના ભેદનો સારી રીતે અભ્યાસ કરે છે અર્થાત્ જડ
જીવ ભિન્ન છે એમ ઓળખવા પૂરતુ જ નહીં પણ સ્પર્શ
। સાચી રીતે અનુભવ કરીને શ્રદ્ધાપૂર્વક આત્મસ્વ
વિકારી હોવાથી જડાત્મક વસ્તુઓના સંયોગ-વિયોગ
જ્ઞાનીઓને અસર કરતા હર્ષ-શોકથી મુકાયલા હોય

છે જેને દેહના વિયોગથી દુ ખ થતુ નથી તેને દેહની આશ્રે જ સબધ ધરાવનાર ધન–સપત્તિ આદિના વિયોગથી દુ ખ થાય જ શાનુ ?

મરણની વ્યાપક વ્યાખ્યા તો પૌદ્‌ગલિક વસ્તુ માત્રથી છુટાઈ જવુ થાય છે કે જે મરણ પછી જન્મ જેવુ કશુ ય હોતુ નથી જ્યા સુધી જન્મ થયા કરે છે ત્યા સુધી મરણ ના કારણરૂપ જડ(આયુષ્યકર્મ)નો સર્વથા ત્યાગ થતો નથી જન્મનુ મ ણ જન્મનુ કારણ બને છે તે મરતા ન શીખેલા આત્માઓનુ મરણ કહેવાય છે અર્થાત્ અજ્ઞાની જીવોનુ બાળમરણ અનિશ્ચિત મરણ તરીકે ઓળખાય છે જેઓ મરવાનો માર્ગ રીતે અભ્યાસ કરે છે તેમના માટે પુનર્જન્મ હોતો નથી કદાચ જોઈતી સાધન–સામગ્રીના અભાવે અભ્યાસની અપરિપક્વ દશામા મરણ થઈ જાય તો મહાત્માઓને પણ પુનર્જન્મ ધારણ કરવા પડે છે, છતા તેમના જન્મ મરણની સખ્યા વધુ થતી નથી એ–ત્રણ કે પાચ–સાત જન્મમા પાતે મૃત્યુ ઉપર વિજય મેળવી શકે છે પછી તેમના માટે જન્મ મરણ હોતા નથી એટલે તઓ સદાસર્વદા મુક્ત જ હોય છે જ્યા સુધી જે જીવને જડાત્મક દેહના વિયોગથી અત્યત દુ ખ થાય છે અને તેના નિત્ય સયોગની ઈચ્છા રહ્યા કરે છે ત્યા સુધી દેહાધ્યાસને લઇને તેનો સર્વથા વિયોગ થતો નથી અને વારવાર દેહને ધારણ કરવો પડે છે કે જેને જન્મ કહેવામા આવે છે જન્મ થવાથી મરણ પણ અવશ્ય થાય જ છે એટલે આત્મા મરણથી મુક્તિ મેળવી શકતો નથી આ પ્રમાણે દેહાધ્યાસી

આયુષ્ય કર્મ (જન્મનુ કારણ) ઉપાર્જન કરે છે કે જેને લઈને પાછો જન્મે છે જન્મ્યા પછી આયુષ્ય કર્મ ભોગવવાસ્વરૂપ જીવનમા જડાસક્તિને લઈને અનેક પ્રકારના કર્મ ઉપાર્જન કરે છે જેથી કરી તેના આત્માની શક્તિઓ ઢંકાઇ જાય છે એટલે તેનો આત્મા નિર્બળ બની જાય છે અજ્ઞાનીઓની આવી જ સ્થિતિ હોય છે, કારણ કે તેમને શરીર ઉપર અત્યત મમતા હોય છે એટલે તેને પુષ્ટ બનાવવા વિવિધ પ્રકારના આહાર તથા ઔષધિનો ઉપયોગ કરે છે, અનેક જીવના વિનાશથી ઉત્પન્ન થયેલી અભક્ષ્ય વસ્તુઓનો શરીરનો નિરતર સયોગ જાળવી રાખવાને નિ સકોચ અને નિર્ઘૃણપણે ઉપયોગ કરે છે, દેહના વિયોગની આશકાથી તપ-જપ-સયમ આદિનો આદર કરતા નથી વિષયપોષક સાધન મળ્યા હોય તો ઇંદ્રિયોના વિષયોને પોષવામા ત્રુટી આવવા દેતા નથી કર્મજન્ય વ્યાધિથી ઘણા જ ગભરાય છે કારણ કે તેમને શરીરના વિયોગનો મોટો ભય હોય છે ધર્મના ભોગે શરીર રાખવા તનતોડ પ્રયત્ન કરે છે ડૉકટરો તથા વૈદો પાસેથી દીનમુખે જીવનની ભીખ માગે છે છતા જ્યારે વૈદો શરીર છૂટી જવાનો નિર્ણય બતાવે છે ત્યારે દેહ છોડવાની વૃત્તિ ન હોવા છતા પણ અત્યત દુખી માનવી બેભાન બની જાય છે પ્રભુનું નામ પણ સાભરતું નથી, કોઇ સભળાવે તો તિરસ્કારપૂર્વક અવગણના કરે છે મોહના દબાણથી અત્યત જડાસક્ત થયેલા હોવાથી દેહના વિનાશથી પોતાનો સર્વનાશ સમજે છે જ્યા સુધી દેહમા પ્રાણ

હોય છે અને બુદ્ધિમાં હોય છે ત્યાં સુધી જીવવાને માટે બીજાએ બતાવેલા સઘળા ઉપાયો કરે છે આવી રીતે ભિન-આવડતવાળા અજ્ઞાનીઓ મરે છે કે જેને બાળમરણ કહે-વામાં આવે છે. ઉપર બતાવ્યા પ્રમાણે દેહ છોડવામાં તો જ્ઞાની તથા અજ્ઞાની સરખા જણાય છે, પરંતુ તાત્ત્વિક દૃષ્ટિથી તો મોટો ભેદ છે

જ્ઞાની પુરુષો સમ્યગ્જ્ઞાનદ્વારા વસ્તુતત્ત્વને સાચી રીતે જાણે છે, માને છે અને શ્રદ્ધે છે એટલે જીવ તથા જડના વિયોગની અસર તેમને ન થવાથી અજ્ઞાનીની જેમ દુઃખ થતું નથી; શરીર છોડતી વખતે ત્રાસ કે ભય હોતો નથી; કારણ કે જ્ઞાનીઓએ પોતાના જીવનકાળમાં બહુ જ કાળજીપૂર્વક મરવાનો અભ્યાસ કરેલો હોય છે. સર્વજ્ઞોના વચનો ઉપર સંપૂર્ણ શ્રદ્ધા હોવાથી જીવ તથા જડનો ભેદ સાચી રીતે સમજેલા હોય છે. સાકરમાં મીઠાશની જેમ જીવન જીવનો સ્વભાવ જ છે એટલે જીવને જીવવાને ક્ષણવિનશ્વરરૂપ રસાદિ જડના ધર્મોની જરૂરત નથી; કારણ કે ક્ષણવિનશ્વર વસ્તુ શાશ્વત ધર્મની પોષક બની શકતી નથી. અર્થાત્ જડ ધર્મ ચૈતન્યને ઢાંકી દે છે પણ તેનો વિકાસ કરી શકે નહી આયુષ્ય કર્મના ઉદયસ્વરૂપ કૃત્રિમ જડ જીવન આત્મસ્વરૂપ સાચા જીવનને પોષવાને અસમર્થ હોય છે તો પછી કૃત્રિમ જીવનમાં વપરાતી જડ વસ્તુઓ શાશ્વત જીવ-નનો વિકાશ કેવી રીતે કરી શકે ? મીઠું સાકરની મીઠાશ વધારી શકતું હોય અથવા તો મીઠાથી સાકરની મીઠાશ ટકી શકતી હોય તો જ જડ વસ્તુઓ જીવના શાશ્વત જીવનને વધારી

શકે અથવા તો ટકાવી શકે, પણ મીઠાશથી તો ગાકરની મીઠાશ વધવાને બદલે ઢકાઈ જાય છે અને વિચિત્ર સ્વાદ વાળી થાય છે, પરંતુ વધી શકતી નથી તેમજ ટકી શકતી પણ નથી, કારણ કે સાકરની મીઠાશ સ્વરૂપથી જ આ સમા શાશ્વતી છે એવી જ રીતે જીવન પણ, ઉપમા સ્વરૂપથી શાશ્વત છે આવું સમ્યગ્જ્ઞાન જ્ઞાનીઓને હોવાથી તેમની દેહાદિ જડ વસ્તુઓ ઉપર આસક્તિ હોતી નથી તેમજ તેમને આયુષ્ય ભોગવવારૂપ ગણાવટી જીવન ઉપર પણ મમતા હોતી નથી તેઓ માને છે કે અજ્ઞાનતાથી બાંધેલાં કર્મ ભોગવવાને અથવા તો તેનો ક્ષય કરવાને માટે જ આત્માની સાથે દેહનો સંબંધ હોય છે જ્યાં સુધી સર્વ કર્મ ક્ષય ન હોય ત્યાં સુધી અનેક દેહના સંયોગ-વિયોગ થવાના જ કે જેને જગત જન્મ-મરણના નામથી ઓળખે છે જ્ઞાનીઓ દેહને શુભાશુભ કર્મ ભોગવવાનું અને ક્ષય કરવાનું સાધન માનતા હોવાથી તેના વિયોગરૂપ મરણમાં દુઃખ માનતા નથી અને આત્મધર્મની દૃષ્ટિએ વિધર્મી હોવાથી તેના ઉપર મમતા પણ કરતા નથી એટલા માટે જ જ્ઞાનીઓમાં સમભાવ ઉચ્ચ કોટીનો હોય છે

દેહમાં પુન્ય તથા પાપસ્વરૂપ શુભાશુભ કર્મ ભોગવાય છે એટલે અજ્ઞાનીઓ કેવળ પુન્ય કર્મ ભોગવવાને જ દેહ ટકાવી રાખવા પસંદ કરતા નથી પણ પુષ્કળ પાપકર્મ દેહમાં ભોગવવાનો વખત આવે છે ત્યારે વિષપાન આદિ અનેક ઉપચાર કરીને દેહનો ત્યાગ કરે છે, છતાં પાપકર્મથી મુકાતા નથી બીજું શરીર ધારણ કરીને પણ તેમને પાપકર્મ

ભોગવવું પડે છે. જ્ઞાની પુરુષોને ધારણ કરેલા દેહમાં ગમે તેવાં કર્મ ભોગવવાં પડે અથવા તો દેહ છૂટી જાય કે ન છૂટે તો પણ પોતે સમભાવમાં જ રહે છે. અર્થાત્ જીવવા-મરવાની ઇચ્છા રહિત હોય છે. એક વખતના શરીર ધારણ કરવામાં બધાય કર્મનો ક્ષય થતો નથી અથવા તો બધાય કર્મ ક્ષય થતાં સુધી એક જ દેહનો સંબંધ કાયમ બન્યો રહેતો નથી; કારણ કે દેહ તો જીવ સાથે સંબંધ જાળવી રાખનાર આયુષ્ય કર્મ છે અને દેહને ઘડનાર નામકર્મ છે બન્નેના કાર્ય જુદાં છે. એટલે દેહ ઘડનાર નામકર્મ જીવ સાથે દેહ સંબંધ જાળવી રાખે નહીં. જો નામકર્મ સંબંધ જાળવી શકતું હોત તો ઘણા કાળ સુધી આત્માની સાથે દેહનો સંબંધ બન્યો રહેત, પણ આયુષ્ય કર્મ સંબંધ જાળવે છે માટે તે પોતાની અલ્પ સ્થિતિ હોવાથી ઘણા કાળ સુધી દેહના સંબંધને ટકાવી શકતું નથી. જીવને ઘણા શરીરો ધારણ કરવાનું કારણ ભવસ્થિતિની અપરિપકવ દશા અથવા તો અનાદિકાળથી અનેક શરીરદ્વારા બાંધેલાં કર્મ ક્ષય કરવાને અનેક શરીરોની જરૂરત પડે છે. અનંતા શરીરમાં બાંધેલાં કર્મ પરિમિત શરીરમાં જે ક્ષય કરે છે તેનું ખાસ કારણ તો ભવસ્થિતિની પરિપકવ દશા હોય છે જ્ઞાની પુરુષો દેહને કર્મ બાંધવાનું નહીં પણ કર્મ ક્ષય કરવાનું સાધન માનતા હોવાથી નવાં કર્મ ન બંધાય એટલા માટે કર્મ બાંધવાના કારણ પૌદ્‌ગલિક સુખોથી વિરામ પામેલા હોય છે. જેમ બને તેમ પૌદ્‌ગલિક વસ્તુઓનો ત્યાગ કરે છે-તે ત્યાં સુધી કે આહાર આદિનો

પણ ઘણા કાળ સુધી ઉપયોગ કરતા નથી. ઇંદ્રિયોના વિષયોથી તો ગદા સર્વદા વિરક્ત જ હોય છે. કર્મ ક્ષયના હેતુથી જ દેહને ટકાવી રાખવા પૂરતો આહાર લે છે અને તે પણ અત્યત જરૂર જણાય ત્યારે જ જડાત્મક કોઈ પણ પ્રકારની ક્ષણિક વસ્તુની ઈચ્છા રહિત હોવાથી કષાયોનો સર્વથા ઉપયોગ કરતા નથી. આત્મા અનત શક્તિમાન છે એવી સાચી શ્રદ્ધા હોવાથી મહિનાઓ સુધી નિરાહાર રહેવા છતાં પણ અંતરાત્મ દશા પ્રાપ્ત થવાથી નિર્બળ બનતા નથી તેમજ તેમને આહાર છોડવાનું દુ.ખ પણ થતું નથી કૃત્રિમ જીવનપોષક આહારના ત્યાગથી તેમનું શરીર કૃશ થઇ જાય છે અને અશક્તિ વધી જાય છે, છતાં આત્મિક શક્તિનાં વિકાસી હોવાથી પરિમિત ભવમાં સર્વ કર્મ ક્ષય કરીને આત્મશક્તિનો સંપૂર્ણ વિકાસ કરે છે. પછી તેમને શરીર ધારણ કરવારૂપ જન્મ કે તેને ત્યાગવા રૂપ મરણ જેવું કાઇ પણ હોતુ નથી

ઉપર કહ્યા પ્રમાણે અજ્ઞાનીઓની જ્ઞાનીઓથી સર્વથા જુદી જ દિશા હોય છે જ્ઞાનીઓની અંતરાત્મ દશા હોય છે એટલે તેઓ જીવ તથા જડના ભેદના જ્ઞાનના સાચા અભ્યાસી હોય છે. જેને લઇને જડ જગતથી નિરંતર વિમુખ જ રહે છે. જડાત્મક વસ્તુઓનો સંયોગ-વિયોગ તથા ક્ષણિક પરિવર્તનની તેમને અસર થતી નથી અર્થાત્ સંકલ્પ વિકલ્પ, હર્ષ-શોક, ગ્લાનિ આદિ વિકૃતિઓથી મુક્ત હોય છે અને સમભાવસ્વરૂપ આત્મગુણમા જ રક્ત રહે છે ત્યારે અજ્ઞાનીઓ બહિરાત્મ દશાથી લિપ્ત હોવાથી પોતાનું

સાચુ સ્વરૂપ ભૂલી જાય છે અને દેહને જ સ્વસ્વરૂપ સમજતા હોવાથી દેહના વિયોગસ્વરૂપ મરણના સંકલ્પ માત્રથી અત્યંત દુઃખી થાય છે જડાત્મક વસ્તુઓ ઉપર અત્યંત મમતા હોવાથી તેમને પોતાના જીવનકાળમાં જડ વસ્તુઓના સયોગ–વિયોગથી જડાસક્ત જીવોએ કલ્પેલા સુખ–દુ.ખ અત્યંત થાય છે જડ વસ્તુઓમાં ઓતપ્રોત થઈ ગયેલા હોવાથી રાગ દ્વેષના પરિણામની એક લવ પણ મંદતા હોતી નથી એટલે તેમને હર્ષ, શોક, ભય, પ્રીતિ, ગ્લાનિ આદિ વિકારો પ્રત્યેક ક્ષણે સતાવ્યા કરે છે ધનસંપત્તિ આદિ જડ વસ્તુઓ મેળવવા અને મેળવેલાનુ રક્ષણ કરવા નિરંતર કિલષ્ટ ચિત્તવાળા રહે છે, હીનભાગ્ય થતા તેનો વિયોગ થાય તો પ્રાણાંત કષ્ટનો અનુભવ કરે છે. ધનસંપત્તિ કરતાં પણ દેહસ્વરૂપ પોતાને માનતો હોવાથી તેના વિયોગની આશંકા માત્રથી પણ અત્યત ત્રાસ તથા ભયથી અત્યંત દુઃખી થઇને ખૂબ જ મુંઝાય છે અને બેભાન બની જાય છે, કારણ કે જડાસક્તિપણાની અજ્ઞાનતાને લઈને સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર, શાશ્વત સુખ, આનંદ આદિ પોતાની ભોગ્ય વસ્તુઓ કે જેના માટે જડાત્મક દેહની જરૂર પડતી નથી પણ સર્વથા દેહના ત્યાગથી શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરનાર આત્મા જ ભોગવી શકે છે તેને સર્વથા ભૂલી જઇને મોહના સખત દબાણથી જડાત્મક વસ્તુઓનો જ ભોક્તા હું છું અને તે દેહ વગર ભોગવી શકાવી નથી, આવા ગાઢ સંસ્કારોના બળથી તેને દેહ છોડવો ગમતો નથી. તો પણ આયુષ્ય કર્મ ક્ષય થવાથી

દેહનો અવશ્ય વિયોગ થાય જ છે જ્યારે દેહનો વિયોગ થવાનો સમય આવે છે અર્થાત્ મોત આવીને ઊભુ રહે છે ત્યારે દેહનો વિયોગ ન થવા દેવા-ન મરવા અનીતિ તથા અધર્મનો આશ્રય લે છે તો પણ શરીર છૂટી જાય છે અને મરવુ પડે છે તો પણ જીવનકાળમાં જીવવા અને ઇંદ્રિયોના વિષયસ્વરૂપ જડાત્મક સુખ તથા આનંદ મેળવવા જડની ઉપાસના કરનારા જડના દાસ અનિચ્છાએ મરે છે તે અશિક્ષિત (બાળ) મરણ કહેવાય છે, જેનું પરિણામ અનંતા જન્મ મરણ કરીને ભોગવેલાં કાલ્પનિક પૌદ્ગલિક સુખો કરતા અનંતાગણુ દુ:ખ ભોગવે છે કિંમતી તથા ઉત્તમોત્તમ માનવ જીવનને પાચ-પચીસ વર્ષમા અત્યંત ક્ષુદ્ર અને અસાર તથા ક્ષણિક પૌદ્ગલિક સુખો માટે વેડફી નાંખીને અમૂલ્ય આત્મસંપત્તિના વિનાશક બને છે એટલું જ નહિ પણ પૌદ્ગલિક વસ્તુઓ વાપરીને અનંતાનંત કર્મરાશિનો સંચય કરે છે કે જે પારકી સંપત્તિ કહેવાય છે પોતે સુખ તથા આનંદ ભોગવવા જેટલી જડાત્મક સંપત્તિ વાપરે છે તેટલુ જ પોતાના માથા ઉપર મોહ રાજાનુ દેવુ ચઢાવે છે. તેને વાળવાને માટે અનંતા ભવ અજ્ઞાની આત્માને અવશ્ય કરવા જ પડે છે આવા અજ્ઞાન જીવો મરતાં સુધી પણ મોહનુ દેવું કરવા ચૂકતા નથી. જ્યારે તેમને મરવાની ખાતરી થાય છે ત્યારે તેમને એક તો દેહ છોડવાનું અને દેહની સાથે સંબંધ ધરાવનાર બાગ-બગલા આદિ બાહ્ય ધન-સંપત્તિ છોડવાનુ એમ બેવડુ દુ:ખ થાય છે જ્ઞાની પુરુષો વસ્તુતત્ત્વના જાણકાર હોવાથી આત્મા તથા દેહનું

પૃથક્કરણ કરીને આત્મસ્વરૂપ શાશ્વત જીવનના વિકાસ માટે કર્મક્ષયના હેતુ સિવાય દેહના વિયોગની પરવા રાખતા નથી. જેથી કરીને મૃત્યુસમયે દુઃખ મનાવતા નથી તેમજ આત્મસ્વરૂપના વિકાસી હોવાથી દેહ છૂટી જવાનો જરા પણ ભય રાખતા નથી. એટલા માટે જ તેમનું પંડિતમરણ કહેવાય છે. આવા વિકાસી પુરુષોના પગલે ચાલનારને જ અર્થાત્ પંડિતમરણ કરનારને જ મરતા આવડે છે એમ કહી શકાય.



વિષયસુખ ઘણું જ મોંઘું છે

૭૬

માનવી માને છે તેટલું વિષયસુખ સસ્તુ નથી પાંચ પચીસ હજાર, પાંચ લાખ કે પાંચ કરોડની કિંમતથી પણ અપિ વિષયસુખ ખરીદી શકાય કે એમ માનનારા ભૂલે છે, કારણ કે વિષયસુખ ભોગવવા બાગ, બગલા, અનેક પ્રકારના ખાદ્ય તથા પેય પદાર્થો વસ્ત્ર ઘરેણા નાટક સિનેમા આદિ અનેક વસ્તુઓની જરૂર પડે છે, અને તે ધનવાન ધનથી ખરીદી શકે છે પણ સુખ ખરીદી શકતો નથી, છતા તેને પોતાની ઇચ્છા પ્રમાણે વાપરીને પોતે સુખ માને છે અને હુ સુખી છુ એમ જાણીને ઘણો જ આનંદ અનુભવે છે કે જે સુખ તથા આનંદ માણસને મિથ્યાભિમાનના પ્રમાણમા હોય છે. માને છે કે મને મળેલી વસ્તુઓ બીજાની પાસે નથી એટલે તે દુઃખ ભોગવે છે અને મને મળી છે એટલે હુ સુખ ભોગવુ છુ, આ બિચારો ગરીબ છે અને હુ શ્રીમંત છુ આવા મિથ્યાભિમાનજન્ય સુખ તથા આનંદ માનવીને વધારે મસ્ત બનાવે છે એટલે તેને સાચી વસ્તુ સમજાતી નથી, માનવી પૈસાથી માત્ર સુખના સાધન જ ખરીદી શકે છે, પણ સુખ ખરીદી શકતો નથી સંસારમા એવા ઘણા પ્રસંગો જોવામા આવે છે કે-બંગલો બંધાવીને કે ખરીદીને, સ્ત્રી પરણીને, વસ્ત્ર-ઘરેણા તૈયાર

કરાવીને તેને ભોગવવા ક્ષણ પણ રહેતા નથી અને પરલોકમાં સિધાવી જાય છે, નાટક સિનેમા જોવા ગયા હોય ત્યાં જ આંખ મીંચાઈ જાય છે, ઇ ત્યાદિ અનેક બનાવોથી સ્પષ્ટ સમજાય છે કે પૈસાથી કેવળ સુખનાં સાધન ખરીદી શકાય છે; પણ સુખ નહિ.

વસ્તુસ્થિતિ એવી છે કે વૈષયિક સુખનાં સાધન ખરીદવાને માટે કિંમત પહેલી આપવી પડે છે અને વૈષયિક સુખ ખરીદવાની કિંમત પાછળથી સુખ ભોગવ્યા પછી આપવી પડે છે અને વૈષયિક સુખ ભોગવનાર જીવોના પરિણામની વિચિત્રતાને લઈને કેટલાકની પાસે સાધન વધારે હોય છે અને સુખ થોડું ભોગવે છે, ત્યારે કેટલાકની પાસે સાધન થોડું હોય તોયે સુખ વધારે ભોગવે છે. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને પુન્ય કર્મના ઉદયથી બહુ જ મોટા પ્રમાણમાં સાધનો મળ્યા હોય છે, છતાં તે વસ્તુઓનો અનાસક્તિ ભાવે જરૂરના પ્રમાણમાં ઉપયોગ કરે છે એટલે તે અત્યાનંદ માનતા નથી, તેમજ સુખ સમજીને સાચા સુખ માટે ઉપેક્ષા કરતો નથી, માટે જ તે અલ્પ સુખ ભોગવે છે, કારણ કે તેની મનોવૃત્તિ વૈષયિક સુખથી વિરામ પામેલી હોય છે ત્યારે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનીને વૈષયિક સુખના સાધનો થોડા મળ્યાં હોય તો પણ અત્યંત આસક્તિ ભાવથી તેનો ઉપયોગ કરીને પોતે અત્યંત આનંદ તથા સુખ અનુભવે છે જે જીવ જેટલા પ્રમાણમાં પૌદ્ગલિક વસ્તુઓ વાપરતાં આનંદ તથા સુખ અનુભવે છે તેટલા પ્રમાણમાં જીવનના છેડે બધો હિસાબ કરીને તેની

પામેલી કિંમત લેવામાં આવે છે.

જેમ કોઇ માણસ રેસ્ટોરાં અથવા તો હોટલમાં જઇને ખુરશી પર પોતાના પાંચ સાત ગોઠીઆઓને લઇને બેસી જાય અને રેસ્ટોરાંના માલિકને હુકમ કર્યે જાય કે-સાત કપ દૂધ લાવો, દશ કપ ચા, ચાર શેર શીખંડ, ત્રણ શેર પુરી, બશેર ચેવડો લાવો વગેરે વગેરે. આ પ્રમાણે બે ચાર કલાક સુધી ગોઠીઆઓ સાથે મોજ માણીને વિદાય થતી વખતે દુકાનદાર જ્યારે બીલ કરીને તેના હાથમાં મૂકે છે ત્યારે કિંમત આપવાને અશક્ત હોવાથી આશ્ચર્ય દર્શાવતી ફાટેલી આંખોથી તેના સામે જોઇને ધડકતે હૃદયે બોલી ઊઠે છે કે આટલા પૈસા ? તેવી જ રીતે વિષયાનંદી જીવ ઇચ્છા પ્રમાણે અત્યંત આસક્તિથી સુખ ભોગવીને માનવ-દેહરૂપ રેસ્ટોરાંમાંથી વિદાય થાય છે ત્યારે વૈષયિક સુખના મૂલ્યમાં બધી સંપત્તિ આપી દઇને ભાવી ભવની વિપત્તિના આશ્રિત થવું પડે છે, તેથી તે ભોગવેલા સુખ કરતાં અનંતગણું દુ:ખ અનુભવે છે.

રેસ્ટોરાંમાં બધી જાતના માણસો આવે છે. કેટલાક સમજુ-ડાહ્યા ઉચ્ચ કુળના માણસો કોઇક પ્રસંગે બીજે જમવાની સગવડ ન હોવાથી આવા સ્થળોમાં જમવાનો પ્રબંધ કરે છે. તેઓ પોતાના નિત્યના રિવાજ પ્રમાણે જમીને ચાલતા થાય છે. તેઓ મોજશોખ કે આનંદની ખાતર જમવા આવતા નથી પણ જીવનવ્યવહાર જાળવવા પૂરતા જ આવે છે, ત્યારે કેટલાક ઓછી બુદ્ધિના પોતાને ત્યાં જમવાની સગવડ હોવા છતાં પણ કેવળ મોજશોખની

ખાતર ભેગા થાય છે તેમનુ ભાન ઠેકાણે ન હોવાથી સ્વચ્છંદીપણે પરિણામ વિચાર્યા વગર વસ્તુઓના ઉપયોગ કરે છે જેથી છેવટે ધન અને સ્વાસ્થ્ય બગાડીને માઠી દશા ભોગવે છે. આવી જ રીતે માનવ દેહમા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની જીવ પણ આવે છે અને મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની પણ આવે છે. સમ્યગ્દૃષ્ટિ-જ્ઞાની વાસ્તવિક તથા અવાસ્તવિક સુખ તથા આનંદને સાચી રીતે જાણે છે તેઓ સુખ તથા આનંદને આત્માના સ્વભાવ-ગુણ તરીકે માને છે, પણ જડાત્મક વૈષયિક વસ્તુઓના ભોગોપભોગથી ઉત્પન્ન થાય છે અને તેના વિયોગથી નષ્ટ થાય છે એમ માનતા નથી, એટલા જ માટે તેઓ જીવવાને ઉપયોગી જડાત્મક વસ્તુઓના અનાસક્તિભાવે ઉપયોગ કરે છે, કારણ કે તેમનુ ધ્યેય જીવવા પૂરતુ જ હોય છે પણ તેમને મોજશોખનો સંકલ્પ સરખોયે હોતો નથી, જથી તેઓ આત્મિક સ્વાસ્થ્ય બગાડનારી મોઘી વસ્તુઓ વાપરતા નથી ત્યારે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનીઓનુ ધ્યેય તદ્દન જુદા જ પ્રકારનું હોય છે તેઓ જડાત્મક-મનગમતી સુંદર વસ્તુઓના ઉપભોગ સિવાય આત્મસ્વરૂપ સુખને માનતા જ નથી તેમને વૈષયિક વૃત્તિઓ પોષવારૂપ મોજશોખ સિવાય આનંદ કે સુખશાંતિ બીજે કયાય પણ જણાતા નથી, માટે જ તેઓ નિરંતર વિષયેચ્છાથી રંગાયેલા જ રહે છે અને અજ્ઞાનતાથી સ્વચ્છંદીપણે ન આપી શકાય તેવી પરિણામે અનંત દુ ખસ્વરૂપ મોઘા મૂલ્યની, આત્મિક સ્વાસ્થ્ય બગાડનારી વસ્તુઓના ઉપયોગ કરે છે, જેથી છેવટે અધોગતિમાં

જઈને ભોગવેલા પૌદ્ગલિક સુખોનુ મૂલ્ય ચુકવવારૂપ અનત દુખ સહન કરે છે અને જેટલા રગ તથા આસક્તિથી વૈષયિક સુખ ભોગવ્યુ હોય છે તેનાથી અનતગણુ અનતા કાળ સુધી વૈષયિક દુખ ભોગવીને કિમતનો બદલો વાળે છે

વ્યવહારમા વિષય શબ્દથી કેવળ સ્પર્શેન્દ્રિયના વિષય રૂપ કે જેને મૈથુન-સભોગ કહેવામા આવે છે તે પ્રસિદ્ધ છે, પરતુ એમ નથી અહિં પાચ ઇંદ્રિયોના વિષયોને વિષય તરીકે વર્ણવ્યા છે વિષયાસક્તિ એટલે પાચ ઇંદ્રિયોના વિષયોના ભોગોપભોગમા તલ્લીનતા શબ્દ, વર્ણ, ગધ, રસ અને સ્પર્શ આ બધાનો વિષયમા સમાવેશ થાય છે, છતા સ્પર્શેન્દ્રિયના વિષયરૂપ મૈથુનને-સભોગને પ્રધાનતા આપવામા આવી છે, કારણુ કે બીજા વિષયો મૈથુન સેવનારને અત્યત પ્રિય હોય છે અને તેનો સભોગની આસક્તિ વધારવામા છૂટથી ઉપયોગ કરવામા આવે છે અર્થાત્ મૈથુન માટે તેનો ઉપયોગ કરાય છે તે સિવાય તો બીજા વિષયોમા પુદ્ગલાનદી જીવોને આનદ કે સુખ શાન્તિ મળી શકતા નથી મૈથુનના ત્યાગી બ્રહ્મચારીને પ્રથમ તો બીજા વિષયોની રુચિ જ હોતી નથી અને કદાચિત્ કોઈને હોય છે, તો તે ઘણાજ થોડ પ્રમાણુમા હોય છે છતા જ્યા કાન તથા જીભના વિષયોમા અત્યત આસક્તિ જણાય છે ત્યા નૈશ્ચયિક બ્રહ્મચર્ય તો હોતુ જ નથી અને નૈષ્ઠિક બ્રહ્મચર્યની પણ સભાવના ઓછી જ રહે છે સસાર સમૃદ્ધિનુ અદ્વિતીય કારણુ, બીજા વિષયોનુ સરક્ષક અને

પ્રાય: સંસારપ્રિય હોવાથી વિષયાસક્તિ શબ્દથી સંસારમા સંભોગસ્વરૂપ મૈથુનને જ ઓળખવામાં આવે છે. બાકીની ઇદ્રિયોના વિષયોને દુનિયાનો મોટો ભાગ વિષય તરીકે માનતો જ નથી અને એટલા માટે જ આંખ, કાન, જીભ આદિના વિષયોમાં આસક્ત રહેનારને પુન્યશાળી માને છે. આવી માન્યતાવાળી દુનિયા પણ વ્યભિચારીને તો પાપી-અધર્મી તરીકે જ ઓળખવાની ગમે તેટલો શ્રીમંત તથા બીજા વિષયોના સાધનવાળો કેમ ન હોય તો પણ વ્યભિચારીને તો તિરસ્કારની દૃષ્ટિથી જ જોવાની; માટે જ બીજા વિષયો કરતા મૈથુનરૂપ વિષયની કિંમત વધારે હોવાથી બધા કરતા તે ઘણું જ મોંઘું છે

કાન તથા જીભનો વિષય પણ બીજા વિષયો કરતા સસ્તો નથી મૈથુનથી વિરામ પામેલાઓ માટે પણ આ બે વિષયોથી વિરામ પામવું સહેલું નથી ત્યાગી હોય કે ભોગી હોય, પ્રાય. બધાયને આ બે વિષયોમાં અત્યંત આસક્તિ હોય છે. અને એટલા માટે જ બીજા વિષયો કરતાં આમાં વધારે રસ પડવાથી આનંદ તથા સુખનો અનુભવ પણ વધારે થાય છે; કારણ કે મૈથુન-વિષય દુનિયાની દૃષ્ટિમાં પાપકૃત્ય ગણાતું હોવાથી વ્યભિચાર સેવતાં માનવીને ભય તથા સંકોચ રહે છે, પણ કાન તથા જીભનો વિષય દુનિયામાં આવકારદાયક હોવાથી માનવી નિર્ભય તથા નિઃસંકોચપણે તેને પોષવા પોતાનાથી બનતું બધું કરે છે અને જો દુર્જન તથા વ્યાધિ અંતરાય ન કરે તો સ્વચ્છંદપણે અદ્વિતીય આનંદ તથા સુખ ભોગવે છે આ વિષયાસક્તિમાં ધર્મના

બહાને ત્યાગ પણ જાળવી શકાય છે એટલે ત્યાગી પણ કાન તથા જીભના વિષયસુખને ભોગવી કૃતકૃત્યપણે આનંદ મનાવી શકે છે, માટે આ વિષયસુખની કિંમત બીજા વિષયો કરતા કાંઈ ઓછી આપવી પડતી નથી, એટલે આ વિષય-સુખ પણ કાંઈ સસ્તુ નથી. જેઓ જીભના વિષયથી વિરક્ત જણાય છે તેઓ પણ મોટે ભાગે તો કાનની વિષયાસક્તિ-વાળા તો હોય જ છે. જીભના વિષયથી વિરક્ત જણાનારા-ઓના ઘણાખરા કાનની વિષયાસક્તિની તૃપ્તિ માટે કાંઈક જીભ પર કાબૂ રાખતા જણાય છે, તે તેમના કષાયના આવેશથી કળી શકાય છે. અને જનતામાં એવી ઉક્તિ સંભળાય પણ છે કે-તપસ્વીને ક્રોધ ઘણો હોય છે આ પ્રમાણે વિચાર કરતાં કાનનો વિજય પણ ઘણો જ મોંઘો છે કૃષ્ણ લેશ્યાવાળા પ્રદેશમાં ઘણા કાળ સુધી પરાધીનપણે અસહ્ય વેદનાઓ સહન કરવા છતા પણ માથે ચઢેલું કાન તથા જીભના વિષયસુખનુ દેવું પૂરું વાળી શકાતું નથી

વિષયાસક્તિ હોય છે ત્યાં કષાય (રાગ-દ્વેષ)ની તીવ્રતા અવશ્ય હોય જ છે. કષાયની ઉદ્દીપક વિષયાસક્તિ છે. જેટલા પ્રમાણમાં કષાય હોય છે તેટલા જ પ્રમાણમા વિષયાસક્તિ પાંચે ઇંદ્રિયોમાથી કોઈ પણ હોય છે જેટલે અંશે કષાય ઓછા હોય છે તેટલે અંશે વિષયાસક્તિ પણ ઓછી જ હોય છે અને એટલા માટે આનંદ તથા સુખનો અનુભવ પણ ઓછાવત્તા પ્રમાણમા થાય છે તેથી તેના મૂલ્યમાં પણ ફેર પડે છે કષાયના ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમવાળાને અનાસક્તિભાવ પ્રગટ થાય છે. એટલે તેમને

વિષયોમાં આનંદ કે સુખ જેવું કાંઇ હોતું નથી જો કે કષાય તથા વિષય એક બીજાના આશ્રિત છે, પરસ્પર ગાઢ સંબંધ ધરાવે છે છતાં કષાય આધીન વિષય છે પણ વિષય આધીન કષાય નથી; કારણ કે કષાય (રાગ–દ્વેષ) સિવાય તો વિષયોમાં આસક્તિભાવ ઉત્પન્ન થાય નહિ, અને આસક્તિ સિવાય તો સુખનો પણ અનુભવ થાય નહિ. પાંચે ઇંદ્રિયો પોતપોતાના વિષયોને ગ્રહણ કરે છે, છતાં જ્યાં સુધી કષાય ન ભળે ત્યાં સુધી આસક્તિના અભાવથી તે વિષય સંબંધી આનંદ કે સુખનો અનુભવ થતો નથી; કારણ કે પૌદ્ગલિક સુખ એટલે પુદ્ગલોના સંબંધથી થવાવાળી રાગપરણિતિસ્વરૂપ આસક્તિ રાગપરિણતિ, આસક્તિ અને સુખ આ ત્રણેમાં નામનો જ ભેદ છે, બાકી એક જ વસ્તુ છે. ત્રણે માનસિક વિક્રિયા છે, માટે જ પૌદ્ગલિક સુખનો આસક્તિ ઉપર આધાર છે અને આસક્તિના પ્રમાણમાં સુખ વેદાય છે તે આસક્તિ રાગપરિણતિના પ્રમાણમાં થાય છે અર્થાત્ અનુકૂળ મનગમતી વસ્તુમાં રાગ થાય છે ત્યાં આસક્તિ ભાવે સુખ વેદાય છે અને પ્રતિકૂળ અણગમતી વસ્તુમાં દ્વેષ થવાથી ખિન્ન ભાવે દુ:ખ વેદાય છે

વૈષયિક સુખમાં આસક્ત રહી આનંદ માનનારને આસક્તિના પ્રમાણમા વૈષયિક સુખોનું મૂલ્ય આપવું પડે છે પછી ભલે તે સુખ અનાસક્તિવાળાની દૃષ્ટિમાં તુચ્છ કેમ ન હોય ક્ષીણ કષાયવાળો અનાસક્ત માણસપૌદ્ગલિક વસ્તુમાં

સુખ માનતો નથી એટલે તેને મેળવવાને પ્રયાસ પણ કરતો નથી તેને તો સાચા સુખની અભિલાષા હોય છે કે જે સુખ પોતાનું હોવાથી તેની કાંઈપણ કિંમત આપવી પડતી નથી. જે સુખ તથા આનંદ માટે પારકી-જડ વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવે તેની કિંમત જરૂર આપવી પડે છે અને એટલા માટે જ પુદ્‌ગલાનંદી વિષયાસક્ત જીવો તિર્યંચની તથા નારકીની ગતિમાં જઈને પરાધીનપણે પૌદ્‌ગલિક સુખનું દેવું ચૂકવી રહ્યા છે. પૌદ્‌ગલિક સુખ ભોગવતી વખતે આનંદ તથા સુખ માટે વાપરેલા પુદ્‌ગલોનું કર્મના ચોપડામાં ખાતું પાડી આપેલું હોય છે તે પ્રમાણે જીવનના છેડે સંખ્યાત, અસંખ્યાત તથા અનંત કાળ સુધી પરાધીનપણે દેવું વાળવા તિર્યંચની ગતિમાં અથવા તો સાગરોપમો સુધી નારકીની ગતિમાં રહીને પણ ભોગવેલા સુખની કિંમત ભરી આપવી પડે છે તે સુખના પ્રમાણ કરતાં સરખામણીમાં સંખ્યાત, અસંખ્યાત તથા અનંતગણી વધી જાય છે તો પણ વિષયાસક્ત પુદ્‌ગલાનંદી જીવો અનાદિ કાળના અભ્યાસથી અનંતા કાળ સુધી અનંતું દુઃખ સહન કરવા છતાં પણ વિષયસુખથી વિરામ પામતા નથી અને અનાસક્તિભાવે આત્મિક સુખ મેળવી સુખની દરિદ્રતા દૂર કરી શકતા નથી



સાચી ઓળખાણ

માનવી જ્યા સુધી અણજાણ હોય છે ત્યા સુધી તેને ઓળખાણની જરૂરત રહે છે, ઓળખાણ વગર સસારનો વ્યવહાર ચાલી શકતો નથી જીવ માનવ દેહે અવતર્યા પછી તરત જ સકુચિત સસ્કારની અવસ્થામા પણ દૃશ્ય જગતને ઓળખવા મથે છે, પણ અવિકસિત બુદ્ધિને લઈને ઓળખી શકતા નથી તે જ્યારે વચ્ચેકના થાય છે ત્યારે માતાપિતા આદિ સ્વજન વર્ગ સચેતન તથા અચેતન વસ્તુની ઓળખાણ કરાવે છે વસ્તુ દેખાડી તેનુ નામ વારવાર સભળાવે છે એટલે બાળક તે નામવાળી વસ્તુને ઓળખતુ થાય છે પછી ડાહપણ વખતે તે નામ સાભળવા માત્રથી તે વસ્તુને ઓળખી શકે છે, અથવા તો તે વસ્તુ જુએ છે કે તરત જ તેનુ નામ ઉચ્ચારણ કરી તે જાણપણુ બતાવે છે જેમ જેમ વય વધતી જાય છે તેમ તેમ બુદ્ધિ તથા સસ્કારનો વિકાસ થતો જાય છે અને અનેક માણસોના સહવાસમા આવવાથી તેમજ અનેક સ્થળોમા ફરવાથી પોતાની બુદ્ધિના પ્રમાણમા પોતાની મેળે અથવા તો માણસો દ્વારા અનેક વસ્તુઓને ઓળખતો થાય છે પોતાના જીવનવ્યવસાયના ક્ષેત્રના સબધમા આવતી તથા વપરાતી વસ્તુઓને સારી રીતે ઓળખી શકે છે. અર્થાત

પોતાના ધધાના અગે સહવાસમા આવતા માણસોને, કર વામા આવતી પ્રવૃત્તિઓને અને વ્યાપારને લગતી વસ્તુઓને સારી રીતે ઓળખે છે, જીવનમા નિરુપયોગી અને સ્વપ્નમા પણ ન મળનારી વસ્તુઓના પણ તે વસ્તુઓના જાણકાર દ્વારા ઓળખે છે અને હુ પણ અમુક વસ્તુઓનો જાણકાર છુ એવુ મિથ્યાભિમાન ધારણ કરે છે

અનેક પ્રકારના સ્વાર્થને લક્ષમા રાખીને માણસો એક બીજાની સાથે ઓળખાણ કરવાને હમેશા આતુર રહે છે, કારણ કે તેઓ ઓળખાણને એક પ્રકારની ખાણ માને છે ધન, રૂપ, બળ અને સત્તાથી સમૃદ્ધ માણસોની ઓળખાણ ઘણી જ મહત્વની ગણાય છે, છતા ધનવાનની ઓળખાણને પ્રધાનતા આપવામાં આવે છે ત્યાગી હોય કે ભોગી હોય, બધાયને બીજી ઓળખાણ ન હોય તો ચાલે પણ ધનવાનની ઓળખાણ વગર તો જીવન નીરસ લાગે છે, કારણ કે વષયિક કામનાઓ ધનવાન વગર સફળ થતી નથી, માટે ધન વગરનાને ધનવાનની ખુશામત કરીને પણ તેની ઓળખાણ કરવી પડે છે અને અનેક પ્રકારની તાબેદારી ઉઠાવીને તેને ટકાવી રાખવી પડે છે ધનસમૃદ્ધ માણસો ધનવાનની ઓળખાણની ઓછી પરવા રાખે છે, કારણ કે તેમની પાસે ધન હોવાથી ધાર્યા પ્રમાણે કામના સફળ કરી શકે છે. વાસનાપૂર્ણ ધનહીન ભોગી હોય છે તેમ કહેવાતા ત્યાગી પણ હોય છે ત્યાગીમા પણ કળાવાન, આવડતવાળા ત્યાગી, કાવાદાવાની કુશળતાથી જાડી બુદ્ધિના ધનવાનને વશ કરીને તેમના ધન તથા વૈષયિક વસ્તુઓથી વાસના પોષીને

પોતાને કૃતકૃત્ય માને છે, ત્યારે આવડત વગરના ખુશામત કરીને પણ ધનવાનની ઓળખાણથી પોતાની ઇચ્છા પૂર્ણ કરે છે ધનહીન ભોગી પણ ખુશામતથી અથવા તો કોઇ પણ પ્રકારની કળાથી ધનવાનની ઓળખાણદ્વારા જીવન-નિર્વાહના સાધનો મેળવે છે તેમજ વૈષયિક ઇચ્છાઓ પૂર્ણ કરે છે ધનવાનની ઓળખાણની જેમ રૂપ, બળ તથા સત્તા સમૃદ્ધિની ઓળખાણો પણ ક્ષુદ્ર સ્વાર્થ સાધવાને માણસો કરે છે

સકર્મક સસારી જીવોને વષયિક સસ્કારો અનાદિ કાળથી હોય છે નિગોદની અવસ્થામા પણ તિરોભાવે રહેલા હોય છે તેનો ઇદ્રિયો તથા મનની સામગ્રી મળવાથી આવિર્ભાવ થાય છે આહાર તથા વિષયોને માટે જોઈતી પૌદ્ગલિક વસ્તુઓની ઓળખાણ જીવને દરેક જીવનમા કરાવવી પડતી નથી પૂર્વના સસ્કારોને લઇને પોતાની મેળે જ કરી લે છે, ફક્ત સાધારણ નિમિત્તની જરૂર પડે છે વૈષયિક પ્રવૃત્તિ જોઇને કે સાભળીને જીવની વિષયવાસનાઓ જાગૃત થઇ જાય છે વિષયાસક્ત બનવા ઉપદેશની કે અભ્યાસ કરવાની જરૂર રહેતી નથી, તોયે વિષયને વધારે રસવાળો બનાવી આનદ તથા સુખ વધારનાર પૌદ્ગલિક વસ્તુઓને ઓળખવાને નિરતર કામાસકત વિષયના અનુભવી માણસોના સહવાસમા રહીને અજ્ઞાત વૈષયિક વસ્તુઓને ઓળખે છે અને તેને મેળવવાને જોઈતા સાધનો માટે કાળજીપૂર્વક પરિશ્રમ કરે છે

માનવી માત્ર સ્વાર્થ પૂરતી ઓળખાણ કરવાને વધારે કાળજી રાખે છે. જે વસ્તુથી અથવા માણસથી પોતાનો કાંઈપણ સ્વાર્થ ન સધાતો હોય તેની ઉપેક્ષા કરે છે, સાધારણ જાણવા પૂરતુ જ તે તરફ લક્ષ આપે છે તોયે સસારમા પ્રધાન ગણાતી વિશિષ્ટ વ્યક્તિઓ તથા વિશિષ્ટ વસ્તુઓની ઓળખાણ કરવામા કેટલાક માનવીઓ પોતાની મહત્તા સમજે છે એટલે આવી ઓળખાણ કરવા જીવન તથા ધનનો વ્યય કરવામા પણ સકોચ રાખતા નથી અને ઓળખાણ કરીને ઘણોજ સતોષ માને છે વિશિષ્ટ વસ્તુઓની ઓળખાણ કરીને જનતા પાસેથી બુદ્ધિશાળી તથા વિદ્વાન તરીકેનુ માન મેળવે છે, અને વિશિષ્ટ ગણાતી વ્યક્તિઓની ઓળખાણથી જીવનની સફળતા સમજે છે ધનથી અથવા તો કોઈપણ પ્રકારના સન્માનથી જગતમા મોટા ગણાતાની અદર પ્રાય ગર્વની ગરમી રહે છે એટલે તેમનામા સુધરેલી ઢબની નમ્રતા તથા સભ્યતા હોય છે તેથી તેઓ સાધારણ માણસોની ઓળખાણ રાખતા સકોચાય છે, છતા તદ્દન સુધરેલી ઢબની વિશિષ્ટ વ્યક્તિઓ સાધારણ અને ગરીબમા ગરીબની પણ ઘણા જ ચાહથી નિસકોચપણે ઓળખાણ રાખવામા પોતાની મહત્તા સમજે છે, પણ તે સર્વસાધારણ સેવાના રૂપમા હોવાથી તેવી ઓળખાણ જનતાનુ માન પ્રાપ્ત કરાવી શક્તી નથી એટલે આવી ઓળખાણથી માનવીને સતોષ થતો નથી, કારણ કે સેવા નિમિત્તે ઓળખાણ રાખનારાઓનો આશય પ્રાય જનતામા બહુમાન તથા પ્રસિદ્ધિનો હોવાથી માનગર્ભિત લાગણી સિવાયની ઓળખાણ હોય છે

અને તેમાં દયાની પ્રધાનતા હોય છે એટલે આવી ઓળખાણથી જનતામા મહત્તા મળી શકતી નથી, તેથી સંતોષ પણ મળતો નથી

જાણવામા અને ઓળખવામા કાંઇક તફાવત રહે છે, ઉપયોગી તથા નિરુપયોગી પ્રસંગો, વસ્તુઓ તથા વ્યક્તિઓને સામાન્યપણે જાણવુ તે જાણવું કહેવાય છે જાણવામા વધારે ઊંડા ઊતરવાનુ હોતુ નથી તેમજ જાણેલાની મન ઉપર રાગ-દ્વેષ સંબંધી કાંઇપણ અસર થતી નથી. જાણેલાનુ સ્મરણ ઓછુ થતું જાય છે અને કાળાંતરે સ્મરણમાંથી ભુંસાઈ જાય છે ત્યારે ઓળખવામા કાંઇક વિશિષ્ટતા રહેલી હોય છે જો કે ઓળખવુ પણ જાણવાને જ કહેવામા આવે છે, ફરક માત્ર એટલો જ છે કે ગમે તેવા પ્રસંગને, વસ્તુને કે વ્યક્તિને લક્ષપૂર્વક જાણવી, ઊંડા ઊતરીને તેના રહસ્યને, ગુણ-ધર્મને સાચી રીતે સમજી લેવુ અને તેનાથી મન ઉપર રાગ અથવા તો દ્વેષની અસર થવી તે ઓળખવું કહેવાય છે સામાન્ય જાણવામા ઉપેક્ષા થાય છે, પણ વિશેષ જાણવારૂપ ઓળખવામા પ્રાય ઉપેક્ષા હોતી નથી એટલા માટે જ ઓળખાણની વિસ્મૃતિ નથી અને તે જીવન પર્યંત પણ રહેવાવાળી હોય છે ઓળખાણથી જીવન ઉપયોગી સાધન અલ્પ પ્રયાસે મેળવી શકાય છે, લાગણી અને સ્નેહ જન્મે છે તથા પ્રીતિ અને મૈત્રી વધે છે કેવળ જાણવા માત્રમાં આવી વિશિષ્ટતા હોતી નથી જાણેલુ ભુલાય છે પણ ઓળખેલું ભુલાતુ નથી. જાણવાને

ઘણી વખત અનિચ્છા દેખાડવામા આવે છે, પણ ઓળખાણ માટે તો ઉત્સુકતા અને રુચિ જણાવાય છે સ્વાર્થ સાધવા માટે તો ઓળખાણને અત્યત આવકાર અપાય છે, અને જનતામા ખાસ કરીને માણસની ઓળખાણ તો અત્યત ઉપયોગી મનાય છે

આ પ્રમાણે મોહની શીખવણીથી દેહાધ્યાસી માનવી સ્વાર્થ માટે એટલે કે જીવનનિર્વાહના સાધન મેળવવાને અથવા તો વૈષયિક તૃષ્ણા શાત કરવાને સચેતન તથા અચેતન વસ્તુઓની ઓળખાણ કરે છે આખો ચ સસાર ચર્મ-ચક્ષુની ઓળખાણના પ્રવાહમા તણાઈ રહ્યો છે, વૈષયિક વાસનાના દૃઢ સસ્કારને લઈને કેવળ વાસનાપોષક જ વસ્તુઓને ઓળખવા પ્રયાસ કરી રહ્યો છે જે ઓળખાણ વાસના શાત કરવા પૂરતી કરવામા આવે છે, તે વાસનાની ક્ષણિક શાતિ થયા પછી ભુસાઈ જાય છે, કારણ કે જગત પરિવર્તનશીલ છે જે ક્ષુદ્ર વાસના પોષવાને જેની ઓળખાણ કરવામા આવી હોય તેમા પરિવર્તન થવાથી તે વાસના પોષવામા અસમર્થ થઈ જાય છે એટલે માનવી તેની ઓળખાણ રાખતો નથી જેમકે-ધનની વાસનાથી ધનવાનની ઓળખાણ કરવામા આવે છે અને તેના ધનથી પોતાની વાસનાઓ પોષે છે, પણ તે ધનવાન ધનહીન થઈ જાય તો પછી તેની ઓળખાણ કોઈ રાખતુ નથી કદાચ તે ધનહીન દશામા ઓળખાણના અગે કોઈપણ પ્રકારની સહાયતા માગે તો જાણે તેને ઓળખતા જ ન હોય તેમ તેની સાથે

વર્તવા તૈયાર થઈ જાય છે, કોઇનુ સુદર રૂપ તથા આકૃતિનો ઉપયોગ કરવાને ઓળખાણ કરાય છે અને ઈચ્છા પ્રમાણે વર્તાય છે, પણ જ્યારે રૂપ તથા આકૃતિમા પરિવર્તન થવાથી અણગમો થાય છે ત્યારે ઉપેક્ષા કરાય છે આવી જ રીતે તાત્વિક વસ્તુથી અજ્ઞાત જગત વૈષયિક વૃત્તિપોષક ઓળખાણને લઈને સસારચક્રમા ભ્રમણ કરી રહ્યુ છે તે અતર્દૃષ્ટિ વસ્તુને ઓળખ્યા વગર સુખ, શાતિની દરિદ્રતા દૂર કરી શકશે નહિ

જ્ઞાનચક્ષુહીન અજ્ઞાની જીવો ક્ષણિક માટે જ કૃત્રિમ વસ્તુઓને ઓળખતા આવ્યા છે, અને તેથી પોતાની સર્વ સિદ્ધિ માની બેઠા છે, એટલે જ સાચી વસ્તુ મેળવી શક્યા નથી અને આત્માને શાશ્વત સુખસપત્તિવાળો બનાવી શક્યા નથી માનવીને પ્રથમ તો પોતાની જ ઓળખાણ નથી જે પોતાને સાચી રીતે ઓળખે છે તે જગતને સાચી રીતે ઓળખે છે અને જે જગતને સાચી રીતે ઓળખે છે તે જ પોતાને સારી રીતે ઓળખી શકે છે, માટે જ સમ્યગ્ જ્ઞાની સત્પુરુષો સ્વ-પરના આત્માનો વિકાસ કરી શાશ્વત સુખ, શાતિ તથા આનદના ઉત્પાદક હોય છે વીતરાગ, સર્વજ્ઞ દેવના સિદ્ધાતોની દિશામા નિરતર ગમન કર્યા વગર પોતાને તથા જગતને સારી રીતે ઓળખી શકાય નહીં ક્ષણિક જગતની વૈભાવિક વસ્તુને પ્રધાનતા આપી પ્રકૃતિ સ્વરૂપ સાચી સ્વાભાવિક વસ્તુને ઓળખી આદર ન કરનાર વીતરાગના સિદ્ધાતની દિશાથી વિમુખ હોય છે, માટે તેવાની

વાચાગનાથી કોઈ પણ આત્માનું હિત થઈ શકતું નથી. પાંચે ઇંદ્રિયોના વિષયમાં આસક્ત રહીને આડંતની રીતે વિષયોને પોષીને સંતોષ તથા સુખ અનુભવનાર સુખ, શાંતિ, આનંદસ્વરૂપ અમર આત્માને ઓળખી શક્યા નથી મનુષ્ય દેહ તથા મનુષ્ય જીવન સકર્મક આત્માનો વિભાવ પર્યાય છે અને તે દેહ તથા જીવન બન્ને કર્મસ્વરૂપ હોવાથી જડાત્મક છે માટે તે ક્ષણવિનશ્વર વસ્તુઓ સાથે સંબંધ ધરાવે છે અર્થાત્ ક્ષણિક વસ્તુઓના સંબંધથી ઉત્પત્તિ વિનાશવાળો છે છતાં દેહાધ્યાસીપણે સતસ્વરૂપ આત્માને સાચી રીતે ન ઓળખીને દેહને જ પ્રધાનતા આપવી અને કૃત્રિમ નામ, સુખ, આનંદ તથા શાંતિ આદિના માટે કષાય તથા વિષયનો આશ્રય લેવો તે વસ્તુસ્થિતિનું અણજાણપણું સૂચવે છે, માટે જ તે વીતરાગના સિદ્ધાંત પ્રમાણે પોતાને સાચી રીતે ઓળખી શક્યો નથી જે વસ્તુ ત્રણે કાળમાં વિદ્યમાન રહે તે સત-સાચી કહેવાય છે, અને જે પ્રત્યેક ક્ષણે બદલાય છે તે તાત્વિક દૃષ્ટિથી સાચી ન કહેવાય જે સાચી વસ્તુ છે તે ઉત્પન્ન થતી નથી માટે તે વિનાશ પણ પામતી નથી જે સુખ, શાંતિ, આનંદ, જીવન આદિ ઉત્પન્ન થતાં નથી તે વિનાશ પણ પામતાં નથી, માટે તે જ સાચાં છે અને તે જ આનંદસ્વરૂપ છે જે ઉત્પત્તિ વિનાશવાળું છે અને જેની ઉત્પત્તિ વિનાશમાં વિજાતીય દ્રવ્યની અપેક્ષા રહે છે તે સત્-સાચું નથી, અર્થાત્ આત્મસ્વરૂપ સુખાદિ સાચાં છે અને પૌદ્ગલિક વસ્તુઓથી ઉત્પન્ન થવાવાળાં બનાવટી છે, કારણ કે તે જડ વસ્તુઓના સંયોગથી

ઉત્પન્ન થાય છે અને વિયોગથી વિનાશ પામે છે અથવા તો સંયોગ દેખાવા છતા પણ જડાત્મક વસ્તુઓમા પ્રત્યેક ક્ષણે પરિવર્તન થવાથી ગુણાદિમાં હ્રાસ થતો જણાય છે અને છેવટે નષ્ટ થાય છે માટે તે અસત્ છે.

સચેતન તથા અચેતન વસ્તુઓને સર્વજ્ઞદેવે જેવી રીતે ઓળખાવી છે તેવી જ રીતે ઓળખાણ થાય નહિ ત્યા સુધી સાચી ઓળખાણ કહેવાય નહિ અને તે સાચી ઓળખાણ મોહના ક્ષયોપશમ, ઉપશમ કે ક્ષય વગર થઈ શકતી નથી. મોહની ઓળખાવેલી બધી વસ્તુ જૂઠી છે, માટે મોહનો દાસ વિષયાસક્ત માનવી સાચું ઓળખી શકે નહિ તેમજ ઓળખાવી પણ શકે નહિ સારી રીતે જાણી શક, જણાવી શકે ખરો પણ સાચી ઓળખાણના અભાવે સત્ય ફળ મેળવી શકે નહિ અનેક પ્રકારના દેહ ધારણ કરવારૂપ વિભાવ પર્યાયોમા મોહની પ્રબળ સત્તા હોવાથી તે વિભાવ પર્યાયોને આત્મા પોતાના સ્વરૂપે ઓળખે છે તેથી દેહના કૃત્રિમ નામની પ્રસિદ્ધિ માટે કષાયનો આશ્રય લે છે, અને દેહની સુખ–શાતિ માટે જડ ધર્મસ્વરૂપ વિષયોમા આસક્ત રહે છે આત્માને (પોતાને) સાચી રીતે ઓળખ્યા વગર કેવળ ઇંદ્રિયોની કરવામા આવતી ઓળખાણથી આત્માની શક્તિ તથા સ્વરૂપના હ્રાસ થય છે એટલે જ્ઞાન–શક્તિથી નિર્બળ થયેલો આત્મા વસ્તુ માત્રને અવળી જાણે છે અને અસતને પ્રધાનતા આપે છે વીતરાગ દેવે સત્ વસ્તુને પ્રધાનતા આપી છે માટે જે સત્ છે તે જ સત્ય છે,

જે ક્ષણિક વસ્તુઓ દષ્ટિગોચર થાય છે તે સતનું પરિણામ છે પણ અસ્થિર છે માટે ખોટી છે જ્ઞાન, દર્શન, જીવન, સુખ, આનંદ આદિ સત્ છે અને તે આત્માના ધર્મ છે માટે તે ક્ષણિક નથી, કારણ કે તે ઉત્પત્તિ-વિનાશવાળા નથી પણ પરિણમન સ્વભાવવાળા છે છતાં શાશ્વત છે-નિત્ય છે માટે જ તે સત્ છે અને તે જ આત્મા છે તે સિવાય પૌદ્‌ગલિક વસ્તુઓ પ્રત્યેક ક્ષણે પુરાય છે અને ગળે છે માટે ક્ષણિક છે તેથી તે અસત્ છે-અનિત્ય છે, માટે સતનો સત્‌પણે સ્વીકાર અને અસત્‌નો અસત્‌પણે બહિષ્કાર કરનાર આત્મા સ્વરૂપનો સંપૂર્ણ વિકાસ સાધી અમર પદ પ્રાપ્ત કરે છે.



'આત્મસન્માન'

૭૯

જડાસક્ત જીવોમાં ઓછાવત્તા પ્રમાણમાં મિથ્યાભિમાન અવશ્ય હોય છે, કારણ કે તેમને વૈષયિક વાસના પોષવાને માટે જડ વસ્તુઓની નિરંતર જરૂર રહે છે અને તેવી જો ઈચ્છા પ્રમાણે પાંચે ઈંદ્રિયોના વિષયપોષક જડાત્મક વસ્તુઓ પ્રાપ્ત થાય તો તેમનું મિથ્યાભિમાન બહાર તરી આવે છે, અને માનના નશામાં બીજાઓને તુચ્છ સમજે છે જેમકે-ધન, બળ, ઐશ્વર્ય રૂપ, જાતિ, વિદ્યા આદિની સંપત્તિ, અથવા તો કોઈપણ પ્રકારની કળાની વિશિષ્ટ સંપત્તિ પ્રાપ્ત થવાથી નમીને ચાલનાર નિરભિમાની ઘણા ઓછા પ્રમાણમાં દૃષ્ટિગોચર થાય છે

પુન્ય કર્મથી પ્રાપ્ત થનારી વસ્તુઓ જડ હોય છે અને તે વસ્તુઓમાં મમતા ધારણ કરી માન કરવું તે મિથ્યાભિમાન કહેવાય છે, કારણ કે આત્માથી પર જડ વસ્તુ મિથ્યા હોવાથી તે સંબંધી અભિમાન પણ મિથ્યા જ કહેવાય, અને તે મિથ્યા માન મમતા વગર આવી શકે નહિ બીજા માણસ પાસે લાખોની સંપત્તિ હોય કે બાગ-બંગલા હોય અથવા તો રૂપ, બળ, ઐશ્વર્ય આદિ સારામાં સારા હોય તો તેને જોઈને બીજા કોઈને પણ મમતા થતી નથી,

માટે તેને તેનાથી અભિમાન પણ હોતું નથી, કારણ કે તે વસ્તુઓ માટે બીજા માણસોની એવી માન્યતા હોય છે કે આમાં મારું કાંઈપણ નથી પણ પારકું છે એમ માનવી આવી સદ્‌બુદ્ધિથી વિચાર કરે કે જડાત્મક વસ્તુમાત્ર પર છે, તેમાં મારું કાંઈપણ નથી, કારણ કે હું જ્ઞાન ગુણ-રૂપ આત્મા છું અને પૌદ્‌ગલિક વસ્તુઓ અજ્ઞાન-રૂપ જડ છે, માટે જ્ઞાન, દર્શન, જીવન, સુખ આદિ વસ્તુઓ મારી છે અને રૂપ-રસાદિ ગુણોવાળી જડાત્મક વસ્તુઓ મારી નથી આ પ્રમાણેના વિચારોથી માનવીને પુણ્ય કર્મના ઉદયને લઈને ગમે તેવી સુંદર અને ગમે તેટલી જડાત્મક વસ્તુઓ પ્રાપ્ત થયેલી હોય તો પણ તેને મમતા લાગી નથી અને મિથ્યાભિમાનનો નશો ચડતો નથી જેમના મનમાં દૃઢ શ્રદ્ધાપૂર્વક એવું વસી ગયું હોય કે હું અનંત જ્ઞાન દર્શન, જીવન, સુખમય આત્મા છું માટે જ હું ઉત્તમ છું, પવિત્ર છું અને તે જ મારી સાચી સંપત્તિ છે કે જેને હું નિરંતર વાપરી રહ્યો છું, તે મારી સંપત્તિ મારી હોવાથી ત્રણે કાળમાં વિદ્યમાન રહેવાની, એક ક્ષણ પણ મારાથી છૂટી પડી શકતી જ નથી અને જડ વસ્તુમાત્ર તુચ્છ છે, અપવિત્ર છે, માટે તે મારી નથી, મારી જ્ઞાનાદિ વસ્તુઓને બગાડનારી છે માટે મારે તેનો સ્પર્શ માત્ર પણ ન કરવો જોઈએ, તેનાથી સુખ તથા આનંદ મળી શકતા જ નથી પણ મારા સાચા સુખ તથા આનંદને બગાડીને દુઃખ તથા શોક જ પ્રાપ્ત કરાવે છે તેથી મારે જડ વસ્તુના સ્પર્શથી પણ અપવિત્ર ન થવું જોઈએ આવા પ્રકારના આત્માભિ-

માનીમાં મમતા હોતી નથી પણ સમતા હોય છે, જેને લઈને તે મિથ્યાભિમાન કહેવાય નહિ પણ આત્મસન્માન કહેવાય છે, કારણ કે જડાત્મક પરવસ્તુને પોતાની માનવી તે મમતા અને તેથી થવાવાળું માન તે મિથ્યાભિમાન અને જ્ઞાનાત્મક પોતાની જ વસ્તુને અપનાવવી તે સમતા અને તેથી પોતાની જ વસ્તુનું બહુમાન આત્મસન્માન કહેવાય છે. મિથ્યાભિમાની ક્રોધ, માન, માયા, લોભરૂપ કપાયો તથા પાંચ ઇંદ્રિયોના વિષયોથી લેપાયલા હોય છે, કારણ કે જડાસક્તમાં રાગ, દ્વેષ બળવત્તર હોય છે અને આત્મસન્માન કરનાર આત્માનંદી કષાય વિષયથી મુક્ત હોય છે તેમનામાં આત્મસન્માનના પ્રમાણમાં રાગ, દ્વેષ, મંદ, મંદતર, મંદતમ હોય છે, અને સંપૂર્ણ રીતે આત્મસન્માન કરનાર વીતરાગમાં સર્વથા હોતા જ નથી જેઓ આત્માને જાણે છે પણ ઓળખતા નથી તેઓ આત્માની કદર કરી શકતા નથી, તેથી તેમનામાં આત્મસન્માનની ઘણી જ અરુચિ રહે છે કારણ કે અના ત્મજ્ઞ—અજ્ઞાની માનવીને બીજાનું અને તેમાં પણ અજ્ઞાની જનતાનું આપેલું માન બહુ જ ગમે છે પણ પોતાના આત્માનું આપેલું ગમતું નથી અને એટલા માટે જ બીજાની પાસેથી માન મેળવવાની ઇચ્છાથી જ બીજાને મનગમતાં વાણી, વિચાર તથા વર્તન બનાવવા પ્રયાસ કરે છે જડાસક્ત જીવોનું આકર્ષણ કરી તેમની પ્રશંસા મેળવવા અવળા કૃત્યોથી આત્માનું અપમાન કરીને પણ પૌદ્ગલિક સુખના સાધનોનો સંગ્રહ કરે છે અને જનતાને પોતાની સંપત્તિ બતાવી તેમના વખાણથી પોતાને કૃતકૃત્ય સમજે છે અને

મિથ્યાભિમાનથી કુશાગ્રને ઘણો જ સંતોષ માને છે. આવા જીવો માન મેળવવાની ચાહનાથી બીજાનો આદરસત્કાર કરે છે, નમ્રતા બતાવે છે અને તેને જે ગુણો અથવા વસ્તુ પસંદ હોય તે પોતાની પાસે ન હોય તો પણ તેને બનાવવાનો મિથ્યા રોગ કરે છે કે જેના માટે પોતે ઘણા જ ઉન્માદથી અસત્ય તથા દંભનો અત્યંત આદર કરે છે.

મિથ્યાભિમાનીને ઘણી જ પરાધીનતા ભોગવવી પડે છે. એક તો જડાસક્ત હોવાથી જડ વસ્તુની પરાધીનતા અને બીજી પાંચે ઇંદ્રિયોના વિષયો પોષવાને માટે અજ્ઞાની જનતાની પરાધીનતા: આમ બન્ને પ્રકારની પરાધીનતા ભોગવવા છતાં પણ ધાર્યા પ્રમાણે સફળતા ભાગ્યે જ મળે છે; કારણ કે આધિ, વ્યાધિ તથા મિથ્યા ગર્વથી અપમાનિત કરાવનારા માનવી વગેરે પુદ્ગલાનંદીના વિરોધી ઘણા હોય છે અને તે તેની કાર્ય સફળતામાં આડા આવીને વિઘ્ન ઉપસ્થિત કરે છે, જેથી તેના ચિત્તમાં અત્યંત ક્લેશ, ઉદ્વેગ, સંતાપ અને ચિંતા નિરંતર વાસ કરે છે, તો પણ બીજાથી કરવામાં આવતી પ્રશંસા સાંભળીને તે સુખશાંતિ અનુભવે છે

આત્માનું અપમાન કર્યા વગર અજ્ઞાની જનતાનું માન મેળવી શકાય નહિ, કારણ કે જડાસક્ત જીવો અનાદિકાળથી અનેક દેહોમાં જડનો જ પરિચય કરતા આવ્યા છે એટલે જડને સારી રીતે ઓળખે છે, માટે રૂપ, શાંતિ સ્વાદ આનંદ વગેરે જડાસક્ત વસ્તુઓથી જ પ્રાપ્ત થાય છે, એવી દૃઢ શ્રદ્ધાવાળા હોવાથી પોતે પૌદ્ગલિક સુખોમાં મગ્ન

રહે છે અને સારામાં સારા વૈષયિક સુખના સાધન મેળવીને આનંદ માને છે, તેથી તેઓ પોતે માનેલી સુખ, શાંતિ તથા આનંદ ભોગવનાર જે કોઈ વ્યક્તિ હોય તેને વખાણે છે, માટે જ પુદ્ગલાનંદી જીવો એક બીજાથી ચઢિયાતા જડાત્મક સુખના સાધન મેળવવા અસત્ય, દંભ તથા અનીતિનો આદર કરે છે અને ચોવીસે કલાક વિષયોમાં આસક્ત રહીને એક બીજાની પ્રશંસાથી મિથ્યાભિમાનમાં મત્ત રહે છે. વૈષયિક સુખ માટે કરવામાં આવતી પ્રવૃત્તિ માત્રથી અજ્ઞાની જનતા તરફથી ભલે સન્માન મળે પણ આત્માનું તો અપમાન જ થાય છે, કારણ કે જે પ્રવૃત્તિથી આત્માની અધોગતિ થાય અને પરિણામે આત્માને અનેક પ્રકારની યાતના ભોગવવી પડે તેવી પ્રવૃત્તિ માત્ર આત્માનું અપમાન કરવાવાળી જ કહી શકાય.

દુનિયામાં પુદ્ગલાનંદી વિષયાસક્ત જીવો બીજાની પાસેથી ભિન્ન ભિન્ન પ્રકારના સન્માનની રુચિવાળા હોય છે, કારણ કે સંસારમાં સજ્જન, ડાહ્યા, જ્ઞાની, તત્ત્વજ્ઞો દુર્જન, મૂર્ખ, અજ્ઞાની આદિ અનેક સ્વભાવના જીવો હોવાથી જેવી પ્રકૃતિવાળા પાસેથી જેવા પ્રકારનું માન મેળવવું હોય તેવા જ પ્રકારનું વર્તન, વાણી તથા વિચાર જણાવવા મિથ્યાભિમાની ખાસ લક્ષ રાખે છે જેમકે તત્ત્વજ્ઞ, જ્ઞાની, વિદ્વાન, ત્યાગી, ભોગી, ગુણી આદિ કહેવડાવવા માટે જનતાને પોતાનો પરિચય આપે છે, પોતાની પાસે તે વસ્તુ હોય તો વાતવાતમાં પોતાના વખાણ કરે છે; અથવા તો તેવા પ્રકારની કોઈ પ્રવૃત્તિ આદરે છે કે જેને

લોકોને જનતા તત્ત્વજ્ઞ, વિદ્વાન આદિ શબ્દોદ્વારા પ્રશંસા
કરે છે તેથી તે મિથ્યાભિમાનથી ફુલાઈને બીજાને તુચ્છ
સમજે છે અને અજ્ઞાન જનતા પાસેથી મેળવેલી પ્રશંસાની
સહાયથી ભોળી જનતાને ભોળવી પોતાની ક્ષુદ્ર વાસના પોષે
છે જો મિથ્યાભિમાની પાસે જ્ઞાન તત્ત્વ, વિદ્વત્તા કે ત્યાગ
જેવું કશુંય ન હોય તો પણ તે વસ્તુઓનો મિથ્યાડંબર
કરીને પણ જનતાને ઠગીને વૈષયિક સુખનાં સાધનો મેળવે
છે અને મિથ્યાભિમાનમાં મસ્ત રહે છે.

પોતે મેળવેલી મોટાઈ તથા પ્રશંસા જાળવવાને અથવા
તો મેળવવાને કેટલાક જીવો આવાં કૃત્ય કરતા નથી અને
તેથી સ્થૂળ દૃષ્ટિથી એનાં આત્માનું અપમાન થતું નથી તો
પણ સ્વાત્મશક્તિને લઈને આત્મશ્રેયની ભાવનાથી નહિ પણ
મિથ્યાભિમાન પોષવાનો અને પૌદ્ગલિક સુખ મેળવવાનો
અધ્યવસાય હોવાથી સાચી રીતે આત્મસન્માન કહી શકાય
નહિ; કારણ કે જે સાચી રીતે આત્મસન્માન કરે છે તેને
જનતાના સન્માનની જરાય આકાંક્ષા હોતી નથી. જનતાના
સન્માનની આકાંક્ષા અને આત્મસન્માન બન્નેની દિશાઓ
જુદી છે જ્યાંસુધી જનતાના વાણી, વિચાર તથા વર્તનનું
સંશોધન કર્યા વગર તે સન્માનની દૃષ્ટિથી જોતી નથી અને
આવી જનતાનું સન્માન કરનાર આત્માના શ્રેયનો આશ્રિત
બનીને તેનું અપમાન અવશ્ય કરે જ છે, કારણ કે કાન
તથા જીભ આદિ ઇન્દ્રિયોના વિષય પોષવાના સાધન મેળ-
વવાને માટે જ જનતાના સન્માનની ઇચ્છા ઉપજે છે અને

તેથી તે આત્માની અવગણના કરીને દેહ તથા તેના કૃત્રિમ નામને ઘણું જ મહત્ત્વ આપે છે જેથી આત્માનું અપમાન થયા વગર રહેતું નથી આત્માના સન્મુખ થયા વગર આત્મસન્માન થઈ શકતું જ નથી, માટે જ જનતાના સન્માનની ચાહનાવાળા વિષયાસક્ત પુદ્‌ગલાનંદી જીવો નિરંતર આત્માથી વિમુખ જ રહેવાવાળા આત્માને પીઠ કરીને જ પ્રવૃત્તિ કરવાવાળા હોય છે તેથી અને દેહાધ્યાસ- (શરીર તે જ હું છુ એવી માન્યતા) ને લઇને પૌદ્‌ગલિક સુખને જ પ્રધાનતા આપેલી હોવાથી આત્મસન્માન કરી શકતા નથી આવા જીવો અજ્ઞાની જનતાના સન્માનથી સન્માનિત થઈ શકતા જ નથી; કારણ કે તેઓ પોતાના જ આત્માથી તિરસ્કૃત થયેલ હોય છે અવળાં કૃત્યોથી અપમાન પામેલો પોતાનો આત્મા જ જેમનો તિરસ્કાર કરતો હોય તેમની કોઇ પુષ્પોથી પૂજા કરે કે ચરણરજ માથે ચઢાવે તેથી તેમનું અપમાન જ થાય છે, પણ સન્માન થઇ શકતુ નથી, કારણ કે જ્યારે અજ્ઞાન જનતામા તેમનાં દુષ્ટ કૃત્યો ઉઘાડાં પડી જાય છે ત્યારે તેમનું સન્માન કરનાર જનતા જ તિરસ્કાર કરે છે, સન્માન અપમાનના રૂપમાં પરિણમે છે તે સાચી રીતે સન્માન કહેવાય જ નહિં, છતાં જો તેઓ ગર્વથી ફુલાતા હોય તો તે તેમની ગાઢતમ અજ્ઞાનતા જ કહી શકાય.

આત્મ સન્મુખ રહીને વિકાસની દિશામાં વિચરનાર મહાપુરુષો તાત્ત્વિક દૃષ્ટિથી આત્મસન્માન કરનાર હોવાથી તેમને જનતાના માનઅપમાનથી હર્ષ શોક થતો નથી;

કારણ કે તેઓ તત્ત્વજ્ઞ હોવાથી આત્મસન્માનને પરમાત્મ-સન્માન જેટલું મહત્ત્વ આપે છે અર્થાત્ તેઓ સમ્યગ્-જ્ઞાનને લઇને સાચું-જૂઠું સારી રીતે સમજતા હોવાથી સાચી રીતે જાણે છે કે પોતાની જ વસ્તુ પોતાને કામ આવે છે અને તેનાથી જ સાચાં સુખ, શાંતિ તથા આનંદ આદિનો લાભ મળી શકે છે, પણ પારકી વસ્તુથી કાંઈ પણ મળી શકતું જ નથી અને જે મળે છે તે ક્ષણિક છે માટે જ તે મિથ્યા હોય છે. માન અપાતું લેવાતું નથી પણ પોતાના જ સદ્‌ભૂત ગુણોનું પ્રગટ થવું તેને જ જ્ઞાની પુરુષો માન મેળવવું કહે છે. તે સિવાય તો જે અપાય છે, લેવાય છે તે સાચી વસ્તુ હોતી નથી પણ સાચી વસ્તુનો ઉપચાર માત્ર કરવામાં આવે છે. જો એટલા માત્રથી જ સદ્-ભૂત ગુણોને પ્રગટ કર્યા વગર પણ ગાઢતમ મિથ્યાત્વથી પોતાને તે માનને યોગ્ય માની લેવામાં આવે તો મિથ્યા-ભિમાન બળવત્તર બનવાથી આત્માનું અપમાન જ થાય છે, અને તેથી કરીને તે બીજાના સન્માન
શકતો જ નથી.

વિષયાસક્તિથી સદ્‌ભૂત ગુણોદ બાયલા-અપ્રગટ હોવા છતાં અને ક્ષુદ્ર વાસનાઓથી વાસિત હોવા છતાં પણ જેઓ સોનાને પીત્તલ અને પીત્તળને સોનું સમજનાર મિથ્યાજ્ઞાન-વાસિત અણજાણ જીવોથી અપાયેલા માનને સન્માન માને છે તેમનામાં તાત્ત્વિક બુદ્ધિમત્તા દૂર રહો પણ દુનિયામાં નતિક જીવન જીવનાર ડાહ્યા માણસો જેટલું પણ ડહાપણ

હોતું નથી. તેઓ ભલે પછી ગમે તેટલી વિદ્વત્તાનો ગર્વ રાખતા હોય તો પણ તે ગાઢતમ અજ્ઞાનતાના અંધારામાં આથડનાર જ કહી શકાય. કોલસાનો ધંધો કરનાર કે જેનાં કપડાં તથા મોં આદિ આખું ય શરીર કાળું થઈ ગયું હોય અને તેને કોઇ હબશી મળી જાય અને તેની સુંદરતાના વખાણ કરી રૂપાળાપણાનું માન આપી ખૂબ પ્રશંસા કરે કે તે સાંભળીને તે ગર્વથી ફુલાય તેને જો બુદ્ધિમત્તા તથા ડહાપણ કહેવામાં આવતું હોય તો જ સદ્ભૂત ગુણ વગરનાને વખાણનાર તથા વખાણ સાંભળીને ગર્વ કરનારને ડાહ્યા અને બુદ્ધિશાળી કહી શકાય.

યદ્યપિ અસત્ય, અનીતિ, માયા, દંભ, કષાય આદિ મોહગર્ભિત પ્રવૃત્તિ માત્રથી આત્માનું અપમાન જ થાય છે; કારણ કે જ્યાં સુધી જીવની બહિરાત્મદશા હોય છે ત્યાં સુધી તે તાત્ત્વિક દૃષ્ટિથી સાચી રીતે આત્માનું સન્માન કરી શકતા જ નથી, તોયે જેઓ દુરાચાર, અહંત્વ, દંભ, માયા આદિથી મુક્ત હોય છે તેઓ અવગુણોના આશ્રિત ન હોવાથી સ્થૂળ દૃષ્ટિથી આત્માનું સન્માન કરે છે અર્થાત્ દુનિયાના સજ્જન-નીતિમાન પુરુષોની દૃષ્ટિમાં જે દુર્ગુણો તરીકે ઓળખાય છે તેનાથી મુક્ત આત્મસન્માન જાળવે છે. આવા પુરુષોને બીજા સન્માન આપે કે ન આપે તો પણ આત્માથી સન્માનિત છે માટે તેને બીજાના સન્માનની જરૂર રહેતી નથી છતાં ડાહ્યા, સદાચારી સજ્જન માણસો તો આદર કરે છે તેથી તેઓ ગર્વથી મુંઝાતા નથી. ગુણ

પુરુષોનો આત્મા બળવાન-સત્ત્વશાળી હોય છે તેથી તેમને અપકીર્તિનો ભય કે આશંકા હોતી નથી અને જનતામાં તેમનો સાચો પ્રભાવ પડે છે, કારણ કે તે પોતે જેવા છે તેવા જ દેખાય છે માટે તેમને ખોટો ડોળ કરીને દુનિયાને ઠગવા અસત્ય તથા દંભનો આશ્રય લેવો પડતો નથી તેથી તેઓ પ્રમાણિકપણે સ્વપરને હિતકારી જીવન જીવીને માનવજીવન સફળ બનાવે છે



વ્યાધિમીમાંસા

૯૦

સંસારમા માનવી વ્યાધિ ...
કે વ્યાધિ મોતનો દૂત છે ...
કંજુસ માણસ પણ પૈસા ...
ન હોય તો દેવુ કરીને પણ ...
વ્યાધિ માનવીના રૂપ, બળ, ...
કૃશ બનાવી દે છે, જેવી માનુ ...
જાય છે અને મિથ્યાભિમાન ...
પાસે દયાની યાચના કરે છે ...
દુખી થતા દરદીને જોઈને ...
કાઈક દયા આવી જાય છે ...
સગાસબધી, ન્યાતજાતના ... ન
માનવીનુ હૃદય પણ વ્યાધિ ... દૂબી

વ્યાધિ એટલે અડધુ મે... નો
પરસ્પર સર્વથા સબધ ન હે... થી
નહિ અને તેને કાઢવાની પૂર્ણ ... દાર
પરતુ બન્નેના સબધને ... ઓ
હોય છે, કારણ કે વ્યાધિ ...

[illegible]

[illegible]

એવી દઢ શ્રદ્ધા હોય છે કે ભોગોપભોગની જે કાંઈ વસ્તુઓ મળી છે તેવી મરી ગયા પછી પાછી મળવાની જ નથી, માટે જો મોત આવ્યુ તો પછી બધુ ય છોડીને જવુ પડશે અને લુટ વેઠીને ભેગી કરેલી ધન-સંપત્તિના ભોગવનાર બીજા થશે આવા વિચારોથી જ માનવી મોતથી બીવે છે અને વ્યાધિ આવે છે કે તરત જ તેને કોઈપણ હિસાબે કાઢવાની કાળજી રાખે છે અને વૈદ્ય-ડૉક્ટરોને બોલાવીને વ્યાધિને કાઢવાને માટે મોમાગ્યા પૈસા આપે છે, કારણ કે પુદગલાનંદી જીવ માને છે કે વૈદ્ય-ડૉક્ટરોના ઉપચારોથી વ્યાધિ મટી જાય છે હાથ વૈદ્ય કહી દે કે ફિકર કરશો નહિ, તમારો વ્યાધિ ચાલ્યો જશે અને તમે મરવાના નથી, તો પછી દઢ્ઢી વૈદ્યના વચનનો સર્વજ્ઞના વચનથી પણ વધારે આદર કરે છે, પોતે શ્રદ્ધાપૂર્વક માની લે છે કે હું મરીશ નહિ પ્રભુ કહે છે કે-જડાસક્તિથી કોઈપણ જીવને મારશો નહિ તો તમે પણ મરશો નહિ, કોઈપણ આત્માને દુ ખ, ભય, ત્રાસ આદિ આપશો નહિ તો તમે પણ અનેક પ્રકારના વ્યાધિ આદિથી દુ ખ, ત્રાસ કે ભય પામશો નહિ, દુ ખસ્વરૂપ ક્ષણિક સુખ માટે અનંતાકાળે પણ અંત ન આવે એવા જન્મ-જરા-મરણના અગાધ દરિયામાં ડૂબી મરશો નહિ, વિગેરે આવા પ્રકારના સર્વજ્ઞ પ્રભુના વચનો ઉપર અશ્રદ્ધા રાખીને વિષયાસક્ત જીવ ગણકારતા નથી પણ અજ્ઞાની વ્યાધિયોના રોગ રાગ અને મોતના તાબેદાર વૈદ્ય-ડૉક્ટરોના વચનોને શ્રદ્ધાપૂર્વક આદરે છે માટે જ તેઓ આથી સુખના તથા પોતાના જ આત્માના સાચા શત્રુ કહી

થઈ જાય છે, કારણ કે તેને પોતાની ધન-સંપત્તિના માલીક બીજા બનશે કે બાગ-બંગલા આદિ સુખના સાધન મેળવ્યાં છે તે મરી ગયા પછી પાછાં મળવાના નથી, એવું કશુંય મનમાં આવતું નથી તેમજ કાંઈ પણ સંપત્તિ પાછળ છોડી જવાને માટે હોતી નથી એટલે ઘણી જ ખુશીથી મોતની સાથે વિદાય થઈ જાય છે, પણ પૌદ્ગલિક સુખનાં સાધન જેવા કે બાગ, બંગલા, મોટર આદિ સામગ્રીઓ મેળવીને મેળવેલા ભોગો ભોગવવા માટે મોતને નોતરનાર અને સુખ ભોગવવામાં વિઘ્ન નાખનાર વ્યાધિને કાઢવા ઘણો જ આતુર હોય છે, એટલે સારામાં સારા વૈદ્યો ડૉક્ટરોના આશ્રિત બને છે, કારણ કે શ્રીમંતને વ્યાધિ થયો કે તરત જ મોતના ભણકારા દેખાવા માંડે છે. અને તેને વિચારો જ એવા આવે છે કે મેળવેલા ભોગોને નિરંતર ભોગવવા પણ જીવતો રહું તો ઠીક, કદાચ સુખના સાધન ધન-સંપત્તિ નાશ પામી જાય તો પણ સ્વપ્નના ભોગની જેમ અનુભવેલી હોવાથી પાછી ધન-સંપત્તિ મેળવવાની ધૂનમાં મરણ પસંદ કરતો નથી, છતાં છેવટે મૃત્યુ આવીને અધોગતિના નરકાગારમાં હડસેલી મૂકે છે

અનાદિકાળનો અજ્ઞાની જીવ નથી સમજતો વ્યાધિને કે નથી સમજતો સુખને, તેમજ નથી સમજતો સંપત્તિને કે નથી સમજતો વિપત્તિને અને મોહની શીખવણીથી સાચાને જૂઠું અને જૂઠાને સાચું માની શ્રમ કરવામાં બાકી કરે છે. વ્યાધિ એટલે અશાતાવેદનીનો ઉદય, અને તે કર્મસ્વરૂપ છે તેનો ક્ષય થયા વગર કદિ મટી શકતો





નથી. બાહ્યના ઉપચારો અસાતા ક્ષય ન થાય ત્યાંસુધી કામ આવી શકતા નથી અને વૈદ્ય-ડૉકટરો વ્યાધિ મટાડી શકતા નથી, કારણ કે જે પોતાનો જ વ્યાધિ મટાડી શકે નહિં તે બીજાનો કેવી રીતે મટાડી શકે? જેટલા પ્રમાણમાં અસાતા ઉદયમા આવી હોય તેનો રસ તથા સ્થિતિ ભોગવાઇ રહ્યા પછી પોતાની મેળે જ વ્યાધિ મટી જાય છે. દવાઓને વ્યાધિ મટાડવામાં જે નિમિત્ત માનવામાં આવે છે તે લૌકિક દૃષ્ટિએ વ્યવહાર પૂરતું છે. જો વ્યાધિ મટાડવાની શક્તિ દવામાં હોય તો દિવસો અને મહિનાઓ કેમ વીતી જાય છે, દવા લીધી કે તરત જ કેમ નથી મટી જતું? અને જો દવાઓથી વ્યાધિનો સર્વથા નાશ થઇ જતો હોય તો પાછો કદીએ વ્યાધિ થવો જોઇએ નહિ, પણ માનવીને ઘણી વખત વ્યાધિ આવે છે ને જાય છે તેનો પ્રત્યક્ષ અનુભવ થાય છે. પણ ગરીબ માણસો પૈસાના અભાવથી તથા પશુ-પક્ષીઓ દવા નથી કરતા તોપણ તેમનો વ્યાધિ મટી જાય છે, માટે દવાથી વ્યાધિ મટે છે કે વૈદ્યો મટાડે છે એ જે કહેવાય છે તે સાત્ત્વિક સત્ય નથી. પણ અસાતાની સ્થિતિ પૂરી થવાથી કે અસાતાવેદની ક્ષય થવાથી વ્યાધિ મટી જાય છે તે સાત્વિક સત્ય છે.

અનાદિકાળથી જ જીવ તથા કર્મનો સંબંધ છે બન્ને પરસ્પર ઓતપ્રોત થઇને રહેલા છે અલ્પજ્ઞ જીવોને કર્મના કાર્યની જેમ જીવનું જ્ઞાન નથી તોપણ અનુમાનથી જીવને જાણી શકે છે. જીવની સાથે જોડાયલા કર્મ અનેક પ્રકૃતિવાળા હોવાથી જ્ઞાનાવરણીય આદિ આઠ સંજ્ઞાઓ રાખી

છે, તેમાં વેદનીય અન્નાવાણુ પણ એક કર્મ છે અને તે સુખ તથા દુ:ખ એમ બે પ્રકારે અનુભવાતું હોવાથી સાતા અને અસાતા નામથી ઓળખાય છે જ્યારે જીવ સુખ ભોગવતો હોય ત્યારે અસાતાવેદનીનો ઉદય કહેવાય છે સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરીએ તો અનાદિકાળથી જીવો અસાતા જ ભોગવતા આવ્યા છે તે જ્યારે મુક્ત બનશે ત્યારે અસાતથી મુક્ત થશે અને જે મુક્તિના અનધિકારી (અભવ્ય) છે તેઓ તો અસાતાથી મુકાવાના જ નથી માટે ભવ્ય જીવે ભોગવેલી સાતા અસાતાને સરખાવીને સાતા કરતા અસાતા અનતાનતગણી વધી જશે, કારણ કે અદૃશ્ય જગત કે જે જીવોની ખાણ (નિગોદ) કહેવાય છે તેમા રહેલા જીવો અનાદિકાળથી જ અસાતા-દુ:ખ ભોગવી રહ્યા છે. જમા એક શ્વાસોશ્વાસ લઈએ તેટલામા સત્તર વખતથી કાઈક અધિક જન્મમરણ કરે છે એટલે તેઓ અનાદિકાળથી ત્યા રહેલા હોવાથી પરમ દુ:ખ ભોગવે છે કે ત્યા સુખનો અંશ પણ નથી આપણને વિચાર કરતા એમજ લાગે કે જાણે અનાદિકાળથી એક અસાતાસ્વરૂપ જ વેદની કર્મ હશે. જ્યારે જીવ અદૃશ્ય જગતમાથી નીકળીને દૃશ્ય જગતમા આવે છે ત્યારે સાતાવેદનીનો અનુભવ કરે છે તેમા પણ જ્યારે દેવલોકમા જાય છે ત્યાર કાઈક વધુ પ્રમાણમા સુખ-સાતા ભોગવે છે બાકી તો નરકમા કેવળ દુ:ખ જ ભોગવે છે. અને મનુષ્ય તથા પશુ પક્ષી વિગેરે તિર્યંચોમા તપાસીએ તો સાતા કરતા અસાતા વધી જાય છે ગમે તેટલા પૌદ્ગલિક સુખના સાધનવાળો માણસ

૭ પણ તેના જીવનનો મોટો ભાગ આધિ-વ્યાધિથી ઘેરા યેલો હોવાથી અસાતા-દુ:ખનું પ્રમાણુ અત્યંત વધી જાય

૮ તાત્ત્વિક દૃષ્ટિથી વિચાર કરીએ તો આત્મસ્વરૂપનું સાચું સુખ તો સમ્યગ્જ્ઞાનપૂર્વક દેશથી કે સર્વથી મુક્ત થયેલા આત્માઓ જ ભોગવી શકે છે બાકી તો પુન્ય કર્મજન્ય સાતા ભોગવે છે, અને તે પણ ઘણા જ થોડા પ્રમાણમાં, કારણુ કે જ્યાંસુધી જડાસક્તિ હોય છે ત્યાંસુધી જીવ અસાતાવેદની બાંધે છે અને તેના ઉદયથી દુ:ખ ભોગવવું પડે છે કદાચ ધર્મ નિમિત્તે જપ-તપ આદિ કષ્ટાનુષ્ઠાન કરે તોયે પુદ્ગલાનંદી હોવાથી ઘણી જ થોડી સાતાવેદની બાંધે છે જે જીવો લોકોત્તર પુન્યજન્ય સુખ ભોગવે છે તે સમ્યગ્જ્ઞાનથી જડાસક્તિ ટળી ગયા પછી જપ, તપ, સંયમ આદિ ત્યાગ બાંધેલી સાતાવેદનીનું પરિણામ છે માનવી દુ:ખસ્વરૂપ પૌદ્ગલિક સુખ ભોગ વવાની લાલસાથી બીજા જીવોને ત્રાસ, ભય, દુ:ખ તથા મરણાંત કષ્ટ આપીને કે મારીને અસાતાવેદનીય કર્મ બાંધે છે અને તેથી ભોગવેલા કૃત્રિમ સુખનું પરિણામ આધિ-વ્યાધિ તથા જન્મ-મરણુના રૂપમાં આવે છે અસાતા વેદની અને અલ્પ આયુષ્યના કારણભૂત જીવોનું છેદન ભેદન, દહન કર્યા વગર કે ત્રાસ, ભય તથા દુ:ખ [illegible] યા વગર માનવી પૌદગલિક સુખ ભોગવી શકતો જ નથી અર્થાત્ અજ્ઞાની જીવોએ માનેલું [illegible] કે સુખ ભોગવવાને પૂર્વોક્ત પ્રકારે જીવોની [illegible] કરવી પડે છે પૌદ્ગલિ [illegible]

શકતાં જ નથી અથવા તો આસક્તિ અને દયાનો મેળ મળી શકતો નથી. સંસારમાં કોઈ પણ જડાસક્ત જીવ બીજા જીવોને માર્યા વગર વૈષયિક સુખ ભોગવી શકતો જ નથી અને દુઃખસ્વરૂપ ક્ષણિક સુખ માટે બીજા જીવોને દુઃખ આપવું તથા મારવું તે વ્યાધિ તથા મૃત્યુનું પોષક છે. જ્યાં સુધી બીજા જીવોને મારીને સુખ ભોગવવાની, વ્યાધિ મટાડવાની કે જીવવાની ભાવના છે અથવા તો સુખ–આરોગ્યતા તથા જીવન મેળવવાની શ્રદ્ધા છે ત્યાં સુધી કોઈ પણ જીવ આધિ, વ્યાધિ તથા મરણમાંથી મુકાતો નથી. તેમજ વૈદ્ય–ડૉક્ટરો પણ દવાના ઉપચારથી મુક્ત કરી શકતા નથી; માટે વ્યાધિથી મુકાવું હોય, સુખ જોઇતું હોય અને જીવવું હોય તો સાચા સુખને સમજીને જડાસક્તિથી વિરામ પામી જાઓ અને કોઈ પણ જીવનું છેદન, ભેદન કે દહન ન કરો તથા દુઃખ, ત્રાસ, ભય અને મરણથી મુકાઈ જાઓ અને દૃઢ શ્રદ્ધા રાખો કે કોઈ પણ જીવને દુઃખ આપવાથી સુખ મળી શકતું જ નથી એટલે તમે પણ દુઃખોથી મુક્ત થઈ જશો. પરિણામે જન્મ–જરા–મરણના ભયથી છૂટી જઇને શાશ્વતી સુખશાંતિ મેળવી શકશો.

વિષયાસક્ત માનવી અજ્ઞાનતાથી એમ માની લે કે સુંદર સ્ત્રી, મકાન, વસ્ત્ર, ઘરેણાં આદિ જડાત્મક વસ્તુઓ જોઈને આનંદિત થવાથી સારાં પુષ્પ આદિની સુગંધીથી પ્રસન્ન થવાથી, સારું ગાયન સાંભળી ખૂબ ખુશી થવાથી, કેવળ વસ્તુના સ્પર્શથી આહ્લાદિત થવાથી અને મધુર આદિ રસથી શાંતિ અનુભવવાથી જીવની વિરાધના

હિંસા થતી નથી અર્થાત્ કોઇ પણ જીવને ભય, ત્રાસ, દુઃખ આપવામાં આવતું નથી તેમજ કોઇ પણ જીવને મારવામાં આવતો નથી માટે પૌદ્ગલિક સુખ ભોગવવામાં જીવોને અવશ્ય દુઃખ આપવું પડે છે કે મારવા પડે છે એવો નિયમ નથી. જીવની હિંસા વગર પૌદ્ગલિક સુખ ભોગવી શકાય છે, પણ આવી માન્યતા ભૂલભરેલી છે. જો કે દેખીતી રીતે તો પૂર્વોક્ત વૈષયિક સુખમાં હિંસા જણાતી નથી પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરીએ તો જીવહિંસા વગર પૌદ્ગલિક સુખ ભોગવી શકાતું નથી, કારણ કે હિંસા બે પ્રકારની છે. એક તો પોતાના જ આત્માની અને બીજી પર જીવોની. સારા અનુકૂળ આંખના વિષયથી, કાનના, નાકના, જીભના અને સ્પર્શના અનુકૂળ વિષયથી આનંદ-સુખ અને પ્રતિકૂળ વિષયથી અણગમો-દુઃખ મનાય છે તે રાગ-દ્વેષનું પરિણામ છે. અને તે રાગ-દ્વેષ મોહનીય કર્મનું અંગ હોવાથી જીવને પુષ્કળ કર્મ બાંધવામાં નિમિત્ત બને છે. જેને લઈને જીવને અનંતા જન્મ-મરણ કરવાં પડે છે, જેથી કરીને જીવને આત્મહિંસા લાગે છે, કારણ કે વિષયાસક્તિથી જીવ પોતાના જ આત્માના મરણ વધારે છે અને તે જેટલાં મરણ કરે તેટલાં જીવોને મારવાની તેને હિંસા લાગે છે. જ્યાં રાગ હોય છે ત્યાં દ્વેષ પણ સાથે જ રહેલો છે. પ્રતિકૂળ વિષયમાં દ્વેષ હોય છે તો અનુકૂળ વિષયમાં રાગ હોય છે. ઇંદ્રિયોના વિષયોમાં જેટલો રાગ વધારે તેટલી જ આસક્તિ પણ વધારે હોય છે અને જેટલી આસક્તિ વધારે

અસાતા-

વેદની તથા મરણનુ પ્રમાણ પણ વધારે જ હોય છે, કારણ કે પુદગલાનંદી જીવ પુદ્ગલોનો ભોગોપભોગ કર્યા વગર સુખ કે આનંદ માની શકતો નથી અને તે પુદ્ગલો એક ઇંદ્રિયથી લઇને પચેંદ્રિય સુધી તિર્યંચોના તથા મનુષ્યના દેહરૂપ હોય છે. વૈષયિક સુખ પોષવાને તિર્યંચોના શરીરની ઘણી જ જરૂર પડે છે, ફક્ત સ્પર્શેંદ્રિયનો વિષય એવો છે કે જેના મનુષ્ય દેહની પણ જરૂર રહે છે. આખ, નાક, કાન અને જીભના વિષય માટે મુખ્યત્વે કરીને તો તિર્યંચોના દેહની આવશ્યકતા હોય માટે મનુષ્યો તિર્યંચોના શરીર મેળવવા તેમની હિંસા કરે છે, કારણ કે તેમને માર્યા વગર તેમના શરીર ભોગોપભોગના કામમાં આવી શકતા નથી માનવીનાં શરીર સુંદરતા, લાવણ્યતા આદિ ચક્ષુ ઇંદ્રિયના ઉપભોગ માટે તથા વિષયોપભોગ સ્પર્શેંદ્રિયનો વિષય પોષવાને માટે મનુષ્યને માર્યા વગર ઉપયોગમા લેવાય છે, જે વિષયાસકિત પોષવામાં મનુષ્યદેહની જરૂર પડે છે તેમાં સચેતન દેહ જ ઉપયોગમા લઈ શકાય છે પણ પશુ, પક્ષી આદિ તિર્યંચોની જેમ નિશ્ચેતન દેહ કામ આપી શકતો જ નથી નિશ્ચેતન માનવીના દેહથી તો વિષયાસક્તિની જાગૃતિ થતી નથી પણ વિષય-વિરક્તિની જાગૃતિ થાય છે, માટે માનવ દેહને છોડીને શેષ જીવોના દેહ માટે તેમને મારવા પડે છે કદાચ મારવા ન પડતા હોય તો દુ:ખ, ત્રાસ તથા મરણાંત કષ્ટ તો આપવુ જ પડે છે તે સિવાય તો વૈષયિક સુખ ભોગવી શકાતું જ નથી

આ પ્રમાણે માનવી જડાસક્તિથી વૈષયિક સુખને પોષવાને બીજા જીવોનુ છેદન, ભેદન, દહન કરીને તથા મારીને અસાતા વેદની તથા અનેક મરણનો સંચય કરે છે જ્યારે અસાતા વેદનીયનો ઉદય થાય છે ત્યારે જીવને જે અસહ્ય તીવ્ર દુઃખો ભોગવવાં પડે છે તેને વ્યાધિ કહેવામાં આવે છે તે વખતે જે આયુષ્ય-જીવન ભોગવતો હોય તેનો ક્ષય થઈ જવાથી મરણ કહેવાય છે એટલે કે અસાતાનો ઉદય તે વ્યાધિ અને તેનો ક્ષય તે આરોગ્ય, ત્યારે આયુષ્ય કર્મનો ઉદય તે જીવન અને તેનો ક્ષય તે મરણ આ પ્રમાણે વ્યાધિ અને મરણનુ સ્વરૂપ જુદું હોવાથી માનવી અસાતા ઉદયનો ક્ષય ઇચ્છે છે ત્યારે આયુષ્ય કર્મના અક્ષયની ચાહના રાખે છે

આ પ્રમાણે વ્યાધિ તથા મરણનો કર્મભેદે અરૂપ ભેદ હોવાથી વ્યાધિ, મરણના રૂપમા પરિણમતુ નથી પણ મરણનુ નિમિત્તકારણ બની શકે છે, અને તેથી કરીને દરદીને મરણની આશંકા રહે છે જો વ્યાધિથી અવશ્ય મરી જવાતુ હોય તો કોઇ પણ દરદી દવાનો આશ્રય લે જ નહિં અને વૈદ્યને બોલાવે જ નહિ, પણ દવા લેવાથી કેટલાક દરદી સાજા થઈ જાય છે અને જીવે છે, કેટલાક ઘણા વખત સુધી રિબાય છે અને છેવટે સાજા થાય છે, ત્યારે કેટલાક ઘણીયે દવાઓ કરવા છતાં પણ મરી જાય છે, માટે જેમ નીરોગી બનવામા દવા નિમિત્ત છે તેમ મરવામાં વ્યાધિ પણ એક નિમિત્ત છે. જેમ દવાથી બધા દરદી સાજા થતા નથી તેમ વ્યાધિથી બધા દરદી મરી

જતા નથી, કારણ કે આયુષ્ય કર્મનો ઉદય ચાલુ હોય અને અસાતા વેદનીયનો ઉદય ક્ષય થઇ ગયો હોય તો દરદી મરતો નથી પણ સાજો થઇ જાય છે. જો અસાતાનો ઉદય ઘણા વખત સુધી રહેવાનો હોય અને આયુષ્યનો ઉદય તેનાથી પણ વધારે કાળનો હોય તો દરદી રિબાઈને છેવટે સાજો થઈ જાય છે અને જો અસાતાનો ઉદય લાંબો હોય અને આયુષ્યનો ઉદય ટૂંકો હોય તો આયુષ્ય કર્મ ક્ષય થવાથી દરદી મરી જાય છે. આયુષ્ય લાંબુ હોય અને અસાતા ટૂંકી હોય તો દરદીને દવા લેવાથી આરામ થઈ જાય છે. કદાચ અસાતાવેદનીય લંબાય તો સારામાં સારો કહેવાતો વૈદ્ય કે સારામા સારી કીમતી દવા કશો પણ ફાયદો કરી શકતી નથી એટલે દરદી મુંઝાય છે અને અધીરાઇ આવવાથી વૈદ્યો અને દવાઓ બદલે છે જ્યારે અસાતાનો રસ ઉત્તરોત્તર તીવ્ર થવાનો હોય છે ત્યારે બીજાઓને ગુણકારી દવા પણ દરદીને કાંઇ પણ અસર કરી શકતી નથી અને દરદી વૈદ્યનો વાક કાઢે છે કે વૈદ્યની દવા લેવાથી મારો રોગ વધી ગયો અને જ્યારે અસાતા ક્ષય થવાની અણી ઉપર હોય છે ત્યારે વૈદક શાસ્ત્રથી અણજાણ માણસે આપેલી સાધારણ વનસ્પતિથી મટી જાય છે એટલે દરદી એમ કહેતો સંભળાય છે કે જે રોગ વૈદ્ય-ડૉકટરો મટાડી શકતા નથી તે રોગ અમુક ડાકરડાએ કાંઇક ઝાડના મૂળીયા આપીને ચાર દિવસમાં જ મટાડી દીધો વસ્તુસ્થિતિ આવી હોવાથી વૈદ્યો કે ડૉકટરો દવાઓથી કોઇનો પણ વ્યાધિ મટાડી શકતા નથી તેમજ જીવાડી શકતા પણ નથી, પરંતુ ઉદયમાં

આવેલી અસાતા ભોગવાઈને ક્ષય થઈ જવા આવે છે કે તરત જ ઘણા વખતથી દવા ખાઈને કંટાળેલા અને દવા મૂકી દીધેલા દર્દીનો પણ વ્યાધિ મટી જાય છે.

જેઓ કર્મવાદનો સિદ્ધાંત સાચી રીતે જાણી સમજે છે તેઓ વ્યાધિ તથા મરણ માટે દવા આદિ બાહ્ય ઉપચારોને પ્રધાનતા આપતા નથી પણ વ્યાધિ યા મરણના કારણભૂત કર્મને પ્રધાનતા આપીને તેનો નાશ કરવા પ્રયાસ કરે છે અને નવિન કર્મની આવકને રોકે છે અર્થાત્ વૈષયિક સુખ માટે કરવામા આવતી જીવનની વિરાધના-હિંસા ટાળીને અહિંસા વૃત્તિ આરેદ છે, જેથી કરીને વ્યાધિના ઉત્પાદક કર્મોનો સંચય થતો નથી અને મરણનો પણ અંત આવી જાય છે. કર્મવાદી સારી રીતે સમજે છે કે જ્યાંસુધી ભાવવ્યાધિ તથા ભાવમરણ મટતાં નથી ત્યાંસુધી દ્રવ્ય વ્યાધિ તથા દ્રવ્યમરણ અનેક પ્રકારના દવા આદિના બાહ્ય ઉપચારો કરવા છતાં પણ સમૂળગા નષ્ટ થતાં નથી. ભાવ-વ્યાધિ એટલે વિષયાસક્તિ અને ભાવમરણ એટલે જ્ઞાનાદિ ગુણોનો નાશ. ભાવવ્યાધિ તથા મરણની વ્યવસ્થા કરનાર મોહનીય કર્મ છે અને તે કષાય તથા વિષયસ્વરૂપ છે. જો કે આત્માને ચારે તરફથી ઘેરીને જ્ઞાનાદિ સંપત્તિને લૂંટનારા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય છે તો પણ તે બધાય મોહનીય વગર પાંગળા-અશક્ત છે. મોહનીય આત્માને અવળુ સમજાવીને વિષયાસક્તિરૂપ અટવીમા દોરી ન જાય ત્યાસુધી જ્ઞાનાવરણીય આદિની ત્રિપુટી આત્માની સંપત્તિ લૂંટી શકતી નથી, માટે મોહ આત્માને સુખની

લાલચ આપીને તેની પાસે જીવોના વધ, બંધન, છેદનભેદન આદિ કરાવે છે એટલે જ્ઞાનાવરણીય આદિ આ માને અપરાધી ઠગવીને તેની સંપત્તિ લૂંટી લે છે અને વ્યાધિના મરણુની સજા કરે છે. અને તે સજા આત્માને અનિચ્છાએ પણ ભોગવવી પડે છે મોહનો ભરમાવેલો જીવ સુખ, શાંતિ તથા આનંદ ભોગવવાને અને જીવવાને બીજા જીવોને નિર્દયતાપૂર્વક હણવામાં જરાયે સંકોચ રાખતો નથી અને તેમાં જરાયે અપરાધ પણ માનતો નથી, પણ જ્યારે તેની સજારૂપ વ્યાધિ ભોગવવાનો સમય આવે છે ત્યારે અને છેવટે મૃત્યુ આવે છે ત્યારે ભોગવેલા સુખ કરતાં અનંતી વેદના અનુભવે છે. તે વખતે પણ મોહ તેને સમજાવે છે કે–વ્યાધિ તથા મરણ તારું સુખ છીનવી લેવા આવ્યા છે. તારી ધન–સંપત્તિના સુખના સાધનોથી તને છૂટો પાડીને મોત લઇ જાય છે આ પ્રમાણે મોહના ભભેરવાથી જીવ કરોડોની સંપત્તિ મેળવી પ્રાપ્ત કરેલાં પૌદ્‌ગલિક સુખના સાધનોને આસક્તિભાવથી ભોગવીને જેટલો પોતાને સુખી માનતો હતો તેનાથી અનંતગણો દુ:ખી મોતની સાથે જતા પોતાને માને છે, માટે જો આત્મા મોહની શીખવણીથી મુકાય તો જ ભાવવ્યાધિ તથા ભાવમરણનો નાશ કરીને દ્રવ્યવ્યાધિ તથા દ્રવ્યમરણથી મુક્ત થઇ શકે છે, બાકી તો મોહનું દાસ બનેલું વિષયાસક્ત જગત ભલે ત્યાગનો ગમે તેટલો ડોળ કરે તોયે અનંત કાળે પણ વ્યાધિ તથા મરણથી છૂટી શકવાનું નથી

માનવ દેહ ઉત્તમ કેમ?

૯૦

સંસારમાં માનવ જીવન તથા માનવ દેહની ઉત્તમતા માટે બે મત છે જ નહિં પણ તે ઉત્તમ શા માટે છે તેમાં મતભેદ છે, કારણ કે માનવ જાતિ દેહદૃષ્ટિ તથા આત્મદૃષ્ટિ એમ દૃષ્ટિભેદથી બે પક્ષમાં વહેંચાયલી છે. આ બે દૃષ્ટિમાંથી દેહદૃષ્ટિની સંખ્યા મોટી છે અને આત્મદૃષ્ટિ અત્યંત અલ્પ પ્રમાણમાં છે. દેહદૃષ્ટિ દેહને ઘણી જ પ્રધાનતા આપે છે અને દેહની સારી રીતે ઉપાસના કરે છે, કારણ કે તેમની માન્યતા પ્રમાણે દેહ સિવાય આત્મા જેવી કોઈ પણ ખાસ વસ્તુ નથી. આત્મા દેહનું નામાન્તર છે પણ અર્થાન્તર નથી એવી માન્યતા હોવાથી આત્મા શબ્દથી ઉપયોગસ્વરૂપ આત્માનો બોધ ન થતાં તેમને દેહનો બોધ થાય છે અને એટલા માટે જ તેઓ આત્મવિકાસની પ્રવૃત્તિથી પરાંગમુખ થઈને ચોવીસ કલાક દેહની જ સેવામાં મગ્ન રહે છે પોતાને દુઃખ થાય એવા હેતુથી મનગમતી વસ્તુઓથી દેહને પોષે છે. દેહને સુંદર બનાવવાને માટે સારાં ઘરેણાં–વસ્ત્રોથી શણગારે છે પાંચે ઇદ્રિયોમાંથી કોઇ પણ ઇંદ્રિયના વિષયને પોષવાની ઇચ્છા થાય તો તનતોડ પ્રયત્ન કરીને પણ સફળતા મેળવે છે. આ બધુંય દેહદૃષ્ટિ

માનવી દેહને પ્રધાન માનીને કરે છે તેને સંસારમાં દૃષ્ટિ-ગોચર થતાં જીવતાં પ્રાણીઓમાં માનવ દેહ જેવો બીજો કોઈપણ દેહ બુદ્ધિ, ચાતુર્ય, ડહાપણ તથા સ્વામિત્વ આદિમાં અધિક જણાતો નથી એટલે જ માનવ દેહ તથા માનવ જીવનને પુદ્‌ગલાનંદી દેહદૃષ્ટિ માનવી ઉત્તમ માને છે.

આ પ્રમાણેની માન્યતા દેહમાં આત્માનો આક્ષેપ કરનારી હોય છે તેઓ આત્માને તો માને છે, પણ અનાદિ કાળથી દેહના સંસર્ગને લઈને જે દેહમા પોતે હોય છે તે દેહને પોતાનું સ્વરૂપ માને છે. અને મોહનીયના ગાઢતમ આવરણને અંગે તેમાં ઓતપ્રોતથઈ જવાથી આત્માને ભિન્ન પાડી આત્મ-દૃષ્ટિ હોઈ શકતી નથી, અને દેહમાં અનુભવાતા કર્મના વિકારોને પોતાનાજ માને છે જેને લઈને દેહાધ્યાસી એમ કહેતા નજરે આવે છે કે–હું રૂપાળો છુ, મને વખાણે છે, મને તાવ આવ્યો છે, હું સુખી છુ, હું દુ:ખી છુ, મને મારે છે, મને ગાળ દે છે ઈત્યાદિ કથનથી દેહથી પોતાની અભિન્ન દશા જણાવે છે અને મારું શરીર દુ:ખે છે, મારું ધન, મારું ઘર, મારું વસ્ત્ર ઈત્યાદિ કથનથી પોતાને ભિન્ન જણાવે છે, છતાં તેની હાનિ, વૃદ્ધિથી હર્ષ, શોક કરે છે; કારણ કે જડાત્મક વસ્તુઓના વિલક્ષણ પરિવર્તને મોહનીય કર્મના દબાણથી પોતાને લાભ હાનિ માને છે અને તેના અંગે વિભાવ દશાને લઈને વિકૃતિને તાબે થાય છે. જડાત્મક વસ્તુઓ સ્વતઃ અથવા ચૈતન્યની પ્રેરણાથી અનેક અવસ્થાઓમાં બદલાય છે તેમાં લાભ, હાનિ કે સુંદર, અસુદર જેવું કશુંય

હોતુ નથી છતા અજ્ઞાનતાને લઈને જડાત્મક વસ્તુઓમા નતા ફેરફારોને જીવ પોતાના જ માનીને સુદરતા તથા અસુદરતાના કાલ્પનિક મિથ્યા જ્ઞાનથી પોતાને લાભ હાનિ માને અને હર્ષ શોક કરે છે

આત્માને માટે જડાત્મક વસ્તુમાત્ર પર હોય છે અને તે બધીનો સયોગ સબધ હોય છે સંયોગ સબધ અનતર તથા પરપર એમ બે પ્રકારનો હોય છે તેમાં આત્માની સાથે દેહનો અનતર સબધ છે અને બગલા, ધન, વસ્ત્ર, આભૂષણ આદિ અચેતન તથા માતા, પિતા, ભાઈ, ભગિની, સ્ત્રી, નોકર આદિ સચેતન વસ્તુઓનો પરપર સબધ છે અર્થાત્ આ બધી વસ્તુઓનો દેહની સાથે સબધ છે આત્મા અનંતર સબધવાળા દેહને છોડી દે છે કે તરત જ પરપર સબધવાળા બાગ, બગલા આદિ તથા માતા, પિતા આદિનો સબધ છૂટી જ જાય છે પણ ધન તથા માતા, પિતા આદિનો સબધ છૂટવા માત્રથી દેહનો સબધ છૂટી શકતો નથી તાત્વિક દૃષ્ટિથી વિચાર કરીએ તો ઔદારિક આદિ ત્રણ સ્થૂળ દેહનો સબધ પરપર છે અને કાર્મણ શરીર કર્મનો સબધ અનતર છે, અને એટલા માટે જ ઔદારિક દેહનો સબધ છૂટી જવાથી કર્મનો સબધ છૂટે નહિ પણ કર્મનો સબધ છૂટવાથી બધા દેહનો સબધ છૂટી જાય છે અને તેથી કરીને સમગ્ર સસારનો સબધ પણ સર્વથા છૂટી જાય છે એટલે પછી જીવ મુક્તાત્મા તરીકે ઓળખાય છે પરપર સબધ

વાળા ઔદારિકાદિ સ્થૂળ દેહનો સંબંધ મર્યાદિત હોય છે અને તેના વિયોગનુ પ્રત્યક્ષ અલ્પજ્ઞ અથવા તો તદ્દન અણજાણ માણસને પણ થાય છે કે જે વિયોગને સમગ્ર જનતા મૃત્યુના નામથી ઓળખે છે, પરંતુ, અનંતર સંબંધ ધરાવનાર કર્મના વિયોગનુ પ્રત્યક્ષ તો અતિશય જ્ઞાની સિવાય કોઈને પણ થતુ નથી કર્મ તથા આત્માના સંયોગને દૂધ, પાણી તથા અગ્નિ ને લોઢાના સંબંધ-સંબંધના દૃષ્ટાંતથી સમજાવ્યો છે જેમ લોઢું અને અગ્નિ તથા દૂધ અને પાણી પરસ્પર મળીને એવા રહે છે કે બન્ને એક સ્વરૂપ જેવા દેખાય છે બન્નેને સંયોગાવસ્થામાં જુદા પાડીને પ્રત્યક્ષ કરાવી શકાય નહિ તેમ અનાદિ કાળથી ઓતપ્રોત થઈને રહેલા જીવ તથા કર્મને જુદા પાડી શકાય નહિ પણ જાણી શકાય તથા કહી શકાય ખરા

દેવગતિના દિવ્ય શરીર કે જે શ્રદ્ધાગમ્ય છે તેની જેને શ્રદ્ધા હોતી નથી એવા પુદ્ગલાનંદી-જડાસક્ત જીવો પશુ-પક્ષી આદિ તિર્યંચોના શરીરો સાથે પોતાના દેહને સરખાવીને માનવદેહને ઉત્તમ માને છે અર્થાત્ વૈષયિક સુખના સાધનો મેળવીને બુદ્ધિપૂર્વક જેવી રીતે ઉપયોગ કરે છે અને જે કાંઈ સુખ, શાંતિ તથા આનંદ મેળવે છે તેવી રીતે પશુ, પક્ષી આદિ સુખના સાધન મેળવીને આનંદ ભોગવી શકતા નથી તિર્યંચો બુદ્ધિ વગરના હોવાથી કદાચ તેમને ખાવાપીવાની સારી વસ્તુ મળી જાય તો પણ તેનાથી તેમને કાંઈ આનંદ કે સુખ જેવુ જણાતુ નથી તિર્યંચ

માત્ર પેટ ભરી જાણે છે તેમને મિષ્ટાન્ન મળે યા ઘાસ મળે ખવા તો બીજો કોઈ પણ જાતનો ખાદ્ય પદાર્થ મળે તો પણ તેઓને બધું સરખું જ હોય છે તેમનો ઉદ્દેશ માત્ર ખાવાનો જ હોય છે, પણ બુદ્ધિ તથા સમજણના અભાવથી મોજશોખનો ખ્યાલ નથી અને માનુષ બાગ, બગીચા, મોટર, વસ્ત્ર, ઘરેણા આદિના ઉપભોગથી તેમજ સિનેમા તથા સંગીત આદિથી સમજપૂર્વક જેટલું સુખ તથા આનંદ મેળવે છે તિર્યંચોને તેટલું કશું ય હોતું નથી તાત્પર્ય કે પાંચે ઇંદ્રિયોના વિષયો માનવી મેળવે છે, ભોગવે છે અને સુખશાંતિ તથા આનંદ અનુભવે છે તે બધાથી તિર્યંચો ખાલી જ હોય છે માટે જ દેહદૃષ્ટિ માનવદેહને ઉત્તમ માને છે

જેઓ દેવગતિ માને છે અને દિવ્ય (વૈક્રિય) શરીરની જાતને શ્રદ્ધા છે એવા પુદ્ગલાનંદી વિષયાસક્ત જીવો વૈષયિક સુખને લઈને જ જો માનવદેહને પ્રધાનતા આપતા હોય તો તેઓ ભૂલ કરે છે, કારણ કે દિવ્ય શરીર સંબંધી વૈષયિક સુખો આગળ માનવદેહના વૈષયિક સુખો અત્યંત તુચ્છ તથા જુગુપ્સનીય છે મનુષ્યનું શરીર માંસ આદિ સાત ધાતુઓનું બનેલું છે તથા મળ, મૂત્ર, કફ, પિત્ત આદિ અશુચિ પદાર્થોથી ભરેલું છે માનવદેહના વિલાસ માત્ર ઘૃણાસ્પદ છે માનવદેહની ઉત્પત્તિ અત્યંત અશુચિ સ્થાનમાં અપવિત્ર વસ્તુઓથી થાય છે અને મળ મૂત્રના સંસર્ગથી ઉત્પન્ન થયેલા આહાર આદિથી પોષાય છે પોતે મળમૂત્રાદિથી વ્યાપ્ત હોવાથી ગમે તેવી સુગંધી–

વાળી સારામા સારી વસ્તુ પણ દેહના સંસર્ગથી મળસ્વરૂપ બનીને ઘૃણા ઉપજાવે છે વિલાસી માણસો દેહની દુર્ગંધ દૂર કરવાને સુગંધી તેલ વાપરે છે, છતા દેહ તો સુગંધી બનતો નથી, પણ દેહને ચોપડેલી સુગંધી વસ્તુઓ દુર્ગંધમય બની જાય છે. કેટલાક મોની ખરાબ વાસ દૂર કરવાને એલાયચી આદિ સુગંધી વસ્તુમિશ્રિત તાબુલ ખાય છે તો યે મો સુગંધી થવાને બદલે તાબુલને દુર્ગંધી બનાવે છે જેથી મો વધારે ગંધાય છે માનવી પુષ્કળ પાણીનો ઉપયોગ કરીને દેહને સ્વચ્છ બનાવવા પ્રયાસ કરે છે તો ય તે સ્વચ્છ બનતુ નથી, કારણ કે દેહરૂપ છિદ્રવાળા કોથળામા મળ, મૂત્ર, કફ, પિત્ત આદિ ભરેલા હોવાથી નિરતર છિદ્ર વાટે વહ્યા કરે છે એટલે પાણી અસ્વચ્છ તથા અપવિત્ર તો થઈ જાય છે, પણ દેહ સ્વચ્છ તથા પવિત્ર બની શકતો જ નથી, દેવજાતિના દિવ્ય શરીર માનવદેહથી તદ્દન વિપરીત છે, દિવ્ય શરીર અશુચિ પુદ્ગલોનુ બનેલુ હોતુ નથી. રુધિર આદિ સાત ધાતુ તથા મળમૂત્ર આદિનો અશ પણ હોતો નથી દેવ સ્વચ્છ તથા સુગંધીમય શય્યામાં ઉત્પન્ન થાય છે માટે અપવિત્રતા તથા દુર્ગંધ સર્વથા હોતી નથી આહાર આદિના પુદ્ગલો પણ સ્વચ્છ તથા પવિત્ર અને મનગમતા હોય છે, આહાર દેહસ્પર્શી-લોમાહાર હોય છે મોં વાટે આહાર કરતા નથી અર્થાત્ મોઢેથી ખાતા નથી એટલે મળ જેવુ કશુ ય ન બનવાથી તેમને મળોત્સર્ગ કરવાની (દિશાએ જવાની) જરૂર પડતી નથી આહાર ના પુદ્ગલો શરીરની સ્વચ્છતા તથા રૂપ-કાંતિના પોષક

હોય છે દેવને ઉપભોગમાં આવતી ભોગોપભોગની બધી વસ્તુઓ સ્વચ્છ, સુગંધીમય અને આહ્લાદક હોય છે, માટે વૈષયિક સુખને આશ્રયીને દેવ શરીરપ્રધાન કહી શકાય અને ઉત્તમતા પણ દેવદેહની જ હોઇ શકે માનવ-દેહની હોઇ શકતી નથી. સારું અને સારૂં પૌદ્ગલિક સુખ તો દેવ જ ભોગવે છે. તેમજ વૈષયિક શાંતિ તથા આનંદ પણ દેવજાતિમાં જ હોઇ શકે છે, માટે જો માનવી-ને સારામા સારું વૈષયિક સુખ જોઇતું હોય તો તેને દેવગતિમાં જવાની જરૂરત છે, કારણ કે માનવદેહ વૈષયિક સુખ ભોગવવાને માટે છે જ નહિ. માનવદેહના તુચ્છ તથા ઘૃણિત વૈષયિક સુખ મેળવવાને માટે માનવીને ઘણી જ સુશીબતો વેઠવી પડે છે તો યે કોઇને મળે છે અને કોઇને નથી પણ મળતું. ધાર્યા પ્રમાણે તો કોઇક જ મેળવતું હશે. માનવીને પૌદ્ગલિક સુખ સ્વાધીન હોતું નથી, પણ તે પરા-ધીન હોવાથી તેને મેળવવાને માટે ધનની ઘણી જ જરૂર પડે છે. તે ધન ભેગું કરવાને ચોવીશે કલાક ચિંતિત રહેવું પડે છે, કારણ કે ધન પરિશ્રમ કરવા માત્રથી મળતું નથી, પણ લાભાંતરાય ખસ્યું હોય અને પુન્યનો ઉદય હોય તો જ મળી શકે છે પુન્ય સિવાય સામાન્ય દેવી-દેવતાંની ઉપા-સના કે તેમના જાપ, હોમ તથા સ્મરણ કરવાથી ધન મળી શકતું નથી. પણ વીતરાગ પ્રભુનું સ્મરણ, જાપ તથા પૂજા-ભક્તિ કરવાથી લાભાંતરાય ખસી જાય છે અને ધનની પ્રાપ્તિ થાય છે કેટલાકને પુન્યાનુસાર ધન પ્રાપ્ત થવા છતાં પણ લોભના અંગે પૌદ્ગલિક સુખ પણ ભોગવી શકતા

નથી અને નિરંતર તૃષ્ણાના તાપથી સંતપ્ત રહે છે લાભા-ન્તરાય ખપવાથી ધન તો મળી જાય છે પણ ભોગાંતરાય તથા ઉપભોગાંતરાય નડતું હોય તો મેળવેલી ધનસંપત્તિ બધી નકામી છે, કારણ કે તે તેને વાપરી શકતો જ નથી. છતે પસે કંગાલ સ્થિતિમાં જ મરીને જન્માંતરમાં લક્ષ્મી મેળવતાં ઉપાર્જન કરેલા પાપનો જ ભોક્તા થાય છે આ બધી વાતોનો વિચાર કરતાં સ્પષ્ટ સમજાય છે કે માનવ દેહ તથા જીવન વષયિક સુખ ભોગવવાને માટે ન હોવાથી તેના અંગે તેની ઉત્તમતા પણ નથી જ

વિષયાસક્તિને અંગે માનવ દેહને ઉત્તમ માનનાર માનવીએ આટલું તો જરૂર વિચારવું જોઇએ કે—માનવ દેહને જીવ નવ મહિના મળમૂત્રમાં રહીને ઉત્પન્ન કરે છે કે જ્યાં જીવને અવ્યક્તપણે ઘણું જ દુઃખ સહન કરવું પડે છે પછી જન્મતી વખતે અનંતી વેદના ભોગવે છે પવિત્ર અપવિત્રની અણસમજણને લઇને જન્મ્યા પછીની અવસ્થામાં પણ મળમૂત્રની ઘૃણા કરતો નથી પછી બાલ્યાવસ્થામાં માતા પિતાના સ્નેહને લઇને જોઇતી વસ્તુઓ મળી જવાથી નિશ્ચિંતપણે વિચરે છે પછી જ્યારે યુવાવસ્થા પ્રાપ્ત કરે છે ત્યારે જીવનનિર્વાહના સાધનની ચિંતાથી ઘેરાઇ જાય છે અને ધન ઉપાર્જન કરવાના વ્યવસાયમાં ચિત્ત પરોવે છે. શ્રીમંત માતા પિતા હોય તો વધુ ચિંતા હોતી નથી પણ સાધારણ સ્થિતિ હોય તો જીવનના સાધન મેળવવાની ચિંતાથી સુખે સૂઇ પણ શકતો નથી ધન હોય તો વધા-

ગવાની તૃષ્ણાથી અને ન હોય તો મેળવવાની ચિંતાથી ઘડી હામ બેસતો નથી, ઘડીભરની પણ ફુરસદ મેળવી શકતો નથી વ્યવસાયમા ચિત્તવૃત્તિ પરોવાયથી રોવાયા ન મળે ખાવાપીવામા શાતિ કે ન મળે માની નાખેશ સ્નેહી ઓની સાથે સ્નેહાલાપમા શાતિ આરામ તથા વિશ્રાન્તિને તો સ્વપ્નમા પણ ભાળી શકતો નથી, તો પછી માનવ દેહને વૈષયિક સુખનુ સાધન માની પ્રધાનતા કેવી રીતે આપી શકાય ? માનવીને રહેવાને ઘર જોઈએ તે ન હોય તો બાધવા સુથાર, કડીઆ તથા સાધનસામગ્રીની જરૂર, કપડા સીવવા દરજીની તથા ધોવા ધોબીની જરૂર, ઘરેણા ઘડવા સોનીની તથા હજામત માટે હજામની જરૂર, ભોજન માટે રસોઇની જરૂર અને બધાના કરતા જીવવાનુ અદ્વિતીય સાધન અન્ન ઉત્પન્ન કરવાને માટે ખેતી કરવાની જરૂર પડે છે તેમજ વ્યાધિ આવે તો તેને મટાડવા વૈદ્ય તથા ઔષધની પણ જરૂરત પડે છે આવી પરિસ્થિતિમા માનવીને પૌદ્‌ગલિક સુખ ભોગવવા સમય તથા અનુકૂળતા કટલા પ્રમાણમા મળી શકે ? પ્રથમ તો માનવીનુ જીવન બહુ જ ટૂકુ અને તેમાયે વળી આધિ વ્યાધિ, સયોગ વિયોગ અવારનવાર આવતા જ રહે એટલે તુચ્છ પણ વૈષયિક સુખ નિશ્ચિતતાથી સારી રીતે ભોગવી શકતા નથી બાળ તથા વૃદ્ધ અવસ્થામે બાદ કરતા બાકીના વીશ પચીશ જ વર્ષ સમજણપૂર્વક સુખ ભોગવવાના હોય છે તેમાયે ધન કમાવાની ચિંતા, ખોવાની ચિંતા, ખોયેલુ પાછુ મેળવવાની ચિંતા, અને જો વ્યાધિ ખબર લેવા આવ્યા

કરે તો જીવનની પણ ચિંતા કર્યા કરે. આવા પ્રસંગોને લઈને માનવી સુખ ભોગવવા યોગ્ય અવસ્થામાં પણ સુખ ભોગવી શકતા નથી, માટે પૌદ્ગલિક સુખ ભોગવવા યોગ્ય તો દેવગતિ જ છે અને એટલા માટે જ માનવદેહ તથા જીવન કરતા દેવનું દિવ્ય શરીર તથા જીવન ઉત્તમ કહી શકાય દેવનું આયુષ્ય લાંબુ હોય છે અકાળ મૃત્યુ હોતું નથી શરીરને સુંદર બનાવવા માનવીની જેમ પ્રયાસ કરવો પડતો નથી, ઘડપણની ચિંતા હોતી નથી, વ્યાધિના અભાવે સુખ ભોગવવામાં વિઘ્ન આવતું નથી, તેમજ જીવનની જરૂરિયાતો પૂરી કરવામાં કોઈ પણ પ્રકારનો વ્યવસાય કરવો પડતો નથી એટલે નિરંતર પુન્યાનુસાર મેળવેલા વૈષયિક સુખોને જીવનપર્યંત ભોગવે છે માનવીની જેમ બાળ કે વૃદ્ધ અવસ્થા જેવું હોતું નથી, પણ જન્મથી લઈને મરણ પર્યંત એક સરખી અવસ્થા હોવાથી વિષયો ભોગવવામાં અશક્ત બનતા નથી અત્યંત આસક્તિપૂર્વક ભોગો ભોગવી શકે છે. દેવલોકમાં શાશ્વતા દેવવિમાન હોય છે એટલે રહેવાને ઘર બાંધવું પડતું નથી, નોની, ધોબી, હજામ, દરજી આદિની જરૂર પડતી નથી, કારણ કે પુન્યાનુસાર મેળવેલા દેવવિમાનમાં ભોગોપભોગની બધી વસ્તુઓ શાશ્વતી તૈયાર જ હોય છે. કોઈ પણ વસ્તુ ખરીદવાની જરૂર ન હોવાથી ધન કમાવા વેપાર કરવાની જરૂર હોતી નથી દેવના દિવ્ય શરીર હોવાથી કેવળ આહારના અભાવે અન્ન ઉત્પન્ન કરવા ખેતી કરવાની પણ જરૂર રહેતી નથી એટલે રસોઈ પણ કરવી પડતી નથી આ બધી બાબતોનો વિચાર

કરતા વૈષયિક સુખ ભોગવવાની દૃષ્ટિથી દેવશરીર જ પ્રધાન જણાય છે. વિષયાસક્ત માનવીને જો પૌદ્ગલિક સુખની અત્યંત તૃષ્ણા હોય તો તેમને દેવલોકનું દિવ્ય વૈક્રિય શરીર મેળવવાની અંત્યંત આવશ્યકતા છે, બાકી તો માનવદેહ વૈષયિક સુખ માટે અપ્રધાન હોવાથી નકામું છે

આત્મદૃષ્ટિ વિષયવિરક્ત જીવો માનવ દેહને પ્રધાન માને છે તે તાત્ત્વિક છે, કારણ કે તેમની એવી માન્યતા છે કે આત્માનો સંપૂર્ણ વિકાસ માનવદેહ સિવાય સાધી શકાતો નથી, માનવદેહ તથા જીવનમા આત્માનો સાક્ષાત્કાર થાય છે અને તેની તિરોભાવે રહેલી સઘળી શક્તિનો આવિર્ભાવ થાય છે, આત્મા ઉપર અનાદિ કાળથી ચોંટેલા કર્મરૂપી કચરાને ધોઈ નાખીને સ્વચ્છ બનાવવાને માંટે શુક્લધ્યાનરૂપી પાણીનાં ઝરણા માનવદેહરૂપ વિમલગિરિમાંથી ઝરી શકે છે. આત્માનંદી જીવો પુદ્ગલાનંદીપણાથી મુક્ત હોવાથી માનવદેહની ઉત્તમતાને વૈષયિક ભાવનાથી કલંકિત કરતા નથી. તેઓ માનવજીવનનો સદુપયોગ કરીને માનવદેહની ઘણી જ કદર કરે છે અને દેવલોકના દિવ્ય શરીરો તથા વૈષયિક સુખોને અત્યંત અસાર તથા તુચ્છ ગણતા હોવાથી દેવગતિ મેળવવાની આકાંક્ષા રાખતા નથી તેઓ વૈષયિક વિશ્વમાંથી મનોવૃત્તિને વાળીને આત્મસ્વરૂપને સ્વાધીન બનાવે છે. અને સાચા સુખ, શાંતિ તથા આનંદના અનુભવથી પૌદ્ગલિક કૃત્રિમ સુખનો સંકલ્પ સરખોયે કરતાં નથી. તેઓ માનવદેહ તથા માનવજીવનને સાચી રીતે સમ-

જતા હોવાથી અજ્ઞાનીને અત્યંત ઉદ્વેગ ઉત્પન્ન કરે એવા અસહ્ય દુ:ખોની અવગણના કરીને કર્મની પરાધીનતામાંથી મુકાવાને મેળવેલી માનવશક્તિ તથા જીવનનો ઉપયોગ કરીને પૂર્ણ સ્વતંત્રતા મેળવવા પ્રયાસ કરે છે

દિવ્ય દેહ વૈક્રિય હોવાથી ગમે તેટલું સારું, સુંદર અને પવિત્ર કેમ ન હોય અને વૈષયિક સુખનું પ્રધાન સાધન કેમ ન ગણાતુ હોય, તોયે સમ્યગ્જ્ઞાની દેવો માનવ દેહને ઝંખે છે, કારણ કે માનવ દેહ વિના મુક્તિ નથી તેમજ સાચી અમરતા પણ નથી જ એવી તેમને દૃઢ શ્રદ્ધા હોય છે, માટે તેઓ દૈવી સુખમાં નીરસતા અનુભવે છે અને માનવ દેહ મેળવવાની અત્યંત ઉત્કંઠા ધરાવે છે. વધુ પડતુ પાપ ભોગવવાને માટે જીવ નારક દેહ મેળવે છે અને વધુ પડતું પુન્ય ભોગવવાને માટે દેવ શરીર મેળવે છે. આ બન્ને દેહદ્વારા જીવો વધી પડેલા પુન્ય તથા પાપ ક્ષય કરી શકે છે અને એવા હેતુથી જ આ બે ગતિઓનું નિર્માણ છે, પણ ઊંચા પ્રકારની આત્મશુદ્ધિ માટે તથા રાગ દ્વેષનો સંપૂર્ણ નાશ કરીને જન્મ મરણમાંથી મૂકાવાને માટે નથી. અર્થાત્ દેવ-શરીર પુન્યકર્મથી પ્રાપ્ત થયેલા પૌદ્ગલિક સુખો ભોગવવાને માટે હોય છે. પણ જપ, તપ, સંયમ આદિદ્વારા ઘાતી કર્મોનો ક્ષય કરીને આત્મિક ગુણોના સંપૂર્ણ વિકાસ માટે નથી તપ, ત્યાગ, સંયમ આદિથી સકામ નિર્જરા (કર્મક્ષય) તથા વ્યાધિ આદિથી અકામ નિર્જરા દેવદેહથી ન થઇ શકે, પણ માનવદેહથી થઇ શકે

છે, માટે જ સમ્યગ્દૃષ્ટિ દેવ માનવ દેહને ઉત્તમ માની મેળવવાની ચાહના રાખે છે અને અંતિમ સમયે માનવ દેહ મેળવવાના હેતુથી દેવદેહ છોડતાં જરાય દુઃખ મનાવતા નથી. ત્યારે અજ્ઞાની વિષયાસક્ત દેવ દૈવી સુખોમાં આસક્ત હોવાથી તેમને દેવદેહ છોડતાં અત્યંત દુઃખ થાય છે. દૈવી સુખોની સરખામણીમાં માનવદેહ સંબંધી વૈષયિક સુખો તુચ્છ લાગવાથી દેવદેહનો સદા સંયોગ ઈચ્છે છે, પણ દેવ આયુ ક્ષય થવાથી અનિચ્છાયે પણ દેવ દેહ છોડવો પડે છે અને જડાસક્તિને લઈને દૈવી આભૂષણોમાં પણ પેદા થવું પડે છે.

આ પ્રમાણે વિચાર કરતાં માનવદેહ આત્મિક સંપૂર્ણ વિકાસ સાધવાનું અદ્વિતીય સાધન હોવાથી સમ્યગ્જ્ઞાની જીવો માટે ઉત્તમ ગણાય છે. માનવદેહ કેવળ આત્મવિકાસ સાધવાને માટે જ જીવને મળે છે. પણ વૈષયિક સુખ માટે અત્યંત આસક્તિભાવે પૌદ્ગલિક સુખ ભોગવવાને માટે નથી. અને એટલા માટે જ સમ્યગ્ જ્ઞાની જીવોને પૂર્વજન્મના ઉચ્ચ પ્રકારના પુન્યને લઈને ગમે તેટલી પૌદ્ગલિક સંપત્તિ કેમ ન મળી હોય અને ભોગાવલિના ઉદયથી ભોગવવી પણ કેમ ન પડતી હોય તે સમ્યગ્દૃષ્ટિ જીવો આસક્તિને અવકાશ આપતા જ નથી, પણ અનાસક્તિભાવે ભોગવીને અનુકૂળ સમય મળતાં સર્વ પૌદ્ગલિક સંપત્તિનો ત્યાગ કરીને માનવ દેહદ્વારા પ્રબળ આત્મશુદ્ધિથી સંપૂર્ણ વિકાસ સાધે છે. ત્યારે અજ્ઞાની જીવો પુન્યના અભાવે પૌદ્ગલિક સુખનાં સાધન મળતાં હોય તો તેને મેળવવાને તનતોડ પ્રયત્ન કરે છે

અને બીજાને લાખો તથા કરોડોની સંપત્તિવાળા તથા બાગ, બંગલા, મોટર, સુંદર ભોજન, વસ્ત્રાદિ દ્વારા વૈષયિક સુખ ભોગવતા જોઈને ઝૂરે છે—અદેખાઈ કરે છે, અને પોતાને મળેલા માનવદેહને તથા માનવજીવનને નિષ્ફળ સમજે છે; પણ સદ્બુદ્ધિથી આત્મિક ગુણ મેળવવાના માર્ગ તરફ વળતા નથી. અને જેમને વૈષયિક સુખનાં સાધન સારી રીતે મળતાં હોય છે તેઓ તેમાં અત્યંત આસક્ત બનીને પોતાને પરમ સુખી તથા કૃતકૃત્ય માને છે. આવા પુદ્ગલાનંદી જીવો માટે માનવદેહ તથા માનવ જીવન કનિષ્ઠમાં કનિષ્ઠ કહી શકાય; કારણ કે સંસારમાં દેવ, તિર્યંચ તથા નારકીનાં શરીર તથા જીવનમાં જીવો ભવસંખ્યા વધારવાનો માનવ દેહ જેટલો અધ્યવસાય કરી શકતા નથી. માનવી જેટલા ઉચ્ચ અને શુદ્ધ અધ્યવસાય કરી શકે છે તેટલા જ હલકા અને અશુદ્ધ અધ્યવસાય પણ કરી શકે છે. અને અનંતા ભવ કરીને સંસારમાં રઝળ્યા કરે છે. માનવ દેહ તથા માનવ જીવન મેળવીને જો તેનો ઉપયોગ પ્રભુના માર્ગમાં રહીને શુદ્ધ શ્રદ્ધાપૂર્વક વીતરાગ દશા મેળવવાને માટે ન કરવામાં આવે તો મળેલો માનવ દેહ નિષ્ફળ છે એટલું જ નહિ પણ આત્માનું અત્યંત અહિત કરનાર છે. વિષયાસક્ત જીવો માટે તો તિર્યંચનો દેહ ઉત્તમ ગણાય કે જે દેહ તથા જીવનથી જીવ ભવસંખ્યા વધારી શકતો નથી; કારણ કે તિર્યંચ ગતિમાં પરાધીનપણે સકામ નિર્જરા ઘણી થાય છે. ેંદ્રિય મનવાળા તિર્યંચો

અધ્યવસાય તથા પ્રવૃત્તિથી પાપ-કર્મ ઉપાર્જન કરીને દુર્ગતિમા જઈ શકે છે, પણ સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યો જેટલા અશુભ અધ્યવસાય તથા પાપપ્રવૃત્તિ કરી શકતા નથી. અને ઝાડ, પાણી જેવા તિર્યંચો સકામ નિર્જરા કરીને ઉંચે જ આવે છે, માટે પુદ્‌ગલાનંદી જીવો માટે આત્મ અહિત વધુ ન થવાની દૃષ્ટિથી તિર્યંચ ભવ ઠીક અને વિષય સુખ ભોગવવાને દેવદેહ ઠીક, બાકી આત્માનંદી જીવો માટે સર્વોત્કૃષ્ટ આત્મશુદ્ધિનું કારણ હોવાથી માનવ દેહ જ ઉત્તમ કહી શકાય છે



કરવામાં આવે તો સફળતા મળી શકે છે. ધોળું કપડું મેલથી કાળું થઈ ગયું હોય તો ક્ષાર આદિથી સાફ થઇ જવાથી ધોળું થાય છે, કારણ કે કપડામાં કાળાપણું સ્વાભાવિક નથી પણ મેલના સંસર્ગથી થયેલું છે એટલે કપડાનું સ્વાભાવિક ધોળાપણું આગંતુક મેલ દૂર થવાથી પ્રગટ થઇ શકે છે, પણ સ્વભાવથી જ કાળા કોલસાને ધોળા બનાવવા માટે ગમે તેટલા ઉપચાર કરવામાં આવે તો પણ તે ધોળા બની શકતા નથી પણ ઊલટી કાળાશ વધે છે તેવી જ રીતે આત્મા સ્વાભાવિક સ્વચ્છ અને પવિત્ર હોવાથી આગંતુક કર્મજન્ય મલિનતા પ્રયત્ન કરવાથી દૂર થઇ જઇને આત્મા સ્વચ્છ બની શકે છે, પણ સ્વભાવથી જ અપવિત્ર દેહ પાણી તથા સુગંધી વસ્તુઓથી સ્વચ્છ તથા પવિત્ર બની શકતો જ નથી, પણ સ્વચ્છ બનાવવામાં વપરાતી વસ્તુઓ જ દેહના સંસર્ગથી અપવિત્ર તથા અસ્વચ્છ બની જાય છે, તે નીચેના ઉદાહરણથી સ્પષ્ટ સમજાય છે.

એક ગામની ભાગોળે કેટલાક ભંગી મેલાના ઢગલા કરતા હતા. પાસેથી જ એક ધોરી માર્ગ વહેતો હતો. કેટલાક વટેમાર્ગુ ત્યાંથી પસાર થતા હતા. તેમણે તીવ્ર દુર્ગંધને લઈને નાક તથા મોં કપડાંથી બંધ કર્યાં અને ધૃણાથી બગાડી વારે ઘડીએ થૂંકતા જલદી જલદી ચાલવા માંડયું. વિષ્ટા બોલી કે–જુઓ, આ અમારી ધૃણા કરે છે, ઈ કાલે જ અમને બજારમાં કંદોઈની દુકાનમાં સારાં વાસણોમાં સ્વચ્છ કપડાથી ઢાંકી મૂકવામાં આવી

તાનું કારણ તો માનવીઓનાં જ મળમૂત્ર હોઇ શકે છે, પણ પશુઓનું હોતું નથી. તેનો માનવી માત્રને પ્રત્યક્ષ અનુભવ થાય છે. માનવીના મળમૂત્રથી અપવિત્ર થયેલું સ્થાન ગાય, ભેંસ આદિ પશુઓના છાણરૂપ મળથી પવિત્ર થાય છે ગોમૂત્ર ઘણા પવિત્ર કાર્યોમાં વપરાય છે. ગોમૂત્ર છાંટવાથી અપવિત્ર સ્થળ પવિત્ર થાય છે. જ્યાં પશુ પક્ષી આદિ પ્રાણીઓનો જ વસવાટ હોય એવા નિર્જન વગડામાં અપવિત્રતા કે અસ્વચ્છતા જેવું કાંઈ ખાસ હોતું નથી ત્યાં આરોગ્યતા મેળવવાના અથવા તો મોજશોખના હેતુથી શ્રીમંતો તથા સાધારણ માણસો ઝૂંપડાં કે બંગલા બાંધીને હવાપાણીનો ઉપયોગ કરવા રહે છે, પણ તેમને રહેતા થોડા દિવસ થાય છે કે તરત જ તે સ્થળ માનવીઓના મળમૂત્રના સંસર્ગને લઇને અપવિત્ર તથા અસ્વચ્છ બની જાય છે. જેથી કરીને જે સ્થળ હવાપાણી સ્વચ્છ હોઇને આરોગ્ય આપવાવાળું હતું તે બગડી જવાથી રોગોત્પત્તિનું કારણ બને છે. એકેંદ્રિય માટી, પાણી, પવન તથા અગ્નિ આદિ અસ્વચ્છ તથા અપવિત્ર સ્થળો તથા માનવદેહને પવિત્ર તથા સ્વચ્છ બનાવવા માટે વપરાય છે આ બધું જોતાં સંસારમાં અસ્વચ્છતા તથા અપવિત્રતાનું કારણભૂત માનવદેહ છે.

જગતમાં આત્મા સિવાય તાત્ત્વિક પવિત્રતા કયાંય નથી, છતાં દેહને પવિત્ર બનાવવાને માટે જે કાંઇ પ્રયાસ કરવામાં આવે છે તે કોલસાને ધોળો બનાવવાના પ્રયત્નની જેમ નિષ્ફળ છે. આત્માને પવિત્ર બનાવવાને માટે ઉચિત પ્રવૃત્તિ

કરવામાં આવે તો સફળતા મળી શકે છે. ધોળું કપડું મેલથી કાળું થઈ ગયું હોય તો ક્ષાર આદિથી સાફ થઇ જવાથી ધોળું થાય છે, કારણ કે કપડામાં કાળાપણું સ્વાભાવિક નથી પણ મેલના સંસર્ગથી થયેલું છે એટલે કપડાનું સ્વાભાવિક ધોળાપણું આગંતુક મેલ દૂર થવાથી પ્રગટ થઇ શકે છે, પણ સ્વભાવથી જ કાળા કોલસાને ધોળા બનાવવા માટે ગમે તેટલા ઉપચાર કરવામાં આવે તો પણ તે ધોળા બની શકતા નથી પણ ઊલટી કાળાશ વધે છે તેવી જ રીતે આત્મા સ્વાભાવિક સ્વચ્છ અને પવિત્ર હોવાથી આગંતુક કર્મજન્ય મલિનતા પ્રયત્ન કરવાથી દૂર થઇ જઇને આત્મા સ્વચ્છ બની શકે છે, પણ સ્વભાવથી જ અપવિત્ર દેહ પાણી તથા સુગંધી વસ્તુઓથી સ્વચ્છ તથા પવિત્ર બની શકતો જ નથી, પણ સ્વચ્છ બનાવવામાં વપરાતી વસ્તુઓ જ દેહના સંસર્ગથી અપવિત્ર તથા અસ્વચ્છ બની જાય છે, તે નીચેના ઉદાહરણથી સ્પષ્ટ સમજાય છે.

એક ગામની ભાગોળે કેટલાક ભંગી મેલાના ઢગલા કરતા હતા. પાસેથી જ એક ધોરી માર્ગ વહેતો હતો. કેટલાક વટેમાર્ગુ ત્યાંથી પસાર થતા હતા. તેમણે તીવ્ર દુર્ગંધને લઇને નાક તથા મોં કપડાંથી બંધ કર્યાં અને ઘૃણાથી મોં બગાડી વારે ઘડીએ થૂંકતા જલદો જલદી ચાલવા માંડયું. એટલે વિષ્ટા બોલી કે–જુઓ, આ અમારી ઘૃણા કરે છે, પણ ગઈ કાલે જ અમને બજારમાં કંદોઈની દુકાનમાં સારાં ને સ્વચ્છ વાસણોમાં સ્વચ્છ કપડાથી ઢાંકી મૂકવામાં આવી

હતી, ત્યારે આ અમારી ઘૃણા કરનારાઓ બજારમાં કંદોઈની દુકાન પર આવીને કંદોઈના રોકવા છતાં પણ કપડાં ઊંચાં કરીને અમને ઘણી જ ઉત્કંઠાથી જોતા હતા. પછી એમને પસંદ પડવાથી કંદોઈને મોંમાંગ્યુ મૂલ્ય આપીને અમને ખરીદીને લઈ ગયા. અમે એમના દેહનો એક જ દિવસ સંસર્ગ કર્યો તેથી અમારી આ દશા થઇ છે જેઓ અત્યંત પ્રેમથી અમારો આદરસત્કાર કરતા હતા તેઓ જ અમને ઘૃણાની દૃષ્ટિથી જોઈને અમારો તિરસ્કાર કરી રહ્યા છે, અને અમારા નામ પર થૂંકી રહ્યા છે. અમે તો ફક્ત એક જ દિવસ માનવ દેહની સોબતમાં રહ્યાં છીએ એટલાથી અમારી આ દશા થઈ તો પછી ચોવીસે કલાક એ જ માનવની સોબતમાં રહેનાર આત્માની શી દશા થશે તે કહેવાને માટે અમે અશક્ત છીએ, છતાં એટલું તો કહીશું કે અમે તો ચતન્યવિહોણા જડ છીએ એટલે આટલી જ માઠી દશા ભોગવીને આવતી કાલે જ સ્વાદિષ્ટ ફળાદિ અન્ન આદિની મધુરતાના રૂપમાં પરિણત થઈ જઈશું, પણ ચૈતન્ય હોઈને વિષયાસક્ત જડ બનેલા આત્માની અમારા કરતાં પણ અત્યંત માઠી દશા થવાની છે કે જેને સુધરતાં લાંબો કાળ નીકળી જશે

આ પ્રમાણે અપવિત્ર તથા અસ્વચ્છ દેહની કોઇ પણ જડ વસ્તુથી શુદ્ધિ થઇ શકતી નથી વ્યવહારમા પાણીથી શુદ્ધિ માનવામાં આવે છે તે કહેવા પૂરતી બહારની ક્ષણિક શુદ્ધિ છે. ખરૂં જોતાં તો જેમ સ્વભાવથી જ કડવું કરિ-

ચાતું મીઠું બની શકતું નથી તેમ સ્વભાવથી જ અપવિત્ર દેહ પવિત્ર બની શકે જ નહિ તો યે આત્મશુદ્ધિ થાય તો તેના સંસર્ગને લઈને પવિત્ર બની શકે છે અર્થાત્ સ્વભાવથી જ પવિત્ર આત્મા કર્મમુક્ત થઈને પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કર્યા પછી પવિત્ર થાય છે, તેના સંસર્ગથી દેહની શુદ્ધિ થઈ શકે છે, આત્માની શુદ્ધિ–પવિત્રતા એટલે કર્મના ક્ષયોપશમ તથા ક્ષયથી થવાવાળો આત્માનો વિકાસ પવિત્ર આત્માઓના પ્રભાવથી દેહથી ઉત્પન્ન થતા મળાદિ શુદ્ધ, સુગંધીમય બનીને ઔષધરૂપે પરિણમે છે, જેનાથી માનવીઓના અનેક પ્રકારના મહાન વ્યાધિઓ મટી જાય છે. વિકાસી આત્માઓનો દેહ સુગંધમય તથા સ્વચ્છ હોય છે અપવિત્ર શેષ દેહધારીઓ કરતાં શુદ્ધાત્માઓના દેહમાં આત્મિક વિશિષ્ટતા હોવાથી અતિશયવાળા કહેવાય છે. આવી રીતે વિકાસી આત્માના સંસર્ગ વગર દેહની શુદ્ધિ થઈ શકતી જ નથી, છતાં જેઓ આત્મશુદ્ધિની પ્રવૃત્તિ છોડીને આત્માની મલિનતા વધારનાર વૈષયિક વાસનાઓથી વાસિત થઈને અર્થાત્ નિરંતર અત્યંત આસક્તિભાવથી વિષય સેવીને દેહને શુદ્ધ, સ્વચ્છ તથા સુગંધમય બનાવવાને જે કાંઈ પ્રવૃત્તિ કરી રહ્યા છે તે તેમનું અપૂર્વ સાહસ જ કહી શકાય. અધ્યવસાયની શુદ્ધિ વગર આત્મશુદ્ધિ થઈ શકતી નથી અનાદિ કાળથી રાગ–દ્વેષના ગાઢ સંસ્કારોને લઈને અશુદ્ધ અધ્યવસાય આત્માની પ્રકૃતિ જેવા બની ગયા છે. અર્થાત્ અનાદિ કાળથી જ આત્મા અશુદ્ધ અધ્યવસાયવાળો છે. પણ પ્રથમ શુદ્ધ હતો અને પછીથી અશુદ્ધ

થયો એવુ ક્યાપિ બન્યુ જ નથી અશુદ્ધિ અનાદિ કાળથી જ ચાલી આવે છે, કારણ કે તેના હેતુભૂત કર્મો અનાદિથી જ આત્માની આ૧ ઓતપ્રોત થઈને રહ્યા છે, માટે અશુધ્ધને ગુદ્ધ બનાવવાનો પ્રયત્ન કરવામા આવે છે, પણ શુદ્ધને અશુદ્ધ ન થવા દેવા પ્રયાસ કરાતો નથી જો શુદ્ધને અશુદ્ધ ન થવા દેવા માટે પણ પ્રયત્ન કરવો પડતો હોય તો પરમ વિશુદ્ધિને પામેલા અનત સિદ્ધાત્માઓને પણ પ્રવૃત્તિ કરવાનો પ્રસગ ઉપસ્થિત થાય, પરતુ સપૂર્ણ શુદ્ધિ મેળવ્યા પછી આત્મા કૃતકૃત્ય થઈ જાય છે એટલે તેને કાઇ પણ કરવાપણુ રહેતુ જ નથી જેમ મેલા કપડાને ધોઇને ઊજળા બનાવનાર પાણી મેલ કાઢવા કપડા ધોતા પહેલા કપડાની સાથે મેલનો સબધ કરાવનાર કપડાના પ્રત્યેક તાતણામા રહેલી ચીકાસને કાઢવા માટે આરવાળી ભઠ્ઠી ચડાવે છે, જેથી દરેક તાતણામા રહેલી ચીકાસ તાતણામાથી છૂટી પડી જાય છે પછી પાણીના ધોવાથી ચીકાસની સાથે જ મેલ ધોવાઈ જાય છે એટલે તે કપડુ ઊજળુ થાય છે તેમ કર્મથી મેલા આત્માને ઊજળો (વિકાસી) બનાવનાર યોગી પુરુષ કર્મની સાથે સબધ કરાવનાર પ્રત્યેક આત્મ પ્રદેશમા રહેલી રાગ-દ્વેષની ચીકાસને કાઢવાને સમભાવરૂપ ખારથી ચીકાસને છૂટી પાડે છે, પછી શુદ્ધ અધ્યવસાય રૂપ પાણીથી આત્માને ધોઈ નાખે છે એટલે આત્મા ઊજળો થાય છે તે રાગ-દ્વેષની ચીકાસ સપૂર્ણ નીકળી જવાથી પાછો કર્મથી મેલો થતો નથી અર્થાત્ આત્મ-પ્રદેશ સાથે ચોટેલી રાગ-દ્વેષની ચીકાસ સાફ થઇ ગયા

પછી આત્માને કર્મ ચોંટતાં નથી, માટે સંપૂર્ણ વીત-રાગ દશા પ્રાપ્ત કરનાર શુદ્ધાત્માને અશુદ્ધ ન થવા દેવા માટે કાંઈ પણ પ્રયાસ કરવાની જરૂર રહેતી નથી, પણ અનાદિથી રાગ-દ્વેષગ્રસ્ત આત્માના અશુદ્ધ અધ્યવસાયોને શુદ્ધ બનાવવા માટે પ્રયાસ કરવામાં આવે છે. અશુદ્ધિ ટાળવા માટે ધાર્મિક વ્યાપારોનો આદર અને અધાર્મિક વ્યાપારોનો ત્યાગ કરવાની પવિત્ર પુરુષોએ ભલામણ કરી છે સામાયિક (સમભાવ), પ્રતિક્રમણ (પાપોથી પશ્ચા-ત્તાપપૂર્વક પાછું ફરવું.) દેવપૂજન તથા દર્શન, તીર્થ-પર્યટન, સંતસમાગમ, સત્શાસ્ત્રોનું વાંચન તથા શ્રવણ આદિ અધ્યવસાયની શુદ્ધિના નિમિત્ત બનાવ્યાં છે આ બધા નિમિત્તોનો આશ્રય લેવા છતા પણ જે અધ્યવસાયની શુદ્ધિ કરી શકયા નથી અને તેના અંગે થનારી આત્મ-શુદ્ધિથી વંચિત રહી ગયા છે તેનાં ખાસ કારણો તો વસ્તુ-તત્ત્વની અજ્ઞાનતા, દેખાદેખી, અનુકરણ અશ્રદ્ધા, અરુચિ અને ક્ષુદ્ર વાસના આદિ છે કે જેને લઈને તપ, જપ, સંયમ આદિ અનેક પ્રકારનો ધાર્મિક વ્યાપાર કરવા છતાં પણ કષાય-વિષયની ઉગ્રતાને લઈને સમ્યગ્દર્શનાદિની સાચી સંપત્તિ મેળવી શકયા નથી. જે માનવીને દઢ શ્રદ્ધા હોય કે સમ્યગ્દર્શનાદિ મારી સાચી સંપત્તિ છે, સુખસ્વરૂપ આત્મા છે, પરપૌદ્ગલિક વસ્તુનો ત્યાગ તે જ સાચી સ્વ-તંત્રતા છે, ઈચ્છાઓનો અનાદર કરવામા જ શાંતિ છે, સર્વ કર્મોથી મુક્ત થઇ જવું તે જ સાચી વિશ્રાન્તિ છે, ઇત્યાદિ શ્રદ્ધાવાળો માનવી અધ્યવસાયોની શુદ્ધિદ્વારા આત્મશુદ્ધિ

સાધી શકે છે અને તે વિલાસોમા અનુકૂળતા મેળવી આસક્તિ વધારવા મ્હાદિની શુદ્ધિ તરફ લક્ષ આપતો નથી, કારણ કે તે વિકાર્મી છે, વિકારની વાટે વળેલો છે.

પવિત્રતા એક પ્રકારનો અસાધારણ ધર્મ છે, અને તે આત્મા સિવાય બીજે કયાય પણ રહી શકતો નથી. જેવી રીતે પવિત્રતા ધર્મ છે તેવી જ રીતે અપવિત્રતા પણ ધર્મ છે કે જે પૌદ્ગલિક જડાત્મક વસ્તુઓમાં રહે છે પવિત્રતા જ્ઞાનાદિની સહભાવી છે ત્યારે અપવિત્રતા વર્ણ ગંધાદિની સહભાવી છે જે જ્ઞાનાદિનું આધારભૂત દ્રવ્ય છે તે પવિત્રતાનું પણ છે અને જે વર્ણાદિનુ આધારભૂત દ્રવ્ય છે તે અપવિત્રતાનુ પણ છે આત્મા જે અપવિત્ર કહેવાય છે તે તાત્ત્વિક નથી, કર્મની ઉપાધિને લઇને કહેવાય છે. આત્મા તો સ્વચ્છ સ્ફટિક જેવો છે સ્ફટિક વિચિત્ર વર્ણવાળી વસ્તુઓના સંસર્ગને લઇને વિચિત્ર વર્ણવાળો જણાય છે, છતા તે વિચિત્રતા સ્ફટિકની નથી પણ સંબંધવાળી વસ્તુઓની છે વ્યવહારથી ભલે સ્ફટિકને કાળું પીળું કહેવામાં આવે, પણ તે વર્ણ વિચિત્ર સંબંધવાળી વસ્તુઓ ખસી જવાથી ખસી જાય છે, ત્યારે સ્ફટિકની સ્વાભાવિક સ્વચ્છતા પ્રગટ થાય છે ભિન્ન ધર્મવાળી વસ્તુઓનો સ્ફટિકની સાથે ગમે તેટલો સંબંધ થવા છતા પણ સ્ફટિકની સ્વચ્છતામાં અંશ માત્ર પણ ફરક પડતો નથી. તેવી જ રીતે આત્માની જ્ઞાનસ્વરૂપ પવિત્રતા અનેક પ્રકારની અપવિત્ર જડાત્મક વસ્તુઓના સંસર્ગથી અંશ માત્ર પણ નષ્ટ થતી નથી આત્મામાં અપવિત્રતા, અજ્ઞાનતા દેખાય છે તે જડાત્મક

વસ્તુઓના સ્વચ્છ આત્મામાં પડતા ઓળા છે, માટે તે આત્મસ્વરૂપ નથી. તો યે વ્યવહારથી આત્મા અજ્ઞાની અપવિત્ર કહેવાય છે. તે જડસ્વરૂપ અપવિત્ર કર્મપુદ્ગલો ખસી ગયા પછી જ્ઞાનસ્વરૂપ પવિત્રતા પ્રગટ થવાથી જ્ઞાની પવિત્ર કહેવાય છે મલિનતા ધર્મના અભાવવાળી સ્વચ્છ વસ્તુઓમાં અસ્વચ્છ મલિનતા ધર્મવાળી વસ્તુઓના ઓળા પડે છે અને તે સ્વચ્છ વસ્તુઓમાં દેખાય જ છે જે દેખાય છે તે મલિન વસ્તુ છે, છતા સ્વચ્છ વસ્તુમા આરોપ કરીને સ્વચ્છ વસ્તુને અસ્વચ્છ તરીકે ઓળખવામાં આવે છે જેથી તેને વ્યવહાર કહેવામા આવે છે

આત્મા એક સ્વરૂપવાળો હોવા છતાં પણ કર્મના વિકારોને લઈને અનેક સ્વરૂપે ઓળખાય છે અરૂપી, અભેદ્ય, અછેદ્ય આદિ વિકારોથી શૂન્ય હોવા છતા રૂપ તથા ભેદન-છેદન આદિ કર્મના કાર્યોનો આત્મામા આરોપ કરીને આત્માને અરૂપી, છેદ્ય, ભેદ્ય આદિ અવસ્થાવાળો માનવામાં આવે છે. જો કે વ્યવહારિક દૃષ્ટિએ એમ માનવાથી બાધ આવતો નથી; છતાં નૈશ્ચયિક દૃષ્ટિની ઉપેક્ષા કરી શકાય નહિ, કારણ કે વ્યવહારિક દૃષ્ટિ અતાત્વિક છે અને નૈશ્ચયિક દૃષ્ટિ તાત્વિક છે. જો કેવળ વ્યવહારિક દૃષ્ટિ માનીને નિશ્ચયનો નિષેધ કરવામા આવે તો મૂળ શુધ્ધ વસ્તુનો અભાવ થઈ જાય છે જેમકે કડું, કુંડળ, કંઠી આદિ ઘરેણાં માનવામાં આવે અને સુવર્ણનો નિષેધ કરવામાં આવે તો સુવર્ણનો અભાવ થઈ જાય છે. તેમ શુધ્ધ આત્માનો નિષેધ કરવામાં આવે તો પછી નર, નારક આદિ અવસ્થા જેવું

કશુ હેતુ નથી અર્થાત્ પરિણામોને માનીને પરિણામનો નિષેધ થઇ શકે જ નહિ, કારણ કે પરિણામ વગર પરિણામી જેવી કોઈ વસ્તુ જ નથી પરિણામ સ્વભાવ તથા વિભાવના ભેદથી બે પ્રકારના છે કર્મના સયોગથી થવાવાળા આત્માના પરિણામ તે વિભાવ અને શુદ્ધ આત્મામા થવા વાળા તે સ્વભાવ આ બન્ને પ્રકારના પરિણામો પરિણામીના અભાવથી હોઈ શકે નહિ, માટે નૈશ્ચયિક દૃષ્ટિથી શુદ્ધ સ્વચ્છ સ્વરૂપવાળો આત્મા માન્યા વગર ચાલે નહિ. વ્યવહાર ચર્મચક્ષુથી જોનારો છે એટલે જ્યારે જ્યારે જેવુ દેખાય ત્યારે તેવુ માને છે, ત્યારે નિશ્ચય જ્ઞાનદૃષ્ટિથી જોનારો હોવાથી બચાવની મૂળભૂત તાત્વિક વસ્તુને માને છે, અનેક પ્રકારની અશુદ્ધ અવસ્થામા વ્યવહારવાળાને દૃષ્ટિગોચર થતા આત્માને એક શુદ્ધ સ્વરૂપે જ જુએ છે ખાટા, ખારા, મીઠા તથા તીખા આદિ પદાર્થોના સમર્ગને લઈને અનેક સ્વાદને ધારણ કરવાવાળા પાણીમા મધુરતા માને છે ત્યારે વ્યવહારવાળો સરબત, સોડા આદિ અનેક સ્વાદને જ માનવા માટે તાત્વિક દૃષ્ટિથી જોયા વગર સાચી વસ્તુ દેખાય નહિ, તેથી સાચુ સમજાય પણ નહિ

આ પ્રમાણે વિચાર કરતા સસારમા એક આત્મા જ સાચી, શુદ્ધ, સ્વચ્છ, પવિત્ર વસ્તુ છે, બાકી આત્માની સાથે અનાદિકાળથી સબધ ધરાવનાર કર્મ અપવિત્ર, અશુદ્ધ છે. એટલે તેના કાર્યરૂપ જડાત્મક જગત અપવિત્ર છે, કારણ કે દૃશ્ય જાગૃત દેહસ્વરૂપ છે અને તે કર્મનો વિકાર

હોવાથી પવિત્ર હોઇ શકે નહિં. કર્મ અત્યંત સૂક્ષ્મ હોવાથી ક્ષાયોપશમિક અથવા તો ક્ષાયિક અતિશાયી જ્ઞાન સિવાય પ્રત્યક્ષ દેખી શકાય નહિ, પણ તેના કાર્યરૂપ સ્થૂલ દેહોથી અનુમાનથી જાણી શકાય જેટલા વિષયો છે તે બધા જીવે દેહપણે ધારણ કરેલા તથા ધારણ કરીને છોડી દીધેલા શરીરો છે જીવને ભોગોપભોગમાં વપરાતી વસ્તુ માત્ર કર્મના કાર્યરૂપ શરીરો છે, જીવને ગ્રહણ કરેલા શુદ્ધ પુદ્ગલ સ્કંધો કે જેને વર્ગણા કહેવામાં આવે છે તે પાંચે ઇંદ્રિયોના વિષયરૂપે વાપરી શકાતા નથી, માટે તે ઇંદ્રિયોના અવિષયરૂપ છે. કર્મો સૂક્ષ્મપણાને લઈને અદૃશ્ય હોવાથી તેની અપવિત્રતા પણ અદૃશ્ય છે, છતાં દેહાદિની અપવિત્રતાથી તેની અપવિત્રતા સમજી શકાય છે, કારણ કે દેહમા અપવિત્રતા કારણરૂપ કર્મની છે. કારણસ્વરૂપ કર્મમાં તથા કાર્યસ્વરૂપ દેહાદિમાં જે શુભાશુભપણું તથા શુદ્ધાશુદ્ધપણું કહેવાય છે તે વ્યવહારથી છે માટે તાત્ત્વિક નથી, કારણ કે શુભ હોય કે અશુભ, પણ જે કર્મને લઈને આત્મા શુદ્ધિ મેળવી શકતો નથી તે શુદ્ધ હોઈ શકે જ નહિં, માટે જ કર્મમાં શુદ્ધિ, પવિત્રતા કે શુભપણું અતાત્ત્વિક છે, માટે તેના કાર્યરૂપ દેહાદિમાં પણ અતાત્વિક જ હોઈ શકે છે. જેટલે અંશે આત્મા કર્મથી મુક્ત થાય છે તેટલે અંશે તે શુદ્ધ થાય છે. સંપૂર્ણ મુક્ત થઇ જવાથી તે સંપૂર્ણ શુદ્ધિ મેળવી શકે છે માટે આત્માની સાચી પવિત્રતા પ્રગટ કરવાને કર્મથી સંપૂર્ણ મુક્તિ મેળવવાની આવશ્યકતા છે.

આશાતના

વિવેકી માનવીએ ઉચિત આત્માનુ ઉચિત જાળવવુ જોઇએ પણ મિથ્યાભિમાનના નશામા અજ્ઞાનતાથી ઉચ્ચ કોટિના મહાન પુરુષોની અવગણના ન કરવી જોઇએ ક્ષાયિક, ક્ષાયોપશમિક કે ઔપશમિક ભાવે આત્મિ ગુણના વિકાસી આત્માઓ ઉપર પૂજ્ય બુદ્ધિ રાખીને તેમના ગુણોનુ વારવાર સ્મરણ કરવુ જોઇએ, તથા એવા પુરુષોનુ નામ સાભળતાની સાથે જ મસ્તક નમી પડવુ જોઇએ, તેમની અથવા તો તેમની પ્રતિમા સમક્ષ તેમનો મોભો જળવાય તેમ વર્તવુ અને તેમની મર્યાદા જાળવવી તેમનુ અપમાન કે અનાદર થાય તેવી કોઇપણ પ્રકારની પ્રવૃત્તિ તેમની સમક્ષ આદરવી નહિ હુ જેમના સમક્ષ છુ તે કોણ છે? કઇ કોટિના છે? અને હુ કોણ છુ? મારામા અને એમનામા શુ અતર છે? ઇત્યાદિ વિચારપૂર્વક વર્તવુ

સસારમાં ગુણને લઈને ગુણીનુ બહુમાન કરવામા આવે છે તેમા મોહનીયના ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમથી પ્રગટ થતા આત્મિક ગુણો જ તાત્ત્વિક દૃષ્ટિથી ગુણ કહી શકાય છે તે સિવાય માત્ર જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી કે અન્ય કોઈ કર્મના ક્ષયોપશમ કે પુન્યૅ પ્રકૃતિના ઉદયથી કહેવાતા

વિદ્વત્તા આદિ ગુણો તાત્ત્વિક નથી, કારણ કે મોહનીયના ઉપશમ વગરના કહેવાતા ગુણોના આત્મિક વિકાસરૂપ લાભ મળી શકતો નથી, તેમજ અધ્યવસાયની શુદ્ધિ થતી નથી જ્યાં સુધી કોઇ પણ વસ્તુમા પોતાનો ગુણ પ્રગટે નહિ ત્યાં સુધી વ્યવહારમા તે વસ્તુનુ બહુમાન થતુ નથી વસ્તુનો ગુણ પ્રગટ થયા પછી જ તેનુ બહુમાન તથા આદર થાય છે વૃક્ષોના પુષ્પો ખીલે છે અને ચોમેર સુવાસ ફેલાય છે ત્યારે ભમરા, ભમરીઓ એ સાંઇને આવે છે અને તેની સેવા કરે છે તેમજ મધુ ગ્રહણ કરે છે. સાદો પાષાણ પડ્યો હોય છે ત્યારે તેની ઉપર મહુ કોઇ બેસે છે અને પગ મૂકીને ઊભા પણ રહે છે, પર તુ જ્યારે તે ઘડાઇ પૂજ્ય પુરુષની આકૃતિમા પરિણમે છે ત્યારે તેનુ બહુમાન કરવામા આવે છે અને પૂજ્ય બુદ્ધિથી નમન તથા પૂજન કરવામા આવે છે, તેવી જ રીતે આત્માના ગુણો પ્રગટ થતા નથી ત્યાં સુધી સ સારમા રખડે છે અને જ્યાં ત્યા તેનુ અપમાન અને અનાદર થાય છે પણ જ્યારે સમ્યગ્દર્શનાદિ ગુણોનો વિકાસ થાય છે ત્યારે ગુણજ્ઞ-ગુણગ્રાહી માનવીઓ આત્માની ઉપાસના કરીને ગુણો મેળવવાની ચાહના રાખે છે. તેથી તેનુ ઘણુ જ માન જાળવવામા આવે છે જેઓ તે તરફ બેદરકાર રહીને અજ્ઞાનતાથી અપમાન કરે છે તેઓ ગુણ મેળવી શકતા નથી અને ઊલટા અપરાધી બનવાથી ઉભય લોકમાં આપત્તિ, વિપત્તિના આશ્રિત બને છે, જ્યા જાય છે ત્યા અપમાન, અનાદર તથા તિરસ્કાર જ મેળવે છે

સર્વોચ્ચ કોટિના આત્માઓ કે જેમણે સંપૂર્ણ વીતરાગ દશા પ્રાપ્ત કરી છે તેમનુ બહુમાન જાળવી તેમની આજ્ઞા પ્રમાણે વર્તનાર વીતરાગ બની શકે છે અને પોતાના આત્માનો વિકાસ સાધી શકે છે, પણ વીતરાગની સમક્ષ રાગ-દ્વેષનુ વર્તન કરનાર પ્રભુનો અપરાધી બને છે વીત રાગની પ્રતિમા વીતરાગ સદૃશ હોવાથી વીતરાગ જેટલુ જ તેનુ માન જાળવવુ જોઇએ વીતરાગના ગુણોનુ બહુમાન કરવા અવગુણવાળી પ્રવૃત્તિ ન આદરવી જોઇએ છતા જેઓ તે તરફ દુર્લક્ષ રાખે છે અને કષાય, વિષયવાળી પ્રવૃત્તિ આદરે છે તેઓ પ્રભુની આશાતના કરે છે, અર્થાત્ તેવી પ્રવૃત્તિથી પોતાના આત્માને અધોગતિના અધિકારી બનાવે છે એટલે તે પ્રભુની આશાતના નથી કરતો, કારણ કે પ્રભુની આશાતના થઈ શકતી નથી પણ પોતાના આત્માની આશાતના કરે છે જે પોતાના આત્માની આશાતના ટાળે છે તે જ પ્રભુની આજ્ઞા પાળે છે અર્થાત્ પ્રભુની સાથે ઉચિતપણે વર્તીને પ્રભુનુ બહુમાન કરે છે અને તેથી આત્મા અપરાધી ન બનવાથી માઠી ગતિની યાતનાઓથી બચી જાય છે, માટે આશાતનાનો અર્થ જ એ થાય છે કે સર્વોચ્ચ કોટિના પવિત્ર પુરુષોના આગળ મન, વચન, કાયાને અપવિત્ર વ્યાપારમા વર્તાવીને આત્માને અસહ્ય યાતનાઓનો ભોગી ન બનાવવો, માટે પવિત્ર પુરુષોની સમક્ષ તો પવિત્ર જ વ્યાપારો જોઇએ કે જેથી આત્મા પવિત્ર બનીને સર્વ દુ ખોથી મુક્ત થઈ જાય

આશાતના અને અપમાન બન્નેમાં કાંઇક અંશે સાદૃશ્ય રહેલું છે. સર્વોચ્ચ કોટિના આત્માઓની સાથે અનુચિત વર્તન આચરવું તે આશાતના અને મધ્યમ કોટિના આત્માઓની સાથે ઉદ્ધતપણે વર્તવું તે અપમાન કહેવાય છે જે આત્માઓમાંથી માન સર્વથા ખસી ગયું છે અર્થાત્ જેમના કષાય ક્ષય થઇ ગયા છે તેમનું અપમાન થઈ શકતુ જ નથી કષાયોને લઇને જ માન તથા અપમાનને અવકાશ છે, પણ જ્યાં સમગ્ર મોહનો ઉપશમ કે ક્ષય થઈ ગયો હોય ત્યા માન કે અપમાન જેવું કશું હોતુ નથી. જે આત્મા જેટલે અંશે અજ્ઞાનતા ટાળીને વિકાસ મેળવે છે તેટલે અંશે તે આત્મા માન, અપમાનથી મુકાય છે. જે જીવો અહંતાના આશ્રિત હોય છે તેમને માનની ઘણી જ ભૂખ હોવાથી જ્યાં ત્યાં માનની ભીખ માગતા ફરે છે. જો તેમની પાસે પૈસાની સારી સગવડ હોય તો હજારો ખર્ચીને તુચ્છ સ્વાર્થી હલકા માણસો પાસેથી પણ માન ખરીદીને સંતોષ માને છે સંસારમાં માનવી માત્રને કુદરતે વેચવાને માટે માન આપેલું છે, તે હલકી કિંમતનું તથા ભારે કિંમતનું પણ હોય છે જેઓ સારા શ્રીમંત હોય છે તેઓ બહુ મૂલ્યવાળું માન ખરીદે છે અને જેઓ સાધારણ સ્થિતિના હોય છે તે અલ્પ મૂલ્યવાળું ખરીદે છે. અને તદ્દન કંગાળ અથવા તો ધન-સંપત્તિથી વેગળા રહેનારા માન આપીને માન મેળવે છે.તાત્પર્ય કે સંસારમાં મધ્યમ તથા તેનાથી નીચી કોટિના માનવીઓમાંથી ભાગ્યે જ કોઇ એવો હશે કે જેને માનની ભૂખ નહિં હોય, માનની ભૂખ મટાડવા માટે

કેટલાકની પાસે ઝવેરાત જેવી જપ, તપ તથા ત્યાગ આદિ અમૂલ્ય વસ્તુઓ હોય છે કે જેની કિંમત જ આંકી શકાય નહિ. તેનો વ્યય કરીને ચિંતામણી આપીને કાચ ખરીદવાની જેમ માન ખરીદીને ઘણો જ સંતોષ માને છે જે વ્યક્તિએ અજ્ઞાની જનતાની પાસેથી પુષ્કળ પ્રમાણમાં માન મેળવ્યું હોય છે તેવાઓનુ આપેલુ માન ઘણું જ કિંમતી ગણાય છે, અને તેનાથી ઇતરનું માન થોડી કિંમતવાળું ગણાય છે માનની ભૂખવાળાને હમેશાં જેમને કહેવાતા શ્રીમંતો તથા વિદ્વાનો બહુ માનતા હોય તેવાઓના માનના પાનની ઘણી જ ચાહના રહે છે અને તેથી તેને મેળવવા માટે છૂટથી ધન સંપત્તિનો તથા સાચી આત્મિક સંપત્તિ મેળવવાને સંઘરી રાખેલા જપ, તપ, ત્યાગ આદિનો વ્યય કરતાં અચકાતા નથી

આ પ્રમાણે માનના ઉપાસક માનવીઓને જો અજ્ઞાની જનતાના માન વગરની સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થતી હોય તો તેનો અનાદર કરીને માન મેળવવા માટે જ આતુર રહે છે, કારણ કે પુદ્ગલાનંદી-વિષયાસક્તને લોકોત્તર માન કરતાં લૌકિક માન અત્યંત પ્રિય હોય છે. અને એટલા માટે જ તેઓ શુભ કર્મના ઉદયથી મળેલી લોકોત્તર માન મેળવવાની સાધન-સામગ્રીને તુચ્છ સમજીને વિકાસના બાધક અજ્ઞાનીઓને આકર્ષી તેમનુ માન મેળવવાના પ્રયાસો કરે છે, અને તેમની પાસેથી વિષયપોષક ખાન, પાન તથા માન મેળવીને પરમ સંતોષ માને છે અને પોતે કૃતકૃત્ય સમજે છે જો કે આવા

માનવીઓ લોકોત્તર માન મેળવવાનો બહારથી ડોળ તો કરે છે છતા તેમા તેમની શ્રદ્ધા ન હોવાથી તેની પ્રવૃત્તિ પ્રત્યે બહુમાન હોતુ નથી તેઓ જે બહારનો દેખાવ કરે છે તે કેવળ લૌકિક માન મેળવવાની ખાતર જ હોય છે લૌકિક માનને તુચ્છ સમજીને તેની ઉપેક્ષા કરનાર લોકોત્તર માનના ઉપાસકો ઉચ્ચ કોટિના હોવાથી તેમને અપમાન નડતુ નથી, પણ તેમનુ અપમાન કરનારનુ જ અપમાન થાય છે, કારણ કે લોકોત્તર માનના ઉપાસક તેમને કહેવામા આવે છે કે જેમનો દેહાધ્યાસ છૂટવાથી બહિરાત્મ દશા ટળીને અતરાત્મ દશા પ્રાપ્ત થઇ છે, અને જેઓ દેહાદિના ગૌરવને તુચ્છ સમજે છે, માટે તેમને દેહ તથા કૃત્રિમ નામના બહુમાનની જગાય અસર થતી નથી, એટલે અપમાનની પણ અસર થતી નથી, પરતુ લૌકિક માનને પ્રધાનતા આપનારાઓમા તીવ્ર દેહાધ્યાસ રહેલો હોવાથી તેમને અપમાનની ઘણી જ અસર થાય છે, કારણ કે તેમણે પોતે માની રાખેલી માન આપવાની પદ્ધતિથી વિપરીતપણે તેમની સાથે વર્તનાર ઉપર અપમાન કરવાની માન્યતા હોવાથી પોતાનુ અપમાન થયુ છે એમ માનીને ઘણુ જ દુ ખ ઉપજાવે છે, માટે જ તેમનુ અપમાન થાય છે કષાય મોહનો કેદી અને લોકોત્તર માનની અવજ્ઞા કરીને લૌકિક માનના લાલચુને બીજાની પ્રવૃત્તિ અપમાનવાળી લાગવાથી ખેદ, ઉદ્વેગ તથા દ્વેષને આશ્રય આપે છે, એટલે તેનુ અપમાન અવશ્ય થાય છે, અને તેથી તે અપમાન કરનારનુ અપમાન કરીને બદલો વાળવાની માન્યતાથી આવે સતોષ માને છે, કારણ કે સામો

માનનાર અને જડાત્મક વસ્તુ ક્ષણભંગુર હોવાથી તેનો નાશ થતાં પોતાનું મોટું નુકશાન સમજીને અત્યંત દુઃખ મનાવનાર આત્મા અજ્ઞાનતાથી પોતે જ પોતાનું અપમાન કરે છે, કારણ કે આત્માની આવા પ્રકારની સ્થિતિ ન હોય છતાં પણ તેના માટે આવી માન્યતા ધારણ કરવી તે આત્માની ઉપર મિથ્યા આરોપ મૂકીને તેનું અપમાન કરવા જેવું છે જે માણસો બીજાનું અપમાન કરે છે તેઓ પણ આવી જ રીતે અજ્ઞાનતાથી અછતા અવગુણોનો આરોપ કરીને બીજાને હલકા બનાવે છે, માટે તાત્વિક દૃષ્ટિથી વિચાર કરીએ તો જ્યાં સુધી આત્મા પોતે જ પોતાનું અપમાન કરવાથી નિવૃત્ત નહિ થાય ત્યાં સુધી તેનું અપમાન થવાનું. જ્યારે તે પોતાનું બહુ સન્માન કરવાની જાગૃતિ લાવશે ત્યારે જ તે સંસારી જીવોના અપમાનથી મુક્ત થઈને પ્રાણી માત્રના સાચા સન્માનનું પાત્ર બનશે.

આવી રીતે પુદ્‍ગલાનંદી વસ્તુસ્વરૂપથી અણજાણ જીવો આપમમાં પરસ્પર નક્કી કરી રાખેલી વર્ત્તવાની પદ્ધતિને માન તથા અપમાન તરીકે ઓળખે છે. માનવીઓની સમજણ અનેક પ્રકારની ભિન્ન ભિન્ન હોવાથી માન તથા અપમાન મેળવવાની પદ્ધતિ પણ અનેક પ્રકારની ભિન્ન ભિન્ન હોય છે. દેશકાળને અનુસરીને પણ તેમાં ભિન્નતા રહેલી હોય છે તેમજ તેમાં કાળને અનુસરીને તો પદ્ધતિમાં પણ પરિવર્તન થતું દૃષ્ટિગોચર થાય છે. ત્યારે વસ્તુને વસ્તુરૂપે ઓળખનાર જ્ઞાની પુરુષોમાં માન આપવાની પદ્ધતિ એક જ પ્રકારની હોય છે. જો કે ગુણોની તારતમ્યતાને લઈને તેમ

કાંઈક અંશે ભિન્નતા હોય છે, પણ તે ભાવોમાં હોય છે જ્ઞાની પુરુષો આત્મદષ્ટિ હોવાથી ત્યાં અપમાનને તો અવકાશ હોતો નથી વસ્તુતત્ત્વમાં અણુજાણ જીવો વસ્તુના ગુણોથી અનભિન્ન હોવાથી કે ગુણી આત્માની સાથે વાણી, વિચાર તથા વર્તનની ઉચિતતા જાળવી શકતા નથી જેથી કરીને જોનાર અણુજાણ વ્યક્તિ વ્યવહારથી તેની પ્રવૃત્તિને અપમાન તરીકે ગણે છે, છતાં તેથી ગુણીનું અપમાન થતું નથી. અર્થાત્ ગુણીના ગુણોને કોઈ પણ પ્રકારનો બાધ નડતો નથી તેમજ ગુણો નષ્ટ થતા નથી, તેથી જ અનુચિત વર્તન-આશાતના કરનાર અજ્ઞાનતાના દોષને લઈને પોતાની અનુચિત પ્રવૃત્તિનુ માઠું ફળ મેળવે છે ઉચ્ચ કોટિના મહાપુરુષો કે જેમણે કાંઈક અંશે આત્મવિકાસ મેળવ્યો છે એવા સમભાવી શાંત અંતરાત્મ દશામાં વિચરતા પ્રભુના માર્ગના અનુયાયી આત્માઓની અવજ્ઞા કરવી તથા તિરસ્કાર કરીને તેમની સમક્ષ રાગ-દ્વેષની સૂચક પ્રવૃત્તિઓ આદરવી તે તેમનું અપમાન કરવા જેવું છે, કારણ કે આવા વર્તનવાળાની બુદ્ધિમા અપમાન કરવાની ભાવના હોય છે અથવા તો ઉચિતનું યોગ્ય માન જાળવવાની કાળજી વગરના હોય છે. એટલે બાહ્ય દૃષ્ટિથી અપમાન જેવું લાગે પણ મહાપુરુષોનુ અપમાન થતું જ નથી, કારણ કે મહાપુરુષો કોઈ પણ જીવ પોતાની પ્રકૃતિ પ્રમાણે વર્તે તેથી પોતાનું અપમાન સમજતા જ નથી અને તેથી સમ્યગ્ જ્ઞાનને લઈને તેમને કષાય કનડી શકતા નથી, પરંતુ અપમાન બુદ્ધિથી તથા ઉચિત વર્તનની બેદરકારીથી અપમાન કરનારનું ઉભય લોકમા અહિત થાય છે.

મધ્યમ કોટિના માનવીઓ કે જેમણે ઉચ્ચ કોટિના મહાપુરુષોના પ્રમાણમા ગુણો મેળવ્યા નથી, પણ તે ગુણોની સૂચક બહારથી માન પ્રવૃત્તિ આદરેલી હોય છે એવાઓ જો મહાપુરુષો તરફથી ઉચિત માન મેળવીને રાજી થાય અથવા માન મેળવવા પ્રયાસ કરે તો તેઓ મહાપુરુષોનુ, અપમાન આશાતના કરીને પોતે પણ અપમાનિત થાય છે અર્થાત્ ગુણ વગર પણ ગુણીપણાનુ માન મેળવી ગર્વથી પુલકિત થવુ તે એક પ્રકારનુ અપમાન છે અને અપમાનને પણ માન તરીકે માનવુ તે મૂર્ખતા છે આવી રીતે ગર્વથા નિર્ગુણીને પણ પુરુષોચિત માન આપનાર પણ મહાપુરુષોની અવજ્ઞા, આશાતના કરીને માન લેનારનુ અપમાન જ કરે છે માન આપનાર જો અજાણ હોય તો કાઇક ઓછા અપરાધી બને પણ જાણીને જો માન આપી ઉચ્ચ કોટિના પુરુષોનુ અપમાન કરે તો તેને ભાવ તો મળી શકતો જ નથી પણ આત્મા અહિતરૂપ હાનિ તો પ્રાપ્ત થાય જ છે, માટે ઉચિતનુ ઉચિત માન જાળવવાથી જ લાભ મળી શકે છે સર્વોચ્ચ કોટિના વીતરાગ દેવ સાક્ષાત્ હોય કે તેમની પ્રતિમા હોય તેમની સમક્ષ અનુચિત વર્તન કરવાથી પ્રભુની આશાતના કરી કહેવાય છે, પણ અપમાન કહેવાતુ નથી પ્રભુની આશાતના કરનાર જીવ અવશ્ય માઠી ગતિ મેળવે છે કદાચ પ્રબળ પુન્યના ઉદયથી આ લોકમા મીઠુ ફળ પણ ભોગવે તેથી કાઇ તે ભાવી ભવોના અસહ્ય યાતનાઓથી મુકાતો નથી આત્મિક ગુણોનો તિરસ્કાર કરનાર સમગ્ર આત્માઓનો તિરસ્કાર કરે છે અને વિકારી આત્માઓનો તિરસ્કાર કરતા તે કર્મોને પોષવા જેવુ છે.

કર્મો પુષ્ટ બનવાથી આત્માના ગુણોને ઢાંકી દઈને તેને અત્યંત મલિન બનાવે છે આત્માની મલિનતા એટલે કર્મની આધીનતા કે જેને લઈને આત્મા વિકારની બાધક પ્રવૃત્તિઓ આદરે છે અને પોતાને જ્ઞાની જણાવે છે. પોતે જાણે છે અને માને છે પણ તે બધુંય મિથ્યા, કારણ કે તેમાં પ્રગટ મોહની પ્રેરણા છે પુદ્ગલાનંદી, વિષયાસક્ત હોય જ છે તેનું જાણવું, માનવું તથા આદરવું બધું ય મિથ્યા છે બુદ્ધિના ક્ષયોપશમથી જાણીને તે વીતરાગના વચન કેમ ન જાણે-જણાવે તોયે તે પ્રભુની તો આશાતના કરે જ છે, કારણ કે તે મોહની શીખવણીથી પાંચે ઇંદ્રિયોના વિષય પોષવા પ્રભુના પવિત્ર વચનોનો ઉપયોગ કરે છે પુદ્ગલાનંદી વિષયાસક્ત જીવ પ્રભુના શુદ્ધ શ્રદ્ધાપૂર્વક આદર કરી પ્રભુનું બહુમાન કરી શકતો નથી તેથી પ્રભુની આશાતના ટાળી શકતો નથી દેહની અશુદ્ધિથી થતી આશાતનાઓ કરતા ભાવની અશુદ્ધિથી થતી આશાતનાઓ આત્માનું અત્યંત અહિત કરનારી છે કષાય વિષયના બંધનમાંથી મુકાયા વગર ભાવશુદ્ધિ થઈ શકતી નથી, માટે કષાયાદિના પરિણામો બદલાય નહિ ત્યાં સુધી મન, વચન તથા કાયાથી થતી પ્રભુની આશાતના ટાળી શકાય નહિ કષાયાદિથી મુક્ત પવિત્ર પુરુષોની દેહાદિની શુદ્ધિ કરવી પડતી જ નથી, કારણ કે મોહની મંદતાને લઈને તેમની ભાવશુદ્ધિ પ્રબળ હોય છે એટલે તેઓ પ્રભુને શુદ્ધ સ્વરૂપે જાણે છે, જુએ છે તેથી તેઓ પ્રભુની આશાતનાથી સર્વથા મુક્ત હોય છે અને એટલા માટે જ તેઓ સર્વ દુઃખોથી છૂટીને પ્રભુસ્વરૂપ બની શકે

સાથે શું લઇ જશો ?

૯૩

ઉપર આકાશ અને નીચે પાણી માત્ર બધી દિશામાં દેખાઈ રહ્યું હોય એવા ભરદરિયે વહાણમાં બેઠેલો મુસાફર બધું ય સ્થિર જુએ છે, પણ જ્યારે છેટેથી દરિયાનો કિનારો દેખાય છે ત્યારે તેને બધુ ય અસ્થિર દેખાય છે. વહાણ તથા કિનારા પરની વસ્તુઓ ઘણી જ ઝડપથી ચાલતી જણાય છે, તેવી જ રીતે દેહરૂપી વહાણમા બેઠેલો મુસાફર આત્મા માનવજીવનના મધ્ય દરિયે બધું ય સ્થિર જુએ છે, પણ તેને જ્યારે મોતનો કિનારો દેખાવા માંડે છે ત્યારે બધું ય અસ્થિર જણાય છે અને જ્ઞાની પુરુષોએ કહેલી એક વાત તો સાચી સમજાય છે કે સંયોગી વસ્તુઓનો વિયોગ અવશ્ય થાય છે માટે બધુંય મૂકીને જવાનું છે. ધન, સંપત્તિ, બાગ, બંગલા, કુટુંબપરિવાર આદિ કે જેનો જન્મ્યા પછી જીવનની શરૂઆતથી સંયોગ થયો છે તેમાંનું કશું ય સાથે જવાનું નથી. સામાન્ય બુદ્ધિનો માનવી માત્ર આટલું જ સમજી શકે છે અને તે પણ છેવટની ઘડીયે, પરંતુ એમ તો કોઇક જ માનવી જાણતો હશે કે પાછલા ભવમાંથી જે કાંઇ સાથે લઈને અવતર્યો છું તેને પણ અજ્ઞાનતાથી અહિંયા જ મૂકીને જઉં છું. માણસો બુદ્ધિપૂર્વક વિચાર

કરે તો સાચી રીતે સમજી શકે છે, પણ બુદ્ધિની નિર્બળતાને લઇને જ્ઞાની પુરુષોના વચનો સાંભળવા છતાં પણ તાત્વિક વસ્તુ સમજી શકતા નથી.

માનવીને મૂકી જવાની વસ્તુઓ બે પ્રકારની હોય છે: એક તો પાછલા જન્મમાંથી સાથે લાવેલો જેવી કે નરદેહ-માનવજીવન-અખંડ પાંચે ઇંદ્રિયો અને લાંબું જીવન. આ બધી વસ્તુઓ સાથે લઇને આત્મા માનવસ્વરૂપે અવતરે છે અને ધન, સંપત્તિ, બાગબંગલા આદિ વસ્તુઓ તેમજ સ્ત્રીપુત્રાદિ કુટુંબપરિવારના સંબંધો અવતર્યા પછી મેળવે છે. આ પ્રમાણે બન્ને પ્રકારની વસ્તુઓ માનવી મૂકીને જાય છે, છતાં તે માનવ દેહે અવતર્યા પછી મેળવેલી વસ્તુઓને પ્રધાનતા આપીને તેના માટે મોતની સાથે જતી વખતે શોક કરે છે, દુ:ખી થાય છે, પણ પાછલા ભવમાથી સાથે લાવેલી વસ્તુઓ મૂકી જવા માટે જરાય શોક કરતો નથી. અર્થાત્ આત્મોન્નતિ માટે મળેલાં માનવજીવન આદિ ઉત્તમ સાધનો મૂકી જવા માટે કોઇપણ દુ:ખી થતું નથી. અને જે માનવી માનવજીવન તથા દેહ છોડતાં દુ:ખ મનાવે છે તે વિષયાસક્ત જીવ વિષયની લાલસાવાળો હોવાથી વિલાસનું સાધન માનીને જ તે દેહાદિનો વિયોગ થતી વખતે મુંઝાય છે, પણ આત્મવિકાસનું સાધન માનીને તેના અભાવે વિકાસથી વંચિત રહેવાની સમજણથી શોક કરતો નથી. આવા જીવો વિલાસ માટે જ જીવવું પસંદ કરે છે, પણ વિકાસ માટે નહિં અને તેથી કરીને જ કેટલાક માનવી

વિલાસના સાધન ન મળવાથી ખુશીથી મરતા-આપઘાત કરતા દષ્ટિગોચર થાય છે

અજ્ઞાની માનવી જીવનને ઘણી જ કાળજીપૂર્વક જાળવે છે તે તેમને મળેલા વૈષયિક સુખો ભોગવવાની લાલસાથી અથવા તો વૈષયિક સુખના સાધના મેળવવાની ઇચ્છાથી જ સાચવે છે અને આવતા મોતને રોકવા પોતાનાથી બનતુ બધુ કરી છૂટે છે તો પણ આયુષ્યકર્મ ભોગવવારૂપ માનવ જીવન સમાપ્ત થાય છે [illegible] આવીને ઊભુ રહે છે અને દ્રવ્ય તથા ભાવથી [illegible] બનેલા માનવીના આત્માને અસહ્ય દુ ખના દરિયામા [illegible] મૂકે છે જ્ઞાની આત્માઓ તો જન્માતરમાથી સા[illegible]લા નરદેહ તથા માનવ જીવન આદિ સ પત્તિથી ઉત્તમ પ્રકારના વ્યવસાય કરીને સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર, સમભાવ આદિ સાચી સ પત્તિની વૃદ્ધિ કરેલી [illegible] જન્મ-મરણ માટે [illegible]ક કરતા નથી, કારણ કે [illegible] સમજે છે કે જીવીશુ તો આત્મિક સ પત્તિને વધ[illegible] મૃત્યુ આવશે તો સત્કાર્યો કરીને સાચી સ પત્તિ [illegible] મેળવી છે એટલે તેની સાથે જતા કોઈ પણ [illegible] તેમ નથી અર્થાત્ આ જીવનમા દુષ્કૃત્યે [illegible] કોઈને દુ ખી કરી અપરાધી બન્યા [illegible] જીવનમા સજા ભોગવવા દુર્ગતિનો [illegible] નહિ, માટે જીવીશુ તો [illegible] છે અને [illegible] છે આવા વિચારવાળા જ્ઞાની પુરુષો [illegible] ભોગવવાના કષ્ટથી [illegible] હોય છે [illegible]

તેમને મળો યા ન મળો તેના માટે હર્ષ-શોક કરતા નથી. તેમને પુન્ય બળથી મળેલી પૌદ્ગલિક સંપત્તિને પ્રધાનતા આપી ઘણા રાજી થતા નથી તેમજ તેને સાચવવા કે વધા-રવા જન્માંતરમાથી સાથે લાવેલા માનવ જીવનને વેડફી નાખતા નથી અને છેવટે પૌદ્ગલિક સંપત્તિ મૂકીને જતાં જરાય શોક કરતા નથી

નર દેહ તથા માનવ જીવન મેળવ્યા પછી ધન, સંપત્તિ આદિ જે કાઇ મેળવ્યું હોય તેને આત્મશ્રેય સાધવા છોડ-વાની જરૂર છે, કારણ કે તે મોહ મમતાને ઉત્તેજન આપવાવાળુ હોવાથી આત્મવિકાસનુ બાધક છે છતા પોતાને (આત્માને) ન ઓળખનાર આસક્તિ ભાવથી ભલે તેને વળગી રહે પરતુ છેવટની ઘડીએ તો તે છૂટી જ જવાનું છે તેને સાથે લઇ જવાને કે રાખવાને મહેનત કરવી નકામી છે; કારણ કે તે રહી શકતું નથી તેમજ સાથે પણ જઈ શકતું નથી તો પણ જડાસક્ત જીવો તેને જતું અટકાવવાને માનવ જીવનની કિમતી ક્ષણો વગરસકોચે છૂટથી વાપરે છે અને આત્માના શ્રેયની પણ પરવા રાખતા નથી, છતાં ધન, સપત્તિ, બાગ, બંગલા આદિ રહેતાં નથી. પુન્ય ક્ષય થતાંની સાથે જ બધી વસ્તુઓનું સ્વામીપણું છૂટી જાય છે અને તે વસ્તુઓ નાશ પામી જાય છે અથવા તો તેનો બીજો સ્વામી થાય છે, જેથી માનવી તેની મમતાથી મુક્ત થવાથી છૂટો થાય છે છૂટું થવુ એટલે પરાધીનતાથી મુક્ત થવું કે જે એક પ્રકારે સુખશાતિનુ કારણ છે પણ મોહ-

ઘેલો માનવી સુખ, શાંતિને બદલે દુઃખ તથા અશાંતિ મનાવે છે, કારણ કે પોતે પૌદ્‌ગલિક સુખ તથા વિલાસથી વિરામ પામ્યો નથી અને વિકાસી સુખથી તદ્દન અજાણ છે એટલે જો કે તેને ગયેલી વસ્તુની મમતા રહેતી નથી, પણ વિલાસમાં મોજશોખની વસ્તુ વગર અડચણ પડવાથી પોતે ગયેલી વસ્તુનો શોક કરે છે, દુઃખ માને છે અને પાછો વિલાસના સાધન મેળવવાને શેષ જીવન વાપરી નાંખીને માનવ જીવનનો કંગાળ બની જાય છે જેથી તે માનવ જીવનનો દરિદ્રી અનંતકાળ સુધી સુખનો પડછાયો પણ ભાળી શકતો નથી.

જે વસ્તુઓ મૂકી જવાની છે તેને મેળવવાની તૃષ્ણાથી સાથે લઈ જવાની વસ્તુઓને મેળવીને વધારવાને બદલે સાથે લાવેલો છે તેને વેડફી નાંખનારમાં ડહાપણનો અંશ પણ હોતા નથી, છતાં માનવી પુન્યની સહાયતાથી ધન-સંપત્તિ મેળવીને પોતાને ડાહ્યો માને છે અને બહુ જ ડહાપણનું કામ કર્યું છે એમ બીજાના મોઢેથી પોતાની પ્રશંસા સાંભળીને ફુલાય છે તેમજ જેઓ સાથે લઈ જવાની વસ્તુને સાચવીને વધારવા માટે મૂકી જવાની વસ્તુની ઉપેક્ષા કરે છે તેમને બુદ્ધિ વગરના માને છે. આવા માનવી ભવાભિનંદી-ગમે તેવો ભવ મળ્યો હોય તેમાં જ આનંદ માનનારા-હોવાથી તેમને જેટલો ધનાદિ સંપત્તિ ઉપર પ્રેમ હોય છે તેટલો પ્રભુ ઉપર હોતો નથી. અને કાંઈક પ્રેમ હોય છે તે પણ ફક્ત ધનાદિ મળે છે

એવી શ્રદ્ધાથી જ હોય છે અને એટલા માટે જ તેમને પ્રભુના સાચા વચનો ઉપર શ્રદ્ધા હોતી નથી તેમજ ધનાદિ મેળવતાં નરક, તિર્યંચની ભાઠી ગતિયોમાં લઇ જનારી પાપ પ્રવૃત્તિયોનો ઉત્સાહપૂર્વક આદર કરતો હોવાથી નરક, તિર્યંચમાં અસહ્ય દુઃખો ભોગવવાં પડે છે તેની પણ પ્રાયઃ શ્રદ્ધા હોતી નથી. આવા જીવોને પુન્યના અભાવે અથવા તો પુન્ય ક્ષય થઇ જવાથી પૌદ્ગલિક સુખનાં સાધન ન મળ્યાં હોય કે મળીને ચાલ્યાં ગયાં હોય તો તેઓ ઘણા જ ઉદ્વેગવાળા તથા ચિંતાવાળા રહે છે અને પોતાને અત્યંત દુઃખી માને છે, તેમજ બીજાની ધન-સંપત્તિ તથા તેમને ધાર્યા પ્રમાણે વૈષયિક સુખ ભોગવતા જોઇને પોતે ઘણા જ ઝૂરે છે અને માનવ જીવનને નકામું માનીને તેનાથી છૂટી જવાને ઇચ્છે છે, પણ ઉત્તમ માનવ જીવનને આત્મશ્રેય માટે વાપરવાની ઇચ્છા રાખતા નથી.

માનવ જીવન માનવ દેહ તથા પુન્યાનુબંધી પુન્ય આદિ મેળવવાને ધન-સંપત્તિની ખાસ જરૂર રહેતી નથી. તે સિવાય પણ માનવી પોતાના માનવ જીવનદ્વારા આત્મસંપત્તિ તથા ભાવી જીવનમા આત્મોપયોગી વસ્તુઓ મેળવી શકે છે જેઓ એમ માનતા હોય કે ધન વગર ધર્મ થઇ શકતો નથી તેઓ મોટી ભૂલ કરે છે, કારણ કે પુન્ય કર્મ-સ્વરૂપ ધર્મ કે કર્મની નિર્જરાસ્વરૂપ તાત્ત્વિક ધર્મ ધન-સંપત્તિના ત્યાગથી જેટલો સારો અને સાચો થઇ શકે છે તેટલો ભોગથી થઇ શકતો નથી ધન ખરચીને ધર્મ કરનારા

ધન-સંપત્તિના ભોગી હોય છે અને જડાત્મક વસ્તુઓનો ભોગ પ્રાયઃ કર્મની નિર્જરારૂપ તાત્વિક ધર્મ કરવામાં અંતરાયભૂત હોય છે એટલે તેઓ આત્મિક ગુણ પ્રકટ કરવારૂપી વિકાસ સાધી શકતા નથી, પણ પુન્ય કાર્યમાં ધનાદિનો સદ્દવ્યય કરવાથી પુન્ય ઉપાર્જન કરી શકે છે. અને ધન-સંપત્તિના ત્યાગી માનવ જીવનનો સદ્દવ્યય કરીને આત્મવિકાસ સાધી શકે છે. અને જો તાત્વિક બોધની નિર્બળતાથી પુદ્દગલાનંદીપણું હોય તો પણ ધનવ્યય કરીને પુન્ય ઉપાર્જન કરનાર કરતાં અસંખ્યગણું પુન્ય ઉપાર્જન કરી શકે છે પુન્યની નબળાઈને લઈને કદાચ માનવીને ધન તો ન મળે, પરંતુ જીવન તો માનવી માત્રને મળેલું હોય છે એટલે માનવી માત્ર ધર્મ કરવા માટે સ્વતંત્ર જ હોય છે. તેમને જડાત્મક ધનાદિ વસ્તુઓની અપેક્ષા રાખવી પડતી નથી. મળેલી ધન-સંપત્તિ આદિ જડાત્મક વસ્તુઓનો સર્વથા ત્યાગ કરીને જ મહામાનવીઓએ સંપૂર્ણ આત્મવિકાસ સાધ્યો છે અને તેઓ પુરુષો તરીકે ઓળખાયા છે.

વિપરીત સમજણવાળા કેટલાક માનવી બધી બાબતોમાં ધનને પ્રધાનતા આપીને તેને મેળવવા પોતાનું ત્રીશ-પાંત્રીશ વર્ષ સુધીનું માનવ જીવન વાપરી નાંખે છે, છતાં જો તેમને કેવળ ચાલુ જીવનમાં જ ઉપયોગી અને મૂકી જવા જેવી તુચ્છ ધનાદિ વસ્તુ ન મળે તો પછી તેમણે પોતાનું શેષ જીવન સાથે લઈ જવાય તેવી વસ્તુ અથવા તો આત્મ[illegible]ત્તિ મેળવવા વાપરવું જોઈએ. નહિં

તો બન્ને ભવોમાં ઉપયોગી સંપત્તિથી કંગાળ જ રહેવાના અને જે ભવિષ્યમાં પૈસો મળશે એવી આશાથી મૂકી જવાની વસ્તુ માટે જ જીવનનો વ્યય કરીને મૃત્યુના સીમાડારૂપ વૃદ્ધાવસ્થાએ પહોંચીને કદાચ ધનાદિ મેળવે તો તે બધું નકામું છે, કારણ કે વયથી નિર્બળ બનેલો માનવી પાંચે ઇંદ્રિયોની નિર્બળતાને લઇને મેળવેલા વૈષયિક સુખના સાધનોનો ઉપયોગ કરી શકતો નથી અને જીવન સમાપ્ત થતાં બધું અહિં જ મૂકીને મોતની સાથે ચાલતો થાય છે.

માનવી જે ધનાદિ સંપત્તિ સાથે લઇને અવતર્યો નથી તેને સાથે લઈ જઇ શકતો નથી પણ નર દેહ, માનવ જીવન તથા પુન્ય આદિ સંપત્તિ કે જેને સાથે લઇને અવતરે છે તેને માટે કાળજી રાખી પ્રયાસ કરે તો તેને પાછી મેળવી શકે છે એટલે કે પોતે તેવા પ્રકારનું પુન્ય મેળવવામાં માનવ જીવનનો ઉપયોગ કરે કે જેનાથી ભાવીમાં માનવ જીવન તથા માનવદેહ મેળવી શકે, અને તે ધનાદિ મેળ-વવાની તથા વધારવાની તૃષ્ણાથી વિરામ પામીને ધાર્મિક વ્યવસાયમાં જીવન વાપરે તો જ બની શકે છે જો માનવી માનવ જીવનની કદર કે કિંમત કરી જાણતો હોય તો ભાવી માટે અત્યારે તેની પાસે છે તેના કરતાં ય ઉચ્ચ કોટિનું માનવજીવન મેળવી શકે છે કે જેમાં આત્મિક સંપૂર્ણ વિકાસ સાધીને સદાને માટે તાત્ત્વિક સુખસંપત્તિનો ભોગી બનીને જન્મ, જરા, મરણના ભયથી મુક્ત થઇ જાય છે; પણ અજ્ઞાની જીવ જેમ બાળક ગળ્યુ ખાવાની લાલચથી

લાડવા માટે ગળામાથી કિમતી સોનાનુ ઘરેણુ કાઢી આપે
છે તેમ પૌદ્ગલિક વૈષયિક સુખ માટે જડાસક્ત કિમતી
માનવજીવન ખુશીથી ખરચી નાખે છે. કોઈ માણસ પોતાના
અગત્યના કામે ઝડપથી જઇ રહ્યો હોય અને રસ્તામા કોઈ બે
માણસોની મારામારી કે ગાળાગાળી જોવા માણસો ટોળે
વળ્યા હોય તો તેમા પોતે પેસી જઈને ચિત્તમા કલેશ, ઉદ્વેગ
તથા કષાય ઉત્પન્ન કરનાર પ્રસગ જોવામા કલાક કાઢી
નાખે છે. અથવા તો રસ્તામા કોઈ વાતો કરનાર મળી
જાય તો સ્વાર્થની કે સ્વાર્થ વગરની વાતો કરવામાં ઘણો
સમય ગાળી નાખે છે, તે વખતે પોતે જે કામે નીકળ્યો
હોય તે બધુ ભૂલી જાય છે અને ચિત્તની પ્રસન્નતા [illegible]
કલાકોની સખ્યામા માનવજીવન વાપરી નાખે છે [illegible]
દરમ્યાન મોડુ થવાનો કે કામ બગડવાનો સકલ્પ [illegible]
કરતો નથી તેમજ કલાક દોઢ કલાકનુ માનવ [illegible]
વાપરીને દ્રવ્યથી તથા ભાવથી લાભ મેળવ્યો છે કે [illegible]
મેળવ્યુ છે તેનો પણ વિચાર કરતો નથી [illegible]
આત્મિક સપત્તિ મેળવવાને કે પુન્યાદિ [illegible]
તેવી સપત્તિ મેળવવાને ધાર્મિક વ્યવસાય [illegible]
વાપરવાને કહેવામા આવે તો તે પ્રથમ [illegible]
પાડશે તેમ છતા બહુ જ દબાણ કર્યા [illegible]
આવે તો બહુ જ કજુસાઇથી માનવ [illegible]
તે પણ અરુચિથી તથા ઉત્સાહ [illegible]
પા કલાકમા જ પતાવી દેશે [illegible]
સમભાવમા રહેવાની પ્રતિજ્ઞા કરી [illegible]

હશે તો પણ વિષમ ભાવમા જ વખત ગાળશે અને અકળા-મણથી પોતે લીધેલી પ્રતિજ્ઞાનો સમય પૂરો કરશે

માનવીને ધનાદિ સપત્તિની મમતા વધારે હોય છે, કારણ કે તે એમ માને છે કે મે ઘણા જ પરિશ્રમથી લક્ષ્મી મેળવી છે તેથી પોતે મેળવેલી લક્ષ્મીને બહુ જ કરકસરથી વાપરે છે એક રૂપિયો વાપરીને પાચની અથવા એથી વધારે લાભની આશા રાખે છે અર્થાત પાચની કિમતની વસ્તુ એક રૂપિયામા મેળવીને સતોષ માને છે અને જો અણજાણપણે એક આનાની વસ્તુનો રૂપિયો અપાઇ ગયો હોય તો પોતે ઠગાયો છે એમ માનીને ઘણો જ પશ્ચાત્તાપ તથા ઉદ્વેગ કરે છે, કારણ કે તેને મહામહેનતે મેળવેલી લક્ષ્મી વધારીને કિમતી વસ્તુઓ સઘરવાનો લોભ હોય છે તેથી તે શ્રમથી મેળવેલી લક્ષ્મીને સાચવીને તેને વધા-રવામા જ ડહાપણ સમજે છે આવી જ રીતે પુદ્ગલાનદી જડાસક્ત માનવી અત્યત કષ્ટ વેઠી ઉપાર્જન કરેલા પુન્યના પ્રભાવથી મેળવેલા માનવજીવનને વૈષયિક વ્યાપારમા વાપ-રતા લાભહાનિનો જરા પણ વિચાર કરતો નથી પાચે ઇંદ્રિયોના વૈષયિક આનદની લાલસાથી માનવજીવનના કલાકોના કલાકો વાપરીને પોતે ખોયુ છે કે મેળવ્યુ છે તેનો વિચાર કરીને જરાપણ શોક કરતો નથી અતર્મુહૂર્તમા સપૂર્ણ આત્મવિકાસ (કેવળજ્ઞાન) મેળવી શકાય છે તેવા કિમતી માનવજીવનને વિષયપોષક વ્યવસાયોમા વાપરતા ખૂબ જ ઉદારતા રાખવી અને વિષયશોષક આત્મવિકાસ વ્યવસાયમા કજુસાઇ બતા-વવી તે તદ્દન અજ્ઞાનતા જ સૂચવે

ધન-સપત્તિ મેળવવામા તેટલુ કષ્ટ વેઠવુ પડતુ નથી કે જેટલુ કષ્ટ માનવ જીવન આદિ સામગ્રી મેળવવામાં સહન કરવુ પડે છે અનતી પુન્યની રાશિ હોય તો જ માનવ જીવન-નર દેહ આદિ સામગ્રી પ્રાપ્ત થાય છે, અને તે રાશિ એકત્રિત કરવામા ઘણા જ કષ્ટાનુષ્ઠાન કરવા પડે છે અને ધન તો સામાન્ય પુન્ય હોય તો પણ અલ્પ પ્રયાસે અથવા તો પ્રયાસ વગર પણ મળી શકે છે, માટે જ ધન મેળવવા કરતા માનવ જીવન મેળવવામા ઘણુ જ કષ્ટ સહન કરાતુ હોવાથી ધન કરતા જીવન ઘણુ જ કિમતી છે અને માનવ જીવનથી સપૂર્ણ આત્મવિકાસ સાધી શકાતો હોવાથી તે અમૂલ્ય છે અને ધનથી ઘણામા ઘણુ તો પૌદ્ગલિક સુખના સાધન મેળવી આપે તેવુ પુન્ય બધાતુ હોવાથી તે તુચ્છ છે, છતા સસારી જીવ જ્યા સુધી મુક્તિ ન મેળવે ત્યા સુધી પુન્યની ઘણી જ જરૂર છે કે જેથી માનવ જીવન તથા માનવ દેહ આદિ સામગ્રી પણ પાછી મેળવી શકે



જ્યારે જીવનનિર્વાહના સાધનની સગવડતા કરી આપનારનો ઉપકાર માનવી જીવે ત્યાં સુધી ભૂલતો નથી અને પોતાનું સર્વસ્વ અર્પણ કરવા જરા પણ નિરુત્સાહિત થતો નથી તો પછી જેણે તમને દુનિયામાં નજરે પડતા સૂક્ષ્મ જંતુઓ કીડા, મકોડા, વાઘ, વરુ, કુતરાં, બીલાડાં, ઘોડા, ગધેડા, ગાય, ભેંસ આદિ પશુ,પ ખીઓનો અવતાર ન આપતાં માનવનો અવતાર આપ્યો, માનવીઓમા પણ કેટલાક એવા હોય છે કે જેમના હાથ નિરંતર લોહીથી ખરડાયેલા રહે છે અને કેટલાકને તો પાયખાના સાફ કરવા પડતાં હોવાથી તેમના હાથ વિષ્ટાથી ખરડાયલા રહે છે અને તેને નહિં જેવા સાફ કરીને ખાવાના કામમાં વાપરે છે તમે આવી જાતિના માણસ છો કે નહિં તેનો વિચાર કરી જુઓ. જો તમે એવી જાતિના નથી પણ ઉત્તમ જાતિના છો તો પછી તમે ઉત્તમ જાતિ તથા કુળમાં શાથી ઉત્પન્ન થયા? માનવજાતિમાં કાંઇપણ ફરક ન હોવા છતાં પણ તમે ઉત્તમ જાતિના કહેવાઓ છો તેનું શું કારણ? તમને ઉત્તમ જાતિના માણસ કોણે બનાવ્યા? કેટલાક માનવીઓને રહેવાને ઝુંપડાં, પહેરવાને ગાભા હોય છે અને આખી ઉમર-જીવે ત્યાંસુધી બીજાનાં વૈતરાં કરીને આયુષ્ય પૂરું કરે છે, પણ તમને તો રહેવાને બંગલા, પહેરવાને સુંદર વસ્ત્રો મળ્યા છે તેમજ બેસવાને મોટર આદિ વાહનો તથા નોકર-ચાકર પણ તમારી પાસે છે અને તમે સ્વામી બનીને બીજાની સેવા લો છો. આ બધું તમને કોણે આપ્યું છે તેનો કદીયે તમને વિચાર સરખો ય આવ્યો છે? સંસારમાં જોઇએ છીએ તો કોઇ

મળ્યો છે એટલે જો તમે ધારો તો સાચા શ્રીમંત બનીને શાશ્વત સુખના ભોગી બની શકો છો તો તમને આ બધી સામગ્રીનો પ્રબંધ કોણે કરી આપ્યો છે તેનો નિર્ણય કરવાને કોઇ વખત પણ તમે તમારી બુદ્ધિનો ઉપયોગ કર્યો છે ?

તમે માનવી છો, તમારામાં બુદ્ધિ છે, ડહાપણ છે અને તમે પોતાને એમ માનો છો કે હું બુદ્ધિશાળી અને ડાહ્યો છું તો પછી તમે જગતની વિચિત્રતાનું કારણ કેમ શોધી કાઢતા નથી ? ઉપર બતાવેલી બાબતનો સાચી રીતે વિચાર કેમ કરતા નથી અને સદ્‌બુદ્ધિથી ડરીને વગળા કેમ રહો છો, તેમજ સદ્‌બુદ્ધિવાળા તરફ તિરસ્કારની લાગણી શા માટે રાખો છો ? કદાચ તમારી બુદ્ધિ કામ ન કરી શકતી હોય અને સાચું સમજવાની ઇચ્છા હોવા છતાં પણ સાચી સમજણ મેળવવામાં ઘણી જ અડચણ પડતી હોય તો સંપૂર્ણ સાચી બુદ્ધિના વિકાસી જ્ઞાની પુરુષોના વચનો સાંભળીને જગતની વિચિત્રતાનો સાચો ખોપ કરો અને સાચી સમજણ મેળવીને સંપૂર્ણ સાચી વસ્તુની પ્રાપ્તિ માટે પ્રયાસ કરો જો તમે સર્વજ્ઞના વચનો ઉપર શ્રદ્ધા રાખીને જાણવાનો પ્રયાસ કરશો તો વિશ્વરચના સાચી રીતે તમને સમજાશે અને તેથી તમે તમારી પ્રવૃત્તિમાત્રને સમ્યગ્‌સાચી બનાવી શકશો જેથી તમને અણગમતા પ્રસંગો અકળાવી શકશે નહિ

સંપૂર્ણ સાચી સ્વતંત્રતા મેળવનાર સર્વજ્ઞ પુરુષોએ જડ, ચેતનના સંયોગસ્વરૂપ જગતની વિચિત્રતામાં જડને

સ્વરૂપ દેહમા આત્માના ગુણોની પ્રશ સા સાભળીને અત્યત આનદ અનુભવે છે અને કામી, ક્રોધી, લોભી (આદિ જે કર્મજન્ય ગુણો કે જે એકદષ્ટિથી પૌદગલિક હોવાથી જડ-સ્વરૂપ છે) એ દેહને કહેવામા આવે તો દિલગીર થાય છે, દુ ખ મનાવે છે, અજ્ઞાનતાના ગાઢ અધકારમા રહેલા જીવો વિરાગી મહાપુરુષોના વચનો વાચીને કે સાભળીને મોઢે બોલી જાય તો તેથી કાઈ તેઓ પોતાને ઓળખે છે અને પુદ્ગલાનદી તથા દેહાધ્યાસી નથી એમ કહી શકાય નહિ, કારણ કે મિથ્યાભિમાન(દેહાભિમાન)ની વૃત્તિ તથા પ્રવૃત્તિ ટળે નહિ ત્યા સુધી તેનનાશ્રા જડથી ભિન્ન ધર્મવાળી આત્મા જેવી કોઈ વસ્તુ છે એવી શ્રદ્ધા હોવાનુ પણ નિર્ણય કરી શકાય નહિ. કેવળ બાહ્ય વૃત્તિથી તપ, જપ આદરવાથી કે વ્રત, નિયમ આદિ પાળવાથી આત્માની સાચી ઓળખાણ અને પુદ્ગલાનદીપણાથી નિવૃત્તિ થઈ છે તથા દેહાધ્યાસ ટળ્યો છે એમ કહી શકાય જ નહિ, કારણ કે આવી પ્રવૃત્તિઓ તો અનત સસારી મિથ્યાદૃષ્ટિ તથા અભવ્ય જેવા અજ્ઞાની જીવો પણ આચરી શકે છે, આદરી શકે છે. જ્યા સુધી પાચે ઇંદ્રિયોના વિષયોમા રાગ-દ્વેષની તીવ્ર પરિણતિથી અનુકૂળતા, પ્રતિકૂળતાના અગે હર્ષ, શોક રહેલો છે તથા મનોવૃત્તિઓમા આસક્તિ ભાવ રહેલો છે ત્યા સુધી વિકાસી આત્માનુભવી મહાપુરુષો, આત્માની સાચી ઓળખાણ થઈ છે એમ કહેતા નથી પણ મિથ્યાભિમાન (દેહાધ્યાસી) ને લઇને દેહને જ આત્મા માનવાનુ જણાવે છે વૈષયિક સુખોને પોષવા સપૂર્ણ આરભ વિકાસી વીતરાગ પ્રભુ પાસ પણ

ધન સંપત્તિ માગનારા અથવા તો ધન-સંપત્તિથી દેહની પ્રશંસા દર્શાવવા તથા વધારવા પ્રયાસ કરનારા આત્મા તથા પરમાત્માને ઓળખી શક્યા જ નથી, કારણ કે તેમનામાં દેહાભિમાન રહેલું છે.

આ પ્રમાણે સંસારમાં ચર્મચક્ષુથી જોનારા ઘણા છે એટલે તેમને આત્મ પ્રત્યક્ષ થતું નથી અને તેથી જ તેઓ મિથ્યાભિમાની-દેહાધ્યાસી છે. જ્ઞાનદૃષ્ટિ-સમ્યગ્દૃષ્ટિ વગર આત્મા ઓળખી શકાય નહિં, કારણ કે આત્માને જડસ્વરૂપ ઇંદ્રિયોની જરૂર પડતી નથી. ઇંદ્રિયો રૂપી જડ વસ્તુને ગ્રહણ કરી શકે છે પણ અરૂપી આત્માને ગ્રહણ કરી શકતી નથી, માટે જ ચર્મચક્ષુથી જોનાર આત્માને ઓળખી શકે નહિં, પણ આત્મા પોતે જ પોતાના વિશુદ્ધ જ્ઞાનદ્વારા ઓળખી શકે છે. કદાચ આત્મ પ્રત્યક્ષ કરવા જેટલી જ્ઞાનમાં વિશુદ્ધિ ન થઈ હોય તો આત્મસ્વરૂપ ઓળખવામાં શબ્દાદિ પૌદ્ગલિક વિષયો નિમિત્તભૂત બને છે અને તેથી જ્ઞાનદૃષ્ટિ આત્માને સાચી રીતે ઓળખીને જ્ઞાનદૃષ્ટિને વધુ નિર્મળ બનાવી શકે છે, પણ તેઓ ભેદજ્ઞાન હોવાથી જાણી શકે છે કે આત્મા વિષયાતીત છે. જ્ઞાન વગર કોઈપણ પ્રકારના ઇંદ્રિયોના વિષયોથી આત્મા ગ્રાહ્ય નથી, માટે જ પૌદ્ગલિક વિષયોથી ભિન્ન સ્વરૂપવાળો મારો આત્મા છે અને તેમાં અનંત જ્ઞાનાદિ ગુણો રહેલા છે તે પૌદ્ગલિક દેહાદિમાં નથી, કારણ કે દેહાદિ આત્માથી ભિન્ન ગુણધર્મવાળા છે. આવી જ્ઞાનદૃષ્ટિવાળા આત્માઓ સંસારમાં અત્યંત અલ્પ

પ્રમાણમા છે, ત્યારે જડાસક્ત પુદ્દગલાનંદી જીવો ઘણી મોટી સંખ્યામાં છે, કારણ કે તાત્વિક દષ્ટિથી જોઇએ છીએ તો ધાર્મિક પ્રવૃત્તિઓમા પણ વષયિક આસક્તિનો આદર ઘણો જણાય છે અને તેથી કરીને જ જડસ્વરૂપ કર્મને પ્રધાનતા આપી છે અનાદિ કાળના કર્મની સોબતથી આત્મા અનંતબળી હોવા છતા પણ નિર્બળ બની રહ્યો છે અને જડાત્મક વસ્તુઓ ઉપર જ પોતાના અસ્તિત્વનો આધાર રાખી રહ્યો છે જીવન, સુખ, શાતિ, આનદ આદિ વસ્તુઓ પોતાની પાસે હોવા છતા પણ જડાત્મક વસ્તુઓથી જ પ્રાપ્ત થાય છે, એવી દઢ શ્રદ્ધાવાળા જ્ઞાની પુરુષોએ તેને અપ્રધાન ગણ્યો છે આ પુદ્દગલાનદી જડાસક્તિવાળા જીવોને વસ્તુસ્થિતિ સમજાવીને સન્માર્ગે લાવવાને માટે તેમની જ ઇચ્છાઓને ઉદ્દેશીને પ્રભુ તરફથી સમજણ આપવામાં આવી છે કે તમારુ માનેલુ પૌદ્દગલિક સુખ તમારી ઇચ્છા પ્રમાણે તમને મળ્યુ છે અને બીજા તમારા જેવા જ માનવીઓને નથી મળ્યુ તેમજ બધા જીવો એક સરખા હોવા છતા તમે માનવી બન્યા તેનુ ખાસ કારણ પુન્ય કર્મ છે તમે પોતાની ઇચ્છા પ્રમાણે જે કાંઇ પૌદ્દગલિક સુખના સાધન મેળવ્યા છે, અથવા તો મેળવી રહ્યા છો તેમાં કેવળ તમારો પ્રયાસ કે તમારી બુદ્ધિમત્તા કારણ નથી, પણ મુખ્યપણે તો તેમાં તમારું પ્રારબ્ધ કારણ છે. અર્થાત જન્માંતરમાં અત્યંત આદરપૂર્વક ધર્મની સેવા કરવાથી તમને પુન્ય આપવામાં આવ્યું છે કે જને લઇને તમને ધારણા પ્રમાણે પૌદ્દગલિક સુખનાં સાધન મળ્યા છે. સસાર-

પુદ્ગલાનંદી ઘણા જીવો બુદ્ધિપૂર્વક પ્રયત્ન કરી રહ્યા છે, છતાં તેમને ધારણા પ્રમાણે સુખનાં સાધન મળવાને બદલે દુઃખનાં સાધન મળી રહ્યાં છે અને સુખપ્રાપ્તિ માટે કરવામાં આવતા બધા પ્રયાસો નિષ્ફળ બની રહ્યા છે જેથી કરીને તેઓ આધિ, વ્યાધિ તથા ઉપાધિથી નિરંતર દબાયેલા જ રહે છે, કારણ કે આવા જીવો પાસે પુન્ય નથી, તેમણે જન્માંતરમાં ધર્મનો અનાદર તથા તિરસ્કાર કરીને પાપને પડખે રાખવાથી આ ભવમાં તેઓ ઘણી જાતના દુઃખો ભોગવી રહ્યા છે, જેમણે જન્માંતરમાં અનાદરપૂર્વક વેઠ તરીકે ધર્મની સેવા કરી છે તેમણે આ ભવમાં સુખનાં સાધન તો મેળવ્યા છે પણ તેનો ઉપયોગ કરીને સુખ મેળવી શકતા નથી, કારણ કે તે સાધનોનો ઉપયોગ કરવાને સાધનભૂત ઇંદ્રિયોની જ ખામી છે. અંધાપો, બહેરાપણું, મૂંગાપણું તથા રોગ, શોક આદિ સુખનાં સાધન વાપરવામાં આડા આવે છે. પૌદ્ગલિક સુખનાં સાધન બે પ્રકારના છે: એક તો અંતરંગ અને બીજું બહિરંગ અર્થાત્ એક તો જન્મથી જ સાથે રહેવાવાળા દેહ તથા જીવન આદિ તે અંતરંગ અને જન્મ્યા પછી જીવનના કોઈપણ સમયમાં સંબંધિત થવાવાળા ધન, સંપત્તિ આદિ બહિરંગ સાધન કહેવાય છે આ બન્ને પ્રકારનાં સાધનો નિર્દોષ તથા અનુકૂળ અને ચિરસ્થાયી મળે તો જ પુદ્ગલાનંદી જીવ ધારણા પ્રમાણે પૌદ્ગલિક સુખ ભોગવી શકે છે. બેમાથી એકની પણ ખામી હોય તો સુખ મળી શકતુ નથી. જેમણે બન્ને પ્રકારનાં સુખનાં સાધન નિર્દોષ, અખંડ, અનુકૂળ તથા

ચિરસ્થાયી મેળવ્યા તેમણે જન્માંતરમાં અત્યંત આદરપૂર્વક ધર્મની સેવા જરૂર કરેલી જ છે, જેથી કરીને ધર્મ તરફથી મળેલા પુન્ય બળથી તેમની ધારણા પ્રમાણે સુખ ભોગવી રહ્યા છે, અને જેમણે બહિરંગ તથા અંતરંગ બન્ને પ્રકારના સાધનોમાંથી એક જ પ્રકારનું સુખ મેળવ્યું છે તેમણે જન્માંતરમાં ધર્મની સેવા તો કરી છે, પણ તે અનાદરથી કરેલી હોવાથી છતે સાધને પણ સુખ મેળવી શકતા નથી અને જેમને બન્ને પ્રકારનાં સાધનમાંથી એકે પણ મળ્યું નથી તેઓ ધર્મનો અનાદરથી તિરસ્કાર માત્ર કરેલો હોવાથી શારીરિક, માનસિક તથા આર્થિક ત્રણે પ્રકારની સંપત્તિની કંગાલિયત ભોગવી રહ્યા છે.

આ પ્રમાણે પ્રભુના વચનોનો શ્રદ્ધાપૂર્વક સદ્બુદ્ધિથી વિચાર કરતાં સ્પષ્ટ સમજાય છે કે જેમની પાસે પૌદ્‌ગલિક સુખનાં બંને પ્રકારનાં સાધનો છે, અર્થાત્ શારીરિક, માનસિક, આર્થિક સંપત્તિ છે અને જેઓ એમ માને છે કે અમે સર્વ પ્રકારે સુખી છીએ, ધારણા પ્રમાણે અમને બધું મળ્યે જાય છે, જગતમાં અમારો યશોવાદ પણ સારો છે, ધન, ધાન્ય, પુત્ર, પરિવાર આદિથી અમે સમૃદ્ધ છીએ, સગાં–સંબંધી આદિ અમારું ઘણું માન જાળવે છે અને અમારા કહેવા પ્રમાણે વર્તે છે વગેરે, તો તેમણે જાણવું જોઇએ કે આ બધું ધર્મના પ્રતાપથી જ છે અર્થાત્ ધર્મે તમને બધું આપ્યું છે. તમારી ઈચ્છાઓ પૂર્ણ થવામાં સગવડતા કરી આપનાર ધર્મ છે, માટે સંસારમાં ધર્મ

તમારા પરમ ઉપકારી છે, જે કાંઈ તમારી પાસે છે તે બધું ધર્મનું જ આપેલું છે માનવ અવતારથી લઈને, શારીરિક, આર્થિક સંપત્તિ અને ઠેઠ સાચું સુખ મેળવવાના સાચા સાધનો સુધીનું જે કાંઈ તમારી પાસે છે તે તમારા પ્રયાસનું કે બુદ્ધિ તથા ડહાપણનું ફળ નથી, પણ ધર્મની પરમ કૃપાનું ફળ છે તો પછી તમારે ધર્મને તમારું સર્વસ્વ અર્પણ કરવું જ જોઈએ ધર્મને નામે તન, ધનની અશક્તિ ન બતાવવી જોઈએ. ધર્મને નામે જીવન અર્પણ કરવું પડે તો અત્યંત ઉત્સાહપૂર્વક ધર્મનાં ચરણોમાં મૂકી દેવું જોઈએ. વાસુદેવ, બલદેવ, ચક્રવર્તી આદિ પુરુષો ધર્મના ચરણમાં જીવન અર્પણ કરીને કૃતજ્ઞ બનવાથી અનંતચતુષ્ટયના સ્વામી થઈને શાશ્વત સુખના ભોગી બન્યા છે, તેમ તમે પણ તમારું સર્વસ્વ ધર્મને અર્પણ કરીને કૃતજ્ઞતા બતાવી શાશ્વત સુખના ભોગી બનશો?



જીવતાં શીખો

૮૫

જીવવુ બધાને ગમે છે પણ જીવતા શીખવુ કે[illegible] કને જ ગમે છે દેખાદેખીથી જીવનાર દુનિયામા ઘણુ છે પણ સમજીને જીવનાર તો વિરલા જ છે માનવી [illegible] પસદ કરતા નથી પણ જીવવુ પસદ કેમ કરે છે? [illegible] તાત્વિક દ્રષ્ટિથી તપાસીએ તો જીવને અનાદિ [illegible] મમતા વળગેલી હોય છે પોતાની ભિન્ન વસ્તુઓની [illegible] તો માનવી કોઇક સ્વાર્થના અગે છોડી [illegible] છે પણ શરીરની મમતા છોડવી તે ઘણુ જ [illegible] છે એટલે જીવની સાથે દેહનો સયોગ [illegible] અને મરણ એટલે જીવથી દેહનો વિયોગ થવો [illegible] જ માનવીને દેહનો સયોગ ગમે છે, વિયોગ [illegible] નથી માનવીને ધન, સપત્તિ આદિ વસ્તુઓ તો [illegible] અનિયમિત કાળે મળે છે અને નથી પણ મળતી, [illegible] દેહ તો જન્મથી જ સાથે હોય છે એટલે જ બીજી વસ્તુઓ [illegible] દેહ ઉપર મમતા ઘણી હોય છે દેહનો વિયોગ ન થવા દેવાને માટે બીજી બધી વસ્તુઓની [illegible] છોડી દઈને તેને જતી કરે છે રસ્તામા કે [illegible] ધન, સપત્તિ હરણ કરવા આવનાર માણસને ધન, સપત્તિ [illegible] દઈને પોતાના [illegible]

૧૨ આ પ્રમાણે જીવનસંપત્તિને અમૂલ્ય માની
ગ્રહણ કરનાર માનવીને પૂછવામાં આવે કે-તમને
જીવવું સૌથી વધારે કેમ ગમે છે? તમે શા માટે જીવો
છો? તો તે મરણને દુ ખની સીમા બનાવીને બધા સુખોનું
મૂળ જીવન બતાવે છે જો કે માનવી મરવાના દુ ખોથી
અજાણ્યું છે પોતે મોતના દુ ખનો અનુભવ કરીને આવ્યો
છે છતાં અત્યાર તે બધું વિસરી ગયો છે, કારણ કે પોતે
જે દેહમાં મોતનું દુ ખ અનુભવ્યું છે તે અત્યારે વિદ્યમાન
નથી જે દેહમાં પોતે મર્યો હતો તે દેહ જો અત્યારે
વિદ્યમાન હોત તો મરવાના દુ ખનું સાચી રીતે વર્ણન કરી
શકત પણ તે દેહ તો છૂટી ગયો છે, અત્યારનો દેહ
પૂર્વજન્મોના દેહો કરતાં તદ્દન નવો છે એટલે તે જેમ
વિદ્યમાન દેહમાં પ્રાણાન્ત કષ્ટવાળી માંદગી ભોગવીને
સાજો થયા પછી રોગગ્રસ્ત અવસ્થામાં અનુભવેલા દુ ખને
વર્ણવી શકે છે તેમ વર્તમાન દેહમાં અનુભવશૂન્ય મોતના
દુ ખનું વર્ણન કરી શકતો નથી, તો પણ સૌ કરતાં મરવામાં
વધારે દુ ખ માનીને જીવવું પસંદ કરે છે તેનું ખાસ કારણ
જો સૂક્ષ્મ બુદ્ધિથી વિચારીએ તો મરવાના દુ ખથી બીને
માનવીને જીવવું ગમે છે એમ નથી, પણ અનાદિની ભોગ
તૃષ્ણાના સંસ્કારોને લઈને માનવીને દેહ છોડવો ગમતો
નથી વૈષયિક વાસનાઓ પોષવાને માટે જ માનવી જીવે છે
અને તે તેમના આચારવિચાર તથા ઉચ્ચાર ઉપરથી સ્પષ્ટ
જણાય છે માનવી માંદો પડે છે ત્યારે ડૉક્ટરોને તથા
વૈદ્યોને બહુમાનપૂર્વક નિમંત્રણ આપે છે અને વહાલામાં

વહાલી ધન–સ'પત્તિ તેમનાં ચરણે ધરીને તેમની આજ્ઞા અખંડ પાળે છે, તેનું ખાસ કારણ તો ભોગતૃષ્ણા બુઝવવા જીવવાની લાલસા હોય છે તાત્પર્ય કે માંદો માનવી ભોગથી વંચિત રહેવાના ભયથી ધનને તુચ્છ ગણીને ડૉકટરોનો આશ્રય લે છે જો કોઇ નિષ્ણાત વૈદ્ય તેને તપાસીને કહી દે કે ભય જેવું નથી, સાજા થઈ જશો તો પછી તે સાધારણ દવાનો ઉપચાર કરે છે પણ ડૉકટરોની પરવા રાખતો નથી અને ભોગના સાધનભૂત ધનને વેરી નાંખતો નથી. આ પ્રમાણે ધન–સંપત્તિવાળો માનવી પોતે મેળવેલા વૈષયિક સુખના સાધનો વાપરીને પોતાની વૈષયિક વાસના પોષવાને માટે જ જીવે છે જેની પાસે ધન–સંપત્તિ નથી તેવો વિષયપોષક સાધનના અભાવવાળો માનવી આજ નહિં તો કાલે ધન–સંપત્તિ મેળવીને વૈષયિક સુખના સાધન મેળવીશ એવી આશાથી મરવું પસંદ કરતો નથી. જો જીવવાનું ખાસ કારણ મૃત્યુની અસહ્ય વેદના જ હોય તો પછી કેટલાક માનવીઓ એમ કહેતા સંભળાય છે કે આવી દશા ભોગવવા કરતા તો મરી જવું સારું છે આવી રીતે કહી સંભળાવનારા જ નહિં પણ આપઘાત કરીને ખુશીથી મૃત્યુને ભેટનારાઓ પણ દૃષ્ટિગોચર થાય છે તે ન હોવું જોઇએ, માટે જો મોતના દુઃખથી બીતા હોય તો પછી ગમે તેવી દશામાં મોતને સંભારે પણ નહિં, પરંતુ આર્થિક સંપત્તિથી ઘસાઇ ગયેલા કે વંચિત રહેલા તથા ધનસમૃદ્ધ શ્રીમંતોની વૈષયિક સુખોની લીલા જોઇને પોતાને કંગાલ, દરિદ્રી તથા દુઃખી માનનારા મોતને સંભારે છે. અને કેટલાક તો ધન–

... ના ઐહિક સુખનાં સાધન મેળવતા રહેવા છતાં
(૧) વ્યવહાર તથા કુટુંબીઓનાં મનને આધીન રહીને
જ સુખ મળવાનું છે તે પણ આ રીતે ઘણું પસંદ
કરનાર હોય ત્યારે અમને અલ્પ જ પ્રમાણમાં હોય છે
માનવી ગમે તેવી દશામાં પોતાના ભાગ્યને પણ પસંદ
કરતો નથી અને 'બીજી સુખી છીએ દેખાઈએ' એમ કહેનાર
માનવીઓની પ્રવૃત્તિઓનું અનુકરણ કરીને પોતે પણ
તેવું સુખી જીવન બનાવવા પ્રયાસ કરે છે.

અજ્ઞાની જનતાએ માની લીધેલું સુખ તથા તેને મેળ-
વવાની પદ્ધતિને પ્રાયઃ ઘણા અનુસરી રહ્યા છે પણ તેની
સત્યતાની ખાતરી કરવા કોઈક જ ધ્યાન આપે છે. કોઈ
પણ માનવીને પૂછવામાં આવે તો તે પોતાની બધી એવી
પ્રવૃત્તિને સુખી થવા માટે જ બતાવે છે અને જીવનનો હેતુ
પણ સુખ ભોગવવાનું જ બતાવે છે, પણ તે સુખે જીવે છે
કે દુઃખે જીવે છે અને તેની પ્રવૃત્તિનું ફળ સુખ છે કે દુઃખ
છે તે તો સાચી સમજણવાળા જ જાણી શકે છે. બાકી
દેખાદેખીથી પ્રવૃત્તિ કરનાર અને અવળી સમજણનો સુખી
જીવન માનનાર સાચું સમજી શકતા નથી અને તેથી સમ-
જાવી શકતા નથી. કોઈ માણસ પાસે કરોડની સંપત્તિ હોય
અને તે સંપત્તિથી બાગ-બંગલા આદિ મોજશોખનાં સાધન
વસાવ્યા હોય અને પોતાને ખરો જ સુખી માનતો હોય
તેને કહેવામાં આવે કે તમારું સુખ તો જગ દેખાતું, તો
તે બાગ, બંગલા આદિ જડાત્મક વસ્તુઓના સ્વામીપણા

સિવાય બીજું કાંઈ પણ બતાવી શકતો નથી અર્થાત્ પોતાની જડાત્મક ઋદ્ધિનું વર્ણન કરીને કહેશે કે–મારી પાસે આ બધી વસ્તુઓ છે તેથી હું સુખી છું. બાકી અણજાણ જોનાર માણસ ફક્ત માણસને જોવા માત્રથી જ આ સુખી છે કે કેમ તે જાણી શકતો નથી; કારણ કે કહેવાતો શ્રીમંત તથા ગરીબ બંને જણા રસ્તામાં ચાલ્યા જતા હોય તો ખાસ કોઈ ચિહ્ન એવું હોતું નથી કે જેને લઈને તેમનાથી અણજાણ માણસ તેમને જોઈને શ્રીમંતાઈ તથા ગરીબાઈ અને તેના અંગે સુખી, દુઃખીનો ભેદ પાડી શકે. મોઢાની પ્રસન્નતા, શરીરની સુંદરતા તથા પુષ્ટતા અથવા સુંદર વસ્ત્રો તથા ઘરેણાની વિદ્યમાનતા તો ગરીબ હોય કે શ્રીમંત હોય બન્નેમાં જોવામાં આવે છે અને મોટે ભાગે તો શરીરમાં બળ, સુંદરતા, લાવણ્ય, આરોગ્ય તથા પુષ્ટતા જે કાંઈ ગરીબમાં જોવામાં આવે છે તે શ્રીમંતોમાં જણાતી નથી; કારણ કે પ્રાયઃ શ્રીમંતોનો આહાર વિહાર અનિયમિત હોય છે તેમજ વ્યવહાર પણ અનીતિમય હોય છે તેથી તેમનું સ્વાસ્થ્ય પણ બગડેલું રહે છે એટલે તેમને દવાના આશ્રયે જીવવું પડે છે, જેને લઈને તેમના શરીરની સુંદરતા તથા બળ ક્ષય થઈ ગયેલાં હોય છે, માટે કહેવાતો શ્રીમંત સુખને દેખાડી શકતો નથી, પણ અજ્ઞાની જનતામાં જે માણસની પાસે સારા પ્રમાણમાં ધન–સંપત્તિ હોય અને પૌદ્‌ગલિક સુખનાં સાધન હોય–ભલે પછી તે રોગોથી પીડાતો હોય કે માનસિક દુઃખથી દબાયેલો હોય તો પણ તેને સુખી માનવાની અને બહુ-

મન નવાની પદ્ધતિ પણ થઈ ગઈ છે. અને તેથી કરીને જ પોતાને સુખી માની મિથ્યાભિમાનથી ફુલાઈ જાય છે અને ધન-સંપત્તિ વગરનાને કંગાળ માની મનથી તેનો તિરસ્કાર કરે છે. કહેવાતા શ્રીમંતનું બધું સુખ બાગ-બગીચા, મોટર આદિ પૌદ્ગલિક વસ્તુઓને આધીન છે પરંતુ જરા પણ સ્વાધીન નથી. એટલે માણસ પણ આ બધી વસ્તુ લેઈને તેના સ્વામીપણાના આશયથી જ તેને શ્રીમંત તથા સુખી કહે છે. જો આ બધી વસ્તુઓ તેની પાસે ન હોય તો તેને શ્રીમંત કોઈ પણ કહેતું નથી, માટે જ માણસને આધીન શ્રીમંતાઈ કે સુખ નથી પણ ધન-સંપત્તિ આદિ જડાત્મક વસ્તુઓને આધીન હોવાથી એક કટાક્ષ પડેલા જે શ્રીમંત અને સુખી કહેવાતો હતો તે જ ધન-સંપત્તિ આદિ નાશ પામવાથી ગરીબ તથા પરમ દુઃખી કહેવાય છે. ધન-સંપત્તિને લીધે પોતાને સુખી માનવા વાળો શ્રીમંત નિશ્ચિંત બની શાંતિ કેમ ભોગવતો નથી. ? તેની પાસે બધું હોવા છતાં પણ કયા સુખની ખામી રહી ગઈ છે કે જે માટે તે દોડ, તડકો વેઠે છે અને ચિંતાવાળા વ્યાપારોમાં માથું મારે છે, સુખમય જીવન કેમ ગાળતો નથી ?

વસ્તુસ્થિતિ એવી છે કે શ્રીમંત માનવીને તૃષ્ણા તથા ભય બન્ને રહેલા હોવાથી તે ભલે પોતાને સુખી કહી દેખાડે; પણ ખરું જોતાં તો તે પરમ દુઃખી છે, કારણ કે માનવીની પાસે જ્યાં સુધી મનોવૃત્તિ મલિન તથા વિકળ બનાવનાર ધન નથી હોતું ત્યાં સુધી તો તેને કુટુંબપોષણ

અને જીવનનિર્વાહ જેટલાં જ ધનની જરૂર હોય છે એટલે તેને તેટલું મળી જાય તો તે સુખે જીવે છે, તેને લાખો મેળવવાની લાલસા કનડતી નથી, પણ જેની પાસે લાખોની સંપત્તિ થઈ ગઈ હોય છે તે પોતાને એમ માની લે છે કે હું જન્મથી જ લાખપતિ છું પણ બે, ચાર વરસમાં જ હું લાખપતિ થયો છું એવો તેને ભાસ જ થતો નથી અને તેથી કરીને તે લાખપતિથી કરોડપતિ બનવાની તૃષ્ણાનો દાસ બનવાનો અને તેથી તે તૃષ્ણા તેના મનની શાંતિનો નાશ કરવાની જ અને મેળવેલું ધન નાશ થવાનો ભય તેના સુખનો પણ નાશ કરવાનો જ એટલે કે ધન ઓછું થવાના ભયથી નિરંતર તેના મનમાં અસુખ રહે છે અને તેથી પોતાની પાસેનું ધન વ્યાપારથી કે બીજા કોઈ કારણથી ઓછું થઈ જાય તો તેને અત્યંત દુ:ખ થાય છે ધન ઓછું ન થાય એટલા માટે તો તે પુન્ય ઉપાર્જન કરવા ધર્મ-કાર્યમાં કે સુખે જીવવાને જોઈતા સાધનો મેળવવામા તેને વાપરતો નથી અને કંજુસાઈથી દુ:ખે જીવે છે જો કે પોતે વિચાર કરે તો જન્મથી જ તેની પાસે ધન–સંપત્તિ ન હતી પણ બે, પાંચ વરસમાં જ તેને મળેલી છે, તે જો કદાચ જતી રહેશે તો તેનું કાંઈ પણ ઓછું થવાનું નથી; કારણ કે તે બહારથી જેવી આવી તેવી પાછી બહાર નીકળી જાય છે માટે તેમાં કાંઈ દુ:ખ મનાવવાની જરૂર નથી જો જન્મતાં જ લાખોની સંપત્તિ મળી હોય અને તે પાછળથી કદાચ જતી રહે તો માનવીને ચિરપરિચિત લક્ષ્મી માટે કાંઈક દુ:ખ થાય ખરું, પણ જે વસ્તુ પાસે

હતી જ નહિં ત જો કદાચ પરોણા તરીકે થોડા દિવસ અથવા તો મહિના કે વરસ રહીને જાય તો તેથી કાંઈ પણ તેનુ જતુ ન હોવાથી તેને દુ ખ મનાવવાની કાંઈ પણ જરૂર નથી માનવીને બીજી રીતે પણ ધનનાશથી દુ ખ થાય છે જ્યારે માનવીને વ્યાપારમા અણુચિતવ્યો લાભ મળવાથી સાધારણ સ્થિતિમાથી લાખપતિ બની જાય છે ત્યારે તેને ઉન્માદ આવી જાય છે અને તેથી પોતાની સ્થિતિ બહુ જ જલદી બદલી નાખે છે એટલે કે તે બાગ, બગલા, મોટર આદિ વસાવીને પ્રથમની સ્થિતિ ભૂલી જઈને પોતાને બહુ જ સુખી માની લે છે અને મિથ્યા ભિમાનના આવેશથી પહેલાની પોતાની જેવી જ સ્થિતિવાળા માણસોને તુચ્છ ગણે છે અને પોતે મેળવેલી ધન-સપત્તિ સદાને માટે સ્થિર રહેવાની શ્રદ્ધાથી છૂટથી વાપરે છે, કારણ કે પૂર્વે ઉપાર્જન કરેલા પુન્યના બળથી વ્યાપારમા ધાર્યા કરતા અધિકતર લાભ મળતો જ રહે છે એટલે નિર્ભયપણે વ્યાપારનુ ક્ષેત્ર પણ વધારે છે, પણ જ્યારે પુન્યબળ કાચુ પડી જવાથી વ્યાપારમા અણધાર્યું નુકસાન આવે છે ત્યારે તેને પૂરવા જેમ જેમ પ્રયત્ન કરે છે તેમ તેમ લક્ષ્મીનો નાશ થતો જાય છે છેવટે જીવનનિર્વાહ પૂરતુ તેની પાસે ધન રહેવા છતા પણ ભૂતકાળમા ભોગવેલા સુખો પોતાને સાભરવાથી ઘણુ જ દુ ખ થાય છે માનવ પ્રકૃતિનો એક એવો પણ નિયમ છે કે-માનવી પુષ્કળ દુ ખ વેઠીને સારી રીતે સુખી થયો હોય તો તે દુ ખ તેને સાભરતુ નથી, પણ સુખ ભોગવીને જ્યારે દુ ખી

અવસ્થા ભોગવવાનો સમય આવે છે ત્યારે ભોગવેલુ સુખ વારવાર સાભરવાથી ધનનાશ તથા સુખ-સ્મૃતિથી બેવડો દુખી થાય છે આ પ્રમાણે શ્રીમતાઇમા સુખી જીવન માનનારને ધન વધારવાની તૃષ્ણા તથા ધનનાશનો ભય હોવાથી સુખ-શાતિ હોતી નથી છતા ઉપરનો ડોળ કરીને અમે સુખે જીવીએ છીએ એમ બીજાને બતાવવા પ્રયાસ કરે છે, પણ પરિણામે તો તેમનુ આતર જીવન બહાર આવ્યા વગર રહેતુ નથી

જન્મથી શ્રીમત હોય કે પાછળથી શ્રીમત થયે હોય તો પણ તે એટલુ તો જાણે છે, જુએ છે અને અનુભવે પણ છે કે જે ધન-સપત્તિથી હુ સુખી કહેવાઉ છુ, શ્રીમત જણાઉ છુ તે અસ્થિર છે-ચચળ છે, આજ છે અને કાલે નથી છતા તે મળેલી લક્ષ્મીને જાળવી રાખી વધારવાને માટે મેળવેલા સુખના સાધનોનો નિશ્ચિતપણે ઉપભોગ કરી શકતો નથી, પણ મારી પાસે પુષ્કળ સપત્તિ છે એમ સમજીને સતોષ માને છે જો મૂર્ખમા મૂર્ખ માણસ પણ ધ્યાન આપે તો તે સારી રીતે જાણી શકે છે કે લક્ષ્મી અસ્થિર છે, તેનુ વહેણ ચાલુ જ રહે છે [illegible] લક્ષ્મીનો પ્રવાહ આવે છે તે બીજી દિશામા વહેતો રહે છે, પણ એક જ સ્થળે સ્થિર રહીને સચય થતો નથી અને તે આવક તથા ખરચથી જાણી શકાય છે થોડી આવકવાળાને થોડુ ખરચ અને ઘણી આવકવાળાને ઘણુ ખરચ હોય છે ખરચદ્વારા લક્ષ્મી પોતાનો રસ્તો કરે છે જેઓ કજુસાઇ કરીને આવકના પ્રમાણમા ખરચ રાખતા નથી અને ધર્મના

કામમા ધન વાપરવું તે નાંખી દેવા જેવું માનતા હોય, ધગ્ના માણુસોને પોષવામાં પરોપકાર સમજતા હોય તથા ખાવા-પીવામાં કે પહેરવા-ઓઢવામાં ઘણું જ કષ્ટ વેઠતા હોય અને માનતા હોય કે લક્ષ્મી પોતાનો અસ્થિર સ્વભાવ બદલશે પણ તેમનો આ વિચાર તેમની ટૂંકી બુદ્ધિનું સૂચન કરે છે, કારણુ કે લક્ષ્મીનો અસ્થિર સ્વભાવ બદલાવવાને સંસારમા માણુસોએ આવી રીતે અનેક અખતરાઓ કરી જોયા છે, પણ કરિયાતું જો પોતાનો કડવો સ્વભાવ છોડીને મીઠું થાય તો જ લક્ષ્મી પોતાનો અસ્થિર સ્વભાવ છોડીને સ્થિર થઇ શકે. લક્ષ્મીને તીજોરીમાં પૂરી રાખો કે વાપરવાને ગમે તેટલી કંજુસાઇ કરો પણ નિર્માણુ થયેલા સંબંધનો સમય પૂરો થતાં જ ચાલી જાય છે અને તે વેપારમાં ખોટ જવી, બિમારી આવવી, લડાઇ થવી, ઘરમાં આગ લાગવી, જલપ્રલય થવો ઇત્યાદિ નિમિત્તોદ્વારા બહુ જલદીથી નાશ પામી જાય છે કે જેનો ખ્યાલ માનવીને સ્વપ્નમાં પણ હોતો નથી; છતાં માણુસોને પોતે સુખી છે, શ્રીમંત છે એમ કહેવડાવવાને માટે ધનની તૃષ્ણા વધારે હોય છે અને તેથી તે અજ્ઞાની માણુસો દેખાદેખી, અધર્મ તથા અનીતિ આદરીને મેળવેલા ધનથી પૌદ્ગલિક સુખનાં સાધનો બનાવે છે. તેને જોઇને અજ્ઞાની જનતા તેમને વખાણે છે અને કહે છે કે-તમે શ્રીમંત છો-સુખી છો. આ પ્રમાણે સાંભળીને તેઓ પોતાને સુખી માને છે અને રાજી થાય છે. પણ તાત્ત્વિક દૃષ્ટિથી જોતાં તો તે સુખી જ નથી એટલે આવી રીતે માનવજીવન જીવનારાઓ સાચું જીવી જાણતાં જ નથી.

માનવીને જીવન તથા ધન એ વસ્તુઓ મળે છે ધન માટે મળવાનો નિયમ નથી, મળે પણ છે અને કેટલાકને નથી પણ મળતુ, પરતુ જીવન તો બધા માનવીને મળે છે, પરતુ બન્ને વસ્તુઓનો ઉપયોગ કરવાને બુદ્ધિ તથા ડહાપણ જ્યા સુધી ન મળે ત્યા સુધી બન્ને નકામા છે જેઓ જીવના તથા ધન વાપરતા શીખ્યા છે તેઓ જ સાચી રીતે જીવી જાણે છે અને સાચા શ્રીમત કહેવાય છે બાકી તો મૂર્ખાઈભરેલા જીવનમા જે ધન મળ્યુ હોય તો તે તેનો દુરુપયોગ કરીને સ્વ-પરતુ અકલ્યાણ જ કરે છે જેમના જીવન બીજા જીવોને ત્રાસ, ભય તથા પ્રાણાત કષ્ટ આપનારા હોય છે તેઓ સાચુ માનવજીવન જીવતા નથી, પણ હિંસક પશુઓનુ જીવન જીવે છે તેવી જ રીતે મૂર્ખ શ્રીમંતો પણ સ્વ-પરના શત્રુ હોય છે, કારણ કે જે કૃત્યોથી પોતાનો આત્મા હલકી ગતિઓમા અનેક પ્રકારના શરીરો ધારણ કરે છે, જન્મ, જરા મરણ રોગ, શોક આદિની અસહ્ય વેદના ભોગવતો આવ્યો છે, તેમાથી તેને છોડાવવાને માટે સત્કૃત્યો ન કરતા પાચે ઇદ્રિયોના વિષય પોષવાને માટે ધનદ્વારા અનેક જીવોનો સહાર થાય તેવી પ્રવૃત્તિ આદરે છે, કારણ કે એક ઇદ્રિયથી લઈને પાચ ઈંદ્રિય સુધીના સૂક્ષ્મ તથા સ્થલ જીવોનો સહાર કર્યા વગર પાચે ઇદ્રિયોના વિષયપોષક વસ્તુઓ બની શકતી નથી માની ખોટા બનાવટી સુખ માટે 'જેમ મને જીવવુ ગમે છે તેમ જીવમાત્રને જીવવુ ગમે છે' એ અનાદિસિદ્ધ નિયમને ભૂલી જાય છે અને બીજા જીવોના પ્રાણ બચાવ વાની પરવા કર્યા વગર અજ્ઞાની જીવોએ માની લીધેલા

આનંદ તથા સમૃદ્ધિ અને બનાવટી સુખ ભોગવવું હોય છે તેના કરતા અનંતગણું અલૌકિક દુઃખ ભોગવવાને આવી બનોમાં અધમ ગતિઓના અતિથિ બને છે. મૂર્ખ શ્રીમંતો પરનું અકલ્યાણ કરવામાં આવી રીતે પણ કારણ બને છે કે પોતે મેળવેલી સંપત્તિનો સદુપયોગ ન કરતાં એટલે કે આત્મશ્રેય માટે ધાર્મિક કાર્યમાં અથવા તો જીવનનિર્વાહનાં સાધનના અભાવે દુઃખ ભોગવતા જીવોને સાધનસંપન્ન બનાવવામાં ન વાપરતા અનેક ક્ષુદ્ર જીવોનાં પ્રાણનો નાશ કરીને બાગ-બંગલા આદિ વસ્તુઓ જનતાને ગમે તેવી તૈયાર કરે છે, જેને જોઈને જડાસક્ત-અજ્ઞાની જીવો તેનાં વખાણ કરે છે, તેથી તેઓ પાપના ભાગી બને છે, કારણ કે અનેક જીવોના નાશથી ઉત્પન્ન થયેલી બાગ-બંગલા આદિ વસ્તુઓને વખાણી તેની બનાવટનું અનુમોદન કરવાથી તે વસ્તુ વગર ભોગવે પણ તેઓને પાપનો હિસ્સો મળે છે. જેમકે નિરાશંસી ધાર્મિક કાર્યોને વખાણી ધર્મી પુરુષોનું અનુમોદન કરવાથી પુન્યબંધ થાય છે, તેમજ સારંભી પાપથી પેદા થયેલી વસ્તુને વખાણી અનુમોદન કરવાથી પાપ પણ બંધાય છે. અને શ્રીમંતું કરેવાના બાગ-બંગલાવાળા શ્રીમંતોની અજ્ઞાની જનતામાં માન મોટાઇ તથા આદર સત્કાર જોઇને સાધારણ સ્થિતિવાળા માણસો પણ ધન-સંપત્તિ મેળવીને માન-મોટાઇ મેળવવા અને હું પણ શ્રીમંત અને સુખી છું એવું જડાસક્ત જીવોને દેખાડવા અસત્ય, માયા તથા અનીતિ આદરીને પણ ધન મેળવે છે અને પૌદ્ગલિક સુખનાં સાધન મેળવી પોતાને કૃતકૃત્ય માને છે અને જો પુન્યની ખામીથી ધન-સંપત્તિ ન મળવાથી જનતા ખુશી થઇને પ્રશંસા કરે

તેવું કાઇ પણ બનાવી શકે નહિં તો પોતાની પાસે જીવન-નિર્વાહનું સાધન હોવા છતા પણ શ્રીમ તોના બાગ, બંગલા, મોટર આદિ જોઇને અદેખાઇ કરે છે, મનમાં બળે છે અને દુઃખે જીવીને દુર્ગતિમાં ચાલ્યા જાય છે. આ બધાનું મૂળ કારણ તો મૂર્ખ શ્રીમતોની પ્રવૃત્તિ બને છે અને તેથી જ તેઓ પરતુ અકલ્યાણ કરવાવાળા હોય છે

સંસારમાં સુખે જીવીને સદ્દગતિ મેળવવાની ઇચ્છાવાળા સમજુ માણસોએ અજ્ઞાની તથા જડાસક્ત શ્રીમતોનુ જીવન જીવવાની ઇચ્છા રાખવી ન જોઇએ, પણ જ્ઞાની મહાપુરુષોના જીવનનો અભ્યાસ કરીને પોતાના જીવનને તેમના જીવવાના માર્ગે વાળવું જોઇએ; તો જ સાચી રીતે સુખથી જીવી શકાય છે, કારણ કે મહાપુરુષોએ જ સાચી રીતે જીવી જાણ્યું છે તેથી તેમનું જીવન જીવનારા:આત્માઓ પરમપદ મેળવીને શાશ્વત સુખના ભોગી બન્યા છે. દુઃખોનો નાશ કરવા જીવનાર જ સુખે સાચું જીવે છે, પણ સુખ ભોગવવાની ઇચ્છાથી જીવનાર સુખે જીવી શકતો જ નથી, માટે જ જેઓ પોતાને એમ માને છે કે અમે પરમ સુખ ભોગવીએ છીએ તે જ સંસારમા પરમ દુઃખી છે વિભાવ દશામાં વિકૃત થયેલો આત્મા જ પોતાને સુખી માનવા-મનાવવા પ્રયાસ કરે છે. જે સ્વભાવ દશા-વાળા આત્મા છે તેમને સુખી માનવા-મનાવવાનો સંકલ્પ સરખો હોતો નથી; કારણ કે તેઓ પોતે સુખસ્વરૂપ છે, તેથી તેમા અસુખનો અંશ સરખો હોતો નથી. જીવન તથા સુખમાં કાંઈ પણ અતર નથી. જે જીવન છે તે સુખ છે અને જે સુખ છે તે જ જીવન છે. બન્નેમાં ફક્ત નામનું

[illegible] છે જીવન તથા સુખ બન્ને આત્મધર્મ છે અને જેની કલ્પના કરવામાં આવે છે અથવા સંકલ્પ કરવામાં આવે છે તે દુઃખ છે પણ સુખ નથી અને તથી તે કોઈ પણ વસ્તુનો ધર્મ નથી પણ આત્મપરિછિન્ન દેહની સાથે પૌદગલિક દ્રવ્યોના સંયોગથી ઉત્પન્ન થયેલી અજ્ઞાની જીવની કલ્પના માત્ર છે કે જેને જડાસક્ત જીવો સુખ કહે છે. જ્યારે દેહ પૌદગલિક દ્રવ્યોના સંયોગનો વિયોગ થાય છે ત્યારે દુઃખની કલ્પના કરવામાં આવે છે, માટે કાલ્પનિક સુખ તથા દુઃખ તાત્ત્વિક નથી આ બન્ને સુખ તથા દુઃખ દ્રવ્ય નથી તેમજ ગુણ પણ નથી, પરંતુ દ્રવ્યોનો સંયોગ; વિયોગ માત્ર છે, તેને અનાદિ કાળથી તીવ્ર રાગ, દ્વેષ તથા મોહને આધીન થયેલો આત્મા સુખ, દુઃખ તરીકે માને છે અને મોહે મનાવેલા અનુકૂળ સંયોગો મળવાથી પોતાને સુખે જીવવાનું માને છે અજ્ઞાનીઓએ માનેલું સારું જીવનાર તો ઘણા છે, પણ જ્ઞાનીઓએ માનેલું સાચું જીવનાર તો ઘણું શોધવા છતાં પણ મળતા નથી કષાય, વિષયની ઉપશાંતતા વગર અને અનાસક્તિ પ્રગટ્યા વગર તો કોઈ પણ-'હું સાચું કહું છું' એમ કહેવાનો પણ અધિકારી નથી, કારણ કે જીવોને જીવાડવાની ભાવના વગર જીવન સાચું બની શકતું નથી અને કષાય, વિષય તથા આસક્તિભાવ જીવોને જીવાડવાના વિરોધી છે જીવોનું પ્રાણધન લૂટ્યા વગર વિષયાસક્તિમાં સંતોષ મળી શકે નહિં કષાય, વિષય તથા આસક્તિમાં તરબોળ થયેલા જીવનવાળાનો દાહજ્વર અનેક જીવોના જીવનના ભોગે પણ શમતો જ નથી.

અહિંયા કાંઈપણ ન કરી શકો અથવા તો ન મેળવી શકો તો કાંઈ ચિંતા નહિં પણ અણજાણ તો રહેશો જ નહિં સાચું અને સારું જાણીને જ જશો, કારણ કે સાચુ જાણેલું હશે તો સંસારની શેરીયોમા ભૂલા પડશો નહિં અને સમય આવ્યે સાચી સિદ્ધિ મેળવી શકશો.

સર્વથા અણજાણ અને અકર્મણ્યને જણાવવા સ્વ–પરની યોગ્યતાના પ્રમાણમા કાંઇક બોલવું અને લખવું તે તો કાંઇક ઠીક કહેવાય, પણ જાણુ અને કર્ત્તવ્યપરાયણની સ્ખલનાને ઉદ્દેશીને બોલવામાં અને લખવામાં દુનિયાને ડહાપણ બતાવવું તે એક પ્રકારની મૂર્ખાઇ છે, કારણ કે કર્ત્તવ્યપરાયણ બધું જાણે જ છે અને તેને કાર્યસિદ્ધિમા અનેક પ્રકારના વિઘ્નો આવીને સ્ખલના પહોંચાડે છે તેમજ અનેક મુશ્કેલીઓનો સામનો પણ કરવો પડે છે; પણ કર્ત્તવ્યહીન લખનાર કે બોલનારને તો માત્ર જીભ હલાવવી કે કાગળ કાળા કરવા તે સિવાય કાંઇપણ વિઘ્ન કે મુશ્કેલી જેવું હોતું નથી; માટે જ આવા કર્ત્તવ્યહીન જીવો કર્ત્તવ્યપરાયણની જનતાના મોઢેથી પ્રશંસા સાંભળીને ઈર્ષ્યાથી તેમની સ્ખલના અને દોષોને દુનિયા આગળ ઉઘાડા કરીને મોટાઈ તથા જાણપણાનું માન મેળવવાની

રાખતા હોય તો તેઓની અજ્ઞાનતા જ છે.

આત્મબળ મેળવ્યા સિવાય બુદ્ધિમત્તાની ખ્યાતિ માટે જનતામા ડહાપણ ડોળનાર ડાહી જનતામાં તો હાંસીનું પાત્ર જ બને છે.

વિદ્વેષ, વિરોધ, ઈર્ષ્યા તથા અણુગમાના આશ્રયમાં રહીને બીજાને જનતામા હલકો બતાવી તેની નિંદા સાભળવાના આશયથી બોલનાર કે લખનાર અધમ કોટીનું પાત્ર હોય છે. તેના બોલવાની કે લખવાની સજ્જન પુરુષોને કાંઇપણ અસર થતી નથી અને પોતે જ તેમના તરફથી તિરસ્કારની લાગણીનો લાભ મેળવે છે.

જો આત્મકલ્યાણ મેળવવાની ઇચ્છા રાખતા હો તો તેની સાચી રીતે સમજીને તે જ રસ્તે ચાલવા માંડજો, પણ અનાદિ કાળથી સમજી રાખેલા અકલ્યાણના માર્ગે તો જશો જ નહિ.

જેઓ એમ કહે છે કે અમારે તો કોઇની પણ સાથે વૈર–વિરોધ નથી તો પછી તેમને કોઇના ઉપર રાગ પણ ન હોવો જોઇએ અને જો તેમનામા રાગ છે તો પછી વૈર–વિરોધની ના પાડે છે તે જૂઠું બોલે છે, કારણ કે જ્યાં રાગ હોય છે ત્યાં દ્વેષ અવશ્ય હોય જ છે અને એટલા માટે જ રાગક્ષય થયા સિવાય વીતરાગ બની શકાતું નથી

બીજાનું હિત કરવાની ઇચ્છા થાય તો ભલે કરો. ઉત્તમ કાર્ય છે પણ સ્વાર્થાંધ બની અંતરમાં અહિતની બુદ્ધિ રાખી પરનું હિત કરવાનો ડાળ દેખાડશો નહિં,

કારણ કે તેથી આ લોકમા અપ્રમાણિક બનશો અને પર-લોકમાં અધોગતિની યાતનાઓ ભોગવશો.

જનતાને પ્રતિજ્ઞાપૂર્વક પોતાની જીવનપ્રવૃત્તિનો પરિચય આપીને અવળી પ્રવૃત્તિ આદરનાર વિશ્વાસઘાતી છે માટે તે ગમે તેવી પ્રવૃત્તિથી પણ સ્વ-પરનુ શ્રેય કરી શકતો નથી, છતાં તે પરશ્રેયનો દાવો કરતો હોય તો માત્ર ક્ષુદ્ર વાસના પોષવાના આશયથી જનતાને ઠગે છે.

અમે જાણીએ છીએ તે બધું સાચું જ છે એમ માની લેવાની ભૂલ કરશો નહિ, કારણ કે જ્યાંસુધી તમને જાણ-વાને બીજાના લખાણ તથા કથનની અપેક્ષા રાખવી પડે છે પણ સ્વતંત્રપણે જાણતા નથી ત્યાંસુધી જાણવામાં તથા સમજવામાં તમે ભૂલવાના જ

માનવી માત્ર મળેલા જીવનનું રક્ષણ કરવાને નિરંતર કાળજીપૂર્વક પ્રયત્ન કરે છે પણ સાચા જીવનને સમજવાની કોઇક જ કાળજી રાખે છે.

કયાં જવાશે તેનાથી તો તમે અણજાણ છો પણ સુખી સ્થળે જવાના માર્ગને તો અવશ્ય જાણો જ

જે કાર્ય કરવાથી અપકીર્તિની આશંકા રહેતી હોય તેવા કાર્યનો સંકલ્પ સરખો કરશો નહિં.

નિઃસ્વાર્થી તથા નિર્લોભી માણસમાં સ્વાભાવિક સભ્યતા તથા નમ્રતા હોય છે, ત્યારે સ્વાર્થી તથા લોભી માણસમાં દેખાવ પૂરતી જ હોય છે

માનવ પ્રકૃતિમાં પ્રાયઃ એક એવો અવગુણ ઘર કરી બેઠો છે કે માનવી પોતાની પાસે સારી અને સુદંર વસ્તુ

કેમ ન હોય તોય બીજાની વસ્તુ તેને પ્રિય લાગે છે અને તેને વાપરવાની ઈચ્છા રાખે છે.

એક જ જાતની બે વસ્તુ બે માણસ કેમ ન વાપરતા હોય છતા તેમને એક બીજાની વસ્તુમાં નવીનતા દેખાય છે અને તેને વાપરવાને ચહાય છે, એ જ મનુષ્ય પ્રકૃતિની વિલક્ષણતા બતાવી આપે છે.

પરાધીન સુખ-સંપત્તિમાં નિરાશાને અવકાશ રહે છે, પણ સ્વાધીન સુખ-સંપત્તિમાં તો નિરાશાનો ઓળો ગરખો હોતો નથી; છતાં માનવી પરાધીન સુખ મેળવવા મથી રહ્યા છે, એજ તેમની અજ્ઞાનતા સૂચવે છે.

સ્વાર્થી તથા અણજાણ માણસોની શ્લાઘાથી ફૂલાવું તે મૂર્ખતા છે.

મૂર્ખ શ્રીમંત તથા સ્વાર્થી પંડિત મૂર્ખની સહાનુભૂતિથી ખ્યાતિ મેળવી ખુશ થવું તે અજ્ઞાનતા છે.

અવળાં કૃત્યોથી સત્કાર પામેલો આત્મા બીજાના આદરસત્કારથી સન્માનિત થઇ શકતો જ નથી.

અસત્ય, માયા, દંભ, દુરાચાર આદિ અવગુણોથી પોતે જ પોતાના આત્માનું અપમાન કરનાર અજ્ઞાનીઓના સન્માનથી ફૂલાતો હોય તો તેનામાં ડહાપણનો અંશ પણ હોતો નથી

સદાચારી હોય કે દુરાચારી પણ પૈસાથી તથા કહેવાતી વિદ્વત્તાથી અણજાણ અથવા તો સ્વાર્થી દુનિયામા થોડુ ઘણું પણ માન મેળવનારના આવકારને ચાહનાર ઘણા હોય છે.

ખોટું પણ બીજાને મનગમતું કહીને પોતાની વાસના

પોષવાનાં સાધન મેળવવાના સિદ્ધાંતવાળાથી હંમેશ્ [illegible] વનારે સાવચેત રહેવાની જરૂર છે.

ડાહી-ડાહી સુધરેલી ભાષામાં વાતો કરનારમાં [illegible] સત્વ, સ્વચ્છતા તથા સરળતા કેટલી છે તેને [illegible] જાણ્યા સિવાય તેની વાગ્જાળમાં ફસાઈને જીવનસંપત્તિ [illegible] ધનસંપત્તિનો નાશ કરવો નહિં.

નમતાને નમતું આપવું પણ ગમતું આપવું નહિં, બુદ્ધિપૂર્વક સારી રીતે વિચાર કર્યા પછી જ ઉચિત જણાય તેમ વર્તવું; નહિ તો જીવન પર્યંત શલ્યની જેમ ખુંચ્યા કરશે.

વાચાળતા, અસત્ય તથા માયાની આશ્રિત છે, માટે જ તે વિવેકનો વિરોધ કરનારી છે.

સુખે જીવવામાં ઘણા મતભેદ છે પણ દુઃખે મરવામાં કોઇનો પણ મતભેદ નથી

જીવનમાં નિરુપયોગી જણાય તેવા કાર્યક્ષેત્રમાં ડાહ્યા માણસો પગ સરખો મૂકતા નથી. કોઈપણ કાર્યમાં માનસિક અનુકૂળતા જળવાતી હોય તો જ પોતાના જીવન તથા ધનનો ફાળો આપવાને માનવી ચહાય છે.

માનવીને પોતાની મોટાઈ જેટલી ગમે છે તેવું કાર્ય કરવું ગમતું નથી

માનવી શારીરિક આરોગ્યતા માટે જેટલી કાળજી રાખે છે તેનાથી લાખમે ભાગે પણ ઓછી [illegible] આરોગ્ય મેળવવાને કાળજી રાખતો નથી.

જો ઇચ્છાઓને અંશમાત્ર [illegible] ન [illegible] પછી સુખના [illegible] પ્રયાસ [illegible] પડતો [illegible]

જેઓ પોતે પોતાના આત્માનું અપમાન કરતા નથી તેમને જગતના અપમાનનો ભય હોતો નથી.

કષાય-વિષયના આશ્રિત બનીને કોઇપણ પ્રકારનું કાર્ય કરવાથી આત્માનુ અપમાન થાય છે

તુચ્છ સ્વાર્થ માટે માનવી મરજીયાત જેટલું કષ્ટ સહન કરે છે તેટલું પરમાર્થ માટે ફરજીયાત સહન કરે તો ય આત્માનુ કલ્યાણુ કરી શકે છે.

મનથી નિરપરાધી રહેનારને જગતને ઠગવા અવગુણોનો આદર કરવો પડતો નથી.

સમ્યગ્દર્શન, જ્ઞાનાદિ મેળવી વીતરાગ દશા પ્રાપ્ત કરવી તે ગુણાનુરાગ કહી શકાય

ઊજળું દેખાતુ બધું દૂધ હોતું નથી માટે પરીક્ષા કરી સાચું દૂધ પીશો તો જ પુષ્ટિ મેળવી શકશો.

જે પોતાના આત્માના ગુણોનો રાગી નથી તે પ્રભુના ગુણોનો રાગી બની શકતો નથી

છૂટવા નીકળ્યા હો તો છૂટી જાણજો: પણ બૂડવાની ભ્રાન્તિથી પાણીમાંથી નીકળી ગારામાં ન ફસાઇ જશો

સમતા, સમભાવ, શાંતિ, સંતોષ, ક્ષમા, વિષયવિરક્તિ આદિ આત્મધર્મરૂપ આત્મિક ગુણો કહેવાય છે, તે સિવાય તો કર્મજન્ય કળાઓને ગુણ માની તેનો અનુરાગ કરવાથી આત્મવિકાસ થતો નથી.

ગુણોનો સંગ્રહ કરનાર ભય, કલેશ તથા શોક સંતાપથી મુક્ત હોય છે

પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં કોઇ વિષયની શાંતિ માટે બીજા ઉપર રાગ કરીને ગુણાનુરાગ કહેવો તે અજ્ઞાનતા છે.

જે રાગમાં આસક્તિ હોય તે અપવિત્ર અને જેમાં અનાસક્તિ તે પવિત્ર રાગ કહેવાય છે. અને તેને જ ગુણાનુરાગ કહેવામાં આવે છે. તે સિવાય તો આસક્તિગર્ભિત અવગુણાનુરાગ કહેવાય; કારણ કે જ્યાં આસક્તિ હોય છે ત્યાં વિષયોને અવકાશ હોય છે.

જે રાગથી આત્માને અહિતકારી દોષો—અવગુણોની પ્રાપ્તિ થાય તે ગુણાનુરાગ કહેવાય જ નહિ.

કોઇ પણ પ્રકારના વિષયને પોષવાના સ્વાર્થ માટે જ સચેતન દેહ અથવા તો અચેતન જડાત્મક વસ્તુઓ ઉપર સ્નેહ કે રાગ કરવામાં આવે છે; પણ પરમાર્થ માટે આત્મા ઉપર રાગ થઇ શકતો નથી.

પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત કરવા પ્રયાસ કરવો તે પરમાત્મનો રાગ કહી શકાય.

તમને જે કાળે જે મળે તે લઇને તેનાથી નિર્વાહ કરી લો પણ સારા—નરસાના વિકલ્પથી મળતું જતું કરીને સારાની આશામાં બેસી રહેશો નહિ, નહિં તો હાથ આવેલું ખોઇ બેસશો અને ધારેલું મળશે નહિં એટલે નિર્વાહની મુશ્કેલીથી જીવવું ભારે થઇ પડશે.

આજ નહિ તો આવતી કાલે અજવાળાનું અંધારું થવાનું છે માટે આળસ તથા આશાઓને છોડી દઇને અજવાળામાં જોઇને જે કાંઇ લેવું હોય, છોડવું હોય તે લઇને

અને છોડી દઈને તૈયારી કરી રાખેલ નહિ તો પછી આવી અવસરમાં કંઈ પણ મુક્તિ થઈ નહીં શકે અને ખાલી હાથે ચાલ્યા જશો.

શાન્તિ અને સુખ-સંપત્તિના પ્રેમ જુદાં જુદાં માર્ગોને શોધવી, નહિ તો ભ્રમણાઓ તમને સાચે રસ્તેથી દૂર લઈને તમારા જીવનને અશાંતિ અને કલેશમય બનાવશે.

મૂર્ખાઈથી માનેલી કે ધનની મોજ માટે અન્યાય તથા પાપનો આશ્રય લઈને મોજની મઝા લેવી તે વિષપાન કરવા-કરાવવા જેવું છે, કારણ કે તે પરિણામે ઉભય લોકમાં ભોગને ભોગવે છે

કોઈને દુઃખ દઈને રાજી થવું તે માણસાઈ નથી પણ મૂર્ખાઈ છે તે પોતાની જાત માટે વિચાર કરે તો જણાશે. આત્માની શુદ્ધ દશા સાચી રીતે જાણ્યા વગર અને અશુદ્ધ કરનાર વસ્તુને સાચી રીતે ઓળખ્યા વગર આત્મા શોધવાનો પ્રયાસ નિષ્ફળ જાય છે

શુદ્ધાત્માઓના વચનોના સંગ્રહરૂપ શાસ્ત્રોનો અભ્યાસ કર્યા વગર આત્મા સુધારી શકાય નહિ.

સાચું સુખ શાન્તિ અને આનંદ-અનુભવ સિવાય મેળવી શકાય નહિ, માટે જ મેળવી શકાય નહિ.

બીજાના ઉચિત, અનુચિત કાર્યની સાચી ટીકા કરવાથી સારો લાભ નહિ મળે પણ અનુચિતનો ત્યાગ અને ઉચિતનો આદર કરવાથી ઉત્તમ લાભ મેળવી શકાશે.

કોઈ પણ બાબતમા કેવળ આખ કે કાનથી નિર્ણય કરવા કરતા મનથી અને બુદ્ધિથી નિર્ણય કરવો ઉચિત છે, કારણ કે કેવળ આખ તથા કાનનો નિર્ણય ખોટો ઠરશે પણ બુદ્ધિપૂર્વક નથી કરેલો નિર્ણય ભાગ્યે જ ફરશે

સંસારમા અનેક કાર્યક્ષેત્ર પડયા છે તેમાથી ઉપયોગી જણાય અને પસદ પડે તે ક્ષેત્રમા આત્મા તથા જીવનને હિતકારી વસ્તુના બી વાવવા શરૂ કરી દો, પણ કાલ્પનિક ઘાટો ઘડયા કરશો નહિ

ઈર્ષ્યાની શીખવણીથી જનતામા બીજાને અપરાધી બનાવવાને બુદ્ધિ તથા જીવનનો જેટલો ઉપયોગ કરો છો તેટલો જ ઉપયોગ પોતે નિરપરાધી રહેવામા કરશો તો સ્વ-પરનુ કલ્યાણ કરી શકશો

તમારા વાણી તથા વિચારની અવગણના કરનાર ઉપર મિથ્યાભિમાનના આવેશથી મહાપુરુષોના વાણી તથા વિચારની અવજ્ઞાનુ આળ ચઢાવીને જનતામા વખોડશો તો પ્રભુદ્રોહી બનશો

નિ સ્વાર્થ વૃત્તિથી જગતના કલ્યાણની માત્ર કામના જ રાખશે તો પણ સ્વાર્થગર્ભિત કરેલી સેવા કરતા લાખગણી ચઢિયાતી છે

તમે પોતાના સ્વાર્થ માટે બીજાના વાણી, વિચાર તથા વર્તન ઉપર જેટલી શ્રદ્ધા અને વિશ્વાસ રાખો છો, તેટલી શ્રદ્ધા અને વિશ્વાસ પરમાર્થ માટે પ્રભુની વાણી, વિચાર તથા વર્તન ઉપર રાખો તો આત્મશ્રેય સાધી શકાશે

૧ દુરાચાર-વ્યભિચારાદિ તેને કેવું આચરણ કરવું તે પરથી આ તો સમજાય છે. પણ નાના પ્રકારે કે જે પરવશતા તેમને આદર કરવો વિચાર કરવો, નહિ તો પીતાકુ કે દેવ લાભ એનાથી થશે નહિ અને કેવળ નુકસાન જેનાથી થાય તે પણ એવું લેખશે.

અનતા કાળથી સમારના સત્પુરી તણુતો આત્મા છે કરવા અપાર ભૂમિમાં ગોઠવું પણું ગુમાવ્યું છે, પણ કાઈ પણ મેળવ્યુ નથી, માટે હવે તો સમારમાં સત્પુરી જગતના પ્રવાહ જ નાર છે.

મરવું તો છે જ તો પછી સમતાથી કેમ ન મરવું? સમતાથી મરનાર કરતાં સમતાથી મરનાર ઉત્તમ આત્મા હોવાથી બીજાને શીખમાં સુખ, શાન્તિ તથા અન્ય કલ્યાણકારી બને છે.

પોતાના આત્માને ઓળખીને તેના માટે કાંઈપણ હિત ન કર્યું તો પછી દુનિયાને દેખાડવા ઘણું કર્યું હશે તો પણ તે દેહ છોડવાની સાથે જ બધું વ્યર્થ થઈ જશે.

ચારિત્ર વગરના બળવાન, ધનવાન, વિદ્વાન કે બુદ્ધિમાન લોકહિત કરી શકતા જ નથી; કારણ કે ચારિત્રહીનની કોઈના પર અંતરમાં ઊંડી છાપ પડી શકતી નથી ગમે તેવા માનવીને પણ જ્યારે ચારિત્રહીનતાની ખબર પડશે કે તરત જ તેની મનોવૃત્તિમાં દેખાવ પૂરતા ગુણગાન માટે હલકા વિચારો આવવાથી તિરસ્કાર જ ઉત્પન્ન થશે.

કર્તવ્યોના કગાર કર્તવ્યપરાયણની ભૂલો કાઢી ઉપદેશ આપવા પોતાનું ડહાપણ બતાવે છે, પણ પોતે સાચું અને

સારું કરી બતાવી માર્ગદર્શક બની શકતા નથી એ જ તેમની તુચ્છતા તથા અપ્રમાણિકતા બતાવી આપે છે.

મનોવૃત્તિ મળ્યા સિવાયની માયાવી મૈત્રીથી માનવી સુખ, શાંતિ મેળવી શકતો નથી

બીજાનું અહિત કરીને પોતાની ક્ષુદ્ર વાસના પોષવાની ઈચ્છા રાખવી જ નહિં.

જાણવા માત્રથી સારા માણસને પણ તિરસ્કાર ઉત્પન્ન થાય તેવી પોતાના મોભાને હલકો બનાવનાર ઈચ્છાઓનો કદી પણ આદર કરવો નહિં.

માનવી વધુ પડતી ન પૂરાય તેવી નકામી ઈચ્છાઓ ન રાખે તો પણ શાંતિથી જીવી શકે છે.

પરની પ્રાણુસંપત્તિ તથા ધનસંપત્તિ ઉપર તેના સ્વામી સિવાય કોઈનો પણ હક્ક નથી છતાં જે તેને બળાત્કારથી પડાવી લે છે તે પ્રભુનો ગુન્હેગાર છે

નીતિ તથા ધર્મના આશ્રિતને બીજાની પાસે ન્યાય ચુકાવવા જવું પડતું નથી, કારણ કે તે અપરાધોથી મુક્ત હોય છે. કુટિલતા ટાળીને જનકલ્યાણ માટે કરવામાં આવતો પ્રયાસ સફળ બની શકે છે.

જે વાસનાઓથી આત્માનું અહિત થતું હોય તેને કાઢી નાખવા પ્રયાસ કરવો તે એક પ્રકારનો ધર્મ છે.

તુચ્છ સ્વાર્થ સાધવા જનતા સમક્ષ પ્રતિજ્ઞાઓ લેવામાં મહાપાપ છે; કારણ કે સ્વાર્થના અંગે પ્રતિજ્ઞાઓનો રોળ કરવાથી જનતાને ઠગીને વિશ્વાસઘાતી બનાય છે.

પરિણામ વિચારી નમ્ર રહેવું પણ [illegible] શક્તિ હોય [illegible] કોઈ પણ પ્રકારની પ્રતિજ્ઞા ઉતાવળ કરીને કરવી, પરંતુ કે આવશ્યક એવી પ્રતિજ્ઞા [illegible] છે, પણ આવેશ [illegible] તેને [illegible] માનવી [illegible] નજીવા દોષોને દૃષ્ટિ સન્મુખ રાખીને [illegible] શુદ્ધિ કરવી.

ઉત્સાહમાં [illegible] ઉતારી નાખવી નહિ તો [illegible] નથી.

સ્વાર્થી આશાનો [illegible] છે પણ નિઃસ્વાર્થ તો [illegible] છે

લાગણી [illegible] અનાદરની લાગણી [illegible] નથી પરંતુ કેવળ [illegible] કે વ્યવહાર માત્ર [illegible] આદર તથા અનાદરને ખાસ કરીને પ્રધાનતા આપવામાં આવે છે

સ્નેહથી સામાન્ય [illegible] પણ [illegible] છે ત્યારે નિઃસ્વાર્થ [illegible] આદર [illegible] પણ હોય છે

બનતી સેવા કરી દેવી પણ [illegible] બીજાની પાસે સેવા કરાવવાની ઈચ્છા રાખવી નહિ

બીજામાં દુર્ગુણો [illegible] પણ શુભ જોઈને [illegible] ચિહ્ન છે

કોઈપણ માનવી પોતાની એબ બીજાની આગળ ઉઘાડી કરવા ઇચ્છતા નથી છતા દુનિયાના ક્ષુદ્ર પ્રાણીઓ પોતાની તુચ્છ પ્રકૃતિને પોષવા બીજાની અબ જનતા સમક્ષ ઉઘાડીને રાજી થાય છે તે દુર્જનતાનું ચિન્હ છે.

પ્રગટપણે તો દુર્ગુણોનો બધાય વિરોધ કરે છે, છતા વિલાસીને તો આદરપૂર્વક તેનો આશ્રય લેવો જ પડે છે.

કામ, ક્રોધ, મદ, મોહ, તિરસ્કાર, કટુ ભાષણ આદિથી કંગાળ બનવું સારું છે, પણ મમતા, સંતોષ, દયા, ક્ષમા, સદાચાર આદિથી તો શ્રીમંત બનવા પ્રયાસ કરવો પરંતુ દરિદ્રી રહેવું સારુ નથી

જડના દાસપણામાંથી છૂટ્યા સિવાય તુચ્છ માનવીના દાસપણામાથી છૂટી શકાતુ નથી.

પૌદ્ગલિક-બનાવટી ઘણું પણ સુખ અશાંતિ ટાળી શકતું નથી, પરંતુ થોડુક પણ આત્મિક સાચા સુખથી માનવી શાંતિ મેળવી શકે છે માનવી પોતાના મોઢે પોતાની ગમે તેટલી પ્રશંસા કરે પણ જ્યાંસુધી લોકમાન્ય માણસોની સંમતિ ન મળે ત્યાં સુધી અપ્રમાણિક જ ગણાય છે. માનવીને પોતાની સમજણ પ્રમાણે જેની પાસેથી મનગમતું મળી જાય તો તે અવગુણી હોય તો પણ તેના ગુણ ગાય છે

કોઈ પણ વસ્તુ અથવા તો વ્યક્તિનો સ્વીકાર કે તિરસ્કાર કરતા પહેલા માનવીએ બીજાની પસંદગી ઉપર આધાર રાખતાં પોતે સદ્બુદ્ધિપૂર્વક તપાસી લેવુ, નહિં તો પરિણામે ચિત્તમાં પશ્ચાતાપ તથા ક્લેશ થવાનો સંભવ રહે છે

આત્મવિકાસ કરીને પોતાની મહત્ત્વતા બીજાને બતાવવી તે જ ઉત્તમતા છે, પણ આત્મવિનાશ કરીને બતાવવી તે મૂર્ખતા છે. પોતાની સમજણ પ્રમાણે સમજાય તે સાચું જ હોતુ નથી પણ સાચું સમજાય તે જ સાચું છે.

માન-અપમાનની માન્યતા માનવીની સમજણ ઉપર આધાર રાખે છે, કારણ કે કેટલાક અપમાનને માન સમજી રાજી થાય છે ત્યારે કેટલાક માનને અપમાન માની કોપિત થાય છે.

કાંઇ પણ જાણ્યા પછી માનવીને 'મારા જેવું કોઇ પણ જાણતું નથી' એવું અભિમાન આવી જાય તો તે અણજાણ જ કહેવાય છે. માનવી કોઇ પણ પ્રવૃત્તિમાં વખણાઇ ગયા પછી જો તે અભિમાનનો આશ્રિત બને તો સારી અને સાચી રીતે કાર્ય કરી શકતો નથી અને અનેક ભૂલોનો ભોગ બને છે.

કેટલીક વખત તો ડાહ્યા અને બુદ્ધિશાળી માણસો પણ બીજાથી કરાયલી પોતાની ખોટી પ્રશંસા સાંભળીને રાજી થવાની ભૂલ કરી બેસે છે, છતાં તરત ભૂલ સુધારીને અલાભના ભાગી બનતા નથી.

ગુણો કોઇના આપેલા મળતા નથી પણ ગુણવાન-ઉત્તમ પુરુષોનું અનુકરણ કરવાથી પ્રગટ થાય છે.

માનવી પોતે અવગુણી હોવા છતા બીજાને પૈસા આપીને પણ તેની પાસેથી ગુણો ખરીદીને રાજી થાય છે.

પોતાની પ્રશંસા સાંભળવાના લોભથી માનવી અવગુણી આગળ પણ તેના ગુણી તરીકે વખાણ કરે છે

કોઇ પણ વસ્તુમા પોતાના અપ્રગટ ગુણો પ્રગટ થવા તે વિકાસ કહેવાય છે અને ગુણોનું ઢંકાઈ જવુ તે વિનાશ કહેવાય છે

હૃદયની પવિત્રતા, સરળતા, સજ્જનતા, સુશીલતા, સદાચાર અને નિર્વિકારતા આદિ ગુણોને લઇને જ માનવી ગુણી કહેવાય છે, પણ એનાથી વિપરીત અપવિત્રતા, કુટિલતા, દુર્જનતા, દુરાચાર અને ક્ષુદ્ર વાસના આદિ દુર્ગુણોના વાસમાં સંગીત, સાહિત્ય, વિદ્યા, વાચાળતા આદિ કળાઓ હોવા છતાં પણ તે ગુણી કહેવાય નહિ પરંતુ તે હલકી કોટીનો ક્ષુદ્રાત્મા જ કહેવાય છે

પૈસાવાળાનો કદર કરનાર કરતાં ગુણવાનની કદર કરનારમાં સારું ડહાપણ હોય છે.

સરળ હૃદયથી વિશ્વાસ રાખી સાચું કહેનાર તથા વર્તનારને તુચ્છ સ્વાર્થ માટે કાવાદાવા કરી જનતામાં હલકો ચિતરનારમા હુશિયારી નથી પણ મૂર્ખતા તથા દુર્જનતા જ હોય છે

પોતાની પ્રિય વસ્તુને વખોડી હલકી પાડનાર ઉપર અણગમો આવીને મન દુખાતું હોય તો બીજાની પ્રિય વસ્તુને વખોડતાં પહેલાં વિચાર કરી લેવો; કારણ કે સહુ કોઇને પોતાની પ્રિય માનેલી વસ્તુની પ્રશંસા જ ગમે છે

આત્મવિકાસ કરીને પોતાની મહત્ત્વતા બીજાને બતાવવી તે જ ઉત્તમતા છે, પણ આત્મવિનાશ કરીને બતાવવી તે મૂર્ખતા છે પોતાની સમજણ પ્રમાણે સમજાય તે સાચું જ હોતુ નથી પણ સાચુ સમજાય તે જ સાચું છે

માન-અપમાનની માન્યતા માનવીની સમજણ ઉપર આધાર રાખે છે, કારણ કે કેટલાક અપમાનને માન સમજી રાજી થાય છે ત્યારે કેટલાક માનને અપમાન માની ક્રોધિત થાય છે.

કાંઈ પણ જાણ્યા પછી માનવીને 'મારા જેવુ કોઇ પણ જાણતું નથી' એવું અભિમાન આવી જાય તો તે અણજાણ જ કહેવાય છે માનવી કોઇ પણ પ્રવૃત્તિમા વખણાઇ ગયા પછી જો તે અભિમાનનો આશ્રિત બને તો સારી અને સાચી રીતે કાર્ય કરી શકતો નથી અને અનેક ભૂલોનો ભોગ બને છે

કેટલીક વખત તો ડાહ્યા અને બુદ્ધિશાળી માણસો પણ બીજાથી કરાયલી પોતાની ખોટી પ્રશસા સાભળીને રાજી થવાની ભૂલ કરી બેસે છે, છતા તરત ભૂલ સુધારીને અલ્પ સના ભાગી બનતા નથી

ગુણો કોઈના આપેલા મળતા નથી પણ ગુણવાન-ઉત્તમ પુરુષોનું અનુકરણ કરવાથી પ્રગટ થાય છે

માનવી પોતે અવગુણી હોવા છતા બીજાને પૈસા આપીને પણ તેની પાસેથી ગુણો ખરીદીને રાજી થાય છે.

પોતાની પ્રશંસા સાભળવાના લોભથી માનવી અવગુણી આગળ પણ તેના ગુણી તરીકે વખાણ કરે છે

કોઇ પણ વસ્તુમા પોતાના અપ્રગટ ગુણો પ્રગટ થવા તે વિકાસ કહેવાય છે અને ગુણોનુ ઢંકાઈ જવુ તે વિનાશ કહેવાય છે

હૃદયની પવિત્રતા, સરળતા, સજ્જનતા, સુશીલતા, સદાચાર અને નિર્વિકારતા આદિ ગુણોને લઇને જ માનવી ગુણી કહેવાય છે, પણ એનાથી વિપરીત અપવિત્રતા, કુટિલતા, દુર્જનતા, દુરાચાર અને ક્ષુદ્ર વાસના આદિ દુર્ગુણોના વાસમા સગીત, સાહિત્ય, વિદ્યા, વાચાળતા આદિ કળાઓ હોવા છતાં પણ તે ગુણી કહેવાય નહિ પરતુ તે હલકી કોટીનો ક્ષુદ્રાત્મા જ કહેવાય છે

પૈસાવાળાની કદર કરનાર કરતા ગુણવાનની કદર કરનારમા સારુ ડહાપણ હોય છે.

સરળ હૃદયથી વિશ્વાસ રાખી સાચુ કહેનાર તથા વર્તનારને તુચ્છ સ્વાર્થ માટે કાવાદાવા કરી જનતામા હલકો ચિતરનારમા હોશિયારી નથી પણ મૂર્ખતા તથા દુર્જનતા જ હોય છે

પોતાની પ્રિય વસ્તુને વખોડી હલકી પાડનાર ઉપર અણગમો આવીને મન દુખાતુ હોય તો બીજાની પ્રિય વસ્તુને વખોડતા પહેલા વિચાર કરી લેવો, કારણ કે સહુ કોઇને પોતાની પ્રિય માનેલી વસ્તુની પ્રશંસા જ ગમે છે

[illegible] આયુષ્ય [illegible] સ્વાભાવથી [illegible] [illegible]

ઉત્તમ પુસ્તકોના વાંચન, વિચાર તથા વર્તનના અંકુશ [illegible] માનવીએ [illegible] ઉત્તમ જીવન [illegible] [illegible] તથા [illegible] [illegible] [illegible] છે.

વિશ્વનાં [illegible] [illegible] છે, [illegible] [illegible] [illegible] છે.

વિચારો પૂર્ણ [illegible] [illegible] હોય [illegible] રહીને સુખશાંતિ [illegible] આપવું નહિ.

[illegible] જીવનની [illegible] પ્રવૃત્તિઓ સ્વાધીનપણે પૂર્ણ થતી નથી [illegible] જરૂર પડે છે માટે જ માનવીએ [illegible] તથા [illegible] પણ, જ [illegible] [illegible] છે.

દુનિયામાં મનુષ્ય [illegible] [illegible] પડે છે, પણ [illegible] પ્રકૃતિની [illegible] હાથ [illegible] હોય તેની જ [illegible] છે.

[illegible] તથા [illegible] [illegible] ઉત્પન્ન થાય, કોઈ દુષ્ટ પ્રકૃતિવાળો દુર્બુદ્ધિનો ઉપયોગ કરે તો સદા આપણે તેનો આદર કરવો નહિ પણ [illegible] કરવો, કેમકે દુર્જનોને ઉત્તેજન આપવું [illegible] [illegible]

જીવનમાં સુખ, શાંતિ તથા આનંદ [illegible] મેળવવા પૂરતી જ [illegible] [illegible] છે, પણ આપત્તિ-વિપત્તિ

તથા અશાતિપ્રવેશને મરળ બનાવી આપવા માટે તો સરળ તાનો કિંચિત્ માત્ર પણ આદર કરવાની જરૂરત નથી

પોતાની પ્રકૃતિને પાલવતુ હોય તેવાનો જ સહવાસ કરવો, નહિ તો જીવન દુખ તથા ક્લેશમય બનશે

જીવવાનુ ધ્યેય નક્કી કરીને બહુ જ ડહાપણપૂર્વક જીવનવ્યવસ્થા ઘડી નાંખો, નહિ તો અવ્યવસ્થિત જીવનમા સુખ, શાતિ કે સતોષ નહિં મેળવી શકો તેમજ આત્મહિત પણ નહિં કરી શકો.

બીજાના અભિપ્રાયમા ભળવા પોતાનો અભિપ્રાય બદલાતા પહેલાં સદ્બુદ્ધિ વાપરી સારી રીતે વિચારી લેવાની જરૂરત છે. વૈષયિક વૃત્તિઓ યોજવાના હેતુથી પવિત્ર ધર્મશાસ્ત્રોનો ઉપયોગ કરનાર પવિત્ર પુરુષોને કલકિત કરી પોતાના આત્માને અધોગતિમા હડસેલી મૂકવાનુ સાહસ કરે છે.

જ્ઞાનામૃતના પિપાસુને વિષય-વિષમિશ્રિત જ્ઞાનામૃત પાવું તે આત્મઘાતી, ભાવહિંસકનુ કામ છે

જલોદર, ભગંદર, ક્ષય જેવા મહાન વ્યાધિયોથી પણ કષાય તથા વિષયનો વ્યાધિ ઘણો જ ભયકર તથા હાનિકારક છે, કારણ કે જલોદર આદિ વ્યાધિઓથી તો કેવળ ક્ષણવિનશ્વર દેહનો નાશ થાય છે પણ કષાય-વિષયના વ્યાધિથી આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ ગુણોનો નાશ થાય છે

ચૈતન્ય હોય કે જડ હોય, કોઇ પણ વસ્તુની ચાહના કરતાં પહેલાં સાચી રીતે જાણી લેવુ જોઇએ કે તે આત્મ-

ન કરવું ઉપયોગી છે કે જે તેનાથી આત્મા અશુદ્ધ ન થાય તેમ જ હોય તો તેવી વસ્તુથી જંગલમાં જ અભય છે

સમત્વમાં કેવળ આત્મનિષ્ઠાનું જ કાર્ય એવું છે કે જેમાં પરાધીનતાને અવકાશ પણ બતાવતા નથી ને નિજ-ધના માર્ગે આત્મા તો જગત પરાધીનતાની બેડીમાં જકડાઈ ગયું છે.

સમજીને કે સમજ્યા વગર પણ પોતાનો મત ખરો જણાય તો જ માનવી બીજાના કહેવા પ્રમાણે માનવાને અને કરવાને તૈયાર થઈ જાય છે—એવું કહી કહેનાર ગુરુ ગામના પોતાના ભાગ જ કેમ ન પામતો હોય

કોઈ અનુભવી યોગિયો તમને અવળી દિશામાં જતાં જોઈને પૂછે કે—ક્યાં જવું છે? અને તમે તમારું ધ્યેય જણાવ્યા પછી તમને અવળી દિશાનું ભાન કરાવે તો—આ વાયાય જનારા મૂર્ખ છે—અવળી દિશામાં પ્રયાણ કરનારાઓ તરફ આંગળી ચીંધીને તેનો અનાદર કરશો નહિ, પણ પ્રયાણની દિશા બદલજો.

નામઠામનો નિશ્ચય કર્યા વગર એક ડગલું પણ ભરશો નહિ, કારણ કે અનિશ્ચિત પ્રયાણથી ભૂલા પડશો તો યોગિયો પણ માર્ગ નહિં બતાવી શકે.

અવગુણી આડંબરપ્રિય અજ્ઞાની જનતાથી જ માન મેળવી શકે છે કે જેમાં અવગુણો ઉઘાડા થતા તિરસ્કારનો ભય રહેલો હોય છે, પણ સાચો ગુણવાન પોતાના આત્મા તથા ઉત્તમોત્તમ પવિત્ર જ્ઞાની પુરુષોના તરફથી આદર-

સત્કાર મેળવે છે. અને તેમાં કોઈ પણ કાળે તિરસ્કારની છાયા સરખી પણ હોતી નથી.

અવગુણી માયાવીપણે જનતામાં ગુણીપણાનો ભ્રમ ઉત્પન્ન કરીને ગમે તેટલો આદરસત્કાર તથા માન-મોટાઈ મેળવી ખુશી મનાવે તો પણ તેના હૃદયમા તો તેટલો આનંદ, શાંતિ કે સંતોષ હોતો નથી કે જેટલો આનંદ અને શાંતિ, સંતોષ જનતાના આદરસત્કારની પરવા ન રાખનાર આત્માર્થી સાચા ગુણવાનમા હોય છે.

સાચા ગુણવાનનો આત્મા બળવાન હોવાથી તેના ઉપર અવગુણીનો પ્રભાવ પડી શકતો નથી તેમજ સદ્ગુણીને અપકીર્તિ પણ ભયભીત કરી શકતી નથી.

અવગુણી ગુણવાનની કદર કરતો નથી તો પણ ગુણનો તો તિરસ્કાર કરી શકતો જ નથી, અને તેનાથી નિરંતર દબાયલો જ રહે છે.

સાચા ગુણવાનનું જીવન સુખ-શાંતિમય હોય છે ત્યારે (ગુણાભાસ) કહેવાતા ગુણવાનના જીવનમાં અશાંતિ, ચિંતા તથા ઉદ્વેગનું મિશ્રણ હોય છે.

ગુણોનો સંગ્રહ કરનાર ભય-કલેશ તથા શોક-સંતાપથી મુક્ત હોય છે

અવગુણોના પક્ષપાતી અવગુણોને જ ગુણ તરીકે મનાવવા પ્રયાસ કરે છે; કારણ કે જગત ગુણીનો જ આદર કરે છે

[illegible]
[illegible] કહેવા જેવું સમજો નહીં.

અત્યારે જનતાને આકર્ષક ઉપદેશ કરી આકર્ષણ કરે એવા ઉપન્યાસ-કથાકાર ધનસંપત્તિવાળા અનેક મનુષ્યોને જનતાને દેખાડવાને ખાતર જ ઉદ્યમી અને ઉત્સાહી રહે છે તેટલા જ જ્યારે, તપ ત્યાગ સંયમ આદિથી પવિત્ર બનેલા પુરુષો શાંતિ બની તેમની આત્મશ્રદ્ધા આદિને જનતાને દેખાડવાને નિરુત્સાહી તથા નિરુદ્યમી બને છે એ જ તેની મુલ્ય સૂચવે છે અંતર એક પ્રકારનું મ્યુઝીયમ છે. તેમાંની વૈષયિક વસ્તુઓના તમે ઢગલા કેમ પણ બોલવા નહીં. કારણ કે તે તમારી વસ્તુ નથી છતાં મમતા કરીને બોલવા જવાનું સાહસ કરશો તો તમે કુદરતના અપરાધી બનવાની સજાનું પાત્ર બનશો.

શાશ્વતી વસ્તુઓનો નિરંતર સંયોગ બન્યો રહેતો નથી તોયે મનોવૃત્તિમાં આલેખાયલી તેની આકૃતિઓ ઉપયોગમાં લઈને આનંદી સંતોષ માને છે.

ઈર્ષ્યાના રોગથી હૃદયદાહ થતો હોય, બીજાની નિંદા તથા ખોટા ચિંતવનથી માથું ચઢી ગયું હોય, કામવાસનાની તાવ આવતી હોય, ક્રોધથી મુખિયાનો પ્રકોપ થતો હોય તો વીતરાગ પ્રભુના વચનરૂપ ઔષધનું સેવન કરશો તો જલદી આરામ થઈ જશે અને આપ રોગોથી મુક્ત થઈને શાશ્વતી આરોગ્યતા મેળવશો.

અશુભ વિચારોની આંકડી આવે ત્યારે જ્ઞાની પુરુષોના વચનની ફાકી લેશો એટલે ચૂંક આવતી તરત અટકી જશે. ઉત્તમ પુરુષોના વાણી, વિચાર તથા વર્તનરૂપ ઔષધને વાપરીને નીરોગી બનવા તરફ લક્ષ આપશો; કારણ કે જીવન નીરોગી બનાવ્યા સિવાય આત્માનો ભાવરોગ મટશે નહિં.

સાદાઈ અને સત્યતા જીવનમાંથી શોક, સંતાપ, ભય તથા ક્લેશનો કચરો કાઢી નાંખીને તેને સ્વચ્છ બનાવે છે

અવળે માર્ગે ચઢી જઈને અથડાતા અણજાણને સન્માર્ગ બતાવી સુખી કરવાની સદ્બુદ્ધિ હોય તો નિઃસ્વાર્થ વૃત્તિથી અનુભવગમ્ય સાચું અને સાદું બોલીને સ્વ–પરનુ હિત સાધો, પણ માત્ર બોલેલુ સાંભળીને કે લખેલું વાંચીને મિથ્યાભિમાન પોષવાને ન સમજાય તેવો શબ્દાડંબરવાળી ભાષા બોલીને કે લખીને ફુલાશો તો અસત્ પુરુષોના માર્ગને આવકારીને શ્રેયનો માર્ગ ચૂકી જશો.

વર્તન સિવાયના અનુભવ વાણીવિલાસથી કોઈની પણ આત્મશુદ્ધિ થઈ શકતી નથી, પણ ક્ષુદ્ર સ્વાર્થસિદ્ધિ થઈ શકે છે.

પોતે આદરીને અનુભવ મેળવ્યા સિવય બુદ્ધિથી વસ્તુને વલોવી શકે પણ સાચા તત્ત્વરૂપ માખણને કાઢી શકતા નથી, પરંતુ દૂધ ઉપર વળેવા ફીણના જેવા તત્ત્વાભાસને જ માખણ કહીને અણસમજુને સંતોષે છે.

આત્મવિકાસની ઇચ્છાવાળો કોઇની પણ વાગ્જાળમાં ફસાતો નથી, પણ સદાચારી સરળ આત્માનો દાસ બને છે. વિલાસી પોતાના વિચારોને સમજીને કરનારના અસદ્વર્તનની

કેટલાક માનવી ગુણોને ઓળખે છે અને તે તેમને ઘણા જ ગમે છે તો પણ અવગુણને છોડીને ગુણોનો સદ્‌વાગ કરવો ગમતો નથી

અજ્ઞાની જનતાને આશ્ચર્ય ઉત્પન્ન કરી આકર્ષણ કરે તેવા રૂપ-વય-કળા તથા ધનસંપત્તિવાળાનો સ્નેહ મેળવીને જનતાને દેખાડવાને માનવી જેટલો ઉદ્યમી અને ઉત્સાહી રહે છે તેટલો જ જપ, તપ તથા નિયમ આદિથી પવિત્ર બનેલા પુરુષનો રાગી બની તેમની આચરણા આદરીને જનતાને દેખાડવાને નિરુત્સાહી તથા નિરુદ્યમી બને છે એ જ તેની મૂઢતા સૂચવે છે સંસાર એક પ્રકારનું મ્યુઝીયમ છે તેમાંની પૌદ્‌ગલિક વસ્તુઓના તમે દ્રષ્ટા છો પણ ભોક્તા નથી, કારણ કે તે તમારી વસ્તુ નથી છતાં મમતા કરીને ભોક્તા થવાનું સાહસ કરશો તો તમે કુદરતના અપરાધી બનવાની સજાનું પાત્ર બનશો

રાગવાળી વસ્તુઓનો નિરંતર સંયોગ બન્યો રહેતો નથી તોપણ મનોવૃત્તિમાં આલેખાયલી તેની આકૃતિનો ઉપયોગમાં લઈને માનવી સંતોષ માને છે

ઇર્ષ્યાના રોગથી હૃદયદાહ થતો હોય, બીજાની નિંદા તથા માઠા ચિંતવનથી માથું ચઢી જતું હોય, કામવાસનાથી તાણ આવતી હોય, કષાયથી મૃગિવાયુનો પ્રકોપ થતો હોય તો વીતરાગ પ્રભુના વચનરૂપ ઔષધનું સેવન કરશો તો જલદી આરામ થઈ જશે અને ભાવ રોગોથી મુક્ત થઈને શાશ્વતી આરોગ્યતા મેળવશો

અશુભ વિચારોની આંકડી આવે ત્યારે જ્ઞાની પુરુષોના વચનની ફાકી લેશો એટલે ચૂંક આવતી તરત અટકી જશે. ઉત્તમ પુરુષોના વાણી, વિચાર તથા વર્તનરૂપ ઔષધને વાપરીને નીરોગી બનવા તરફ લક્ષ આપશો, કારણ કે જીવન નીરોગી બનાવ્યા સિવાય આત્માનો ભાવરોગ મટશે નહિં.

સાદાઇ અને સત્યતા જીવનમાંથી શોક, સંતાપ, ભય તથા કલેશનો કચરો કાઢી નાખીને તેને સ્વચ્છ બનાવે છે

અવળે માર્ગે ચઢી જઇને અથડાતા અણુજાણને સન્માર્ગ બતાવી સુખી કરવાની સદ્બુદ્ધિ હોય તો નિઃસ્વાર્થ વૃત્તિથી અનુભવગમ્ય સાચું અને સાદું બોલીને સ્વ–પરનું હિત સાધો, પણ માત્ર બોલેલું સાંભળીને કે લખેલું વાંચીને મિથ્યાભિમાન પોષવાને ન સમજાય તેવી શબ્દાડંબરવાળી ભાષા બોલીને કે લખીને ફુલાશો તો અસત્ પુરુષોના માર્ગને આવકારીને શ્રેયનો માર્ગ ચૂકી જશો.

વર્તન સિવાયના અનુભવ વાણીવિલાસથી કોઇની પણ આત્મશુદ્ધિ થઇ શકતી નથી, પણ ક્ષુદ્ર સ્વાર્થસિદ્ધિ થઇ શકે છે.

પોતે આદરીને અનુભવ મેળવ્યા સિવાય બુદ્ધિથી વસ્તુને વલોવી શકે પણ સાચા તત્ત્વરૂપ માખણને કાઢી શકતા નથી, પરંતુ દૂધ ઉપર વળેલા ફીણના જેવા તત્ત્વાભાસને જ માખણ કહીને અણુસમજુને સંતોષે છે.

આત્મવિકાસની ઇચ્છાવાળો કોઇની પણ વાગ્જાળમાં ફસાતો નથી, પણ સદાચારી સરળ આત્માનો દાસ બને છે વિલાસી પોતાના વિચારોને સમજીને કરનારના અસદ્વર્તનની

ઉપરાંત બીજાને કેવળ તેના વચનોનો અનાદર કરી તેનું અપમાન બતાવે છે અને તેની વાસનાઓને પોષે છે.

વિવાહના તાંતણાથી વણાયેલું દંપત્તિ-દોરડું આત્માને ભવના કૂવામાંથી બહાર કાઢી શકતું નથી.

ઘણાખરા માનવીને પોતે આદરેલી અવળી પ્રવૃત્તિને પણ યથાર્થપણાનું પ્રોત્સાહન મેળવવા પોતે માનેલા પ્રવીણ માણસો પાસેથી સમ્મતિ મેળવીને સંતોષ માને છે.

સ્વાર્થના અંશે માનવીને અહિતકારી પણ ગમતું કહેવામાં શત્રુતા સચવાય છે અને નિઃસ્વાર્થપણે હિતકારી પણ અણગમતું કહેવાથી મિત્રતા ગણાય છે

અજ્ઞાનતાથી માનવી બીજાના કરતાં વધારે માયાની જાળ ગૂંથીને મિથ્યાભિમાની કહેવાય છે, તેમાં જરાય ડહાપણ પણ હોતું નથી છતાં પોતાને ઘણો જ બુદ્ધિશાળી માને છે.

મોતથી બચી જાણનાર જ બીજાને મોતથી બચાવી શકે છે, તે સિવાય તો મોતની જાળમાં ફસાવી શકે છે.

આત્માની સગાઈ રાખનાર પ્રભુને જલ્દી મેળવી શકે છે

સાચી રીતે વિચાર કરશો તો સંસારમાં સઘળા જડ-સ્વરૂપ દેહ તથા ધનસંપત્તિના સગા છે પણ આત્માનું સગુ કોઈ નથી એટલે જ રૂપ તથા વયહીન થતાં કોઈપણ સામું જોતુ નથી

જન્મવુ કે મરવું તો ઘણું જ સહેલું કામ છે કે જે સંસારવાસી દરેક કરી શકે છે, પણ અમર બનવું ઘણું જ કઠણ છે જે કોઈક જ ઉત્તમ આત્મા પ્રાપ્ત કરી શકે છે.


નિ સ્વાર્થ વૃત્તિથી કોઈ નમીન ચાલે । તેને હલકો સમજી તનો તિરસ્કાર કરવાની ભૂલ કરશો નહિ, કારણ કે નમ્રતા ધારણ કરનાર ગુણી છે માટે તેનુ અપમાન કરવાથી તમે જ હલકા માણસોની પક્તિમા ભળવા લાયક બનશો

કોઈપણ પ્રકારના સ્વાર્થ સિવાય કોઈ કોઈનુ કહેવુ માનતુ નથી માટે 'મારુ કહેવુ બધા માને છે તેથી હુ કાઈક છુ' એમ ધારીને ફૂલાશો તો મૂર્ખા બનશો.

તમારી આજ્ઞા બીજા ન માને તો તેમના ઉપર ગુસ્સે થઈને અપશબ્દોથી તેમનુ અપમાન કરશો નહિ, કારણ કે તમારુ પુન્ય કાચુ છે એટલે તમારુ કહેવુ કોઈપણ માનશે નહિ

પૌદ્ગલિક સુખ ભોગવવાની લાલચથી સસારમાં પડી રહેવાની ઈચ્છાવાળાએ પુન્યનો સારી રીતે સગ્રહ કરવાની જરૂરત છે, કારણ કે પુન્ય વગર સસારમા પડી રહેવુ નકામુ છે





૧ પ્રામાણિકતા માનવીની ખરી સંપત્તિ છે માટે બધું જતું કરીને પ્રામાણિકતા વર્તન રાખવી જોઈએ.

૨ દુઃખ સહન કરી લેવું; પરંતુ શુદ્ધ સ્વાર્થ માટે કોઈને પણ દગો દેવો નહિં.

૩ સ્વાધીન બન્યા સિવાય સુખશાંતિ મળી શકતા નથી.

૪ જરૂરિયાતો ઓછી કર્યા સિવાય સ્વાધીન બની શકાય નહિં.

૫ જીવાય તેટલું જીવો; પણ સાચું જીવો અને મોતનો ભય રાખશો નહિં.

૬ જે મોતથી ઘણા જ બ્હીએ છે તેમને આત્માના અમરપણાની દૃઢ શ્રદ્ધા હોતી નથી.

૭ ખાઈને જીવાય છે તે વાત ખરી છે, તો પણ ખાવામાં હેર નથી પણ જીવવામાં છે. સજ્જન ખાઈને જીવે છે.

૮ સાચું બોલતાં શીખ્યા હોય તે જ ભણેલા કહેવાય છે; બાકી તો બધા અભણ છે.

૯ દયાનો ઉપાસક પ્રભુને બહુ જ ગમે છે, માટે જ તે પ્રભુની અખૂટ સંપત્તિનો હકદાર છે.

૧૦ માનવ જીવનની મહત્તા તથા ઉપયોગિતા સાચી રીતે ઓળખનારથી કલેશ, કંગાળિયત તથા આપત્તિવિપત્તિ દૂર રહે છે અને તે જ સાચી સુખ-સંપત્તિને મેળવી શકે છે

૧૧ જે પોતાને ઓળખે છે તે પ્રભુને ઓળખે છે અને જે પ્રભુને ઓળખે છે તે પોતાને ઓળખે છે આને જ સાચી ઓળખાણ કહેવામા આવે છે. બાકી બધી ઓળખાણ જૂઠી છે.

૧૨ પ્રભુને તથા પોતાને ઓળખનાર જ જગતને ઓળખી શકે છે. તે સિવાય તો જગત સાચી રીતે આળખી શકાતું નથી, છતાં જે ઓળખવાનો દાવો કરે છે તે એક પ્રકારની ભ્રમણા જ છે.

૧૩ મોજશોખમાં સુખ ઘણું જ વપરાય છે, માટે મોજશોખ છોડી દઇને સુખને સાચવીને વાપરવાથી જીવનમાં દુઃખ વાપરવાનો સમય આવતો નથી.

૧૪ ભોગવતાં આવડે તો બધાયની પાસે સુખ તથા આનંદ છે, છતા વિવેકશૂન્ય આવડત વગરના માનવી દુ:ખ તથા દિલગીરી ભોગવી રહ્યા છે.

૧૫ બીજાને દુઃખ, કલેશ, ત્રાસ તથા ભય ઉત્પન્ન કરનારી પ્રકૃતિને પોષીને માનવી માને કે હું જીવું છું તો તે ભ્રમણા જ છે.

૧૬ ધનના મોહમાં પેટ પૂરતું ધાન્ય પણ ન ખાઈને સંગ્રહ કરનાર છતે પૈસે કંગાળ છે

૧૭ મોતને ન ઓળખતા હો તો ઊંઘથી અનુમાન કરી લેજો

૧૮ ઊંઘી ઊઠયા પછી પ્રભુને સભારી તેમનો પાડ માનજો, કારણ તમે નવી દુનિયા નિહાળવાથી બચી ગયા છો અને માનવ જીવનનો પવરો થયો નથી

૧૯ ઓછાવત્તા પ્રમાણમા પ્રાપ્ત બધાયને હોય છે, પણ જ્ઞાન તો વિરલાને જ હોય છે

૨૦ કુદરત તમને માનવ જીવનમાથી ધક્કા મારી બહાર કાઢી મૂકે તે પહેલા તમારા જીવન તથા ધનની સાચી વ્યવસ્થા કરી લેજો, નહિ તો દેહ છોડ્યા પછી ધન તથા જીવનમાથી તમારુ કાઇ પણ નથી

૨૧ જીવનમા ઉપયોગી વસ્તુઓ તમારી પાસે વધી ગઈ હોય તો તેને સઘરી ન રાખતા વસ્તુ વગરના જીવ વાની જરૂરતવાળાને આપજો, પણ બીજાની જરૂરતને સાચી રીતે ઓળખી લેજો

૨૨ સ્તુતિ સાભળીને નમ્રતા બતાવવી તે એક પ્રકારનો ગર્વ છે, પરતુ નિદા સાભળીને નમ્રતા બતાવવી તે જ સાચી નમ્રતા છે અને નિરભિમાનપણાનુ ચિહ્ન છે

૨૩ ગુણ વગરની પ્રશસાના ગ્રાહક બનાવટી પ્રશસા ખરીદીને ઠગાય છે

૨૪ જેના પ્રતિ તિરસ્કાર હોય તેના મોઢથી પોતાની પ્રશસા સાભળી તેના ગુણ ગાવા હલકા માણસની પક્તિમાં

ભળવાં લાયક છે; કારણ કે હૃદયમાં તિરસ્કાર અને મોઢેથી ગુણ ગાવા તે દંભ કહેવાય છે.

૨૫ હૃદયમાં અને વાણીમાં ભેદ રાખીને બીજાની સાથે વર્તવું તે વિશ્વાસઘાત કહેવાય છે.

૨૬ દંભ વગર વિશ્વાસઘાત થઇ શકતો નથી, અને અસત્ય બોલ્યા સિવાય દંભ થઇ શકે નહિ; માટે જ જૂઠું બોલનાર દંભી હોવાથી વિશ્વાસઘાતી છે.

૨૭ ઉત્તમ વાણી, વિચાર અને વર્તન સિવાય જીવન ઉત્તમ બની શકતું જ નથી.

૨૮ અધમ માનવીઓના આનંદની ખાતર પોતાનું જીવન અધમ બનાવનાર પોતાની જાતનો શત્રુ છે માટે જ તેનું જીવન કોઇના પણ હિતના માટે ઉપયોગી બની શકતું નથી.

૨૯ કેવળ પોતાની, ક્ષુદ્ર વાસનાઓ પોષવાની ખાતર જ મળેલી વિદ્યા આદિ કુદરતી બક્ષીસોનો ઉપયોગ કરનાર પામર પ્રાણી છે, માટે તે જગતનું ભલું કરી શકતો નથી.

૩૦ જીવવાને પણ ઉપયોગી કોઈ પ્રકારનો લાભ ન મળતો હોય તોયે માનની ભૂખથી ઇચ્છા પ્રમાણે માન મેળવતો સાધનના અભાવે દુઃખી થતા છતાં પણ પોતાને પરમ સુખી માને છે એ મહા મૂર્ખતા છે.

૩૧ ખાધા વગર જીવી શકાતું હોય તો મોટી પ્રશં[illegible] ગુણી બની શકાય છે.

૩૨ ગુણ વગરની પ્રશંસાથી ફુલાઇ જઇ ગર્વિષ્ઠ બનનારમાં બુદ્ધિમત્તા હોતી નથી.

૩૩ મિથ્યાભિમાનીની મનોદશા અત્યંત કંગાળ હોય છે, કારણ કે તેને પ્રશંસા મેળવી મિથ્યાભિમાન પોષવા હલકામાં હલકા માણસની પણ ખુશામત કરવી પડે છે.

૩૪ પ્રભાવશાળી બનવા કેટલાક જાડી બુદ્ધિના વિષયાસક્ત, પામર ધનવાનોની આજ્ઞાને તાબે રહેનાર બુદ્ધિ વગરના અજ્ઞાનીયોની પાસેથી જ પ્રશંસા મેળવી શકે છે.

૩૫ પ્રભુના વચનો ઉપર પૂર્ણ વિશ્વાસ રાખીને સમગ્ર જીવન પ્રભુચરણમાં અર્પણ કરનાર જ પ્રભાવશાળી બનવાનો સંપૂર્ણ અધિકારી છે, અને તે જ પોતાના પ્રભાવથી જગતને દુઃખમાંથી છોડાવીને પરમ કલ્યાણ કરી શકે છે.

૩૬ જીવનદોરી નોકર ચાકરોના હાથમાં મૂકી દેવી તે મૂર્ખાઇ છે, પણ શ્રીમંતાઇ નથી.

૩૭ સંસારમાં દરેક પ્રકારની અનુકૂળતા સિવાય સુખ જેવી કોઇ વસ્તુ જ નથી.

૩૮ સ્વ-પરના હિતાહિતનો વિચાર કર્યા સિવાય કોઇને પણ પોતાની ઇચ્છાનુસાર વર્તાવવા કદાગ્રહ કરવો નહિ.

૩૯ તુચ્છ સ્વાર્થ ખાતર બીજાની સેવા કરવી તે ગુલામી છે, પણ સેવા નથી.

૪૦ માન મેળવવા બીજાને ઘેર જવા કરતાં ઘેર બેઠાં માન મેળવવું તે શ્રેષ્ઠતર છે.

૪૧ તમને જીવનમાં વાપરવા સંસારમાંથી ઘણીએ વસ્તુઓ મળી હોય તો પણ તમે નિરુપયોગી વસ્તુઓનો

મગ્રહ કરશો નહિ ત વસ્તુઓના ઉપયોગવાળા માટે તેનો ત્યાગ કરશો

૪૨ સુખને ઓળખી તેની કદર તો સતપુરુષો જ કરી શકે છે, બાકી જડાસક્ત જગત તો દુખની ઉપાસનામા લીન બનીને સુખનો અનાદર કરી રહ્યુ છે

૪૩ વિલાસી વસ્તુઓ માટે ગમે તેટલા વલખા મારો પણ પુન્યના ખપાવ્યા સિવાય મળવાની નથી

૪૪ માનવીને મનગમતા સચોગ જોઈએ છે, પછી તે સારા હોય કે નરસા હોય તેની કાઇ તેને પરવા નથી

૪૫ તુચ્છ સ્વર્થના ખાતર માનવી અણગમતુ પણ બીજાનુ સાભળવાને ઉત્સુક રહે છે, પરતુ પરમાર્થના માટે ગમતુ પણ બીજાનુ સાભળવામ માનહાનિ સમજે છે, એ જ તેની મોટી ભૂલ છે.

૪૬ જીવવાની ઈચ્છા હોય તો જીવો પણ નિષ્કારણ બીજાના શત્રુ તો બનશો જ નહિ

૪૭ પોતાના માનેલા મોટા આગળ પોતાની મોટાઇ કરવી તે તેમનુ અપમાન કરવા બરોબર છે

૪૮ કોઇનુ પણ કથન સાભળતી વખતે કહેનારની બુદ્ધિથી સમજવા પ્રયાસ કરવો, પણ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરવો નહિ, કારણ કે તેમ કરવાથી સાચુ સમજાશે અને કલેશ નહિં થાય

૪૯ પોતાની નિર્બળ બુદ્ધિથી વસ્તુને વિપરીતપણે વર્ણન કરી આગ્રહ કરવાથી તે વસ્તુ બદલાની નથી, પણ છેવટે કહેનાર ખોટો [illegible] બદલાય છે



૬૦ જેને દુર્ગુણીના દુર્ગુણો દુર્જન બનાવી શકતા નથી તે જ સંસારમાં સાચો સજ્જન અથવા તો સંત કહેવાય છે.

૬૧ જેમ બીજાની કુટેવો આપણને ગમતી નથી તેમ આપણી પણ કુટેવો બીજાને ગમતી નથી, માટે કોઈની પણ કુટેવોની બીજા આગળ ટીકા કરવી નહિં.

૬૨ માયા કરવી નહિ, પણ માયાવીની જાળને તો સારી રીતે સમજી લેવી જોઈયે.

૬૩ સરળ બનો, પણ તેવા સરળ ન બનશો કે અધમ માણસોના પ્રપંચમાં ફસાઈ જઈને અધમ માર્ગમાં દોરવાઈ જવાય, કારણ કે તે સરળતા નથી પણ મૂર્ખતા છે.

૬૪ મૂર્ખાઓને ઠગી મોજ માણવામાં જ માનવ જીવનની સફળતા માનનાર પ્રભુના સિદ્ધાંતનો વિરોધી છે.

૬૫ ક્ષુદ્ર સ્વાર્થીઓના જીવનમા સત્યનો ઉપયોગ ભાગ્યે જ હોય છે

૬૬ જેનાથી અવગુણની પ્રાપ્તિ થાય તે ગુણાનુરાગ કહેવાય જ નહિં.

૬૭ વિષયાસક્ત એવા સંગીત, સાહિત્ય, વિદ્વત્તા, વક્તૃત્વ આદિ કળાવાનનો રાગ તે વિષયાનુરાગ છે, પણ ગુણાનુરાગ નથી. આવાઓના અનુરાગથી જીવન અધમ બને છે અને આત્માનો અધઃપાત થાય છે.

૬૮ વિકારના વિનાશ સિવાય પવિત્ર હૃદય બની શકતું નથી અને તે સિવાય તો ગુણો પણ વાસ કરી શકતા નથી.

૬૯ કામ તથા ઈર્ષાય બંને નષ્ટ થવાથી હૃદય અને આત્મા બંને પવિત્ર બની શકે છે.

૭૦ માતાપિતાના પૈસા આડંબરથી ઉડાવનાર કરતાં ધન તથા જીવન ગરીબ સેવામાં વાપરનાર વધુ શ્રેષ્ઠ છે

૭૧ ધન તથા સંપત્તિના મેળવનારને જ અમુક તેવા આચરણ. નિભાવવું હોય શકે છે.

૭૨ આડંબર તથા બુદ્ધિ વગરના માણસોને જ દંભી માણસો ઠગીને પોતાની ક્ષુદ્ર વાસના પોષે છે

૭૩ સદાચારી અને સત્યપ્રિય બુદ્ધિશાળી જગત વિચારકોની ક્ષણિક યુક્તિથી ઠગાતું નથી.

૭૪ કેવળ વાણી માત્રથી માનવીના ચારિત્ર્યનો નિર્ણય થઈ શકતો નથી

૭૫ જે પોતાના અધિકારથી પર છે તેમાં આચાર-ભ્રષ્ટતાનો સંભવ છે.

૭૬ છે કોઈ સંસારમાં એવો માયા મુક્ત કે પોતાની સ્તુતિ કે નિંદા સાંભળતા છતાં જેના હૃદય પર હર્ષ કે શોકનો પડછાયો સરખો પણ ન પડે ?

૭૭ ધન-સંપત્તિવાળાની વિચારશક્તિનો વિકાસ થાય તો જ દંભી માણસો ફાવી શકે નહિ.

૭૮ ક્ષુદ્ર વાસનાની તૃપ્તિ માટે જ આડંબર કરવામાં આવે છે અને તે ધન-સંપત્તિવાળા પાસેથી પોષી શકાય છે માટે જ.

૭૯ દંભી માણસો ગરીબોને તુચ્છ સમજી તેમનો અનાદર કરે છે.

૮૦ વિષયોના સુંદરતા નિહાળનાર જડબુદ્ધિ છે

૮૧ આત્મહિત ધ્યાનમાં રાખ્યા સિવાય પરહિત કે પરોપકાર થઈ શકતો નથી.

૮૨ સત્યનો ઉપાસક નિરભિમાની માયાવીઓની જાળમા ફસાતો નથી.

૮૩ સત્યને સાથે રાખ્યા સિવાય સંયમી બની શકાય નહીં.

૮૪ કાવાદાવા કરવામાં કુશળ કહેવાતા વિદ્વાન ઓછી બુદ્ધિવાળી જનતાને છેતરીને પોતાની ક્ષુદ્ર વાસના પોષે છે

૮૫ અસંયમીનું જીવન પરાશ્રયી હોય છે, સયમીનું જીવન સ્વાશ્રયી હોય છે

૮૬ દુનિયાના આવકારની ઇચ્છાથી ધનવાનને જ ડાહ્યા માનીને તેમનો સહકાર મેળવવા કહેવાતા વિદ્વાન પણ તેમની પ્રશંસા અને ખુશામતને પ્રધાનતા આપીને સત્ય તથા સયમની અવગણના કરે છે.

૮૭ ત્યાગી હોય કે ભોગી હોય, પણ જેને શાંતિ તથા આનંદ માટે વૈષયિક વસ્તુઓ વાપરવાની જરૂરત રહેતી હોય તેની મનોદશા અત્યંત કંગાળ હોય છે.

૮૮ કોઈની પણ ક્ષુદ્ર વાસના પોષવી તે અધર્મ તથા અનીતિને ઉત્તેજન આપવા જેવું છે.

૮૯ ખોટી પ્રશંસાથી ફુલાશો તો ધૂતારા ઠગી જશે.

૯૦ તમારી પાસે ધન સંપત્તિ હોય તો જીવન-નિર્વાહમાં જરૂરિયાતવાળાને આપશો, પણ દંભીયોની વાસના પોષવામાં દુરુપયોગ કરશો નહિં.

૧૦૦ અર્યાદિત નમ્રતા વિનય મનુષ્ય જાતિનુ ભૂષણ છે

૧૦૧ અમર્યાદિત નમ્રતા અને વિનય ધૂર્તનુ લક્ષણ છે

૧૦૨ માનવીને અપમાન ગમતુ નથી પણ અપમાન મળે તેવી રીતે બીજાની સાથે વર્તવુ છે

૧૦૩ માયાની મહાયતાથી માન મેળવી ગજી થનાર મૂર્ખ છે

૧૦૪ જેમ અત્યત ક્ષુધાતુર ભીખારીને સૂકો રોટલો મળી જાય તો મિષ્ટાન્ન મળ્યા જેટલો આનદ માને છે તેમ માનની અત્યત ક્ષુધાવાળા ભીખારીને હલકામા હલકો માણસ પણ માન આપે તો તે ગર્વથી ફૂલાઈ ઘણો જ રાજી થાય છે

૧૦૫ જીવનની ઉત્તમતા, પવિત્રતા, નિખાલસતા મેળવવાને બીજા કોઈપણ માનવીની જરૂરત પડતી નથી, સ્વતત્રપણે મેળવી શકાય છે, છતા માનવીને મેળવવી ગમતી નથી અને બીજાની આપેલી મેળવીને પોતાને કૃતકૃત્ય માને છે

૧૦૬ ક્ષુદ્ર વાસના પોષવાના આશયથી જ બીજાના ઉપર દેખીતો ઉપકાર કરવો તે અધમતા છે, કારણ કે પરિણામે બીજાની અનિચ્છાયે પણ તેની કિમતી વસ્તુથી પોતાની વાસના તૃપ્ત કરાય છે

૧૦૭ પાપબુદ્ધિવાળો ગુણી બનવાનો અધિકારી નથી

૧૦૮ પોતાના તુચ્છ સ્વાર્થ માટે અવગુણીને ગુણી તરીકે પ્રસિદ્ધ [illegible] છે

૧૦૯ નવીન નાચનાર [illegible] અવગુણોને ઢાંકી ગુણ ગાનાર આપણાથી કોઈ હોય કે નહીં [illegible] અવગુણ [illegible] શુદ્ધ જ્ઞાનના [illegible] છે

૧૧૦ મોહન આનંદજી પોતાના આત્માનું અહિત કરનાર મહાત્મા દેખાતી ગાઢી પ્રવૃત્તિથી પણ જગતનું કલ્યાણ કરી શકતા નથી. પણ જગતને રંજિત કરીને પોતાના તુચ્છ સ્વાર્થ સાધી શકે છે.

૧૧૧ જનહિતની [illegible] આત્માઓને [illegible] ઉન્માર્ગે [illegible] દુર્ગતિના દાસ છે

૧૧૨ નિર્મળ પાણી જેવા પવિત્ર પુરુષો પરના પાપમલ ધોઈ નાખીને પવિત્ર બનાવે છે.

૧૧૩ પરમ પવિત્ર પ્રભુના આશ્રિતોને પાપનો મેલ ચોંટતો નથી

૧૧૪ સત્યથી સંયમની પ્રાપ્તિ થાય છે અને હૃદય પવિત્ર બની પરમ શાંતિ મેળવે છે

૧૧૫ નિર્દોષ આનંદથી ચિત્તની પ્રસન્નતા વિકાસ પામે છે

૧૧૬ શરીરની સુંદરતા વિષયાસક્તને ગમે છે ત્યારે આત્માની સુંદરતા વિષયવિરક્તને ગમે છે.

૧૧૭ ખોટી પ્રશંસાથી ફુલાશો નહિ પણ પ્રશંસાનું પાત્ર બનવા પ્રયાસ કરશો.

૧૧૮ વાણી વાપરી જાણનાર દુનિયામાં દેવ તરીકે પૂજાય છે.

૧૧૯ માનવી જેટલો ધનવાનને ચહાય છે તેટલો ગુણવાનને ચાહતો નથી તે જ તેની અગુણતા સૂચવે છે.

૧૨૦ દુરાચારીની પાસેથી દુરાચારની માગણી કરનાર દુર્જનનો અગ્રણી છે

૧૨૧ આત્મશ્રેય માટે ધન તથા જીવન વાપરતા કજુ ગાઠ કરવી નહિ

૧૨૨ માન રાખવાની ઈચ્છા હોય તો ભલે રાખો, પણ અપમાન કરાવનાર માનને તો રાખશો જ નહિ

૧૨૩ બીજુ બધુ માગતા શરમ રાખવી પણ ગુણી બનવા સત્પુરુષો પાસેથી ગુણો માગતા જરા શરમાવુ નહિ

૧૨૪ ભોળપણ અને સરળતાની પણ મર્યાદા હોવી જોઈયે તેવુ ભોળપણ અને સરળતા શા કામની કે જેનો દુર્જનો દુરુપયોગ કરીને આપણી જીવનનૌકાને આપત્તિના ખડક સાથે અથડાવીને વિપત્તિના સમુદ્રમા ઊંધી વાળે

૧૨૫ આખુ જગત સમજાશે નહિ માટે સમજાય તેટલુ સમજો, પણ જીવનમા ઉપયોગી અને જીવને હિતકારી સમજજો, બાકી ન સમજાય તેવુ અને જીવનમા નિરુપયોગી સમજવા બુદ્ધિ તથા સમયને બગાડશો નહિ

૧૨૬ સાભળવાની ઇચ્છા થાય તો ભલે સાભળો પણ આત્મા ઉન્નતિ અને પવિત્ર બને તેવુ સાભળવા ઉત્સુક રહેશો

'વર્તમાન વિશ્વની દશા'

લે૦ આ શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

(કવ્વાલી)

ખરેખર વિશ્વ અત્યારે,–વિપત્તિથી વીટાયુ છે,
થશે શુ ભાવીમા સહુનુ, વિચારોમા–મુઝાયુ છે ૧

ધનના પણ ઉંડી, અધમ માર્ગ થયું છે,
દવ્ય તૃષ્ણા ભારી લાગી, ફૂલ્ય ભાગ્યું ભૂલ્યું છે ૨
નથી કાંઈ વિશેષ ગુણિયા, એ પ્રમાણ જ જગ યું છે,
અત્યારે તે બહુ કોઈની, નજર આગળ ભૂલાયું છે ૩
દાન ક્યાં મળ્યું તેનાથી પુણ્યથી ન બનાયું છે,
થયા ત્યાગ ત્યાગને ગમતા દીસતો ક્યાં જવાયું છે ૪
ભણું જ પુન્ય ધન પામે, ભણે ન ખવાયું છે,
ભાગી વાને હવી મદની કેમ રાખી થયું છે ૫
બધે ફરી જાયે તેની જીવન તો રોળાયું છે
વિચારો લક્ષ્મી કોઈ કોઇને પેટ કોનું ભરાયું છે? ૬
ધની ને ધન વધારનાને, ધન્ય જીવન ગણ્યું છે,
ઘણો રોગ ઘણો તેનો, કયાંક ધન તો ખવાયું છે ૭
ધની કરતા ઘણા નિર્ધન અત્યારે તો થયું છે;
સમય વીતે ખબર પડશે કોણ કેવું થયું છે? ૮
અત્યારે પુન્ય ભળવાનું, કામ આવું ગવાયું છે,
ભૂખ્યાને અન્ન આપે તે, ધન્યાતિ જે ધરાયું છે ૯
અતિશય પુન્યના બળથી, પાપ જેનું ટળાયું છે;
સુખી છે ને સુખી રહેશે, પાપથી ક્યાં ખવાયું છે ૧૦
થયું બહુ પાપ તેથી આ વિપત્તિ ભોગવાયું છે,
સંપત્તિ સર્વ જોશે તે, પુન્ય નાણું કમાયું છે ૧૧

જ્ઞાન-પ્રદીપ ભાગ ૨ જો

સમાપ્ત